THURSDAY
27•08•2026

સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ,
ભાવનગર અને ભુજથી પ્રસિદ્ધ થતું દૈનિક

# સંદેશ



**૪૨ કિમી સુધી રસ્તા, મકાનો-પુલ તણખલાની જેમ તણાયાં**

ભોટેકોશી નદીના પાણીમાં નુવાકોટના બેતરાવતીતી રસુવાગઢી સરહદ સુધીની ૪૨ કિલોમીટર સુધીનો રોડ ધોવાઇ ગયો છે. પુરને કારણે અનેક ઠેકાણે રસ્તાઓનો નાશ થયા છે. પુરના પાણી અનેક પુલોને તાણીને લઇ ગયું છે. અનેક મકાનો અને ઇમારતોને પુરને કારણે ભારે નુકસાન થયું છે. કિનારાના વિસ્તારોમાં આવેલી ઇમારતો તમાઇ ગઇ છે.

સંવર્ધક તંત્રી સ્વ. શ્રી ચીમનભાઇ એસ. પટેલ ● REG. NO. : SRT-154/2023-2025 ● Vol : 37 No. : 354 SURAT વિ.સં. ૨૦૮૨, શ્રાવણ સુદ-૧૪ પાના : ૧૪+૮ www.sandesh.com @sandeshnews /sandeshnewspaper કિંમત - રૂ. ૫-૦૦

### તિબેટમાં હિમનદી તળાવ ફાટવાથી નેપાળમાં ભીષણ પૂર, હજારો લાપતા, કારો, ઘરો, પુલો અને ઈમારતો પળભરમાં તણાયા

# નેપાળમાં તબાહી, ૧૩૩ ભારતીય લાપતા, ૧૦૦નાં મોત

### ૧૧ હાઈડ્રો પાવર પ્લાન્ટ બરબાદ, ૧૯ પુલ સંપૂર્ણ તારાજ, ૧૦ કરતાં વધારે બેન્કોનો નાશ

### કસ્ટમ યાર્ડમાંથી ૧,૨૦૦ વાહનો વહી ગયાં, અનેક હાઈવે ધોવાઈ ગયા

### નેપાળમાં ભીષણ પૂરથી બિહાર અને યુપીમાં પણ હાઈએલર્ટ જાહેર

### બિહારમાં ગંડક નદી પરના બંધના દરવાજા ખોલાયા, યુપી-બિહારમાં NDRF તહેનાત

। નવી દિલ્હી ।

નેપાળના રસુવા જિલ્લામાં બુધવારે મળસ્કે અચાનક જ આવેલા ભીષણ પૂરે તારાજી સર્જતા મોતનું તાંડવ રમ્યુ છે. પૂરના કારણે નદીના કિનારાના વિસ્તારોમાં ઘણા મહત્ત્વપૂર્ણ માળખાઓને નુકસાન પહોંચ્યું છે. સંખ્યાબંધ ઘરો, સરકારી ઈમારતો અને કારો પૂરના પાણીમાં તણાઈ ગયા હતા. મોટા પાયે શોધખોળ અને બચાવ અભિયાન હાથ ધરાયું હતું. ઉત્તર નેપાળના રસુવા જિલ્લાની ભોટેકોશી નદીમાં અચાનક જ પૂર આવતા આ તારાજી સર્જાઇ હતી. રસુવામાં નદી કિનારાના વિસ્તારમાં વસેલા અનેક વિસ્તારોમાં આ પુરની અસર જોવા મળી હતી. પૂરને કારણે હજુ સુધીમાં ૧૦૦ લોકોનાં મોત થયા છે અને આશંકા સેવાઈ રહી છે કે આ કુદરતી આફતમાં એક હજાર કરતાં વધારે લોકો તણાઈ ગયા છે. ૧૩૩ ભારતીય સહિત હજારો વિદેશીઓ લાપતા છે. ૧૯થી વધારે પુલો તણાઈ ગયા છે. ૧૦ કરતાં વધારે બેન્કો નાશ પામી છે. એક કસ્ટમ યાર્ડમાંથી ૧૨૦૦ વાહનો વહી ગયા હોવાના અહેવાલ છે. તિબેટ તરફથી આવેલા પૂરને કારણે રસુવા અને ધાડિંગમાં ભારે તારાજી સર્જાઇ છે. ગાડીઓ, રસ્તા, પુલ, ટાવર પાણીના માર્ગમાં જે પણ આવ્યું તે બધાને પાણી તાણીને લઈ ગયુ હતું. અધિકારીઓના અનુસાર તિબેટ તરફથી અચાનક સવારે ૯ વાગ્યાના સુમારે ભોટેકોશી નદીમાં પૂર આવ્યુ હતું. પૂરને કારણે રસુવા, ધાડિંગ ઉપરાંત કાઠમાંડૂ પાસે આવેલ નુવાકોટ જિલ્લો પણ અસર પામ્યો છે. પૂર પ્રકોપ બાદ નેપાળી સેનાએ સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન માટે સેનાના ૧૨ હેલીકોપ્ટર ખડક્યા છે. ત્રિશૂલીમાં મિલ્ટ્રી સેન્ટરને અસ્થાયી હોસ્પિટલમાં ફેરવાયું છે.

## ન તો વરસાદ પડ્યો કે ન તો વાદળ ફાટ્યાં... તો નેપાળમાં આપત્તિ કેમ?

નેપાળમાં વરસાદ પડ્યો કે ન તો વાદળ ફાટ્યા તો આટલું ભીષણ પૂર અચાનક કેવી રીતે આવ્યું? જોકે, નિષ્ણાતોને શંકા છે કે પૂર નેપાળમાં ભારે વરસાદને કારણે નહીં, પરંતુ તિબેટમાં હિમપ્રપાતને કારણે આવ્યું હતું. કાઠમંડુ યુનિવર્સિટીના પ્રોફેસર અને સંશોધક રિજન ભક્ત કાયસ્થે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ સૂચવે છે કે હિમપ્રપાતે લહેન્ડે નદીને અવરોધિત કરી હતી, જેના કારણે ભોટેકોશી નદીમાં પૂર આવ્યું હતું. કાયસ્થે કહ્યું એવી માહિતી છે કે નેપાળથી આવેલા હિમપ્રપાતે લહેન્ડે નદીને અવરોધિત કરી હતી. તે જ સમયે, તિબેટ બાજુ પણ ભૂકંપ આવ્યો હતો. યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વે અનુસાર, ગોસાઈકુંડથી આશરે ૪૭ કિલોમીટર ઉત્તરમાં સવારે ૮:૩૭ વાગ્યે તિબેટમાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જળવિજ્ઞાન અને હવામાન વિભાગે એમ પણ જણાવ્યું હતું કે આ ઘટના નેપાળ અથવા તિબેટમાં ક્યાંક હિમનદી તળાવ ફાટવાની હોઈ શકે છે. વૈજ્ઞાનિકોએ સ્પષ્ટતા કરી છે કે આ કોઈ સામાન્ય ચોમાસાનું પૂર નહોતું. જળવિજ્ઞાન અને હવામાન વિભાગના અપડેટ મુજબ, મંગળવાર અને બુધવારે સમગ્ર પ્રદેશમાં ભારે વરસાદ પડ્યો ન હતો. વરસાદ ન હોવા છતાં આટલા મોટા પ્રમાણમાં પાણીનો અચાનક ઉછાળો એ વાતની પુષ્ટિ કરે છે કે કુદરતી અવરોધના અચાનક ભંગાણને કારણે પૂર આવ્યું હતું.



### કૈલાશ-માનસરોવર યાત્રાના શ્રદ્ધાળુઓનો સંપર્ક તૂટ્યો

નેપાળ અને ચીન સરહદે આવેલા રસુવા જિલ્લામાં ભીષણ પૂરને કારણે કૈલાશ માનસરોવર યાત્રાએ નીકળેલા લગભગ ૪૦૦ તીર્થયાત્રીઓનો સંપર્ક અચાનક જ તૂટી ગયો છે. ઓચિંતા ત્રાટકેલા પુરને કારણે ઘણા ગામો તારાજ થયા છે. પુરને કારણે ૪૦૦ જેટલા યાત્રીઓનો સંપર્ક કપાયો છે. ઇશા સદ્‌ગુરુ ફાઉન્ડેશનના ૭૭ શ્રદ્ધાળુઓનો પણ કોઈ પતો નથી. સંપર્ક કપાયેલા લોકોમાં મોટી સંખ્યામાં ભારતીય અને વિદેશી તીર્થયાત્રીઓની સાથે જ ૯૩ નેપાળી નાગરિકો પણ છે. સત્તાવાળાઓએ હજુ સુધી કોઈ જાહેરાત કરી નથી.

### વીજળીનો પુરવઠો ખોરવાયો

નેપાળી સેનાએ પૂરગ્રસ્ત વિસ્તારમાં હેલીકોપ્ટર અને રાહત કર્મીઓ ખડક્યા છે. અધિકારીઓના અનુસાર હાલ નુકસાનની જાણકારી એકઠી કરાઇ રહી છે. પુરને કારણે નેપાળના હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સને મોટું નુકસાન પહોંચ્યું છે. પૂરને કારણે વીજળી સપ્લાય ખોરવાયો છે. નેપાળ ઇલેક્ટ્રિકસિટી ઓથોરિટીના અનુસાર ઓછામાં ઓછા છ મોટી હાઇડ્રોપાવર અને ટ્રાન્સમિશન સુવિધાઓ, રસુવાગઢી, ચિલિમે, ત્રિશૂલી ૩એ, ત્રિશૂલી ૩બી બલ ૨૨૦ કેવી સબસ્ટેશન, ત્રિશૂલી હાઇડ્રોપાવર સ્ટેશન અને દેવીઘાટ હાઇડ્રોપાવર સ્ટેશનને ભારે નુકસાન પહોંચ્યું છે.

### બિહાર માટે આજની રાત ભારે, ત્રિશૂલીનું પાણી ગંડકમાં પહોંચશે

નેપાળમાં અચાનક આવેલા ફ્લેશ ફ્લડને કારણે બિહારમાં પૂરનો ખતરો વધ્યો છે. નેપાળની ત્રિશૂલી નદીનું પાણી પુરજોશ રીતે આગળ વધી રહ્યું છે. તે મોડી રાત્રે ગંડક સુધી પહોંચી જશે. સેન્ટ્રલ વોટર કમિશને બિહાર અને ઉત્તરપ્રદેશના ગંડક નદીના કિનારાના વિસ્તારોને એલર્ટ રહેવા કહ્યું હતું. બિહારના પશ્ચિમી ચંપારણ, પૂર્વ ચંપારણ, સારણ,ગોપાલગંજ, મુજફ્ફરપુર અને વૈશાલીમાં વિશેષ સાવધાની દાખવવામાં આવી રહી છે. સીતામઢી અને શિવહર સહિત અન્ય સંવેદનશીલ જિલ્લાઓ પર પણ નજર રખાશે.

## પીએમ મોદીનો બાલેન શાહને ફોન ભારત તમામ મદદ માટે તૈયાર!

**નવી દિલ્હી** । નેપાળમાં ભીષણ પૂર પ્રકોપ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળના વડાપ્રધાન બાલેન શાહને ફોન કર્યો હતો અને તેમની સાથે વાત કરીને ભીષણ કરૂણાંતિકા સામે શોક વ્યક્ત કર્યો હતો. પીએમ મોદીએ સંકટના સમયમાં નેપાળને શક્ય એટલી તમામ માનવીય સહાયતા અને રાહત સહાયતા પૂરી પાડવાનું આશ્વાસન પણ આપ્યુ હતું. પીએમ મોદીએ એક્સ પર પોસ્ટ કરીને જાણકારી આપી હતી. તેમણે લખ્યુ હતું કે વડાપ્રધાન બાલેન શાહ સાથે વાત કરી અને નેપાળમાં આવેલા પૂરને કારણે જાન-માલને થયેલા નુકસાન સામે સંવેદના વ્યક્ત કરી હતી, આ વિકટ સમયમાં ભારતના લોકો નેપાળમાં પોતાના ભાઈ-બહેનો સાથે એકજૂથ પીતે ઊભા છે. ભારત નેપાળને શક્ય એટલી તમામ માનવીય સહાયતા આપવા તૈયાર છે. અમારી ટીમો બચાવ અને રાહત કાર્યો માટે મળીને કામ કરી રહી છે.

## નેપાળમાં જળપ્રલય બિહારમાં એલર્ટ ગૃહમંત્રી શાહની સમ્રાટ સાથે વાત

**પટણા** । નેપાલમાં ભયાવહ પૂરને કારણે ભારે તારાજી સર્જાઇ છે. ચીન સરહદે આવેલા તિબેટ વિસ્તારની પાસે રસુઆમાં આવેલા પુર અને ભુસ્ખલનને કારણે ભારે જાનહાની થઇ છે. આ પૂરને કારણે ભારતના બિહારમાં પણ પૂરની સ્થિતિનું જોખમ તોળાઇ રહ્યું છે. રાજ્યમાં પૂરની સંભાવનાને જોતા એલર્ટ જારી કરાયું છે. નેપાળ તરફથી ત્રણ લાખ ક્યૂસેક કરતા વધારે પાણી આવવાની સંભાવના વચ્ચે સહદી જિલ્લાઓ સહિત સમગ્ર ઉત્તર બિહાર પર ભીષણ પૂરનો ખતરો છે. રાજ્ય સરકાર પણ એલર્ટ થઇ ગઇ છે. ગૃહપ્રધાન અમિત શાહે રાજ્યના સીએમ સમ્રાટ ચૌધરી સાથે વાત કરી હતી અને પૂર સામે લડવા તમામ મદદનું આશ્વાસન આપ્યુ હતું.

**અંદર વાંચો...**

સાયકોલોજિકલ વૉરફેર : હત્યા કરો, ઇનામ મેળવો

સંદેશ
APPOINTMENT
advantage
See Page No : 05

આજની કૂપન
સંદેશ
ગેરંટેડ ગિફ્ટ સ્કીમ
કૂપન નં. ૪૯

### વિશ્વભરમાં અમેરિકી દૂતાવાસોએ વિઝા એપોઈન્ટમેન્ટ્સ રોકી કે રિશિડ્યૂલ કરી

## H-1Bમાં ધરખમ ફેરફારોની તૈયારી : USએ દુનિયાભરમાં વિઝા એપોઈન્ટમેન્ટ અટકાવી

### અરજદારોને ઈમેલ દ્વારા જાણ કરાઈ કે તેમની એપોઈન્ટમેન્ટ રદ કે રિશિડ્યૂલ કરાઈ છે, નવી તારીખ બાદમાં અપાશે, કોઈ સમયમર્યાદા આપવામાં આવી નથી

। વૉશિંગ્ટન ।

અમેરિકાની ડોનાલ્ડ ટ્રમ્પ સરકારે કોન્સ્યુલર ઓફિસર્સ માટે નવા 'ગ્લોબલ ટ્રેનિંગ ઈનિશિયેટિવ'ના ભાગરૂપે દુનિયાભરમાં અમેરિકી દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સ ખાતે વિઝા એપોઇન્ટમેન્ટ્સ રોકી રાખી છે કે પછી રિશિડ્યૂલ કરી છે. અમેરિકી વિદેશ મંત્રાલયના પ્રવક્તાના જણાવ્યા મુજબ આ મહિને શરૂ કરાયેલી ટ્રેનિંગનો આશય એ સુનિશ્ચિત કરવાનો છે કે અધિકારીઓ વિઝા અરજીઓનું સર્વગ્રાહી અને સાતત્યપૂર્ણ મૂલ્યાંકન કરે. ખાસ કરીને એવા અરજદારોને ઓળખવા પર ધ્યાન આપે કે જેઓ અમેરિકી જાહેર લાભો (પબ્લિક બેનિફિટ્સ) પર નિર્ભર રહી શકે છે. આ સઘન ટ્રેનિંગ માટે વિઝા સેવાઓની એપોઇન્ટમેન્ટ્સ એડજસ્ટ કરાશે. એપોઇન્ટમેન્ટ્સ આપવાનું ફરી ક્યારથી શરૂ થશે તે અંગે વિદેશ મંત્રાલયે કંઇ જણાવ્યું નથી. શિડ્યૂલ્ડ ઈમિગ્રન્ટ વિઝા ઈન્ટરવ્યૂવાળા અરજદારોને ઈમેલ દ્વારા જાણ કરાઇ છે કે તેમની એપોઇન્ટમેન્ટ રદ કે રિશિડ્યૂલ કરાઇ છે અને નવી તારીખ બાદમાં અપાશે. અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS)એ સોમવારે 'રિફોર્મિંગ ધ H-૧B નોન-ઈમિગ્રન્ટ વિઝા ક્લાસિફિકેશન પ્રોગ્રામ' નામના પ્રસ્તાવિત નિયમની સમીક્ષા માટે વ્હાઈટ હાઉસની ઓફિસ ઓફ ઈન્ફર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સને મોકલ્યો છે.

### સમીક્ષા અંગે સ્પષ્ટતા કરવામાં આવી નથી

ફેડેરલ રેગ્યુલેટરી ડૉકેટ અનુસાર, આ પ્રસ્તાવ યુએસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસિસ (USCIS) હેઠળ એક પ્રસ્તાવિત નિયમ તરીકે નોંધવામાં આવ્યો છે. જોકે, હજુ સુધી આ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી નથી. ડૉકેટમાં એ જણાવાયું નથી કે શું વહીવટીતંત્ર યોગ્યતાના ધોરણો, એમ્પ્લોયરની જરૂરિયાતો, વેતનનાં નિયમો, વાર્ષિક પસંદગી પ્રક્રિયા કે પાલન નિયમોમાં પણ ફેરફાર કરવા માંગે છે? વ્હાઇટ હાઉસની સમીક્ષા પૂરી કરવા માટે હજુ સુધી કોઇ કાનૂની સમયમર્યાદા નક્કી કરાઇ નથી.

## ન્યૂયોર્કના મેયર મમદાનીએ મોહન ભાગવતના કાર્યક્રમનો વિરોધ કર્યો

। ન્યૂયોર્ક ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતનો ૨૯ ઓગસ્ટે અમેરિકાના ન્યૂયોર્ક શહેરના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં થનારો કાર્યક્રમ વિવાદમાં સપડાયો છે. ન્યૂયોર્કના પહેલા મુસ્લિમ મેયર ઝોહરાન મમદાનીએ જણાવ્યું છે કે તેઓ આ કાર્યક્રમનું સમર્થન નથી કરતા. જોકે, તેમણે એમ પણ કહ્યું કે શહેર વહીવટીતંત્ર પાસે કોઈ ખાનગી કાર્યક્રમ રદ કરાવવાનો અધિકાર છે કે નહીં એ અંગે તેઓ ચોક્કસ નથી.

ભાગવત મંગળવારે અમેરિકા પહોંચ્યા હતા. તેમનો અમેરિકા પ્રવાસ RSSના શતાબ્દી વર્ષમાં હાથ ધરાયેલા વૈશ્વિક સંપર્ક અભિયાનનો હિસ્સો છે. અમેરિકા બાદ તેઓ કેનેડા અને બ્રિટન પણ જશે. ન્યૂયોર્કમાં ૨૯ ઓગસ્ટે તેઓ 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન્સ' (સાર્વભૌમિક એકતા ઉત્સવ કાર્યક્રમ)માં ભારતીય-અમેરિકી સમુદાયને સંબોધશે. આયોજકોના જણાવ્યા મુજબ આ કાર્યક્રમમાં અંદાજે પાંચ હજાર લોકો ઉપસ્થિત રહેશે.

મમદાનીને જ્યારે એક પ્રેસ કોન્ફરન્સમાં પૂછવામાં આવ્યું કે શું મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં થનારો કાર્યક્રમ રદ થવો જોઈએ? ત્યારે તેમણે કહ્યું કે હું આ રેલીનું સમર્થન નથી કરતો પરંતુ મને નથી ખબર કે કોઈ પ્રાઈવેટ ઈવેન્ટ રદ કરવાનો શહેર વહીવટીતંત્રને અધિકાર છે કે નહીં? હું અહીં આપણા શહેરના ઈતિહાસના પ્રથમ ભારતીય-અમેરિકી મેયર તરીકે ઊભો છું. મારી માતાનો પરિવાર હજુય ભારતમાં જ રહે છે. મારા પરિવારે મને ભારતની જે છબિ દેખાડી અને જેને જોઈને હું મોટો થયો છું તે એક એવા સમાજની હતી કે જ્યાં વિવિધ ધર્મ-જ્ઞાતિના લોકો હળીમળીને રહે છે.

### ન્યૂયોર્કના પ્રથમ મુસ્લિમ મેયરે કહ્યું- કાર્યક્રમને મારું સમર્થન નથી : ભાગવત ન્યૂયોર્કમાં 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન્સ' કાર્યક્રમમાં ભારતીય-અમેરિકી સમુદાયને સંબોધન કરવાના છે



## ખોરાકી ઝેરની અસરથી એક બાળકીના મોત બાદ તંત્ર જાગ્યું

# સરથાણાના શ્રી મહાકાલ કેટરર્સમાં મીઠાઈ બનાવવા તાલાળાથી નકલી માવો આવતો

### ડુપ્લિકેટ માવાથી બનેલી મીઠાઇ નાના વિક્રેતાઓને પહોંચાડાતી હતી

। સુરત ।

વરાછામાં હોટેલમાંથી મંગાવેલું ભોજન આરોગ્યા બાદ ચાર વર્ષીય બાળકીના કથિત રીતે ખોરાકી ઝેરથી થયેલા મૃત્યુ બાદ સક્રિય થયેલી પોલીસે સરથાણામાં મહાકાલ કેટરર્સ એન્ડ સ્વીટ્સમાંથી ૧.૪૨ લાખનો ડુપ્લિકેટ મીઠાઈનો જથ્થો મળી આવ્યો હતો. દુકાન સંચાલક તાલાળા અને અમદાવાદથી બનાવટી માવો મંગાવી તેમાંથી અલગ અલગ મીઠાઈઓ બનાવી નાના દુકાનદારોને સપ્લાય કરતો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે આ દુકાનમાંથી સ્વીટ્સ ખરીદનાર વિક્રેતાઓને પણ તેનો નાશ કરવા જણાવ્યું હતું.

ડી.સી.પી. આલોકકુમારની સ્કવોડની બાતમીને આધારે ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમને સાથે રાખી રેઈડ કરવામાં આવી હતી. સરથાણામાં સેલિબ્રેશન કંપાઉન્ડ, પતરાના શેડમાં મહાકાલ કેટરર્સ એન્ડ સ્વીટ્સ નામથી મીઠાઈ બનાવી હોલસેલના ભાવે વેચતો ભાવેશ છગન વઘાસિયા (રહે. શામળા રો-હાઉસ, લસકાણા) ડુપ્લિકેટ માવાનો ઉપયોગ મીઠાઈ બનાવવા કરતો હોવાની બાતમી પોલીસને મળી હતી. રેઈડ દરમિયાન અહીંથી ૧૧૯ કિલો લૂઝ માવા ઉપરાંત શ્રી ગ્વાસ સ્વીટ્સ અને ગીર માધવ સ્વીટ્સ માવા નામના પેકેટસ, લીલી અને પીંક બરફી, સફેદ માવો તથા ૧૪૦ કિલો મોતીચુરનાં લાડુ સહિત ૧.૪૨ લાખની કિંમતની ૭૨૩ કિલો મીઠાઈ-માવાનો જથ્થો મળી આવ્યો હતો.



### ત્રણ વર્ષથી ધંધો બેરોકટોક ચાલતો હતો

આ શખ્સે કરેલી કબૂલાત પ્રમાણે તે છેલ્લાં ત્રણ વર્ષથી આ ગોરખધંધો કરતો હતો. તે માવો મંગાવી તેમાં કલર નાંખી મીઠાઇ બનાવતો હતો અને બેરોકટોક વેચાણ કરતો હતો. ત્યારે સવાલ એ ઊભો થયો છે આરોગ્ય ડિપાર્ટમેન્ટ અત્યાર સુધી કેમ નહિ જાગ્યું. વરાછામાં ચાર વર્ષીય બાળકીના મોત બાદ શરૂ થયેલી ઝુંબેશમાં આ શખ્સ પોલીસના હાથે સપડાયો હતો ત્યારે આ કાર્યવાહી બંધ થતાં ફરી નકલી માવા માફિયાઓ માથું નહિ ઊંચકે તે માટે તંત્ર દ્વારા આ કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવી તેવી માંગણી ઉઠી છે.

ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓ દ્વારા તેની ચકાસણી કરાતા તે ડુપ્લિકેટ હોવાનું જણાવતાં તેને નાશ કરવાની સાથે જાણવાજોગ નોંધી પૂછપરછ માટે દુકાનદાર ભાવેશ વઘાસિયાને ડિટેઈન કર્યો હતો. તેની પૂછપરછમાં તે તાલાળા અને અમદાવાદથી ૧૮૦ રૂપિયા કિલોના ભાવે આ શંકાસ્પદ માવો મંગાવતો હતો. છૂટકમાં તે ૨૨૦ના ભાવે વેચાણ આપતો હતો. આ માવામાંથી જ તે અલગ અલગ મીઠાઈ બનાવતો. તેના મુખ્ય ગ્રાહકો મીઠાઈ વિક્રેતા તથા ડેરી સંચાલકો હતા. જેઓ તેની પાસેથી હોલસેલના ભાવે ખરીદી રિટેઈલ ગ્રાહકોને વેચાણ કરતા હતા.

## મીઠાઈ વિક્રેતાઓને ત્યાં તપાસ, વધુ ૧૨ નમૂના લેવાયા

સુરત : તહેવારોના દિવસોમાં મીઠાઈ સહિતની ખાદ્ય વસ્તુઓમાં થતી ભેળસેળને રોકવા માટે પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસથી આરોગ્ય વિભાગ માવા અને મીઠાઈ વિક્રેતાઓને ત્યાં તપાસ કરી રહ્યો છે. બુધવારે ૧૨ મીઠાઈ વિક્રેતાઓને ત્યાં તપાસ કરવામાં આવી હતી. જ્યાં ૭૭ હજાર રૂપિયાનો ૪૨૦ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત ૪૦,૮૦૦ રૂપિયાના ૧૭૦ કિલોગ્રામ શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ ગત ૨૦ ઓગસ્ટના રોજ દૂધના માવાના કુલ ૧૬ જેટલા નમૂના લેવામાં આવ્યા હતા. જેની તપાસ દરમિયાન કોટ્સફિલ રોડ સ્થિત નંદકિશોર એસ.માવાવાલા તેમજ ખટોદરા સ્થિત જયમા વૈષ્ણવી સ્વીટમાંથી લેવાયેલા નમૂના સબસ્ટાન્ડર્ડ સાબિત થયા હતા. તેમની સામે એડજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ ફરિયાદ દાખલ કરાશે. વરાછામાં ખોરાકી ઝેરને કારણે બાળકીનું મોત થયા બાદ પાલિકા તંત્ર દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરી છે.

## બીમારીથી કંટાળી જઈ પુણાની મહિલાનો આપઘાત

# છોકરા સાથે વાત કરનાર પુત્રીને માતાએ ઠપકા આપતા ફાંસો ખાધો

। સુરત ।

છોકરા સાથે વાત કરવા બાબતે માતાએ ફોન પર ઠપકો આપતા વરાછામાં બહેન-બનેવી સાથે રહેતી યુપીની યુવતીએ મંગળવારે સાંજે ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મળતી માહિતી મુજબ મૂળ ઉત્તરપ્રદેશની વતની રજનીકુમારી (ઉં. વ.૨૦) વરાછા ખાતેના જગદીશનગરમાં બહેન-બનેવી સાથે રહેતી હતી અને એમ્બ્રોઈડરી કારખાનામાં કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. દરમિયાન મંગળવારે સાંજે ઘરમાંથી રજનીકુમારી ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. જેની જાણ પરિવારના સભ્યોને થતાં તેણીને નીચે ઉતારી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબોએ તેણીને મૃત ઘોષિત કરી હતી.

વરાછા પોલીસે જણાવ્યું હતું કે, મૃતક રજનીકુમારીની બીજી ત્રણ બહેન છે. બહેન-બનેવી સાથે રહેતી રજનીકુમારી કોઈ છોકરા સાથે વાત કરતી હતી. જેની જાણ તેણીની માતાને થતાં ફોન કરી રજનીકુમારીને ઠપકો આપ્યો હતો. જેને લીધે તેણીને માઠું લાગી આવતા અંતિમ પગલું ભરી લીધું હતું.

બીજા બનાવમાં પુણાગામ ખાતેની રણુજાધામ સોસાયટીમાં રહેતી વર્ષાબેન હિંમતભાઈ માલવિયા (ઉં.વ.૪૬)એ મંગળવારે બપોરે ઘરમાં અનાજમાં નાંખવાનું પાવડર ગટગટાવી આપઘાત કરી લીધો હતો. વરાછા પોલીસે જણાવ્યું હતું કે, મૃતક વર્ષાબેન છેલ્લા બે વર્ષથી બીપી અને ડાયાબિટીસની બીમારીથી પીડાઈ રહ્યા હતા. જેને લીધે કંટાળી જઈ મોતને વહાલું કરી લીધું હતું.

## ફેકલ્ટી આવતા થિયરી અને પ્રેક્ટિકલની સમસ્યા ઉકેલાશે

# ગાંધી ઈજનેરી કોલેજના કોમ્પ્યૂટર વિભાગમાં ૬ અધ્યાપકોની ફાળવણી

। સુરત ।

સુરત સ્થિત ડૉ. એસ. એન્ડ એસ. એસ. ગાંધી સરકારી ઈજનેરી કોલેજના કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગમાં શૈક્ષણિક કાર્યને વધુ સુદૃઢ બનાવવા રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ૬ ફેકલ્ટીની સેવા ફાળવવામાં આવી છે. લાંબા સમયથી પ્રવર્તતી ફેકલ્ટીની અછત દૂર કરવાના હેતુથી આ મહત્વનો નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકાર સમક્ષ પોલિટેકનીક કોલેજમાં અધ્યાપકોની અછત અંગે સમયાંતરે રજુઆત કરવામાં આવતી હતી. તેના ભાગરુપે સરકાર દ્વારા ૬ અધ્યાપકની ફાળવણી કરી દેવામાં આવી છે. તેમાં સુરત ગર્લ્સ પોલિટેકનિકમાં ૪ ફેકલ્ટી અને દાહોદ સરકારી ઈજનેરી કોલેજમાંથી ૨ ફેકલ્ટને ગાંધી ઈજનેરી કોલેજમાં મુકવામાં આવ્યા છે. તેના કારણે નિયમિત રૂબરૂ થિયરી વર્ગો અને પ્રેક્ટિકલ લેબ સેશન્સનું સંચાલન થશે.

ટેકનિકલ વિષયોમાં નિષ્ણાત ફેકલ્ટીનું સીધું માર્ગદર્શન મળશે. વિદ્યાર્થીઓની વિષય સંબંધિત મૂંઝવણો અને પ્રશ્નોનું સ્થળ પર જ તાત્કાલિક નિરાકરણ આવશે. કોલેજ પ્રશાસન અને વિદ્યાર્થી આલમે શિક્ષણ વિભાગના આ નિર્ણયને આવકાર્યો છે. નિષ્ણાત અધ્યાપકોની ઉપલબ્ધતાથી કોમ્પ્યુટર વિભાગમાં શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે.

અધ્યાપકોની ફાળવણી નહીં કરવાના કારણે છેલ્લા કેટલાય સમયથી વિધાર્થીઓના અભ્યાસ પર સીધી અસર પડી રહી હતી. તેમ છતાં તેઓની નિમણૂંક કરવામાં મોડું કરવામાં આવતું હતુ. જ્યારે અચાનક આજે ગાંધી એન્જીન્યરીંગ કોલેજમાં વધારાના ૬ અધ્યાપકોની ફાળવણી કરવામાં આવતા વિધાર્થીઓને હાશકારો થયો છે. સાથે સાથે છેલ્લા કેટલાય સમયથી ચાલી આવતી સમસ્યાનો પણ આગામી દિવસોમાં ઉકેલ આવે તેવા સંજોગો ઉભા થયો છે.

## ઇદે મિલાદના જુલૂસમાં માનવ મહેરામણ



ઇદ-એ-મિલાદ- ઉન-નબી નિમિત્તે નીકળતા જુલૂસને સામાન્ય રીતે જુલૂસે મોહમ્મદી પણ કહેવામાં આવે છે. પયગંબર હઝરત મુહમ્મદના જન્મદિવસની ખુશી અને તેમના આદર્શોને યાદ કરવા માટે પણ તેનું આયોજન કરવામાં આવતું હોય છે. જુલૂસ દરમિયાન નાત (પ્રશંસાના ગીત) અને સલામ પઢવામાં આવતા હોય છે. તેના થકી શાંતિ, કરુણા, દયા અને ભાઇચારાના ઉપદેશનો પ્રચાર અને પ્રસાર કરવામાં આવતો હોય છે. - નિર્ભય કાપડિયા

## ઝાંપાબજારથી શરૂ થયેલા જુલૂસમાં એક લાખથી વધુ લોકો જોડાયા

# કોમી એકતાના સંદેશ સાથે ઈદે મિલાદનું ભવ્ય જુલૂસ, રાજમાર્ગ પર મહેરામણ

### આગેવાનોએ કબૂતર ઉડાવી ભાઈચારો-માનવતાનો સંદેશ આપ્યો

। સુરત ।

મુસ્લિમ સમુદાયમાં ભારે મહાત્મ્ય ધરાવતા ઈદે મિલાદ પર્વની બુધવારે ઉજવણી થઈ હતી. પયગંબર હઝરત મોહંમદ (સ.અ.વ.)ના જન્મ દિવસ નિમિત્તે બુધવારે સુરત શહેરમાં ઈદે મિલાદુન્નબીની ઉજવણી ધાર્મિક શ્રદ્ધા અને કોમી એખલાસના માહોલમાં કરવામાં આવી હતી. સુરત શહેર સિરતુન્નબી કમિટીના નેજા હેઠળ ઝાંપાબજારથી ભવ્ય જુલૂસ નીકળ્યું હતું, જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી આવેલી નાની-મોટી કમિટીઓ ઉપરાંત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

સાંજે ચાર વાગ્યે ઝાંપાબજારથી શરૂ થયેલા જુલૂસને પોલીસ કમિશનર વાબાંગ ઝમીર, સિરતુન્નબી કમિટીના પ્રમુખ સૈયદ સિરાજ શાહબુદ્દીન, અસદ કલ્યાણી સહિતના હોદ્દેદારો તથા સામાજિક આગેવાનોએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ઝાંપાબજાર ઈસ્તેગબાલ કમિટી દ્વારા જુલૂસમાં જોડાયેલા મહાનુભાવો અને લોકોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જુલૂસ વેળા ભાઈચારા તથા શાંતિના નારા ગુંજ્યા હતા.

ભાગળ ચાર રસ્તા ખાતે પોલીસ અધિકારીઓ અને સામાજિક આગેવાનોએ કબૂતર ઉડાવી માનવતા અને શાંતિનો સંદેશ આપ્યો હતો. ત્યારબાદ જુલૂસ રાજમાર્ગ, લાલગેટ, ચૌટાપુલ અને ભાગાતળાવ થઈ આગળ વધ્યું હતું. વિવિધ સ્થળોએ સામાજિક સંસ્થાઓ દ્વારા જુલૂસનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાગાતળાવ ખાતે મગરીબની નમાઝ બાદ જુલૂસ કમાલ ગલી થઈ બડેખા ચકલામાં આવેલી હઝરત ખ્વાજા દાના (ર.હ.)ની દરગાહ ખાતે પૂર્ણ થયું હતું. સમગ્ર જુલૂસ દરમિયાન પોલીસ દ્વારા સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાની જવાબદારી સંભાળવામાં આવી હતી. કમિટી અનુસાર જુલૂસમાં એક લાખથી વધુ લોકો જોડાયા હતા. કમિટીના હોદ્દેદારો તથા સામાજિક-ધાર્મિક આગેવાનોએ સમગ્ર આયોજનમાં સેવા આપી હતી. ઈદે મિલાદના આ જુલૂસમાં ધાર્મિક આસ્થા સાથે સુરતમાં કોમી એકતા અને ભાઈચારાનો સંદેશ ગૂંજી ઉઠ્યો હતો.



સુરતી ખત્રી સમાજના અનેક પરિવારો સ્વાદ-પરંપરાના અનોખા સંગમને જાળવી રહ્યા છે

# તળ સુરતીમાં તીખા સ્વાદ સાથે 'કર' પાડવાની પરંપરા

## શ્રાવણ વદ ત્રીજે બપોરે દાળવાળું તીખું ભોજન અને દૂધીવાળી દાળનું જમણ પિરસાય છે

| સુરત |

સુરતની ઓળખ માત્ર ચટાકેદાર ભોજન પૂરતી સીમિત નથી, પરંતુ તળ સુરતી તરીકે જાણીતા સમાજોની આગવી ખાણીપીણીની પરંપરાઓમાં પણ સુરતીપણું જીવંત જોવા મળે છે. તળ સુરતના સુરતી ખત્રી સમાજમાં શ્રાવણ માસ દરમિયાન તીખું ભોજન આરોગીને 'કર' પાડવાની આવી જ એક રસપ્રદ અને સદી જૂની પરંપરા આજે પણ અનેક પરિવારોમાં જળવાઈ રહી છે. લગભગ ૧૦૦થી વધુ વર્ષ જૂની આ પરંપરા અને સ્વાદના સંગમ સાથે આજેય પણ અનેક સુરતી ખત્રી સમાજના અબાલ વૃદ્ધો જોડાયા છે.

તળ સુરતી એવા ત્રણ સમાજ ખત્રી, ઘાંચી, રાણા સમાજની અનેક રોચક પરંપરા સમયાંતરે ચર્ચાનો વિષય બને છે. શ્રાવણ વદ ત્રીજ એટલે કે કાજળી ત્રીજના દિવસે બપોરે પરિવારજનો સાથે મળીને ખાસ તીખું ભોજન આરોગવામાં આવે છે. નોનવેજ ખાનારામાં દાળવાળું તીખું ભોજન, જ્યારે વેજિટેરિયન માટે દૂધીવાળી દાળ અથવા મારવાડીના માથા જેવી વાનગીઓ પીરસાય છે. બપોરે એક જ વખત ભોજન લેવા સાથે એકટાણું રાખવાની પણ પરંપરા છે. સમાજના આગેવાન શૈલેષ જરીવાલાના જણાવ્યા મુજબ 'કર' પાડવાની શરૂઆત અંગે સમાજમાં અલગ અલગ માન્યતાઓ પ્રચલિત છે. કાજળી-કાગડી ત્રીજ શબ્દ કજલી ત્રીજમાંથી અને 'કર' શબ્દ 'કડ-વ્રત'માંથી અપભ્રંશ થયો હોવાનું માનવામાં આવે છે.

આ પરંપરા સાથે કાજળી ત્રીજના પાંચ દિવસ પહેલાં ગોત્ર પ્રમાણે પાંચ કે સાત પ્રકારના ધાણ રોપીને ટોપલી વાવવાની વિધિ પણ જોડાયેલી છે. ત્રીજના દિવસે સવારે જ્વાળાની પૂજા કરી, સૂતરની આંટી કરીને જ્વાળાની તાપી નદીમાં પધરામણી કરવામાં આવે છે. આ દિવસે ભોજન બનાવવામાં પણ પરંપરાગત રીતોનું પાલન થાય છે. કાંદાને ચપ્પુથી કાપવાને બદલે હાથથી તોડવાની માન્યતા છે. ખાસ વાત એ છે કે આ જમણ માત્ર કુટુંબીજનો સાથે જ લેવામાં આવે છે. આમ, સ્વાદ, ધાર્મિક માન્યતા અને પારિવારિક એકતાના સંગમરૂપે 'કર' પાડવાની પરંપરા પેઢી દર પેઢી આગળ વધી રહી છે.




### કાજળી ત્રીજ રવિવારે કે સોમવારે? આ વર્ષે અસમંજસ

આ વર્ષે તિથિના સંયોગને કારણે કાજળી ત્રીજના દિવસે કકકરક પાડવો રવિવારે કે સોમવારે તે અંગે સમાજમાં બે મત જોવા મળી રહ્યા છે. સોમવારે શ્રાવણ સોમવાર હોવાથી તીખું ભોજન લેવાના મુદ્દે કેટલાક પરિવારોમાં અસમંજસ છે. રવિવારે કર પાડનારા પરિવારો દ્વારા બુધવારે ટોપલી વાવી દેવામાં આવી છે, જ્યારે સોમવારે ત્રીજ મનાવનારા પરિવારો ગુરુવારે ટોપલી વાવશે. આમ, બંને દિવસ પૈકી અનુકૂળતા પ્રમાણે પરિવારો 'કર'ની પરંપરા જાળવશે.

**શ્રાવણની અમાસે ગણેશજીનો દોરો બાંધવામાં આવે છે..** સમાજના આગેવાન કિરીટ મેઘાવાલાએ જણાવ્યું હતું કે, તળ સુરતી સમાજો સાથે વિવિધ પરંપરાઓ જોડાયેલી છે. સુરતી ખત્રી સમાજના એટલે કે ૧૩ ગામના સમાજના લોકો કાજળી ત્રીજનું વ્રત રાખે છે. અમારા સમાજમાં જ શ્રાવણ વદ અમાસના દિવસે ગણેશજીનો દોરો બાંધવામાં આવે છે. સાત ધાણમાં તલ, જવ, સરસવ, વાલ, મગ, ઘઉં, ચોખા લેવામાં આવે છે. એ જ પ્રકારે પાંચ ધાણ પણ રોપવામાં આવે છે. કર શબ્દ પણ કડ એટલે કે વ્રત પરથી ઉતરી આવ્યો છે.

અડધા કલાકના સમયગાળામાં બે ટ્રેન પર પથ્થરમારો કર્યો

# ડબલ ડેકર ટ્રેન બાદ વંદે ભારત પર પથ્થર ફેંકતા જ RPFએ આરોપીને દબોચી લીધો

## લૂમ્સના કારખાનામાં કામ કરતા મિન્ટુએ વિકૃત મનોરંજન માટે ટ્રેન પર પથ્થર ફેંક્યો

| સુરત |

સુરતના ઉત્રાણ-કોસાડ રેલવે ટ્રેક પર ગત રોજ (મંગળવારે) સાંજે ઉપરાઉપરી બે સુપરફાસ્ટ ટ્રેનો પર પથ્થરમારો થવાની સનસનાટીભરી ઘટના સામે આવી હતી. જોકે, પ્રથમ ઘટના બાદ તાત્કાલિક એક્શનમાં આવીને ટ્રેક પર પેટ્રોલિંગ કરી રહેલી રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ની ટીમે વંદે ભારત પર પથ્થર ફેંકતાની સાથે જ આરોપીને ઘટનાસ્થળેથી જ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ વંદે ભારત ટ્રેનમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ સવાર હતા.

વિગતો મુજબ સાંજે ૬:૧૫ વાગ્યાના અરસામાં ઉત્રાણ પાસેથી પસાર થઈ રહેલી ડબલ ડેકર ટ્રેન પર અચાનક પથ્થરમારો થયો હતો. આ હુમલાની માહિતી મળતાં જ આરપીએફનો કાફલો તાબડતોબ હરકતમાં આવી ગયો હતો અને જવાનો તપાસ માટે સીધા રેલવે ટ્રેક પર પહોંચી ગયા હતા. આરપીએફની ટીમ ટ્રેક પર સર્ચ ઓપરેશન અને પેટ્રોલિંગ કરી રહી હતી, બરાબર એ જ વખતે ૬:૪૫ વાગ્યે ત્યાંથી મુંબઈ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ પસાર થઈ હતી. આરોપીએ જેવો વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કર્યો કે ટ્રેકના C-૬ અને C-૧૦ કોચની બારીઓના કાચ ધડાકાભેર તૂટી ગયા હતા. રાજ્યપાલ આનંદીબેન પટેલ E-૧ કોચમાં સવાર હતા, જે નિશાન બનેલા કોચથી માત્ર એક ડબ્બો દૂર હતો. ટ્રેનમાં કાચ ફૂટતાં મુસાફરોમાં નાસભાગ મચી હતી, પરંતુ સદનસીબે રાજ્યપાલ સહિતના પ્રવાસીઓ સુરક્ષિત રહ્યા હતા.

વંદે ભારત પર પથ્થર ફેંકતી વખતે ટ્રેક પર જ હાજર આરપીએફના જવાનોની નજર તેના પર પડી ગઈ હતી. જવાનોએ ક્ષણનોય વિલંબ કર્યા વિના દોડી જઈને આરોપી મિન્ટુ બિસોઈ જોગી બિસોઈને (ઉ.વ.૩૧, અમરોલી-ભરથાણા, મૂળ- ગુંદરવાડી, બેલમડા, ગંજામ, ઓરિસ્સા) સ્થળ પરથી જ દબોચી લીધો હતો. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આરોપી ઘટનાસ્થળ નજીક કોસાડ વિસ્તારમાં આવેલા લૂમ્સના કારખાનામાં મજૂરીકામ કરે છે. તેણે જણાવ્યું હતું કે તે ફ્રી સમયમાં ટ્રેક પાસે બેઠો હતો. પહેલાં તેણે રખડતાં કૂતરાઓને પથ્થર મારીને ભગાડ્યા હતા અને ત્યારબાદ માત્ર વિકૃત મનોરંજન ખાતર ડબલ ડેકર અને વંદે ભારત પર પથ્થર ફેંક્યા હતા. આરપીએફે ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલમાં વિવાદ : સિક્યુરિટીને માર મરાયો

| વાંસદા-ડાંગ |

ડાંગ જિલ્લાના પ્રખ્યાત હિલ સ્ટેશન સાપુતારા ખાતે યોજાઈ રહેલો મોન્સૂન ફેસ્ટિવલ રોજબરોજ કોઈને કોઈ વિવાદમાં ઘેરાયેલો રહે છે. આયોજનની ખામીઓ અને ગેરવહીવટ બાદ હવે ફેસ્ટિવલ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી ધરાવતી પોલીસ જ હિંસક આચરણ કરતી હોવાની ઘટના સામે આવી છે. ફેસ્ટિવલના ચાલુ કાર્યક્રમ દરમિયાન એક પોલીસ કર્મચારીએ ખાનગી સિક્યુરિટી ગાર્ડ પર હુમલો કરી તેને ઢોર માર મારતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, સાપુતારા ખાતે ચાલતા સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન ફરજ પર હાજર એક પોલીસ કર્મચારી અને કાર્યક્રમના સંચાલન માટે રખાયેલા ખાનગી બ્યુટી તથા સિક્યુરિટી એજન્સીના સિક્યુરિટી ગાર્ડ વિલાસ રાજેન્દ્ર ગાંગુડે રહે. નવાગામ વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગુસ્સામાં આવેલા પોલીસ કર્મચારીએ તમામ મર્યાદાઓ ઓળંગીને ચાલુ કાર્યક્રમે જાહેર જનતાની સામે જ સિક્યુરિટી ગાર્ડને માર મારવાનું શરૂ કરી દીધું હતું.




નરાધમો યુવતીને બર્બરતાપૂર્વક મોતને ઘાટ ઉતારી ભાગી ગયા હતા

# માંડવીના ગોદાવાડીમાં લૂંટ વિથ મર્ડર, ભારે હૈયે દીકરીના અંતિમ સંસ્કાર

## ૭૨ કલાક બાદ પણ પોલીસ આરોપીઓને ન ઓળખી શકી કે ન પકડી શકી

અંધાત્રી(માંડવી) : માંડવી તાલુકાના ગોદાવાડી ગામે ચકચાર મચાવનારી લૂંટ અને હત્યાની ઘટનાને ૭૨ કલાક વીતી જવા છતાં પોલીસ હજુ આરોપીઓને ન ઓળખી શકી કે ન તેમના સુધી પહોંચી શકી. આજરોજ ભારે હૈયે અને અશ્રુભીની આંખે સમગ્ર ગામની હાજરીમાં મૃતક યુવતીની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. ગ્રામજનો અને પરિવાર દ્વારા હત્યારાઓને પકડી વહેલી તકે ન્યાય આપવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

ગોદાવાડી ગામના ટેકરી ફળિયામાં રહેતા વાસુદેવભાઈ ઉર્ફે નટુભાઈ રણછોડભાઈ પટેલ પોતાની પત્ની સાથે પ્રવાસે ગયા હોવાથી ગત રવિવારની રાત્રે તેમની નાની દીકરી નિધિ ઘરમાં એકલી હતી. આ તકનો લાભ ઉઠાવી અજાણ્યા શખ્સો ઘરમાં ઘૂસ્યા હતા. આરોપીઓએ નિધિને ગળે ટૂંપો આપી અને મોઢું કોથળીથી દબાવી અત્યંત ઘાતકી રીતે મોતને ઘાટ ઉતારી હતી. ત્યારબાદ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના સહિત કુલ ૨.૫૨ લાખ રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. પરિવારજનોએ જ્યાં સુધી આરોપીઓ ન પકડાય ત્યાં સુધી દીકરીના અંતિમ સંસ્કાર ન કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, સમાજની સમજાવટ બાદ બુધવારે સાંજે ૪ વાગ્યે ગામની સ્મશાનભૂમિમાં અંતિમવિધિ પૂર્ણ કરવામાં આવી હતી. આ અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં સમાજના લોકો અને આગેવાનો જોડાયા હતા અને સમગ્ર ગામ હીબકે ચઢ્યું હતું. ઉપસ્થિત સૌએ પીડિત પરિવારને સાંત્વના પાઠવી હત્યારાઓ સામે કડક કાર્યવાહીની માંગ ઉઠાવી છે.



### ઘરની બાજુમાં હવાડામાંથી યુવતીનો મોબાઈલ ફોન મળ્યો

આ મામલે માંડવી પી.આઈ. જય વળવીની ટીમ સહિત એલસીબી અને એસઓજીની ટીમો તપાસમાં જોતરાઈ છે અને શકમંદોની સઘન પૂછપરછ હાથ ધરી છે. હત્યા બાદ મૃતક યુવતીનો મોબાઈલ ફોન ગાયબ હતો. પોલીસ તપાસમાં ઘરની બાજુમાં આવેલા કોઢાર પાસેની પશુઓને પાણી પીવડાવવાના હવાડામાંથી ઝાડી-ઝાંખરાની સફાઈ દરમિયાન યુવતીનો ફોન મળી આવ્યો છે. જોકે, આ મોબાઈલ ત્રણ દિવસ સુધી પાણીમાં પલળેલો હોવાથી તેમાંથી ડેટા રિકવર કરવામાં પોલીસને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ૭૦થી વધુ પોલીસનો કાફલો આ મર્ડર કેસની તપાસમાં જોડાયેલો હોવા છતાં પોલીસના હાથમાં હજુ સુધી કોઈ નક્કર કડી લાગી નથી.

# મહિલાએ બે સગીર પુત્રો સાથે મળી યુવકની હત્યા કરી લાશ નહેરમાં ફેંકી

| સુરત |

ભાઠેના ચાર રસ્તા બ્રિજ નીચે પડ્યાપાથર્યા રહેતા યુવકને ત્યાં જ રહેતી મહિલાએ તેના બે સગીર પુત્રો સાથે મળી માથામાં પથ્થર અને લાકડાના ફટકા મારી રહેંસી નાંખી લાશને નહેરના પાણીમાં ફેંકી દીધાનો ઘટસ્ફોટ બે દિવસ બાદ થયો હતો. હત્યા નજરે જોનાર યુવકે મૃતકના ભાઈને જાણ કરતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

૨૨મીએ સવારે ભાઠેના ચાર રસ્તા બ્રિજ પાસે આવેલા નહેરના પાણીમાંથી એક યુવકની ડેડબોડી મળી હતી. મૃતક ઈમરાન ઈસ્માઈલ પઠાણ આ બ્રિજ નીચે જ રહેતો હતો અને છૂટક કામ કરતો હતો. પોલીસ આ મામલાની તપાસ કરી રહી હતી તે દરમિયાન મૃતકનો ભાઈ નાઝીમ પઠાણ ભાઠેના રજાનગરના રહેતા તેના મિત્ર ઝાકીરખાન ઉર્ફે ગુડ્ડુ નાસીર પઠાણને પોલીસ મથકે લઈ આવ્યો હતો. ઝાકીરે પોલીસને જણાવ્યું હતું કે, ગત ૨૧મી ઓગસ્ટની મળસ્કે ચાર વાગ્યે તે ચા પીવા માટે ભાઠેના ચાર રસ્તા પર ગયો હતો ત્યારે તેણે જોયું હતું કે, આ બ્રિજ નીચે રહેતી અફસાના અને તેના બે સગીર પુત્રો ઊભા થયા હતા. એક પુત્રએ હાથમાં સિમેન્ટનો મોટો પથ્થર ઊંચક્યો હતો. જે નિંદ્રાધીન ઈમરાનના ચહેરા પર મારી દીધો હતો. બાદમાં લાકડાના ૧૭થી ૧૮ સપાટા તથા ગડદાપાટુનો માર મારી નહેરમાં નાંખી દીધો હતો. પોલીસે ત્વરિત અહીં પહોંચી અફસાના અને તેના બંને સગીરોની પૂછપરછ કરી હતી. અફસાનાએ જણાવ્યું હતું કે તે પણ અહીં ફૂટપાથ પર રહેતી હતી. આગલી સાંજે અજ્જુ નામના શખ્સ સાથે ઝઘડો કરી રહ્યો હોઈ તેણે ટપાર્યો હતો. અજ્જુને છોડી તેણે મારી સાથે ઝઘડો કરી ધક્કો મારતાં તે પડતાં બચી હતી. જેની અદાવત રાખી ઈમરાનના સૂઈ ગયા બાદ મળસ્કે તેને પતાવી દીધો હતો. ઈન્સ્પેક્ટર કે.ડી. ભીમાણી વધુ તપાસ કરી રહ્યા છે.

### સરદાર બ્રિજ નીચે નદીમાંથી અજાણ્યા યુવકની લાશ મળી

| સુરત |

બુધવારે સવારે સરદાર બ્રિજ નીચે વોક વે સામે તાપી નદીમાંથી અજાણ્યા યુવકની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. બનાવની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચેલી ફાયરબ્રિગેડની ટીમ યુવકની લાશ બહાર કાઢી અડાજણ પોલીસને સોંપી હતી. પોલીસે જણાવ્યું હતું કે, આશરે ૩૦થી ૩૫ વર્ષીય મૃતક યુવકે શરીરે કાળા કલરનો ચડ્ડો અને ગ્રે કલરની ટી-શર્ટ પહેરી છે. મૃતકની ઓળખ થાય તે માટે પોલીસે શહેરના પોલીસ મથકોમાં મેસેજ પાસ કરવા સાથે સ્થાનિક વિસ્તારમાં પણ તપાસ શરૂ કરી છે.

# મોબાઈલની ચીલઝડપ કરનારને ૭ વર્ષની સજા

| સુરત |

મુળ મહારાષ્ટ્રના વતની અને સુરતમાં પાંડેસરા દક્ષેશ્વરનગરમાં રહેતા અરૂણ લૌટન પાટીલ ડ્રાઈવીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તા. ૩૦-૧૦-૨૦૨૩ના રોજ તેઓ મહારાષ્ટ્ર જવા માટે રેલવે સ્ટેશને ગયા હતા અને ટ્રેનની રાહ જોઈને ઊભા હતા ત્યારે અજાણ્યો યુવકે ભીડભાડનો લાભ લઈને તેમના ખઈ સ્સામાંથી ૧૭ હજારની કિંમતનો વીમો કંપનીનો મોબાઈલ ઝૂંટવી લીધો હતો. તેઓએ ચોર-ચોરની બુમો પણ પાડી હતી પરંતુ ચોર ભાગવામાં સફળ રહ્યો હતો. આ બનાવ અંગે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધીને ભેસ્તાનના આવાસ ફાટક પાસે રહેતા ફારૂખ ઉર્ફે મગંલી કાદિર સૈયદની ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યો હતો. આ કેસ સુરતની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ નીતિન ચોડવડીયા દ્વારા દલીલો કરાઈ હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ આરોપી ફારૂખને ૭ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

હવે રખડતા બાળકોનું ભવિષ્ય સિગ્નલ ઉપર નહીં, પરંતુ શાળામાં હશે

# સિગ્નલ પર રખડતા બાળકો માટે સિગ્નલ સ્કૂલ શરૂ થશે

## શહેરના વિવિધ સર્કલો ઉપર ભીખ માંગતા અંદાજિત બે હજારથી વધુ બાળકો

| સુરત |

સુરતના વિવિધ સિગ્નલો ઉપર અંદાજિત બે હજારથી વધુ બાળકો ભીખ માંગી રહ્યા છે, તો કેટલાક બાળકો રખડી રહ્યા છે. મજબૂરી કહો કે માતા-પિતાને આર્થિક મદદ કરવા ભીખ માંગતા તેમજ રખડતા આવા બાળકો માટે સુરત મનપા તેમજ કોર્ટની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા એક વિશિષ્ટ અભિગમ સાથે સિગ્નલ સ્કૂલ શરૂ કરાશે. ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના જસ્ટીસ દ્વારા આ સિગ્નલ સ્કૂલનો શનિવારે વિધિવત પ્રારંભ કરાશે. આ માટે શનિવારે સંજીવકુમાર ઓડિટોરીયમ હોલમાં ઉદ્દઘાટન કાર્યક્રમનું આયોજન પણ કરાયું છે.



ચાર રસ્તે સિગ્નલ દેખાઈ અને વ્યક્તિ પોતાનું વાહન લઈને ઊભો રહે ત્યાં ગણતરીની સેકંડોમાં જ ફોરવ્હીલરના કાચ સાફ કરનારા બાળકો, બોલપેન સહિત બીજા રમકડા વેચતા ભૂલકાંઓ નજરે પડે છે. સામાજિક સંસ્થા સાથે જોડાયેલા તરુણ મિશ્રાના જણાવ્યા પ્રમાણે હાલમાં સુરતમાં અંદાજિત બે હજારથી વધુ બાળકો ભીખ માંગતા હોવાની શક્યતા છે. આવા બાળકોને શિક્ષણ મળતું નથી અને તેના કારણે કેટલીકવાર આવા ભૂલકાંઓ ગુનાખોરીમાં પણ પ્રવેશે છે. બાળકોને પૂરતું શિક્ષણ મળી રહે અને તેઓ શિક્ષિત બને તે માટે સુરત મહાનગરપાલિકા તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા એક અભિગમ શરૂ કરાયો છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ટ્રાફિક સિગ્નલો પર ભિક્ષાવૃત્તિ, નાના-મોટા કામ અથવા અન્ય કારણોસર રહેતા બાળકોને ઓળખી તેમને શિક્ષણ, સંસ્કાર અને સુરક્ષિત બાળપણની તક પૂરી પાડવાના હેતુથી સિગ્નલ સ્કૂલ વાન શરૂ કરવામાં આવશે. સિગ્નલ સ્કૂલના માધ્યમથી આવા બાળકોને તેમની ઉંમર અને શૈક્ષણિક સ્તર અનુસાર પ્રાથમિક શિક્ષણ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને જરૂરી માર્ગદર્શન અપાશે. બાળકોને શિક્ષણ સાથે જોડીને તબક્કાવાર રીતે નિયમિત શાળામાં પ્રવેશ અપાવી શિક્ષણની મુખ્ય ધારામાં લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

### આરંભે શૂરા, કામે અધૂરા : પોલીસ અભિયાન શરૂ કરે છે, પરંતુ પૂર્ણ કરતું નથી

સુરત પોલીસની કામગીરી જાણે કે આરંભે શૂરા અને કામે અધૂરા જેવી કહેવાતની ઘાટ જેવી છે. ભીખ માંગવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા બાળકોને બહાર લાવવા, તેઓની પાસેથી બળજબરીથી ભીખ મંગાવતા લોકો સામે બાંયો ચઢાવવાનું અભિયાન શરૂ કરવામાં આવે છે, પરંતુ થોડા દિવસમાં જ તેનો અંત પણ આવી જાય છે. મોટાભાગના સિગ્નલો ઉપર તમને નાની ઉંમરના માસૂમ બાળકોથી માંડીને મોટી ઉંમરના વ્યક્તિઓ ભીખ માંગતા નજરે પડશે. પોલીસ આવા ભીખ માંગનારાઓને હટાવી શકતી નથી કે કોઇ વિશેષ કામગીરી પણ કરતી ન હોવાની વિગતો સૂત્રો પાસેથી પ્રાપ્ત મળી છે.

### પકડાયા બાદ ભીખ માંગવાનું સ્થળ બદલી નાંખે છે

સમાજ સુરક્ષા વિભાગ કહો કે પછી પોલીસ ખાતુ પરંતુ જ્યારે તેઓ રેડ પાડે છે, ત્યારે ભીખારીઓને સમાજમાં સુધરવાની એક તક આપીને જવા દેવાઇ છે, પરંતુ સરકારી બાબુઓની આવી ઉધારનીતિ સામે ભીખારીઓ પણ એટલા જ જવાબદાર છે, કારણ કે એકવાર તેઓને જવા દેવામાં આવે છે કે તરંત જ તેઓ અન્ય સ્થળ ઉપર જઇને ફરીવાર ભીખ માંગવાનું શરૂ કરી દે છે. ખાસ કરીને સુરત પોલીસ કે સમાજ વિભાગ દ્વારા એરપોર્ટના મુખ્ય રોડ એવા કે એસ કે નગર ચોકડી ઉપર તેમજ વાય જંકશન ઉપર રહેતા ભીખારીઓને વારંવાર પકડીને ત્યાંથી હટાવી દેવામાં આવે છે, અને આ જ ભીખારીઓ અન્ય સ્થળે પણ જોવા મળે છે.






ભાજપના મહિલા નેતાની પુત્રવધૂએ જીવન ટૂંકાવ્યું હતું

# કડોદરાની પરિણીતાના આપઘાત કેસમાં પતિ અને પ્રેમિકા સામે દુષ્પ્રેરણાનો ગુનો

## સ્યુસાઈડ નોટ અને મૃતકના ભાઈની ફરિયાદના આધારે પતિની ધરપકડ

। પલસાણા ।

પલસાણા તાલુકાના કડોદરામાં ભાજપની મહિલા અગ્રણીની પુત્રવધૂની આત્મહત્યા પ્રકરણમાં પોલીસે મૃતકના ભાઈની ફરિયાદ અને મળેલી સ્યુસાઈડ નોટના આધારે પતિ અને તેની પ્રેમિકા સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો હતો અને મોડી સાંજે પતિની ધરપકડ કરી હોવાની વિગત મળી છે.

કડોદરાની શ્રીનિવાસ ગ્રીન સિટી સોસાયટીમાં રહેતી ૨૪ વર્ષીય પરિણીતા નિધિકુમારીએ સોમવારે રાત્રે ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. મૃતક નિધિકુમારી કડોદરાની ભાજપની મહિલા નેતા શશિસિંગની પુત્રવધૂ થાય છે. આ કેસમાં પોલીસની સઘન તપાસ દરમિયાન મૃતક નિધિકુમારીના આંતરવસ્ત્રમાંથી અંગ્રેજી ભાષામાં લખેલી સ્યુસાઈડ નોટ મળી હતી. આ મામલે મૂળ બિહારના વતની અને હાલ ત્યાં જ નોકરી કરતા મૃતકના ભાઈ આદિત્યકુમાર સિંગે કડોદરા પોલીસ મથકમાં સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી છે. નિધિકુમારીના લગ્ન આશરે અઢી વર્ષ પહેલા ભાજપના મહિલા નેતા શશિસિંગના પુત્ર સૌરભસિંગ સંજયસિંગ સાથે થયા હતા અને તેઓ કડોદરાની શ્રીનિવાસ ગ્રીન સિટીના વિભાગ-એ માં રહેતા હતા. ભાઈ આદિત્યકુમારના જણાવ્યા મુજબ, લગ્ન પછી પરિવારને એવી જાણ થઈ ગઈ હતી કે સૌરભસિંગનું અન્ય યુવતી સાથે લગ્ન પહેલાથી જ પ્રેમપ્રકરણ ચાલી રહ્યું છે. લગ્ન પછી પણ પતિનો આ સંબંધ ચાલુ રહેતા પરિવારે સૌરભને ઘણીવાર સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે કોઈની વાત માન્યો ન હતો. પતિ અને તેની પ્રેમિકાના સતત માનસિક ત્રાસ તેમજ રોજબરોજના ઝઘડાઓથી નિધિકુમારી પરેશાન રહેવા લાગી હતી. ગત ૨૩ ઓગસ્ટના રોજ સાંજે નિધિકુમારીએ પોતાની માતાને ફોન કરીને રડતાં રડતાં પોતાની વ્યથા ઠાલવતા કહ્યું હતું કે સૌરભ તેને મારી નાખશે. આટલી વાતચીત બાદ તેનો ફોન અચાનક બંધ થઈ ગયો હતો. આ ફોન કોલના થોડા જ સમય પછી સાસરી પક્ષ તરફથી નિધિના આપઘાતની જાણ કરવામાં આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. કડોદરા પોલીસે પતિ સૌરભસિંગ અને તેની પ્રેમિકા ઈશિકા બેનરજી વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે. મોડી સાંજે પોલીસે મૃતકના પતિની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રતિષ્ઠાને હાની પહોંચાડતી પોસ્ટ મૂકી હતી

# હર્ષ સંઘવીના વિરોધમાં પોસ્ટ કરનાર સામે નવસારીમાં ફરિયાદ

। નવસારી ।

રાજ્યમાં સોશિયલ મીડિયાના માધ્યમથી અફવાઓ અને ખોટી માહિતી ફેલાવનારા તત્વો સામે નવસારી સાયબર ક્રાઈમ પોલીસે સકંજો કસી લીધો છે. ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી ઈન્સ્ટાગ્રામ પર બનાવટી લખાણ વાયરલ કરનાર ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.ના કર્તાહર્તા વિરુદ્ધ નવસારી સાયબર ક્રાઈમમાં ગુનો દાખલ કરાયો છે.

**ઇન્સ્ટાગ્રામ આઈ.ડી. 'katha_vistar' વિરુદ્ધ સાઈબર ક્રાઈમમાં ગુનો દાખલ કરાયો**

નવસારી સાયબર ક્રાઈમના કોન્સ્ટેબલ સહદેવ ચૌધરી ઉચ્ચ અધિકારીઓની સૂચના અનુસાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સતત મોનિટરિંગ કરી રહ્યા હતા. દરમિયાન ૨૬ ઓગસ્ટના રોજ ઈન્સ્ટાગ્રામ ઉપર 'katha_vistar' (Katha Vistar - Valsad, Navsari) નામની આઈ.ડી. ઉપર શંકાસ્પદ પોસ્ટ નજરે પડી હતી. પોસ્ટમાં દારૂ મળે એટલે ફક્ત પોલીસ જ સસ્પેન્ડ? જ્યાં પણ દારૂની ભઠ્ઠી કે અડ્ડો મળે ત્યાંના કોર્પોરેટર અને MLAને પણ સસ્પેન્ડ? કાયદો બધા માટે સરખા તથા ગામમાં દારૂ વેચાય છે, અને સરપંચને બધું ખબર છે.

સરપંચ સામે તત્કાળ પગલાં ભરાશે. સરપંચને સસ્પેન્ડ થશે?

આ બનાવટી પોસ્ટમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના ફોટાનો ઉપયોગ કરાયો અને એવો ખોટો અર્થ ઉપજાવવાનો પ્રયાસ કરાયો છે કે નાયબ મુખ્યમંત્રીએ દારૂના વેચાણ અને જનપ્રતિનિધિઓના સસ્પેન્શન અંગે વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે. આ પ્રકારનું ખોટું લખાણ સાચું હોવાનું દર્શાવીને ન્યૂઝના સ્વરૂપમાં વાયરલ કરવામાં આવ્યું, જેનો હેતુ હર્ષ સંઘવીની છબીને હાની પહોંચાડવાનો હતો. આ ગંભીર કૃત્ય બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ નવસારી સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.





ત્રીજા માળેથી પટકાયેલો કિશોર બીજા માળે બીમના સળિયામાં ફસાયો

# ખભાના મસલ્સ ચીરીને ત્રણ ફૂટ લાંબો સળિયો મોઢામાંથી આરપાર નીકળ્યો

## એક કલાક ઓપરેશન ચાલ્યું : સિવિલના તબીબો કિશોરનો જીવ બચાવવા સફળ

। સુરત ।

મંગળવારે સાંજે ઉન પાટિયા ખાતેના તિરુપતિનગરમાં વિચિત્ર ઘટના બની હતી. રમતાં-રમતાં ત્રીજા માળેથી પટકાયેલો ૧૧ વર્ષીય કિશોર બાજુમાં આવેલી બાંધકામ સાઈડના બીજા માળે બીમના ખુલ્લા સળિયા પર પડતા ફસાઈ ગયો હતો. બીમનો સળિયો કિશોરના ડાબા ખભાના મસલ્ય ચીરીને મોંઢામાંથી આરપાર નીકળી જતા આ દ્રશ્ય જોઈ સ્થળ પર હાજર લોકો દિગમૂઢ થઈ ગયા હતા. મૂળ બિહારનો વતની નાજીસ મોહંમદ નસીમ (ઉં.વ.૧૧) છેલ્લા એક વર્ષથી ઉન પાટિયા સ્થિત તિરુપતિનગરમાં આવેલી મદરસા અભ્યાસ કરે છે અને ત્યાં જ રહે છે. મંગળવારે સાંજે મદરસા છૂટ્યા બાદ નાજીસ તેના મિત્રો સાથે ત્રીજા માળે રમી રહ્યો હતો. દરમિયાન નાજીસ મદરસાના ત્રીજા માળેથી અચાનક નીચે પટકાયો હતો અને બાજુમાં આવેલી બાંધકામ સાઈડના એક બીમ પર પડ્યો હતો. નાજીસ બીમના ખુલ્લા સળિયા પર પડ્યો હોવાથી સળિયો તેના ડાબા ખભાના મસલ્સ ચીરીને મોઢામાંથી આરપાર નીકળ્યો હતો. જોકે, બાંધકામ સાઈડ પર કેટલાક શ્રમિકોએ સમયસૂચકતા દાખવી બીમના સળિયાને નીચેથી એકથી દોઢ ફૂટ જેટલો કાપી કાઢ્યો હતો અને કિશોરના શરીરમાં ત્રણેક ફૂટ જેટલો સળિયો ફસાયેલી હાલતમાં તેને સારવાર માટે સિવિલમાં ખસેડાયો હતો.

### સળિયો કાપવાનો નિર્ણય કિશોરના હિતમાં રહ્યો

તબીબી સૂત્રોએ કહ્યું હતું કે, આ પ્રકારના કિસ્સામાં પીડિત વ્યક્તિના શરીરમાં સળિયો કાઢવાનો પ્રયાસ જોખમી સાબિત થઈ શકે છે, કારણ કે સળિયો જે ભાગમાં ફસાયેલો હોય તેમાંથી નીકળ્યા બાદ અચાનક લોહી વહેવાનું શરૂ થઈ શકે છે. બીજી તરફ સળિયો કયા અવયવમાં ફસાયો છે, તે એક્સરે, સીટી સ્કેનના રિપોર્ટ પછી સચોટ રીતે જાણી તે દિશામાં કામ કરી શકાય છે. આ કિસ્સામાં કિશોરને સળિયામાંથી બહાર કાઢવાને બદલે સળિયો કાપીને કિશોરને ૧૦૮-માં સિવિલમાં ખસેડાયો હતો. જે કિશોરના હિતમાં રહ્યું હતું. આ પ્રકારના કિસ્સામાં સળિયો ખેંચીને કાઢવા કરતા કાપીને પીડિતને સારવાર માટે ખસેડવો જોઈએ.

### ચાર વિભાગના ડોક્ટરો ઓપરેશનમાં જોડાયા

સર્જરી વિભાગના ડો. દિવ્યાંગ દવેએ જણાવ્યું હતું કે, ઓપરેશન એક કલાક સુધી ચાલ્યું હતું. જેમાં સર્જરી, પ્લાસ્ટિક સર્જરી, ઇએનટી અને એનેસ્થેસીયા વિભાગના ડોક્ટરોની ટીમ જોડાઈ હતી. સળિયો ડાબા ખભાના મસલ્યમાંથી જીભ નીચેથી મોઢામાંથી નીકળ્યો હતો. સદનસીબે લોહીની નળીને મેજર ઇન્જરરી થઈ નહોતી. આ ઉપરાંત અન્નનળી અને શ્વાસ નળી પણ બચી ગઈ હતી. તબીબોની ટીમે સફળતાપૂર્વક ઓપરેશન પાર પાડી કિશોરનો જીવ બચાવી લીધો છે. જેમાં ડો. હાર્દિક આસ્તિક, ડો. નિલેશ કાછડિયા સહિતના તબીબોએ મહત્વની ભુમિકા અદા કરી હતી. તબીબી અધિક્ષક ડો. પારુલ વડગામાના માર્ગદર્શનમાં તબીબી ટીમની કુશળતાના પરિણામે કિશોરને નવજીવન મળ્યું હતું.

# રિક્ષામાંથી યુવતીનું પર્સ આંચકી લેવાયું

સુરત : શહેરમાં ચેઈન અને પર્સ સ્નેચિંગની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. વાસ્તુ લકઝરીયા ખાતે રહેતી અને ઘોડદોડ રોડના જ્વેલર્સમાં નોકરી કરતી ક્ષમા કૌશલ સંઘવી નોકરી પૂરી કરીને ઓટોરિક્ષા (GJ-૦૫-DT-૧૬૯૪)માં બેસી ઘરે પરત ફરી રહી હતી. ત્યારે સ્પ્લેન્ડર બાઈક પર જીન્સ અને ટી-શર્ટ પહેરીને આવેલા બે અજાણ્યા પૈકી પાછળ બેસેલા શખ્સે યુવતીના હાથમાંથી પર્સ ઝૂંટવી લીધું હતું અને ક્ષણવારમાં બાઈક ભગાવીને વાય જંક્શન તરફ નાસી છૂટ્યા હતા.

SGLFA
તા.૨૭/૦૮/૨૦૨૬
સા.ગુ.લે.ફા.એ.દ્વારા સૂચવેલ
ઈંડાનો જથ્થાબંધ ભાવ
સુરત ઝોન રૂ.૫૬૫/-

NECC
તા.૨૭/૦૮/૨૦૨૬
ને.એ.કો.ક.દ્વારા સૂચવેલ
ઈંડાનો જથ્થાબંધ ભાવ
સુરત ઝોન રૂ.૫૬૦/-

# પ્લોટનું રિઝર્વેશન હટાવવા માટે પાલિકાનો નકલી અધિકારી બની ૧૨ લાખની ઠગાઈ

## ડિંડોલી-દીપકનગરના ત્રણ પ્લોટ અપાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું

। સુરત ।

શહેરના ખટોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જમીન લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી સાથે રૂ. ૧૨.૮૫ લાખની મોટી છેતરપિંડી આચરવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ડિંડોલી વિસ્તારમાં આવેલા પ્લોટ પરથી સુરત મહાનગરપાલિકાનું રિઝર્વેશન દૂર કરાવવાના બહાને બનાવટી અધિકારીઓ ઊભા કરી ભેજાબાજોએ આ લાખો રૂપિયા પડાવી લીધા હતા.

ખટોદરા પોલીસ દ્વારા પ્રાપ્ત વિગત મુજબ મળતી વિગતો અનુસાર, ડિંડોલી કરાડવા રોડ ખાતે રહેતા અને ખટોદરા નવજીવન સર્કલ નજીક શ્રી ક્રિષ્ના ડેવલપર નામે ઓફિસ ધરાવતા ક્રિશ્નાદત્ત સુરેશચંદ્ર દુબેએ ડિંડોલી સ્થિત દીપકનગર ખાતે ત્રણ પ્લોટ દલાલ બાલકૃષ્ણા રામરાજ પાંડે મારફતે રૂ. ૩૯ લાખમાં ખરીદ્યા હતા. જે પ્લોટ રિઝર્વેશનમાં હોવાથી દલાલ બાલકૃષ્ણાએ મહાનગરપાલિકામાં પોતાની પહોંચ હોવાનું જણાવી રિઝર્વેશન કાઢી આપવાની ખાતરી આપી હતી. ત્યારબાદ બાલકૃષ્ણા પાંડેએ મુકેશ અને કિરીટ નામના શખ્સોને મનપાના અધિકારી તરીકે ઓળખાવી મિટિંગ કરાવી હતી. રિઝર્વેશન દૂર કરવા તથા વેરાબિલમાં નામ ચઢાવવાના બહાને અલગ અલગ તારીખે ફરિયાદી પાસેથી કુલ રૂ. ૧૨,૮૫,૦૦૦ રોકડા મેળવી લીધા હતા. બાદમાં કિરીટભાઈની બદલી થવાનું નાટક કરી અજીતસિંઘ નામના નવા બોગસ અધિકારીને પણ રજૂ કરાયો હતો. લાંબો સમય વીતવા છતાં કામ ન થતાં અને તપાસ કરતા આ તમામ શખસો પૈકી કોઈ પણ મનપાના અધિકારી ન હોવાનું ખૂલ્યું હતું. ત્યારે ક્રિશ્નાદત્તે પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાનું બહાર આવતાં પૈસા પરત માંગણી કરી હતી. પરંતુ બાલકિશ્નાએ પૈસા પરત ન આપી વિશ્વાસઘાત આચરવામાં આવતા આખરે ક્રિશ્નાદત્ત દુબેએ ખટોદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ખટોદરા પોલીસે બાલકૃષ્ણા પાંડે, અશોકસિંઘ, મુકેશભાઈ, કિરીટભાઈ અને અજીતસિંઘ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.




| GTPL | TATA PLAY | DISH TV | AIRTEL TV | VIDEOCON D2H | SITI | DEN RAJKOT |
|---|---|---|---|---|---|---|
| 268 | 1722 | 1296 | 586 | 1645 | 506 | 586 |

| DEN VADODARA | DL SURAT | JIO FIBER | NXT DIGITAL | IN DIGITAL SURAT | DD FREE DISH | IN DIGITAL RAJKOT | IN DIGITAL VADODARA |
|---|---|---|---|---|---|---|---|
| 565 | 226 | 1722 | 186 | 582 | 120 | 576 | 575 |


# ટ્રેનમાં સફાઈ સ્ટાફ માટે હવે ચાર સીટ રિઝર્વ રખાશે, દુરુપયોગ કરનારા સામે કડક કાર્યવાહી

ડ્યૂટીના ૧૨ કલાક પહેલાં ટિકિટ બુકિંગ કરાવવી પડશે

। સુરત ।

લાંબા અંતરની ટ્રેનોમાં મુસાફરોની સ્વચ્છતા જાળવતા ઓનબોર્ડ હાઉસકીપિંગ સ્ટાફ માટે રેલવેએ મહત્ત્વનો નિર્ણય લીધો છે. ડ્યૂટી દરમિયાન સફાઈ સ્ટાફના આરામ માટે હવે ટ્રેનમાં ચાર બર્થ અનામત રાખવામાં આવશે. આ બર્થ માટે સફાઈ સ્ટાફ પાસેથી કોઈ જ ભાડું વસૂલવામાં આવશે નહીં. રેલવેના આ નિર્ણયથી સતત લાંબી ડ્યૂટી કરતા કર્મચારીઓને મોટી રાહત મળવાની સાથે ટ્રેનોમાં સફાઈ વ્યવસ્થા વધુ અસરકારક બનવાની અપેક્ષા છે.

લાંબા રૂટની ટ્રેનોમાં સામાન્ય રીતે ત્રણ કોચ દીઠ એક ઓનબોર્ડ હાઉસકીપિંગ કર્મચારી તહેનાત કરવામાં આવે છે. આ સ્ટાફને ડ્યૂટી દરમિયાન લાંબા સમય સુધી ટ્રેનમાં જ રહેવું પડે છે. અગાઉ આરામ માટે અલગ બેઠકની વ્યવસ્થા ન હોવાથી કર્મચારીઓએ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે રેલવેએ તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને ચોક્કસ બર્થ ફાળવવાનો નિર્ણય લીધો છે. બાંદ્રા ટર્મિનસથી દોડતી ગોલ્ડન ટેમ્પલ મેલ, પશ્ચિમ એક્સપ્રેસ સહિતની કેટલીક ટ્રેનોમાં આ વ્યવસ્થા અમલમાં આવી ચૂકી છે. મુંબઈ સેન્ટ્રલથી દોડતી કેટલીક ટ્રેનોમાં પણ સ્ટાફ માટે અનામત બર્થની સુવિધા શરૂ કરવામાં આવી છે. ઓનબોર્ડ હાઉસકીપિંગ સ્ટાફ માટે આ પ્રકારની વ્યવસ્થા પ્રથમ વખત કરવામાં આવી હોવાનું રેલવે સૂત્રોનું કહેવું છે.

### રિઝર્વ સીટનો દુરુપયોગ કરનારા સામે કાર્યવાહી થશે

રેલવેને અગાઉ એવી ફરિયાદો મળતી રહી છે કે કોચ એટેન્ડન્ટ અથવા સંબંધિત સ્ટાફ દ્વારા ટોઇલેટ નજીકની બર્થ મુસાફરોને ફાળવવામાં આવતી અથવા વેચવામાં આવતી હતી. આવા દુરુપયોગને અટકાવવા રેલવેએ નિયમો કડક કર્યા છે. અનામત બર્થનો ગેરકાયદેસર ઉપયોગ અથવા મુસાફરોને ફાળવણી કરતા કર્મચારી સામે પ્રથમ અને બીજી વખત દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જો ત્રીજી વખત આવી ગેરરીતિ પકડાશે તો સંબંધિત કોન્ટ્રાક્ટ રદ કરવાની કાર્યવાહી કરાશે. રેલવેના આ નિર્ણયથી એક તરફ લાંબી ડ્યૂટી કરતા હાઉસકીપિંગ કર્મચારીઓને ડ્યૂટી દરમિયાન આરામ મળશે. જ્યારે બીજી તરફ કર્મચારીઓની કાર્યક્ષમતા જળવાતાં ટ્રેનોની સફાઈ અને સ્વચ્છતા વ્યવસ્થામાં પણ સુધારો થવાની શક્યતા છે.

**Vapi Green Enviro Limited – Tender Notice**

Vapi Green Enviro Limited (VGEL) is Inviting online offer for Supply and Installation of 200KLD MEE Plant from Manufacturer. Tender document may be downloaded from 25/08/2026 to 12:30 PM on 12/09/2025. Interested organizations with similar type of experience may download the tender documents from MSTC website www.mstcecommerce.com OR www.vgelvapi.com or request e-mail to dgm.purchase@vgelvapi.com or call 9714000828.

**DR. KIRAN C. PATEL MEDICAL COLLEGE & RESEARCH INSTITUTE (KMCRI)**

Bharuch Civil Hospital Campus, Bharuch – 392001, Gujarat, India

**NOTICE INVITING TENDER (NIT)**

Tender No.: Tender/KMCRI/Security/2026/01

Sealed bids are invited under a **Two-Cover Physical Tender System** from reputed and experienced agencies for providing **SECURITY SERVICS** at **Bharuch Civil Hospital Campus (including Hostels), Bharuch, Gujarat.**

- **Contract Period:** 3 Years (extendable subject to performance)
- **Estimated Annual Contract Value:** Approx. Rs. 2.50 Crores
- **Tender Fee (Non-Refundable):** Rs. 5,000/-
- **Earnest Money Deposit (EMD):** Rs. 6.50 lakhs

Tender Documents shall be e-mailed at address notified by applicant upon payment of the tender fee through RTGS / NEFT in favour of: **"Dr. Kiran C. Patel Medical College & Research Institute"** remitted to HDFC Bank Ltd., IFSC: HDFC0005559 & Account Number 50200076608159 after close of **16 September 2026** during office hours.

**Accounts Department**
**Dr. Kiran & Pallavi Patel Global University (KPGU)**
**Block No: 148 N.H. No: 8**
**Village: Varnama,**
**Dist: Vadodara.391240, Gujarat, India**

Detailed eligibility criteria, scope of work, technical requirements, bid submission procedure, and other terms & conditions are provided in the tender document. The last date and time for submission of bids, date of opening of technical bids, and other schedules shall be specified therein.

KMCRI reserves the right to amend, modify, withdraw, extend, suspend, or cancel the tender process at any stage without assigning any reason.

**For further information/contact:** E-mail: kmcri.tender@protonmail.com
Contact: Mr. Sandeep Yawalkar (M – 9925100950)

દોઢ વર્ષથી શિખર એન્ટરપ્રાઈઝમાં ચાલતું હતું કૌભાંડ

# ઉધનાના પ્લાયવૂડ ગોડાઉનમાં ૨૫ લાખની ચોરી, વિશ્વાસુ કર્મચારીઓ મુખ્ય સૂત્રધાર

## સીસીટીવી ફૂટેજે ખોલી પોલ, ૪ સાગરીતો સામે ખટોદરા પોલીસ મથકે ગુનો દાખલ

સુરત : ઉધના વિસ્તારમાં અંબિકા ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી-૨માં આવેલી હાર્ડવેર અને પ્લાયવૂડની પેઢી શિખર એન્ટરપ્રાઈઝના ગોડાઉનમાંથી આશરે રૂ. ૨૫ લાખની કિંમતના માલસામાનની ચોરી થઈ હોવાની ફરિયાદ ખટોદરા પોલીસ ચોપડે નોંધાઈ છે. પેઢીમાં વર્ષોથી નોકરી કરતા અને માલિકનો અંધ વિશ્વાસ ધરાવતા ગોડાઉન સ્ટાફે જ આ આખું કૌભાંડ આચર્યું હોવાનું બહાર આવ્યું છે. કુંભારીયા ગામ નેચરવેલી ખાતે રહેતા અને શિખર એન્ટરપ્રાઈઝ ધરાવતા વેપારી સાંવરમલ ઘાસીરામ પ્રજાપતે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું કે, ગોડાઉનમાં માલ ડિસ્પેચનું કામ કરતા કર્મચારીઓ રામનિવાસ દિલીપ સિદ્ધ, લોકેશ દિલીપ સિદ્ધ અને પાલીનાથ સિદ્ધ (તમામ રહે. સાંઈકૃપા સોસાયટી, પાંડેસરા, મૂળ રાજસ્થાન) છેલ્લા દોઢ વર્ષથી અવારનવાર ગોડાઉનમાંથી માલસામાનની ચોરી કરી સસ્તા ભાવે વેચી દેતા હતા. ગત ૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ વેપારીએ સીસી ટીવી કેમેરાનું લાઈવ ફૂટેજ ચેક કરતા રામનિવાસ રૂ. ૨૦,૦૦૦નો સામાન ચોરીછૂપીથી લઈ જતો પકડાઈ ગયો હતો. જૂના સીસીટીવી ફૂટેજ ચકાસતાં અને કડક પૂછપરછ કરતાં રામનિવાસે છેલ્લા દોઢ વર્ષમાં રૂ. ૨૫ લાખનો માલ ચોરી કર્યાની ભૂલ કબૂલી હતી. જોકે, વેપારીએ આરોપીના પિતા દિલીપ સિદ્ધને જાણ કરતા, રામનિવાસ ઓફિસેથી નાસી છૂટ્યો હતો અને બાદમાં તેના પિતાએ પણ વેપારીને ધમકી આપી ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. આ અંગે ખટોદરા પોલીસે સાંવરમલની ફરિયાદના આધારે ગુનો નોંધીને ચોરી કરનાર ત્રિપુટીની શોધખોળ આદરી છે.

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ઈ-ટેન્ડર સૂચના નં. DRM-BRC 074 થી 075 વર્ષ 2026-27

ભારતના રાષ્ટ્રપતિશ્રીના નામે અને તેમની તરફથી નીચે દર્શાવેલ કાર્યો માટે મંડલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા સીલબંધ ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે.

| ક્ર. નં. | ટેન્ડર નં. | કામનું નામ | કામની અંદાજિત કિંમત (રૂ.માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM BRC 074 of 2026-27 | આણંદ જંક્શન BG: ગુડ્સ શેડમાં સુધારણા | 14,65,24,984.69 | 29,30,500.00 |

ટેન્ડર જમા કરવાની તથા ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર 17.09.2026ના રોજ 15:00 કલાક પહેલાં રજૂ કરવાનું રહેશે અને તે જ દિવસે 15:30 કલાકે ખોલવામાં આવશે.

| ક્ર. નં. | ટેન્ડર નં. | કામનું નામ | કામની અંદાજિત કિંમત (રૂ.માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) |
|---|---|---|---|---|
| 2 | DRM BRC 075 of 2026-27 | વડોદરા ડિવિઝન - આણંદ: વિકાસના કામ માટે પ્લેટફોર્મ નંબર 5 પર બેલાસ્ટ-લેસ ટ્રેક ની જોગવાઈ | 5,96,69,765.29 | 11,93,400.00 |

ટેન્ડર જમા કરવાની તથા ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર 15.09.2026ના રોજ 15:00 કલાક પહેલાં રજૂ કરવાનું રહેશે અને તે જ દિવસે 15:30 કલાકે ખોલવામાં આવશે. વેબસાઈટની વિગતો અને નોટિસનું સ્થાન જ્યાં સંપૂર્ણ માહિતી જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું વેબસાઈટ: www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – 390004. BRC 215

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સંદેશ સ્વજન ખોવાની દુખદ વેળાએ બેસણું આપવું
તદ્દન સરળ અને વ્યાજબી
બેસણું / શ્રદ્ધાંજલિ

ઉપરોક્ત સાઈઝ : 9 CM X 5 CM Rs. 1600/- *+5% GST

ઉપરોક્ત સાઈઝ : 9 CM X 10 CM Rs. 3200/- *+5% GST

**હવે સંદેશ માં બેસણું આપવું તદ્દન સરળ:**

- નીચે આપેલ નંબર ઉપર તમારું મેટર whatsapp કરો.
- whatsapp ઉપર બેસણા નો ફોટો તથા estimate મેળવો.
- નીચે આપેલ QR Code scan કરીને પેમેન્ટ કરો.
- ઘર બેઠા બેસણું કોઈ પણ એડીશન માં છપાવો.

WHATSAPP HERE TO SEND YOUR CONTENT
99099 85623
: સમય :
સોમ થી શનિ 10:30 થી સાંજે 6
રવિવારે ૧૨:૩૦ થી સાંજે ૫:૦૦

SCAN HERE TO PAY



છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ માર્ગદર્શક હતા,
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો,
માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અને પરોપકાર
અમો આજીવન ભૂલીશું નહીં.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. ડો. ખુશરો સોરાબજી લશ્કરી
સ્વ.તા. ૨૭-૦૮-૨૦૨૦

MAKE N SEE & JYOTI CREATION
DUTT & PATEL FAMILY

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

DGVCL
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેર ખબર**

આથી અમારા માનવંતા વીજગ્રાહકોને જણાવવાનું કે વલસાડ, તાપી અને સુરત વર્તુળ કચેરી હેઠળ આવતા ૬૬ કેવી સબ-સ્ટેશનમાંથી નીકળતા ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં તારીખ ૩૦.૦૮.૨૦૨૬થી નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતીછે.

| અ.નં. | જીલ્લાનું નામ | ખેતીવાડી ગ્રુપ | હાલનો ગ્રુપ સમય | અમલમાં આવતા ગ્રુપનો સમય |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | DVG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૨ | તાપી | DTG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક | ૦૮:૩૦ થી ૧૬:૩૦ કલાક |
| ૩ | સુરત | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક | ૦૯:૦૦ થી ૧૭:૦૦ કલાક |

વિશેષ મુખ્ય ઇજનેર (સી.એન્ડઆર.), દ.ગુ.વી.કં.લિ., સુરત

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી નો ઉપયોગ કરો અને વીજ અકસ્માતો ટાળો

This newspaper is published by Mr. Krishnakant Unadkat from Satyesh Bhavan, Dakoriya Mill Compound, Near Gurudev Petrol Pump, Khatodara GIDC, Bamroli Road, Surat (Gujarat) on behalf of The Sandesh Limited, edited by Mr. Krishnakant Unadkat and printed by Mr. Krishnakant Unadkat at Satyesh Bhavan, Dakoriya Mill Compound, Near Gurudev Petrol Pump, Khatodara GIDC, Bamroli Road, Surat (Gujarat).

૨૫ જુલાઈએ શરૂ થનાર સત્ર ૧લી સપ્ટેમ્બરે શરૂ થશે

# નિરમા યુનિ.એ લૉ કોર્સમાં લાખો વસૂલ્યા છતાં સુવિધાના અભાવે સત્ર પાછું ઠેલતાં રોષ

## ૩૫૦ વિદ્યાર્થીઓની રૂ. ૪.૨૫ લાખ લેખે રૂ. ૧૫ કરોડ ફી ભર્યા પછી પણ ભારે હેરાનગતિ

| અમદાવાદ |

શહેરની એસ.જી. હાઈવે સ્થિત નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉ ખાતે વર્ષ-૨૦૨૬-૨૭ના કાયદાના પાંચ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર ૩૫૦ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ યુનિવર્સિટી તંત્રના અણઘડ વહીવટના કારણે મુશ્કેલીમાં મુકાયા છે. મે મહિનામાં કરોડો રૂપિયાની ફી ભર્યા છતાં હોસ્ટેલની સુવિધા સમયસર ન મળતાં અને વર્ગો શરૂ થવામાં વારંવાર વિલંબ થતાં દેશભરમાંથી આવેલા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે નિરાશા અને રોષની લાગણી ફેલાઈ હોવાની વિગતો સામે આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર, મે મહિનામાં વાલીઓ પાસે વિદ્યાર્થીદીઠ રૂ.૪.૨૫ લાખની વાર્ષિક શૈક્ષણિક ફી પેટે કુલ રૂ.૧૫ કરોડ જેટલી રકમ ઉઘરાવવામાં આવી હતી. શરૂઆતમાં ૧૯ જુલાઈથી શૈક્ષણિક સત્ર શરૂ થવાનું હતું, પરંતુ ૧૦ માળના નવા હોસ્ટેલ બિલ્ડિંગનું કામ બાકી હોવાનું જણાવી તારીખ લંબાવી ૧ ઓગસ્ટ કરવામાં આવી હતી. ૨૫ જુલાઈએ ઓનલાઇન પ્રિ-ઓરિએન્ટેશનમાં પ્રશાસને હોસ્ટેલ સંપૂર્ણ તૈયાર હોવાની ખાતરી આપી હતી, જેના આધારે વાલીઓ મુસાફરીનો ભારે ખર્ચ કરીને અમદાવાદ આવ્યા હતા. ૧ ઓગસ્ટે પ્રત્યક્ષ ઓરિએન્ટેશન દરમિયાન સંચાલકોએ હોસ્ટેલ તૈયાર ન હોવાનું અને વર્ગો ૧ સપ્ટેમ્બરથી શરૂ થશે તેવી જાહેરાત કરી હતી.

વાલીઓએ રૂબરૂ તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે હોસ્ટેલ બિલ્ડિંગ હજુ બાંધકામ હેઠળ છે અને ત્યાં રહેવું સુરક્ષા માટે જોખમી છે. વિરોધ થતાં તંત્રએ બહાર રહેવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવા, રૂ.૧ લાખનું વળતર આપવા અને હોસ્ટેલ-મેસની ફી પરત કરવાનો વાયદો કર્યો હતો. તમામ મૌખિક વાયદા છતાં હજુ સુધી એક પણ રૂપિયો પરત મળ્યો નથી કે સંસ્થા તરફથી કોઈ સ્પષ્ટ જવાબ આપવામાં આવતો ન હોવાના વાલીઓએ આક્ષેપ કર્યા હતા. આગામી માર્ચ-૨૦૨૭માં બીજી ફી પણ બાકી નીકળે છે, ત્યારે હજુ સુધી સત્ર શરૂ ન થતાં વાલીઓ નાણાકીય અને માનસિક રીતે પરેશાન થઈ રહ્યા છે.

# ૧૩ જિલ્લાના ૪૦ તાલુકાઓમાં ૬૦-૯૭% સુધી વરસાદની ઘટ

| અમદાવાદ |

ગુજરાતમાં આ વર્ષે ચોમાસાની અનિયમિત પેટર્નને કારણે ગંભીર સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં સરેરાશ ૭૫.૨૩ ટકા વરસાદ નોંધાયો છે, જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછો છે. ગત વર્ષે આ સમય સુધીમાં ૮૫.૦૪ ટકા વરસાદ વરસી ચૂક્યો હતો. આ વર્ષે માત્ર દક્ષિણ ગુજરાતમાં જ વરસાદ ૧૦૦ ટકાને પાર પહોંચ્યો છે, જ્યારે કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. ૧૩ જિલ્લાના ૪૦ તાલુકાઓમાં ૬૦થી ૯૭ ટકા સુધીની વરસાદની ઘટ હાલમાં વર્તાઈ રહી છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનાવૃષ્ટિ જેવી ભયજનક પરિસ્થિતિ જોવા મળી રહી છે.

હવામાન વિભાગ અને સરકારી આંકડાઓ મુજબ, આ વર્ષે રાજ્યમાં સરેરાશ માત્ર ૭૫.૨૩ ટકા એટલે કે ૨૭.૩૫ ઈંચ વરસાદ જ વરસ્યો છે, જે ગત વર્ષના ૩૦ ઈંચ એટલે કે ૮૫.૦૪ ટકાની સરખામણીએ ઘણો ઓછો છે. સૌથી વધુ વિકટ સ્થિતિ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સર્જાઈ છે, જ્યાં સરેરાશ માત્ર ૬.૪૧ ટકા જ વરસાદ થયો છે. જિલ્લાના મુખ્ય મથક દ્વારકા તાલુકામાં માંડ ૨.૨૮ ટકા, કલ્યાણપુરમાં ૩.૪૧ ટકા, ભાણવડમાં ૯.૭૫ ટકા અને ખંભાળિયામાં ૯.૫૪ ટકા વરસાદ નોંધાતાં ત્યાં દુષ્કાળના એંધાણ વર્તાઈ રહ્યા છે. આ ઉપરાંત કચ્છ જિલ્લામાં માત્ર ૨૯.૨૯ ટકા વરસાદ થવાથી અબડાસા, અંજાર, માંડવી અને મુન્દ્રા જેવા તાલુકાઓમાં જળસંકટ ઘેરું બન્યું છે. ઉત્તર ગુજરાતના અમીરગઢ, મહેસાણાના ઊંઝા તેમજ સાબરકાંઠા અને અરવલ્લીના કેટલાક તાલુકાઓમાં પણ સમાન સ્થિતિ છે. સૌરાષ્ટ્રમાં પણ રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ અને જામનગરના અનેક તાલુકાઓમાં વરસાદ ખેંચાતાં પાક નિષ્ફળ જવાની ભીતિ છે.

ગત વર્ષે અત્યાર સુધીમાં રાજ્યમાં સરેરાશ ૩૦ ઈંચ એટલે કે ૮૫.૦૪ ટકા વરસાદ વરસ્યો હતો, જેની સામે આ વખતે અત્યાર સુધીમાં ૨૭.૩૫ ઈંચ એટલે કે ૭૫.૨૩ ટકા વરસાદ વરસ્યો છે. આમ સરેરાશ વરસાદ ગત વર્ષની સરખામણીએ ૮.૮૩ ટકા જેટલો ઓછો થયો છે. પરંતુ ગત વર્ષે સારી બાબત એ હતી કે, રાજ્યના તમામ ઝોનમાં સરેરાશ વરસાદ ૮૦ ટકાથી વધુ થઈ ગયો હતો. જેની સામે આ વખતે ૭૫ ટકા કુલ વરસાદ થયો છે, પરંતુ હજુ કચ્છમાં માત્ર ૨૯.૨૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૬.૨૩ ટકા અને સૌરાષ્ટ્રમાં માત્ર ૫૬ ટકા જ વરસાદ થયો છે. માત્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદ ૧૦૩.૩૬ ટકા થઈ ગયો છે. અગાઉ વર્ષ ૨૦૨૧માં પણ ૪૧.૭૯ ટકા જેવો ઓછો વરસાદ નોંધાયો હતો, પરંતુ મોડા થયેલા વરસાદે રાહત આપી હતી. જો આગામી દિવસોમાં મેઘરાજા કૃપા નહીં કરે, તો પીવાના પાણી અને સિંચાઈ માટે ગંભીર કટોકટી સર્જાઈ શકે છે.

### આ જિલ્લાના તાલુકાઓમાં ૪૦ ટકાથી ઓછો વરસાદ

| તાલુકા | વરસાદની ટકાવારી | | |
|---|---|---|---|
| | | કઠવાલ | ૩૭.૯૭ |
| | | ઉપલેટા | ૨૭.૦૬ |
| અબડાસા | ૨૧.૨૮ | વિંછીયા | ૩૦.૫૭ |
| અંજાર | ૧૭.૨૯ | જૂનાગઢ | ૩૩.૧૨ |
| લખપત | ૨૦ | વંથલી | ૩૧.૯૨ |
| માંડવી | ૧૬.૫૮ | વિસાવદર | ૩૪.૨૦ |
| મુન્દ્રા | ૨૫.૬૫ | ગીર ગઢડા | ૩૧.૦૩ |
| નખત્રાણા | ૨૭.૮૭ | કોડિનાર | ૩૯.૭૪ |
| ભચાઉ | ૩૮.૩૮ | તાલાલા | ૩૧.૭૮ |
| ભુજ | ૩૨.૭૦ | લાલપુર | ૧૮.૫૦ |
| ગાંધીધામ | ૩૩.૬૯ | જામનગર | ૨૦.૪૧ |
| અમીરગઢ | ૩૯.૨૬ | ધ્રોલ | ૩૩.૧૮ |
| ઊંઝા | ૩૪.૯૪ | જામજોધપુર | ૩૭.૭૪ |
| ઈડર | ૩૮.૨૨ | કાલાવડ | ૩૩.૩૮ |
| ખેડબ્રહ્મા | ૩૫.૬૯ | ભાણવડ | ૯.૭૫ |
| પોશીના | ૩૬.૪૫ | દ્વારકા | ૨.૨૮ |
| વડાલી | ૩૭.૬૬ | કલ્યાણપુર | ૩.૪૧ |
| માલપુર | ૩૭.૨૧ | ખંભાળીયા | ૯.૫૪ |
| શામળાજી | ૩૧.૬૬ | પોરબંદર | ૯.૩૪ |
| વાવ | ૩૪.૯૫ | રાણાવાવ | ૧૩.૪૬ |
| છોટા ઉદેપુર | ૩૯.૯૨ | કુતિયાણા | ૩૧.૧૬ |

### ન્યૂઝ ફોકસ

## એસવીસી બેન્કની રાષ્ટ્રવ્યાપી સાઇબર સેફ્ટી ડ્રાઇવ ૨૧૩ હાઉસિંગ સોસાયટીઓના ૧૯,૦૬૧ લોકો સુધી પહોંચી

એસવીસી કો-ઓપરેટિવ બૅન્ક લિ. જે પૂર્વે ધ શામરાવ વિઠલ કો-ઓપરેટિવ બૅન્ક લિ. તરીકે ઓળખાતી તે એક અગ્રણી અર્બન કો-ઓપરેટિવ બૅન્ક છે. તેના દ્વારા તેની ૧૦ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં આવેલી તેની ૨૦૩ શાખાઓના નેટવર્ક દ્વારા મોટા પાયે સાઇબર જાગૃતિ ડ્રાઈવ ચલાવવામાં આવેલ. આ પહેલના ભાગરૂપે બૅન્કના કર્મચારીઓએ તેમના વિસ્તારની સોસાયટીઓની મુલાકાત લીધી હતી અને તેમને ડિજિટલ ફાઇનાન્શિયલ ફ્રોડ વિશે માહિતગાર કરવા અને તેનાથી બચવા શું કરવું તે વિશે જાગૃત કરવા સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રોમા તાજેતરના ફ્રોડ પ્રવાહો વિશે માહિતગાર કરવામાં આવેલ. આ પહેલ વિશે વાત કરતા એસવીસી કો-ઓપરેટિવ બૅન્ક લિ.ના મેનેજિંગ ડિરેક્ટર રવિંદર સિંઘે જણાવ્યું હતુ કે, આજે બેન્કિંગ સતતપણે ડિજિટલ થઈ રહ્યું છે ત્યારે લોકોને આવી સાઇબર સુરક્ષા વિશે માહિતગાર કરવા આવશ્યક છે. દુર્ગેશ ચંદાવરકર, એસવીસી કો-ઓપરેટિવ બૅન્ક લિ.ના ચેરમેને જણાવ્યું હતુ કે, સાઇબર સુરક્ષા એ સહિયારી જવાબદારી છે.

SVC CO-OPERATIVE BANK LTD. (Multi-State Scheduled Bank) (Formerly The Shamrao Vithal Co-op Bank Ltd.)

# સંદેશ APPOINTMENT advantage

RIGHT PLACE TO CHOOSE BRIGHT CANDIDATES

સંદેશ APPOINTMENT

Just Rs. 135/- per sq. cm. (BW) (SURAT Edition)

TUESDAY THURSDAY & SATURDAY

vijay.kalsariya@sandesh.com
kalpesh.pandya@sandesh.com

: CALL ON :
9925161008,
9510793689,
0261-4089033-34

**શૈક્ષણિક સ્ટાફ જોઈએ છે**

(૧) આચાર્ય : ૦૧, MSW/MA સમાજકાર્ય/સમાજશાસ્ત્ર વિષય સાથે ૫૫% કે સાથે Ph.D. તથા ૧૫ વર્ષનો ઉચ્ચ શિક્ષણનો શૈક્ષણિક અને વહીવટી અનુભવ. (ત્રીજો પ્રયત્ન)

(૨) આસીસ્ટન્ટ પ્રોફેસર : ૦૨, BSW/MSW/BA/MA સમાજકાર્ય/સમાજશાસ્ત્ર સાથે ૫૫% કે તેથી વધુ Ph.D. અથવા NET/GSET પાસ

શૈક્ષણિક લાયકાત, નોકરીની શરતો, UGC/VNSGU Regulations સુરતના નિયમોને આધીન રહેશે. ઈચ્છુક ઉમેદવારોએ લાયકાતના તમામ માર્કશીટો તથા પ્રમાણપત્રોની નકલો તેમજ બે ફોટોગ્રાફસ સાથેની અરજી જાહેરાત પ્રસિદ્ધ થયેથી દીન-૧૦માં પ્રતિ, ડાયરેક્ટરશ્રી, શ્રી વેદંશી કોલેજ ઓફ સોશીયલ વર્ક, ધરમપુર, મુ. પો. આસુરા (માન નદીના પુલ પાસે), ધરમપુર-વાંસદા રોડ તા. ધરમપુર, જી.વલસાડ, પિન-૩૯૬૦૫૦, મો.૯૮૨૫૦ ૩૯૪૦૮ રજી. પોસ્ટએડી/સ્પીડ પોસ્ટથી મોકલી આપવી.

નોંધઃ- ક્રમ: ૧ થી ૨ માં જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવાર ન મળે તો અધ્યાપક સહાયક (એડહોક) લેવામાં આવશે.
૨. નિમણુંક અંગેનો આખરી નિર્ણય સંચાલક મંડળનો રહેશે.

શ્રી નવચેતન યુવક મંડળ સંચાલિત
**શ્રી વેદંશી કોલેજ ઓફ સોશિયલ વર્ક, ધરમપુર**
(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન)

**Parul® University** Vadodara, Gujarat

**MANAGER-ADMISSIONS & OUTREACH**
**ACADEMIC COUNSELOR**

Parul University invites applications for student counselling, admissions, outreach, school/college visits, seminars, workshops, and educational events. Candidates should hold a Graduate/Postgraduate Degree, preferably MBA, with relevant experience. Excellent communication, presentation, counselling, and relationship-building skills are essential.

WALK-IN INTERVIEW IN SURAT

Address: 107,108- Shlok Business Center, Next To Apple Hospital, Udhna Darwaja, Surat, Gujarat

Date: 30th Aug 2026 (Sun) Time: 10:00 AM to 3:00 PM

Interested candidates can see detail job description and apply through https://www.paruluniversity.ac.in/careers/ 9099997068

- Registrar

**THE SARVODAYA SAHAKARI BANK LTD.**
Reg. Office : "Shri Nidhi", Khand Bazar, Varachha Road, Surat-395006.
www.ssbl.bank.in

REQUIRED
CHIEF EXECUTIVE OFFICER AND GENERAL MANAGER

For further details please visit our website : www.ssbl.bank.in/career
Apply on career@ssbl.bank.in within 7 day's

Yogesh Parikh
Chairman

**GUJARAT INDUSTRIES POWER CO. LTD.**
REQUIRES

"GIPCL is a Rs.4000 crores asset based fast growing company in the power sector with its corporate headquarters at Vadodara, and a total installed capacity of more than 1800 MW. The facilities are located at Vadodara, Khavda and near Surat in Gujarat. GIPCL is currently taking giant leap in the Renewable Energy Sector by 112.4 MW Wind Power Projects and 937 MW PV based Solar Power Projects at various locations in Gujarat. The Company desirous to recruit following various positions. For more details and to apply online, please log on to www.gipcl.com (link: career)"

| Sr. No | Position | Department | No. of Posts | Category | Location |
|---|---|---|---|---|---|
| 1 | Diploma Mechanical Engineer | Operations | 07 | FTC | SLPP |

**GUJARAT INDUSTRIES POWER CO. LTD.**
REQUIRES

"GIPCL is a Rs.4000 crores asset based fast growing company in the power sector with its corporate headquarters at Vadodara, and a total installed capacity of more than 1800 MW. The facilities are located at Vadodara, Khavda and near Surat in Gujarat. GIPCL is currently taking giant leap in the Renewable Energy Sector by 112.4 MW Wind Power Projects and 937 MW PV based Solar Power Projects at various locations in Gujarat. The Company desirous to recruit following various positions. For more details and to apply online, please log on to www.gipcl.com (link: career)"

| Sr. No | Position | No. of Posts | Category | Location |
|---|---|---|---|---|
| 1 | General Manager (Finance) | 01 | Regular | Vadodara |
| 2 | Additional General Manager (Finance) | 01 | Regular | Vadodara |

શ્રી ભારત સરસ્વતી મંદિર સંસદ સંચાલિત - માંગરોળ
કુ. એ. બી. ગાર્ડી ગ્રામ વિદ્યા મહા વિદ્યાલય, શારદાગ્રામ, શાપુર રોડ, તા. માંગરોળ, જિ. જૂનાગઢ - ૩૬૨ ૨૨૫

**આચાર્ય જોઈએ છે**

શ્રી.કુ.એ.બી.ગાર્ડી ગ્રામવિદ્યા મહાવિદ્યાલય, શારદાગ્રામ, માંગરોળ (ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન અનુદાનિત કોલેજ માં ચાલતા વિષયો (એગ્રોનોમી, પશુપાલન, બાગાયત, વિસ્તરણ, એગ્રી. ઇજનેરી, હિન્દી, અંગ્રેજી, ભારતીય સંસ્કુતિ, કૃષિ રસાયણ) માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ એન.ઓ.સી.નંબર : કવટ/ISC-8/આ.ભરતી/૨૦૨૬/૧૦૩૨૪-૨૫ તા.૧૨/૦૮/૨૦૨૬ અન્વયે પ્રિન્સિપાલ ની ખાલી જગ્યા ભરવા અરજીઓ મંગાવવામાં આવે છે.

૧. શૈક્ષણિક લાયકાત : યુજીસી (UGC) ના નિતિ નિયમ મુજબ ઓછામાં ઓછા ૫૫% ગુણ સાથે અનુસ્નાતક પદવી તથા Ph.D ડિગ્રી, તેમજ યુનિવર્સિટી, કોલેજ અને ઉચ્ચ શિક્ષણની માન્ય સંસ્થાઓમાં ઓછામાં ઓછા પ્રોફેસર, એસો.પ્રોફેસર તરીકે ૧૫ વર્ષનો શિક્ષણ/સંશોધન ક્ષેત્રે સેવાનો અનુભવ.
૨. Peer Reviewed અથવા UGC સૂચિત Journal માં ઓછામાં ઓછા ૧૦ સંશોધન પત્રો.
૩. UGC સૂચિત પરિશિષ્ટ-૨, કોષ્ટક-2 મુજબનું ૬ માંથી ૩ કેટેગરીમાં ન્યુનતમ ૧૧૦ Research Score.
• લઘુતમ લાયકાત, પગાર ધોરણ અને નોકરીની શરતો એન.ઓ.સી. મુજબ રહેશે.
• હાલમાં નોકરી કરતા ઉમેદવારે નોકરી દાતાનું એન.ઓ.સી. રજૂ કરવાનું રહેશે.
• નિયત નમૂનાનું અરજી ફોર્મ - માહિતી માટે કૉલેજ વેબસાઇટ: www.brsshardagram.com જોવી.

નિયત નમૂનામા સંપૂર્ણ અને જરૂરી આધરો સાથેની અરજી "નિયામકશ્રી, ભારત સરસ્વતી મંદિર સંસદ - શારદાગ્રામ, મુ. શાપુર ગામ, તા. માંગરોળ - ૩૬૨૨૨૫, જિ. જૂનાગઢ, ગુજરાત" ના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. દ્વારા તા. ૧૦/૦૯/૨૦૨૬ સુધીમાં મોકલી આપવાની રહેશે.

**નિયામકશ્રી, ભારત સરસ્વતી મંદિર સંસદ - શારદાગ્રામ**

**જોઈએ છે**

શ્રી અર્જુનલાલ હિરાણી જનકલ્યાણ ટ્રસ્ટ, રાજકોટ સંચાલિત શ્રી અર્જુનલાલ હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસ, રાજકોટ માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કવટ/ISC3/NOC/૭૩૮૫-૮૭, તારીખ: ૦૬/૦૬/૨૦૨૬ના પત્રથી બિન શૈક્ષણિક (ટેકનિકલ) જગ્યા ભરવા NOC મળેલ છે, જે મુજબ નીચે જણાવેલ ખાલી જગ્યા પર ભરતી કરવા અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | કેટેગરી | વયમર્યાદા |
|---|---|---|---|---|
| ૧. | તબલા એન્ડ લહેરા પ્લેયર | ૧ | દિવ્યાંગજન-A (અંધ અથવા ઓછી દ્રષ્ટિ) | ૨૦ થી ૩૫ વર્ષ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનાં નિયમો મુજબ.SC, ST, OBC, EWS અને દિવ્યાંગજનો માટે નિયમ અનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. |

લાયકાત :- આ જગ્યા પરનાં ઉમેદવારો માટે શૈક્ષણિક લાયકાત લગત વિષયમાં બીજા વર્ગ સાથે બી.પી.એ. પાસ, વાદનનો બે વર્ષનો અનુભવ અથવા ટ્રેડિશનલ અથવા પ્રોફેશનલ આર્ટિસ્ટ રહેશે. સદર જગ્યા માટે રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તથા સામાન્ય વહિવટ વિભાગ અને નાણાં વિભાગનાં ભરતીનાં નિયમો અને લાયકાતના ધોરણો મુજબ લેખિત પરીક્ષાનાં અભ્યાસક્રમ તેમજ પરીક્ષાનાં માળખા મુજબ લેખિત પરીક્ષા આપવાની રહેશે. નિમણૂંક પામેલ ઉમેદવારને પાંચ વર્ષ માટે રૂ.૪૦૮૦૦/- ફિક્સ પગાર ચૂકવવામાં આવશે ત્યારબાદ તેમની કામગીરીની સમિક્ષા કરીને નિયમોનુસાર પગારધોરણ લાગુ પડશે. વિદ્યાર્થી સંખ્યા ઘટે અથવા કોઈ કારણસર સદર જગ્યા રદ્દ થાય તો ફાજલનું રક્ષણ મળવાપાત્ર રહેશે નહિ. ઉપર દર્શાવ્યા મુજબ તા.૦૬/૦૬/૨૦૨૬થી મળેલ એનઓસીમાં દર્શાવેલ શરતો ઉમેદવારને બંધનકર્તા રહેશે. ઉમેદવારોએ એલસી, ગુણપત્રકો, કોમ્પ્યુટરની જાણકારી અંગેનાં પ્રમાણપત્રો, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો વગેરે સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫માં રજી.એડી. પોસ્ટ દ્વારા અરજી કરવાની રહેશે. અધુરી, અસ્પષ્ટ વિગતોવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ આવેલી અરજીઓ આપોઆપ રદ્દ ગણાશે. અરજીની સાથે રૂા.૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ Arjunlal Hirani Jankalyan Trustના નામનો સામેલ રાખી નીચેના સરનામે મોકલી આપવી.

-: અરજી મોકલવાનું સરનામું :-
ડો. વિવેક હિરાણી, મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી અર્જુનલાલ હિરાણી જનકલ્યાણ ટ્રસ્ટ,
c/o. શ્રી અર્જુનલાલ હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસ, ધર્મેન્દ્રસિંહજી કોલેજ કેમ્પસ, હેમુ ગઢવી હોલ સામે, ટાગોર માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧ ગુજરાત

**Gujarat Alkalies and Chemicals Limited**
(An ISO Certified Company) (Promoted by Govt. of Gujarat)
REGD. OFFICE: P. O. RANOLI - 391 350, DIST. VADODARA, GUJARAT, INDIA.
CIN No.: L24110GJ1973PLC002247

**HIRING FOR APPRENTICES**

| Sr. No. | Qualification | Apprentice Position | Likely Posting |
|---|---|---|---|
| 01 | Graduate Engineer | Chemical / Civil / Computer (IT) / Mechanical / Electrical / Instrumentation / Environment | Baroda / Dahej |
| 02 | Diploma Engineer | Civil / Electrical / Chemical / Mechanical / Computer / Instrument | Baroda / Dahej |
| 03 | ITI | Attendant Operator Chemical Plant (AOCP) / Instrument Mechanic Chemical Plant (IMCP) / Instrument Mechanic (IM) / Maintenance Mechanic Chemical Plant (MMCP) / Fitter / Electrician / Computer Operator and Programming Assistant (COPA) | Baroda / Dahej |
| 04 | ITI – Laboratory Assistant Chemical Plant or B.Sc. (Chemistry) with Physics, Chemistry and Maths / Biology as subjects required | Laboratory Assistant Chemical Plant | Baroda / Dahej |
| 05 | B.Com and having fluency in computer software | Accountant | Baroda / Dahej |
| 06 | Any Graduate | Junior Data Associate | Baroda / Dahej |

All apprentices shall be engaged under Apprentices Act, 1961 and Apprentices Act, 1973. Candidates shouldn't have done apprenticeship at any other organization before. Candidate should have completed his/her qualification in 2025/2026. Candidates will be shortlisted on the basis of percentage obtained during their respective qualification. Candidate should not be above the age of 25 years as on 31.07.2026. The period of Apprenticeship will be for 01 year. For more details, please visit our website www.gacl.com or www.gujaratalkalies.com

All interested and aspiring candidates may apply on-line or scan the QR code within 10 days of publication of this advertisement.

**AHMEDABAD DIST. CO-OP. MILK PRODUCERS' UNION LTD. (UTTAM DAIRY)**
Opp. Ramdevpir Temple, Nr. N. M. Padaliya Pharmacy College,
Sarkhej-Bavla Highway Road, At - Navapura, Tal. Sanand, Dist. Ahmedabad-382 210

**Uttam Dairy team would be conducting a Walk–in-interview at below mentioned venue to fill up below mentioned positions.**

The candidates efficient, enthusiastic and result oriented may walk in interview with their latest resume, I.D. address proof, experience / relieving letter of previous company, Appointment letter of current company along with all original Certificates - testimonials and photo copies thereof at below mentioned venue.

**-: WALK IN INTERVIEW :-**

Date of walk in interview :- 31- 08-2026 (Monday) Reporting Time :- 10-00 a .m. to 11-30 am
For Sr. No. 1 to 05 posts
Date of walk in interview :- 01- 09-2026 (Tuesday) Reporting Time :- 10-00 a.m. to 11-30 am
For Sr. No. 06 to 10 posts
Date of walk in interview :- 02- 09-2026 (Wednesday) Reporting Time :- 10-00 a.m. to 11-30 am
For Sr. No. 11 to 15 posts

Loction:-

Place :- Uttam Dairy, At-Navapura, Nr. N.M.Padaliya Pharmacy College, Opp. Ramapir Temple, Bavla –Sarkhej Highway, Nr. Navapura Over Bridge, Dist.Ahmedabad-382210
Contact persons :- HR DEPARTMENT Mob.+91 6357240903 (Whats app message only)

**1. Chilling Centre In-Charge**
B.Tech.(Dairy Technologist/Food Technologist) from recognized University/ Institute having minimum 03 +years' experience as a Milk Chilling Centre In-charge. Age :- below 35 years

**2. Legal Officer**
Graduate, LL.B. from recognized University/Institute with minimum 03 years' experience as a Legal officer or minimum 01 year experience as a Practicing Advocate in Labor Court/Board of Nominee/Civil court etc and working knowledge of computer. Age-below 35 years

**3. Technical Officer (D.T.)**
Diploma / B.Tech. (Dairy Technologist) from recognized University/Institute. knowledge of (F C A A) SCADA operating software system. Fresher's can also apply. Age :- below 30 years

**4. I.T. Engineer – (System Administrator/Server Admin)**
Bachelor's degree B.E./B.Tech.in computer Science with minimum 02 years' experience as I.T. Engineer (System Administrator/ Server Admin) S.A.P. Experience will be preferred. Age :- below 30 years

**5. I.C.D. Head**
Graduate, Post Graduate, H.D.C./A.H./M.B.A.(Rural Management) from recognized University/ reputed Institute. Minimum 05 years experience as a I.C.D. Head or Manager (Milk Procurement) in Dairy Co-operative. Age:- below 40 years

**6. Veterinary Officer**
B.V. Sc. & A.H. from recognized University/Institute.Minimum 2 years experience as Veterinary Officer, Age:- below 35 years (Freshers can also apply)

**7. Engineers (Mechanical/Electrical/Instrumentation & Control)**
B.E./Diploma in Mechanical/Electrical/Instrumentation & Control Engineer from recognized University / Institute with first class fresher or having minimum 02 years' relevant experience. Preference will be given to experience in Dairy Plant. Fresher can also apply. Age below 30 years

**8. PROJECT IN-CHARGE**
B.E./B. Tech MECHANICAL Engineer from recognized University/Institute with minimum 05 years' experience with Automated Dairy Plant having working knowledge of ERP/ SAP system. Age below 35 years

**9. Technicians (Fitter / Welder / Electrician / R.F.M.)**
Computer Hardware & networking/Information Technology/Data Entry I.T.I. pass in Fitter/Welder/Electrician/R.F.M. trade and one year Apprenticeship 01 year experience as Fitter/Electrician/Welder (Electric + Argon) or Diploma in Electrical /Mechanical/ I/C Engineer fresher. Preference will be given to experience in Dairy Plant. Age below 30 years

**10. Jr. Superintendent (H.R. /Administration)**
M.S.W./M.L.W. from recognized University/Institute. Preference will be given to M.B.A. (HR) and having minimum 03 years' experience. Age :- below 35 years

**11. Jr. Asst. (H.R.)**
B.A. / B.Com / B.Sc. / BBA from recognized University/Institute having minimum 1 year experience in H.R. / or Personnel & Administration Department and having experience of P.F., E.S.I., Apprentice Act, Time keeping and Salary & Wages H. R. Module of ERP/SAP system, fresher can also apply. Age :- below 30 years

**12. Jr. Asst. ( Dispatch )**
Graduate from recognized University/Institute with minimum 01 year experience as Dispatch Clerk / Assistant with industrial experience and working knowledge of ERP/SAP system. Fresher can also apply. Age below 30 years

**13. Jr. Asst. ( Purchase )**
Graduate from recognized University/Institute with minimum 01 year experience as a Clerk/Assistant with industrial experience in Purchase department and Working knowledge of ERP/SAP system. Age :- below 30 years

**14. Jr. Asst. (Q.A.)**
B.Sc. (Chemistry) or M.Sc. (Chemistry) from recognized University/ Institute, fresher can also apply. Age :- below 25 years

**15. Field Supervisor**
10th or 12th Pass Minimum 01 year experience as a field Supervisor with Co-op. Dairy/Institute or experience with Co-op. Milk Society as a work executor. Working knowledge of ERP/SAP system will be preferred.

Note :-
1. Candidates who have already applied for the same post in last nine months need not to apply again.
2. Candidates are allowed to apply for one position only.

Date :- 25-08-2026 I/C Managing Director

**ગ્રૂપ એ ટોપ 5 શેરનો વધારો**

| કંપનીનું નામ | ભાવ | ફેરફાર (%માં) |
|---|---|---|
| કોટક મહિન્દ્ર બેન્ક | 416.20 | 3.53 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 11751.00 | 1.87 |
| એક્સિસ બેન્ક | 1254.00 | 1.33 |
| ટાટા સ્ટીલ | 188.45 | 1.10 |
| બજાજ ફિનસર્વ | 2010.00 | 0.70 |

**ગ્રૂપ એ ટોપ 5 શેરનો ઘટાડો**

| કંપનીનું નામ | ભાવ | ફેરફાર(%માં) |
|---|---|---|
| ટેક મહિન્દ્ર | 1572.95 | -1.38 |
| પાવર ગ્રીડ કોર્પ | 266.00 | -1.48 |
| એલ એન્ડ ટી | 4043.80 | -1.76 |
| ભારતી એરટેલ | 1905.00 | -1.91 |
| ઈન્ફોસિસ | 1120.80 | -1.94 |

વોલેટાલિટી ઈન્ડેક્સમાં નોંધપાત્ર ઘટાડો, એફઆઈઆઈની નેટ લેવાલી છતાં ટ્રિગરના અભાવે મુખ્ય સૂચકાંકો ઘટાડા સાથે બંધ

# નિફ્ટી મિડ કેપ ૧૦૦ ઈન્ડેક્સે ૬૪,૪૫૦ની, સ્મોલ કેપે ૨૦,૦૯૧ની નવી ટોચ બનાવી

- ૧૮૩ આંક ઘટીને સેન્સેક્સ ૭૭,૪૭૨ની ઇન્ટ્રા ડે લો સપાટીએ જ બંધ રહ્યો
- નિફ્ટી પણ ૧૨૬ આંક ઘટીને ૨૪,૨૦૭ની ઇન્ટ્રા ડે લો સપાટીએ બંધ રહ્યો
- સેન્સેક્સ વધેલા મથાળેથી ૫૧૪ પોઇન્ટ, નિફ્ટી ૧૭૧ પોઇન્ટ ઘટીને બંધ
- નિફ્ટી મિડ કેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૧૦ ટકા ઘટ્યો, સ્મોલ કેપ ૦.૮૧ ટકા વધ્યો
- વોલેટાલિટી ઇન્ડેક્સ ૫.૮૬ ટકા ઘટી ૧૧થી નીચે જઇ ૧૦.૪૩ની સપાટીએ બંધ
- સ્મોલ કેપ શેરોમાં નોંધપાત્ર તેજીથી રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧.૫૬ લાખ કરોડનો વધારો
- ૪૦,૯૦૦ની ટોચ બનાવી પણ અંતે કન્ઝ્યુ ડ્યુરે. ઇન્ડેક્સ ૩૮૧ આંક ઘટી ૪૦,૪૪૮ પર બંધ
- નિફ્ટી મેટલ ૧.૨૭ ટકા, પ્રા. બેંક ૧.૦૪ ટકા, PSU બેંક ૦.૭૭ ટકા, બેંક ૦.૪૭ ટકા વધ્યો
- નિફ્ટી IT ૧.૪૭ ટકા, FMCG ૦.૯૫ ટકા, રિઆલ્ટી ૦.૮૩ ટકા, ઓટો ૦.૭૪ ટકા ઘટ્યો

| અમદાવાદ |

એફ એન્ડ ઓ સેગમેન્ટમાં સપ્ટેમ્બર સિરિઝના કોન્ટ્રાક્ટ આજથી શરૂ થયા તે સાથે જ ભારતીય શેરબજારના મુખ્ય સુચકાંકો આજે ઘટાડા સાથે બંધ રહ્યા હતા અને નિફ્ટીએ ૨૪,૨૫૦ની સપાટી ગુમાવી હતી. જોકે આજે પણ કમાણીનો વૃદ્ધિદર સારો હોવાથી સ્મોલ કેપ અને મિડ કેપ શેરોમાં રોકાણકારોનો રસ વધી રહ્યો છે એ ફરી એક વાર સાબિત થયું હતું. આજે નિફ્ટી મિડ કેપ ૧૦૦ ઈન્ડેક્સ અને નિફ્ટી સ્મોલ કેપ ૧૦૦ ઈન્ડેક્સ બન્નેએ ઈન્ટ્રા ડેમાં નવી વિક્રમી ટોચ કાયમ કરી હતી. નિફ્ટી સ્મોલ કેપ ૧૦૦ ઈન્ડેક્સ તો સેશનના અંતે ૦.૮૧ ટકા વધીને બંધ રહ્યો હતો, જેની તુલનાએ નિફ્ટીમાં ૦.૫૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આવી જ રીતે મિડ કેપ શેરોએ પણ આઉટપર્ફોમ કર્યું હતું કારણ કે નિફ્ટી મિડ કેપ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૧૦ ટકા જ ઘટ્યો હતો. યુએસ કંપની એનવિડીયાના રિઝલ્ટ પહેલા આજે આઈટી શેરોમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આ ઉપરાંત રોકાણકારોની નજર યુએસના ફુગાવાના આંકડા અને પશ્ચિમ એશિયાની સ્થિતિ પર હોવાથી તેના કારણે પણ સેન્ટિમેન્ટ નબળું પડ્યું હતું.બીજી તરફ ક્રૂડના ભાવ ઘટતા બેકિંગ અને ફાઈનાન્શિયલ શેરોમાં તેજીનો ચમકારો હતો અને મેટલના વૈશ્વિક ભાવમાં વધારાના કારણે મેટલ શેરોમાં આગઝરતી તેજી જોવા મળી હતી. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં પણ પ્રારંભે તેજીને પગલે આ સેક્ટરના ઈન્ડેક્સે નવી વિક્રમી ટોચ કાયમ કરી હતી, પરંતુ ઊંચા મથાળે પ્રોફિટ બુકિંગ આવતા આ ઈન્ડેક્સ ૦.૯૩ ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. આજે આઈટી ઉપરાંત એફએમસીજી, રિઆલ્ટી અને ઓટો ક્ષેત્રે પણ મંદી જોવા મળી હતી. બજાર માટે સારો સંકેત એ છે કે આજે વોલેટાલિટી ઈન્ડેક્સ ૫.૮૬ ટકા ઘટીને ૧૧થી પણ નીચે જઈને ૧૦.૪૩ની સપાટીએ બંધ રહ્યો હતો અને ક્રૂડના ભાવમાં પણ ઘટાડાની ચાલ આગળ વધી હતી.

પ્રારંભે ૨૩૬ પોઈન્ટ ઊંચામાં ખુલ્યા પછી થોડો સમય સેન્સેક્સમાં તેજી જળવાઈ હતી અને આ સુચકાંકો પ્રારંભની મિનિટોમાં જ ૭૭,૯૮૬ની હાઈ સપાટી બનાવી હતી. જોકે તે પછી સેન્સેક્સમાં ઘટાડાતરફી ચાલ શરૂ થઈ હતી, જે સેશનના અંત સુધી ચાલુ જ રહી હતી. ઈન્ટ્રા ડેમાં સેન્સેક્સે અંતિમ ક્ષણોમાં ૭૭,૪૭૨ની લો સપાટી બનાવી હતી. આમ કુલ ૫૧૪ પોઈન્ટની વધઘટને અંતે સેન્સેક્સ ૧૮૩ પોઈન્ટ એટલે કે ૦.૨૪ ટકા ઘટીને ૭૭,૪૭૨ની ઈન્ટ્રા ડે લો સપાટી પર જ બંધ રહ્યો હતો. એક સમયે પાછલા બંધથી ૩૩૦ આંક વધ્યા પછી સેન્સેક્સ વધેલા મથાળેથી ૫૧૪ આંક ઘટીને બંધ રહ્યો હતો. નિફ્ટીએ પણ પ્રારંભે સાત પોઈન્ટ ઊંચામાં ખુલ્યા પછી નિફ્ટીએ ઈન્ટ્રા ડેમાં ૨૪,૩૭૮ની હાઈ અને ૨૪,૨૦૭ની લો સપાટી બનાવી હતી અને કુલ ૧૭૧ પોઈન્ટની વધઘટને અંતે નિફ્ટી ૧૨૬ પોઈન્ટ એટલે કે ૦.૫૨ ટકા ઘટીને ૨૪,૨૦૭ની ઈન્ટ્રા ડે લો સપાટીએ જ બંધ રહ્યો હતો. નિફ્ટી પણ એક સમયે પાછલા બંધથી ૪૪ પોઈન્ટ વધ્યો હતો અને અંતે વધેલા મથાળેથી ૧૭૧ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. નિફ્ટી મિડ કેપ ૧૦૦ ઈન્ડેક્સે આજે પણ ઈન્ટ્રા ડેમાં ૬૪,૪૫૦ની નવી વિક્રમી ટોચ કાયમ કરી હતી અને અંતે આ ઈન્ડેક્સ ૬૧ પોઈન્ટ એટલે કે ૦.૧૦ ટકા ઘટીને ૬૪,૧૦૧ની સપાટીએ બંધ રહ્યો હતો. આવી જ રીતે નિફ્ટી સ્મોલ કેપ ૧૦૦ ઈન્ડેક્સે પણ ૨૦,૦૯૧ની નવી વિક્રમી ટોચ કાયમ કરી હતી અને અંતે આ ઈન્ડેક્સ તો ૧૬૦ પોઈન્ટ એટલે કે ૦.૮૧ ટકા વધીને ૨૦,૦૬૭ની સપાટીએ બંધ રહ્યો હતો. બીએસઈ એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સ ૭૧ પોઈન્ટ એટલે કે ૦.૦૬ ટકા ઘટીને ૧,૧૦,૯૧૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

બીએસઈ પર ટ્રેડ થયેલા કુલ ૪,૫૪૦ શેર પૈકી ૨,૩૩૦ વધીને, ૧,૯૯૦ ઘટીને અને ૨૨૦ ફ્લેટ મથાળે બંધ રહ્યા હતા. બીએસઈનું એમ કેપ રૂ. ૪૯૩.૭૯ લાખ કરોડ એટલે કે ૫.૧૬ ટ્રિલિયન ડોલર નોંધાયું હતું, જે ગઈ કાલના રૂ. ૪૯૨.૨૩ લાખ કરોડથી રૂ. ૧.૫૬ લાખ કરોડનો વધારો દર્શાવે છે. વોલેટાલિટી ઈન્ડેક્સ ૫.૮૬ ટકાના નોંધપાત્ર ઘટાડા સાથે ૧૧થી નીચે જઈ ૧૦.૪૩ની સપાટીએ બંધ રહ્યો હતો. એનએસઈ પરના ૧૪ મુખ્ય સેક્ટોરલ ઈન્ડેક્સ પૈકી સાત વધીને અને સાત ઘટીને બંધ રહ્યા હતા. નિફ્ટી મેટલ ૧.૨૭ ટકા, પ્રાઈવેટ બેંક ૧.૦૪ ટકા, પીએસયુ બેંક ૦.૭૭ ટકા, ફાઈનાન્શિયલ સર્વિસીસ ૦.૫૩ ટકા અને બેંક ૦.૪૭ ટકા વધીને બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી આઈટી ૧.૪૭ ટકા, એફએમસીજી ૦.૯૫ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૯૩ ટકા, રિઆલ્ટી ૦.૮૩ ટકા અને ઓટો ૦.૭૪ ટકા ઘટીને બંધ રહ્યો હતો. નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સે આજે ઈન્ટ્રા ડેમાં ૪૦,૯૦૦ની નવી વિક્રમી ટોચ કાયમ કરી હતી. જોકે અંતે આ ઈન્ડેક્સ ૩૮૧ પોઈન્ટ એટલે કે ૦.૯૩ ટકાના કડાકા સાથે ૪૦.૪૪૮ની સપાટીએ બંધ રહ્યો હતો.

સેન્સેક્સના ૩૦ શેર પૈકી ૧૩ અને નિફ્ટીના ૫૦ પૈકી ૧૪ શેર વધીને બંધ રહ્યા હતા. સેન્સેક્સના શેરો પૈકી કોટક બેંક ૩.૫૩ ટકા, અલ્ટ્રાટ્રેક સિમેન્ટ ૧.૮૭ ટકા, એક્સિસ બેંક ૧.૩૩ ટકા, ટાટા સ્ટીલ ૧.૧૦ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૭૦ ટકા વધીને બંધ રહ્યો હતો, જ્યારે ઈન્ફોસીસ ૧.૯૪ ટકા, ભારતી એરટેલ ૧.૯૧ ટકા, એલ એન્ડ ટી ૧.૭૬ ટકા, પાવરગ્રીડ ૧.૪૮ ટકા અને ટેક મહિન્દ્રા ૧.૩૮ ટકા ઘટીને બંધ રહ્યો હતો.

**બેંક નિફ્ટી ૫૮,૦૦૦ની નજીક પહોંચ્યો |** આજે વ્યાપક મંદી વચ્ચે બેકિંગ-ફાઇનાન્શિયલ શેરોમાં તેજી જોવા મળી હતી અને બેંક નિફ્ટી ઇન્ટ્રા ડેમાં ૫૮,૦૦૦ની નજીક પહોંચી ગયો હતો. ક્રૂડ ઓઇલના ભાવમાં છેલ્લા બે દિવસમાં મજબૂત ઘટાડો જોવા મળ્યો છે તેને પગલે ભારત પર ઊભું થયેલું રાજકોષીય દબાણ ઘટશે એવી આશાએ આજે બેકિંગ શેરોમાં તેજી જોવા મળી હતી. આજે સરકારી અને ખાનગી બન્ને બેંકોમાં નોંધપાત્ર તેજી જોવા મળી હતી.

**એનએસઇ પરના મુખ્ય સેક્ટોરલ ઇન્ડેક્સમાં વધઘટ**

| ઇન્ડેક્સ | વધઘટ પોઇન્ટમાં | વધઘટ ટકામાં | બંધ મથાળું |
|---|---|---|---|
| મેટલ | ૧૬૯ | ૧.૨૭ | ૧૩,૫૪૧ |
| પ્રાઇવેટ બેંક | ૨૮૫ | ૧.૦૪ | ૨૭,૭૩૨ |
| પીએસયુ બેંક | ૬૫ | ૦.૭૭ | ૮,૬૬૯ |
| ફાઇનાન્શિયલ સર્વિસીસ | ૧૩૯ | ૦.૫૩ | ૨૬,૩૮૬ |
| બેંક | ૨૬૯ | ૦.૪૭ | ૫૭,૭૮૩ |
| ફાર્મા | ૬૨ | ૦.૨૩ | ૨૬,૬૨૬ |
| મીડિયા | ૧ | ૦.૦૬ | ૧,૬૧૧ |
| આઇટી | ૪૫૩ | -૧.૪૭ | ૩૦,૩૧૮ |
| એફએમસીજી | -૪૫૪ | -૦.૯૫ | ૪૭,૨૫૨ |
| કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ | -૩૮૧ | -૦.૯૩ | ૪૦,૪૪૮ |
| રિઆલ્ટી | -૭ | -૦.૮૩ | ૯૧૦ |
| ઓટો | -૨૧૬ | -૦.૭૪ | ૨૯,૦૦૦ |
| ઓઇલ એન્ડ ગેસ | -૬૫ | -૦.૫૮ | ૧૧,૧૪૯ |
| હેલ્થકેર | -૧૦ | -૦.૦૭ | ૧૬,૫૮૬ |

**બે ટકાથી વધુ વધઘટ નોંધાવનારા મુખ્ય સેક્ટોરલ ઇન્ડેક્સના ઘટક શેરો**

| | | | |
|---|---|---|---|
| **મેટલ** | | પિરામલ ફાર્મા | ૨.૦૬ |
| હિંદુસ્તાન ઝિંક | ૫.૭૨ | **મીડિયા** | |
| સેઇલ | ૫.૫૯ | પીવીઆર ઇનોક્સ | ૨.૩૬ |
| હિંદુસ્તાન કોપર | ૪.૧૮ | **આઇટી** | |
| વેદાંતા | ૪.૧૮ | ઇન્ફોસીસ | -૨.૧૦ |
| એનએમડીસી | ૨.૬૪ | **એફએમસીજી** | |
| **બેંકિંગ-ફાઇનાન્શિયલ** | | વરુણ બેવરેજિસ | -૩.૮૨ |
| બેંક ઓફ મહારાષ્ટ્ર | ૪.૭૭ | **કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ** | |
| કોટક બેંક | ૩.૭૬ | વોલ્ટાસ | -૨.૦૯ |
| એલઆઇસી હાઉસિંગ ફાઇનાન્શ | ૩.૬૪ | **રિઆલ્ટી/એક પણ નહીં** | |
| **ફાર્મા-હેલ્થકેર** | | **ઓટો** | |
| ડિવિઝ લેબ | ૩.૨૧ | અશોક લેલેન્ડ | ૨.૫૦ |
| ગ્લેન્ડ | ૩.૨૦ | ભારત ફોર્જ | -૨.૩૧ |
| ઝાઇડસ લાઇફ | ૨.૨૭ | **ઓઇલ-ગેસ/એક પણ નહીં** | |

**એફઆઇઆઇની રૂ. ૫૦૨ કરોડની નેટ લેવાલી**

આજે એફઆઇઆઇએ ભારતીય શેરબજારમાં રૂ. ૫૦૨ કરોડની નેટ લેવાલી કરી હતી, જ્યારે ડીઆઇઆઇએ રૂ. ૬,૪૨૫ કરોડની નેટ લેવાલી કરી હતી. આ સાથે ઓગસ્ટ મહિનામાં એફઆઇઆઇએ કરેલી નેટ લેવાલીનો આંકડો રૂ. ૫,૭૯૦ કરોડ થાય છે, જ્યારે ડીઆઇઆઇએ કરેલી નેટ લેવાલીનો આંકડો રૂ. ૪૩,૫૧૨ કરોડ થાય છે.

## સ્થાનિક સોનામાં ૧,૦૦૦નો ઘટાડો, ચાંદી છેલ્લા ચાર દિવસથી સ્થિર

અમદાવાદ | અમદાવાદ સોના-ચાંદી બજારમાં બુધવારે સોનામાં ૧,૦૦૦ રૂપિયા ઘટ્યા હતા. જ્યારે ચાંદી સ્થિર રહી હતી. સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૬૬,૦૦૦ રહ્યો હતો. ચાંદીનો પ્રતિ કિલોનો ભાવ ૨,૪૫,૦૦૦ રહ્યો હતો. વૈશ્વિક બજારમાં સોનું ૨૧ ડોલર ઘટીને ૪,૬૨૦ ડોલર પ્રતિ ઔંસ થયું હતું. ચાંદી ૦.૪૮ સેંન્ટ ઘટીને ૬૭.૫૦ ડોલર પ્રતિ ઔંસ થઈ હતી.MCX સોનામાં ઓક્ટોબર માસનો વાયદો ૮૩૪ રૂપિયા ઘટીને ૧,૬૨,૦૪૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. ચાંદીમાં સપ્ટેમ્બર માસનો વાયદો ૫૮૭ રૂપિયા ઘટીને ૨,૪૩,૫૪૦ રૂપિયા પ્રતિ કિલો થયો હતો. કોમેક્સ સોનું ૧૫.૩૦ ડોલર ઘટીને ૪,૬૭૯.૨૦ ડોલર પ્રતિ ઔંસ થયું હતું. ચાંદી ૦.૧૮ સેંન્ટ ઘટીને ૬૮.૭૦ ડોલર પ્રતિ ઔંસ થઈ હતી. મુંબઈમાં સોનામાં ૯૮૦ રૂપિયા ઘટીને સોનું ૧,૬૨,૧૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયું હતું. ચાંદીમાં ૧,૦૬૦ રૂપિયા ઘટીને પ્રતિ કિલો ચાંદી ૨,૪૪,૦૩૦ રૂપિયા થઈ હતી.

સોનાની દાણચોરી વધતાં અને જ્વેલર્સ ઈન્ડસ્ટ્રીની રજૂઆતને ધ્યાનમાં રાખીને

# સોના-ચાંદીની આયાત-ડ્યુટી ઘટાડીને ફરી છ ટકા કરવા સરકારની વિચારણા

૧૩ મેએ બન્ને ધાતુઓની આયાત પરની ડ્યુટી ૬ ટકાથી વધારીને ૧૫ ટકા કરાઈ હતી

| અમદાવાદ |

સોના આયાત પરની ડ્યૂટીમાં મે મહિનાથી વધારો કરવામાં આવતાં તેના કારણે સોનાની દાણચોરી વધી હોવાથી કેન્દ્ર સરકાર ડ્યુટીમાં કરવામાં આવેલો આ વધારો પાછો ખેંચવો કે કેમ તે અંગે વિચારણા કરી રહી હોવાના અહેવાલ છે. આ ઘટનાક્રમ સાથે સંકળાયેલા આધારભૂત સૂત્રોએ આપેલી માહિતી મુજબ જ્વેલર્સ ઈન્ડસ્ટ્રી દ્વારા સોના અને ચાંદીની આયાત પરની ડ્યૂટી ઘટાડીને ૧૫ ટકાથી ઘટાડીને ફરી છ ટકા કરી દેવા ભારપૂર્વક રજુઆત કરવામાં આવી રહી છે કારણ કે ડ્યૂટીમાં વધારાને કારણે સોનાની દાણચોરી વધતાં બ્રાન્ડેડ જ્વેલર્સના વેચાણમાં ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફોરેક્સ રિઝર્વ પર ઊભું થયેલું દબાણ ઓછું કરવા માટે ૧૦મી મેના રોજ એક વર્ષ માટે સોનાની નવી ખરીદીથી દુર રહેવા નાગરિકોને અનુરોધ કર્યો તે પછી ૧૩મી મેના રોજ આ બન્ને ધાતુઓ પરની ડ્યુટી ૬ ટકાથી વધારીને ૧૫ ટકા કરવામાં આવી હતી. ડ્યૂટી ઘટાડવા અંગે રજુઆત કરતા જ્વેલર્સ ઉદ્યોગના પ્રતિનિધીઓએ સરકારને જણાવ્યું હતું કે ડ્યુટી ઘટાડીને પહેલાના સ્તરે લાવી દેવામાં આવે તો તેના કારણે હાલમાં સત્તાવાર રીતે આયાત કરેલા સોના અને દાણચોરીથી લાવવામાં આવેલા સોના આ બન્ને સોનાના ભાવમાં હાલમાં જે તફાવત રહે છે તે ઘણો ઓછો થઈ જાય એમ છે અને તેના કારણે સોનાની દાણચોરી ઘટી શકે એમ છે. ભારત સોનાની આયાતમાં અગ્રેસર રહેતા વિશ્વના દેશો પૈકીનું એક છે અને તે વર્ષે આશરે ૭૦૦થી ૮૦૦ ટન સોનાની આયાત કરે છે. એટલું જ નહીં ભારત યુએસ, યુએઈ, થાઈલેન્ડ અને સિંગાપોર જેવા દેશોમાં ગોલ્ડ જ્વેલરીની મોટા પાયે નિકાસ પણ કરે છે.

### ડ્યુટીમાં વધારો કેમ કરાયો

ભારત સરકાર દ્વારા બન્ને ધાતુઓની આયાત પરની ડ્યુટીમાં મે મહિનામાં વધારો કરવામાં આવ્યો તે પહેલા એપ્રિલ મહિનામાં સોનાની આયાતમાં ૮૨ ટકાનો વધારો નોંધાયો હતો. આટલી જંગી આયાતને કારણે ભારતના ફોરેન એક્સચેન્જ રિઝર્વ પર દબાણ ઊભું થયું હતુ અને કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ પણ નોંધપાત્ર પ્રમાણમાં વધી હતી. આમ થતાં રૂપિયો પણ દબાણ હેઠળ આવ્યો હતો. મેના મધ્ય ભાગ સુધીમાં ૨૦૨૬ના વર્ષ દરમિયાન રૂપિયામાં છ ટકાથી પણ વધુ અવમૂલ્યન થયું હતું. આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખી સરકારે બન્ને ધાતુઓ પરની આયાતની ડ્યુટી વધારવાનો નિર્ણય લીધો હતો.

### ડ્યુટી વધારાતા સોનાની આયાતનો વૃદ્ધિદર ઘટ્યો

એપ્રિલ મહિનામાં સોનાની આયાતમાં ૮૨ ટકાનો વધારો નોંધાયો હતો. ડ્યુટીમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો તે પછી મે મહિનામાં સોનાની આયાતમાં માત્ર ૩૪ ટકાનો જ વધારો નોંધાયો હતો. જોકે તે પછીના બે મહિનામાં સોનાની આયાત પાછલા વર્ષના સમાન ગાળાની તુલનાએ માત્ર ૫.૫ ટકા વધીને ૬.૧૩ અબજ ડોલર થઇ હતી, જેનો આંકડો પાછલા વર્ષે ૫.૮૧ અબજ ડોલર હતો.

### સીબીઆઇસીએ સોનાની આયાત માટેની ટેરિફ વેલ્યુ વધારી ૧,૫૦૦ ડોલર કરી

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સે (સીઆઇબીસી) સોના માટેની ટેરિફ વેલ્યુ પ્રતિ ૧૦ ગ્રામ વધારીને ૧,૫૦૦ ડોલર કરી છે, જે અગાઉની ૧,૩૯૫ ડોલરની નોટિફાઇડ વેલ્યુની તુલનાએ ૧૦૫ ડોલરનો વધારો દર્શાવે છે. આ વધારો ૨૬ ઓગસ્ટથી જ લાગુ પડશે. બીજી તરફ અન્ય આયાતી કોમોડિટી જેવી કે ચાંદી, પામ ઓઇલ, ક્રૂડ સોયાબિન ઓઇલ, બ્રાસ સ્ક્રેપ વગેરેની ટેરિફ વેલ્યુ સીઆઇબીસીએ યથાવત રાખી છે. હાલમાં ચાંદીની આયાત માટેની નોટિફાઇડ ટેરિફ વેલ્યુ પ્રતિ કિલો ૨,૦૯૭ ડોલર છે.

**શેરોમાં હલચલ |**

| કંપની | ઇન્ટ્રા ડે હાઇ-લો રૂ.માં | બંધ ભાવ રૂ.માં | વધઘટ રૂ. માં | વધઘટ ટકામાં | કારણ |
|---|---|---|---|---|---|
| હિંદુસ્તાન કોપર | ૫૬૨.૬૦ | ૫૫૪.૯૦ | ૨૨.૨૫ | ૪.૧૮ | સરકારે ઓએફએસ અંતર્ગત ગ્રીન શુ ઓપ્શનનો ઉપયોગ કરતાં અને મેટલના ભાવોમાં વધારો થતાં |
| હિંદુસ્તાન ઝિંક | ૬૩૨ | ૬૨૯.૮૫ | ૩૭.૨૫ | ૬.૨૯ | મેટલના ભાવમાં વધારો થતાં |
| વેદાંતા એલ્યુમિનિયમ | ૪૬૪.૨૦ | ૪૬૨.૭૫ | ૧૪.૯૦ | ૩.૩૩ | મોતીલાલા ઓસવાલે બાય રેટિંગ આપતાં |
| ડીસીબી બેંક | ૨૨૦.૧૦ | ૨૧૪.૩૫ | ૭.૦૮ | ૩.૪૧ | પ્રાઇવેટ ઇક્વિટી ફર્મ બેંકમાં રોકાણ કરવાની છે એવા અહેવાલને પગલે |
| અદ્વેત એનર્જી | ૨,૨૩૦ | ૨,૧૫૮.૬૦ | ૯૫.૩૫ | ૪.૬૨ | કંપનીને મધ્યપ્રદેશ સરકાર તરફથી રૂ. ૧૩૪ કરોડનો કોન્ટ્રાક્ટ મળતાં |
| ફિઝિક્સ વાલાહ | ૧૨૯.૮૮ | ૧૨૬.૭૦ | ૫.૩૫ | ૪.૪૧ | કંપનીના ૧.૬ ટકા હિસ્સાનું વેચાણ થતાં |
| રૂબિકોન રિસર્ચ | ૧,૮૨૯ | ૧,૮૦૮ | ૯૯.૨૦ | ૫.૮૧ | બ્લોક ડિલમાં કંપનીના ૭.૮૫ ટકા હિસ્સાનું વેચાણ થતાં |
| સેગલ ઇન્ડિયા | ૩૪૬ | ૩૪૦ | ૧૫.૬૫ | ૪.૮૩ | કંપની આરઇસી પાવરના રૂ. ૬૦૯ કરોડના ટેન્ડરમાં લોએસ્ટ બિડર તરીકે ઊભરી આવતાં |
| રામકો સિમેન્ટ | ૯૪૪ | ૯૪૦.૬૫ | ૩૧.૫૦ | ૩.૪૬ | સિમેન્ટની માંગમાં ૭થી ૮ ટકાની વૃદ્ધિની આગાહીને પગલે |
| દાલમીયા ભારત | ૧,૯૧૩ | ૧,૮૮૦.૮૦ | ૫૬.૮૦ | ૩.૧૧ | ઉપર મુજબ |
| એસીસી | ૧,૩૩૮.૧૦ | ૧,૩૩૨.૨૦ | ૨૬.૩૦ | ૨.૦૧ | ઉપર મુજબ |
| IDBI બેંક | ૯૬.૨૫ | ૯૫.૨૫ | ૬.૯૪ | ૭.૮૬ | બેંકમાં સરકારનો હિસ્સો ખરીદવા માંગતી કેનેડાની કંપનીને હોલ્ડિંગ કોન્સોલિડેટ કરવા માટે બે વર્ષનો સમય અપાશે એવા અહેવાલે |
| ડિવિસ લેબ | ૯,૦૪૩ | ૯,૦૩૦ | ૨૮૫.૫૦ | ૩.૨૬ | જેફ્રીઝે રૂ. ૧૦,૨૦૦નો ટાર્ગેટ આપતાં |
| ગ્રો | ૧૯૫.૧૦ | ૧૯૬.૪૪ | -૬.૫૭ | -૩.૨૪ | બ્લોક ડિલ અંતર્ગત કંપનીના ૧૨.૫ કરોડ શેરનું વેચાણ થતાં |

મધ્યસ્થ બેંકોના વ્યાજદર, ક્રેડિટ રિસ્ક, લેન્ડર્સ વચ્ચે સ્પર્ધા વ્યાજદર નક્કી કરે છે

# ભારતમાં હોમ લોન માટે ૭.૫૦થી ૮.૪૫ ટકાના વ્યાજદર સામે ચીનમાં માત્ર ૩.૧ ટકા

યુએસમાં હોમ લોન માટે ૪.૭ ટકા અને યુકેમાં ૪.૫ ટકાનો વ્યાજદર લાગે છે

### ભારતમાં પર્સનલ લોન ૧૦થી ૧૫ ટકાના દરે ચીનમાં ૩.૬૫ ટકાના દરે મળે છે

| અમદાવાદ |

ભારત, યુએસ, યુકે અને ચીનમાં હોમ લોન અને પર્સનલ લોન માટેના વ્યાજદરોની તુલના કરીએ તો ભારતમાં આ વ્યાજદર સૌથી વધારે છે. ભારતમાં હોમ લોન માટેનો વ્યાજદર ૭.૫ ટકાથી ૮.૪૫ ટકા જેટલો હોય છે, જ્યારે પર્સનલ લોન માટેનો વ્યાજદર ૧૦થી ૧૫ ટકા જેટલો હોય છે. જોકે ભારતમાં સરકારી બોન્ડ પર મળતાં વળતરની ટકાવારી ૬.૯ ટકા છે. આની તુલનાએ યુએસમાં હોમ લોનનો વ્યાજદર ૬.૬૫ ટકા અને ૧૪ મહિના માટેની પર્સનલ લોનનો વ્યાજદર ૧૧.૮૬ ટકા છે. યુએસમાં સરકારી બોન્ડની ઉપજનો દર ૪.૭ ટકા છે. યુકેમાં સરકારી બોન્ડની ઉપજનો દર ૪.૫ ટકા છે અને હોમ લોન ૪.૩ ટકાના દરે અને પર્સનલ લોન ૮.૪૨ ટકાના દરે મળે છે. ચીનમાં ધિરાણ લેવાનો દર સૌથી ઓછો છે. ચીનમાં હોમ લોન માટે ૩.૧ ટકાનો અને પર્સનલ લોન માટે ૩.૫ ટકાથી ૩.૬૫ ટકાનો વ્યાજદર લાગે છે. છેલ્લા પંદર મહિનાથી ચીને વ્યાજદર ૩.૫ ટકાના દરે યથાવત રાખ્યો છે. ચીન દ્વારા ખર્ચ વધે એ માટે લોનના વ્યાજદર પર સબસિડી પણ આપવામાં આવે છે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ કોઈ પણ દેશમાં કેટલા વ્યાજદરે લોન મળે છે તે બાબત મુખ્યત્તવે સંબંધિત દેશની મધ્યસ્થ બેંક દ્વારા કેટલો વ્યાજદર નક્કી કરવામાં આવ્યો છે અને સરકારી બોન્ડ પર ક્યા દરે વળતર મળે છે તેના આધારે નક્કી થાય છે. આ ઉપરાંત લોન માટે ભંડોળ એકત્ર કરવા માટે લેન્ડર્સને થતો ખર્ચ, ક્રેડિટ આપવામાં રહેલું રિસ્ક, લોન આપવા માટે બેંકોમાં સ્પર્ધા અને વ્યક્તિગત લોન માટે નક્કી કરવામાં આવેલા માળખાં વગેરે પરિબળોના આધારે પણ વ્યાજદર નક્કી થાય છે.

**ચાર દેશોના વ્યાજદરોની તુલના**

| દેશ | ૧૦ વર્ષના સરકારી બોન્ડ પર મળતી ઉપજનો દર (ટકામાં) | હોમ લોન પરનો વ્યાજદર (ટકામાં) | પર્સનલ લોનનો વ્યાજદર (ટકામાં) | વ્યાજદર નક્કી કરવામાં મહત્ત્વના પરિબળો |
|---|---|---|---|---|
| ભારત | ૬.૯ | ૭.૫૦થી ૮.૪૫ | ૧૦થી ૧૫ | આરબીઆઇએ ઓગસ્ટ, ૨૦૨૬થી રેપો રેટ ૫.૨૫ ટકાના દરે યથાવત રાખ્યા છે, જેના આધારે બેંકો લોન આપે છે |
| યુએસ | ૪.૭ | ૬.૬૫ | ૧૧.૮૬ | ફેડરલ રિઝર્વે ડિસેમ્બર, ૨૦૨૫થી વ્યાજદરમાં વધારો કર્યો નથી, પરંતુ યુએસમાં ફેડરલ રેટના આધારે નહીં પરંતુ સરકારી બોન્ડની નિપજના દરના આધારે વ્યાજદર નક્કી થાય છે |
| યુકે | ૪.૫ | ૪.૦૩ | ૮.૪૨ | બેંક ઓફ ઇંગ્લેન્ડે ફુગાવો લક્ષ્યાંક કરતાં ઉપર રહ્યો હોવાથી જુલાઇ, ૨૦૨૬થી વ્યાજદર ૩.૭૫ ટકાના દરે યથાવત રાખ્યો છે |
| ચીન | ૧.૭ | ૩.૧ | ૩.૫થી ૩.૬૫ | ચીને પાંચ વર્ષ માટેની લોન માટે ૧૫ મહિનાથી ૩.૫૦ ટકાનો દર નક્કી કર્યો છે અને સ્પેન્ડિંગ વધે તે માટે લોનના દરમાં સરકાર દ્વારા સબસિડી અપાય છે |

આઈપીઓમાં રોકાણ વધારી ડીઆઈઆઈએ સેકન્ડરી માર્કેટમાં રોકાણ ઘટાડતા મુખ્ય સૂચકાંકોમાં તેજી સીમિત

# DIIના કુલ રોકાણમાં પ્રાઈમરી માર્કેટનો હિસ્સો માર્ચના ૪.૩૩ ટકાના સ્તરેથી વધી ઓગસ્ટમાં ૬૧.૪૮ ટકા

એપ્રિલથી ઓગસ્ટમાં સેન્સેક્સ ૭.૯૩%, નિફ્ટી ૮.૯૭% વધ્યો, પરંતુ જુલાઈથી ઓગસ્ટમાં આ વધારો અનુક્રમે ૧.૫૪% અને ૧.૯૬% જ

| અમદાવાદ |

તાજેતરમાં બજારમાં આઈપીઓ, ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ પ્લેસમેન્ટ (ક્યુઆઈપી) અને ઓફર ફોર સેલ (ઓએફએસ)ની સંખ્યા એકધારી વધી રહી છે, તેને કારણે પ્રાઈમરી માર્કેટ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોનું રોકાણ આકર્ષવા માટે સેકન્ડરી માર્કેટ સાથે સીધું સ્પર્ધામાં ઉતર્યું છે. માર્ચથી ઓગસ્ટના સમયગાળામાં પ્રાઈમરી માર્કેટમાં આવતા રોકાણનો પ્રવાહ નવ ગણો વધ્યો છે તેના કારણે શેરબજારમાંથી લિસ્ટેડ કંપનીઓના શેરની ખરીદીનો પ્રવાહ ઘટ્યો છે. માર્ચમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ શેરબજારમાંથી રૂ. ૧.૪૨ લાખ કરોડની નેટ ખરીદી કરી હતી, જેનો આંકડો ઓગસ્ટમાં ૨૪ તારીખ સુધીમાં રૂ. ૩૬,૮૬૩ કરોડ નોંધાયો છે.

માર્ચ મહિનામાં ડીઆઈઆઈના કુલ રોકાણમાં પ્રાઈમરી માર્કેટમાં રોકાણનો હિસ્સો માત્ર ૪.૩૩ ટકા હતો, જે ઓગસ્ટમાં વધીને ૬૧.૪૮ ટકા થઈ ગયો છે. એટલે કે ડીઆઈઆઈએ સેકન્ડરી માર્કેટ કરતાં પ્રાઈમરી માર્કેટમાં વધુ રોકાણ કર્યું છે. જુલાઈમાં પણ આ હિસ્સો ૫૭.૭૫ ટકાના સ્તરે હતો. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં અત્યાર સુધીમાં સેન્સેક્સે અનુક્રમે ૭.૯૩ ટકા અને નિફ્ટીએ ૮.૯૭ ટકા વળતર આપ્યું છે. જોકે જુલાઈથી ઓગસ્ટના સમયગાળામાં આ બન્ને ઈન્ડેક્સ અનુક્રમે ૧.૫૪ ટકા અને ૧.૯૬ ટકા વધ્યા છે. નિષ્ણાતોના મતે હાલમાં પ્રાઈમરિ માર્કેટના માધ્યમથી મોટું રોકાણ કરવામાં આવતું હોવાથી સેકન્ડરી માર્કેટમાં પ્રમાણમાં ઓછી ખરીદી થાય છે, જેના કારણે મુખ્ય સુચકાંકોમાં વધારો સીમિત રહ્યો છે.

**ડીઆઇઆઇના રોકાણનો પ્રવાહ**

| મહિનો | પ્રાઇમરી માર્કેટમાં રોકાણ (રૂ. કરોડમાં) | ડીઆઇઆઇના કુલ રોકાણમાં હિસ્સો (ટકામાં) | સેકન્ડરી માર્કેટમાં રોકાણ (રૂ. કરોડમાં) | ડીઆઇઆઇના કુલ રોકાણમાં હિસ્સો (ટકામાં) | કુલ રોકાણ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|---|---|
| માર્ચ, ૨૦૨૬ | ૬,૪૬૭ | ૪.૩૩ | ૧,૪૨,૯૬૦ | ૯૫.૬૭ | ૧,૪૯,૪૨૭ |
| એપ્રિલ, ૨૦૨૬ | ૩,૬૭૧ | ૬.૭૧ | ૫૧,૦૬૪ | ૯૩.૨૯ | ૫૪,૭૩૫ |
| મે, ૨૦૨૬ | ૧૨,૧૩૦ | ૧૨.૮૦ | ૮૨,૬૬૯ | ૮૭.૨૦ | ૯૪,૭૯૯ |
| જુન, ૨૦૨૬ | ૩૦,૭૭૫ | ૨૬.૪૦ | ૮૫,૮૦૦ | ૭૩.૬૦ | ૧,૧૬,૫૭૫ |
| જુલાઇ, ૨૦૨૬ | ૫૫,૪૬૭ | ૫૭.૭૫ | ૪૦,૫૮૭ | ૪૨.૨૫ | ૯૬,૦૫૪ |
| ઓગસ્ટ, ૨૦૨૬ (૨૪ તારીખ સુધી) | ૫૪,૮૫૨ | ૬૧.૪૮ | ૩૪,૩૬૯ | ૩૮.૫૨ | ૮૯,૨૨૨ |

### ૨૦૨૫-૨૬માં DIIએ FII કરતાં ૩.૪૭ ગણું રોકાણ કર્યું

વીતેલા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ડીઆઇઆઇએ ભારતીય શેરબજારમાં રૂ. ૮.૦૯ લાખ કરોડનું નેટ રોકાણ કર્યું હતું, જેની તુલનાએ એફઆઇઆઇએ રૂ. ૧.૮૧ લાખ કરોડની નેટ વેચવાલી કરી હતી. આમ એફઆઇઆઇની વેચવાલી કરતા ડીઆઇઆઇનું રોકાણ ૩૪૭ ટકા જેટલું વધારે છે. આના કારણે એનએસઇના ફ્રિ ફ્લોટ માર્કેટ કેપમાં ડીઆઇઆઇનો હિસ્સો માર્ચ, ૨૦૨૬ના અંતે વધીને ૨૩ ટકાના સ્તરે પહોંચ્યો હતો, જે માર્ચ, ૨૦૨૧ના અંતે ૧૫ ટકા હતો. ડીઆઇઆઇના કુલ રોકાણમાં મ્યુચ્યુઅલ ફંડોનો હિસ્સો ખૂબ જ મોટો છે. આવી જ રીતે મ્યુચ્યુઅલ ફંડોની ઇક્વિટી સ્કીમોમાં જે રોકાણ આવે છે તેમાં એસઆઇપીનો હિસ્સો પણ અત્યંત વધારે છે. ૨૦૨૫-૨૬માં એસઆઇપી દ્વારા ફંડોમાં થતાં રોકાણની માસિક સરેરાશ રૂ. ૩૨,૦૮૭ કરોડ નોંધાઇ હતી. માર્ચ, ૨૦૨૬ના અંતે મ્યુચ્યુઅલ ફંડોની એસઆઇપી અંતર્ગતની એયુએમ વધીને રૂ. ૧૪.૮૩ લાખ કરોડના સ્તરે પહોંચી હતી. માર્ચ, ૨૦૨૫ના અંતે મ્યુચ્યુઅલ ફંડોના યુનિક ઇન્વેસ્ટર્સની સંખ્યા ૫.૩૬ કરોડ હતી, જે માર્ચ, ૨૦૨૬ના અંતે વધીને ૬.૧૪ કરોડ થઇ છે.

### એચએનઆઇના હોલ્ડિંગનું મૂલ્ય રૂ. ૯.૯૨ લાખ કરોડના ઐતિહાસિક સ્તરે

ભારતના હાઇ નેટવર્થ ઇન્વેસ્ટર્સ (એચએનઆઇ) ઇક્વિટીમાં જે કુલ રોકાણ ધરાવે છે તેનું મૂલ્ય વિક્રમજનક સ્તરે પહોંચ્યું છે. જુન, ૨૦૨૬ના અંતે એચએનઆઇ એનએસઇ પર લિસ્ટેડ તમામ કંપનીઓમાં જે કુલ હોલ્ડિંગ ધરાવે છે તેનું મૂલ્ય વધીને રૂ. ૯.૯૨ લાખ કરોડના સ્તરે પહોંચ્યું છે, એપ્રિલથી જુનના એટલે કે ત્રણ મહિનાના સમયગાળામાં રૂ. ૧.૮૩ લાખ કરોડનો વધારો દર્શાવે છે. આ આંકડો માર્ચ, ૨૦૨૬ના અંતે રૂ. ૮.૧૦ લાખ કરોડ હતો. હોલ્ડિંગનું આટલા મૂલ્યનો કુલ એમ કેપમાં હિસ્સો જુનના અંતે ૨.૧૨ ટકા થાય છે, જે માર્ચ, ૨૦૨૨ પછીનું સૌથી ઊંચું સ્તર છે.

## ધાર્મિક-સામાજિક-સંસ્થાકીય ગતિવિધિઓ

### આરવી અગ્રવાલને રાજ્યપાલના હસ્તે ગોલ્ડ મેડલ અને બે પારિતોષિકો એનાયત



નર્મદ યુનિવર્સિટીના ૫૯મા પદવીદાન સમારોહમાં બેચલર ઓફ આર્ટ્સ (બી.એ.) ની ડિગ્રીમાં અર્થશાસ્ત્ર વિષય સાથે સમગ્ર દક્ષિણ ગુજરાત ઝોનમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર સુરતની વિદ્યાર્થિની આરવી સુરેન્દ્ર અગ્રવાલને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે સુવર્ણ પદક અને બે પારિતોષિકો એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી.

### સવજીભાઈ બી. પટેલને સમાજસેવા પ્રતિભાથી સન્માનિત કરાયા



સમાજ સેવાના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર અને યશસ્વી યોગદાન બદલ સવજીભાઈ બી. પટેલને સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ, સુરત દ્વારા 'સેવા ગૌરવ સન્માન-સમાજસેવા પ્રતિભા'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. સવજીભાઈ પટેલની સેવાભાવના અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને બિરદાવતાં સમસ્ત પાટીદાર ટ્રસ્ટ, સુરત દ્વારા આ સન્માન અર્પણ કરવામાં આવ્યું છે.

### અમરોલી કોલેજમાં 'મહાત્મા ગાંધી વિચારયાત્રા' અંતર્ગત વ્યાખ્યાન યોજાયું



સુરતની જે.ઝેડ. શાહ આર્ટ્સ અને એચ. પી. દેસાઈ કોમર્સ લોકેજ (અમરોલી કોલેજ)માં 'મહાત્મા ગાંધી વિચારયાત્રા' અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં જાણીતા લેખક, પત્રકાર અને વક્તા અંકિત દેસાઈએ 'જેન-ઝી માટે મિસ્ટર જી' વિષય પર ગાંધીવાદી મૂલ્યો અને આજના યુવા પેઢીને સાંળકતું પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું.

### બેટર ટુમોરો ફાઉન્ડેશને દિવ્યાંગ મહિલાને સિલાઈ મશીન આપ્યું




બેટર ટુમોરો ફાઉન્ડેશન દ્વારા 'સ્વરોજગાર સેવા યોજના-નર સેવા નારાયણ સેવા' પ્રકલ્પ અંતર્ગત ભટાર રોડ સ્થિત મધુરમ કોમ્પ્લેક્સ ખાતે એક દિવ્યાંગ મહિલાને સિલાઈ મશીન આપવામાં આવ્યું હતું. ફાઉન્ડેશનના સ્થાપક અધ્યક્ષ રાજેશ ભારૂકાએ જણાવ્યું હતું કે, સભ્યોએ માત્ર સિલાઈ મશીન જ પ્રદાન કરી નથી, પરંતુ મહિલાને સ્વાભિમાનપૂર્વક જીવનનિર્વાહ કરી શકે તે માટે સિલાઈનું કામ પણ પૂરું પાડ્યું.

### ડૉ. પટેલ રક્ષાબેનને કોમર્સ વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત




નર્મદ યુનિવર્સિટી દ્વારા 'MEASURING PERFORMANCE OF SHORT TERM AND LONG TERM : AN EMPIRICAL ANALYSIS OF INDIAN IPO' વિષય પર મહાશોધ નિબંધ રજૂ કરવા બદલ ડૉ. પટેલ રક્ષાબેન બલ્લુભાઈને 'ડૉક્ટર ઓફ ફિલોસોફી'ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે આ સંશોધન ડૉ. રાજેશ આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

### તહેવારોની સિઝન માટે સ્નેપડીલના પ્રોજેક્ટની ગતિની શરૂઆત થઈ




તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને ગ્રાહકો અને સેલરોને શ્રેષ્ઠ સુવિધાઓ આપવાના હેતુથી સ્નેપડીલ દ્વારા પ્રોજક્ટ ગતિ રજૂ કરાયો છે. આ અંગે સ્નેપડીલના સીઈઓ અચિંત સેતીયાએ જણાવ્યું હતું કે સુરત ટેક્ષટાઈલ અને ફેશન માટે જાણીતું છે. વેપારીઓને ગુજરાત નહીં સમગ્ર દેશનું બજાર સ્નેપડીલ પ્લેટફોર્મ પર મળી રહે છે.

### સુરતી મોઢ વણિક મહિલા મંડળ દ્વારા રક્ષા બંધનની ઉજવણી



૨૪ ઓગસ્ટે શ્રી સુમોવણિક મહિલા મંડળ સુરત દ્વારા રક્ષાબંધનની ઉજવણી મા સરસ્વતી દેવીના વ્હાલાં દૃષ્ટિહિન સંતાનો સાથે કરી હતી. જેની શરુઆત કોણ હલાવે લીમડી કોણ ઝુલાવે પારણું ગીતથી કરવામાં આવી. મીનાક્ષીબેન બોડાવાલાએ પજ્ઞાચક્ષુ બાળકોને શુભ આશિષ સાથે ભવિષ્યમાં સારી નામના મેળવશો તેવી શુભેચ્છા પાઠવી હતી.

### કેવી માંગુકિયા વિદ્યાલયના વિદ્યાર્થીઓ સોલાર કંપનીની મુલાકાતે



૨૩ ઓગસ્ટે શ્રીમતી કેવી માંગુકિયા વિદ્યાલયના ધોરણ ૫થી ૧૨ના ૮૮ વિદ્યાર્થીઓએ કોસંબા ખાતે સોલાર કંપનીની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ અલગ અલગ ચાર ટીમ બનાવી ત્યાના સ્ટાફ દ્વારા સોલાર પેનલ અંગેનું ટેકનીકલ નોલેજ મેળવ્યું હતું. અંતમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નો પુછી મુંજવણનો ઉકેલ મેળવ્યો હતો.

### દેશભક્તિગીત, નાત અને નઝમ સ્પર્ધાની ફાઇનલ યોજાઈ



મુસ્લિમ બ્રધરહુડ લાયબ્રેરી સુરત અને કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે આયોજીત દેશભક્તિગીત ,નાત અને નઝમ સ્પર્ધાની ગ્રાન્ડ ફાઇનલ સ્પર્ધા દરજીની વાડી રાણીતળાવ સુરત ખાતે યોજાઈ હતી. કુલ ૧૩૧ સ્પર્ધકો માટે યોજાયેલા ઑડિશનમાં સફળ થયેલા કુલ ૫૦ સ્પર્ધકોએ પોતાની રચના રજૂ કરી હતી. સ્પર્ધાને અંતે વિજેતાઓને ટ્રોફી અને સર્ટિફિકેટ એનાયત કરાયા હતા.

### વિદ્યાર્થીઓએ કૃષ્ણ ભક્તિ થીમ પર નૃત્ય રજૂ કર્યું




પાલનપુર રોડ, અડાજણ, સુરત સ્થિત લોર્ડ ક્રિષ્ણા સ્કૂલના વિદ્યાર્થીઓએ આંતરશાળા સ્પર્ધામાં કૃષ્ણ ભક્તિ થીમ પર નૃત્ય રજૂ કર્યું. વિવિધ આકર્ષક પ્રોપ્સનો સુંદર ઉપયોગ કરીને વિદ્યાર્થીઓએ સમગ્ર હોલને કૃષ્ણ ભક્તિના રંગે રંગી દીધો. આ રજૂઆતની તૈયારીમાં શાળાના ટ્રસ્ટી અંકિતા ભટ્ટીએ ખૂબ જ સક્રિય અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

**અમને જણાવો** : શહેરની વિવિધ સંસ્થાઓ, શાળાઓ, સમાજ, સોસાયટીમાં યોજાતા ધાર્મિક, સામાજિક કાર્યક્રમો, સ્પર્ધા, વિદ્યાર્થીઓની સિદ્ધિ 'સંદેશ' અખબારમાં પ્રસિદ્ધ કરાવવા માટે ફોટા સાથેની માહિતી ઇ-મેઇલ કરો. pressnote.surat@sandesh.com

---

ટેક્સટાઈલ મંત્રાલય સાથે ચેમ્બરની ઓનલાઈન બેઠક

# યાર્નમાં ભાવવધારાથી સુરતનો વીવિંગ ઉદ્યોગ સંકટમાં : ચેમ્બર

। સુરત ।

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૯૫ ડોલર સુધી પહોંચતાં પોલિએસ્ટર યાર્નના ભાવમાં થયેલા વધારાએ સુરત સહિત દેશના એમએમએફ ટેક્સટાઈલ ઉદ્યોગની મુશ્કેલી વધારી છે. યાર્નના ઊંચા ભાવ અને સ્થાનિક બજારમાં કાચા માલની અછત વચ્ચે કૃત્રિમ તેજી અટકાવવા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજ સિંહ સમક્ષ રજૂઆત કરાઈ હતી. તેના પગલે ટેક્સટાઈલ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સહિતના વરિષ્ઠ અધિકારીઓ સાથે ચેમ્બરની ઓનલાઈન બેઠક યોજાઈ હતી. ચેમ્બરે ઉદ્યોગને વાજબી ભાવે કાચો માલ મળી રહે તે માટે એક વર્ષ સુધી PTA, MEG ઉપરાંત DTY, POY અને FDY પર કસ્ટમ્સ ડ્યૂટીમાંથી રાહતની માગ કરી હતી.

ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ઊંચા ભાવોના કારણે સ્થાનિક સ્તરે કાચા માલના ભાવમાં મોટો વધારો થયો છે, જેના પરિણામે વીવિંગ, પ્રોસેસિંગ અને ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગોને મોંઘા ભાવે માલ ખરીદવો પડી રહ્યો છે. જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ ઘટીને ૬૫ ડોલર પ્રતિ બેરલની આસપાસ સ્થિર ન થાય, ત્યાં સુધી સ્થાનિક ઉદ્યોગકારોને વાજબી ભાવે યાર્ન મળી રહે તે હેતુથી એક વર્ષ સુધી કાચા માલ પરની કસ્ટમ્સ ડ્યૂટીમાંથી મુક્તિ આપવી જોઈએ.

ચેમ્બરની દલીલો અને આંકડાકીય રજૂઆત સાંભળી ટેક્સટાઈલ મંત્રાલયના અધિકારીઓએ આશ્વાસન આપ્યું હતું કે, સ્થાનિક માર્કેટમાં યાર્નની ઉપલબ્ધતા અને તેના દૈનિક ભાવો પર મંત્રાલય દ્વારા સતત મોનિટરિંગ (નજર) રાખવામાં આવશે. યાર્નની કૃત્રિમ અછત કે ગેરવાજબી નફાખોરી અટકાવવા અને ઉદ્યોગકારોના હિતમાં કસ્ટમ્સ ડ્યૂટી મુક્તિ અંગે સંબંધિત મંત્રાલય સાથે સંકલન સાધીને તાત્કાલિક યોગ્ય અને હકારાત્મક પગલાં ભરવામાં આવશે.

---

ખાસ પ્રકારના કેમિકલ અને સિમેન્ટને મિક્સ કરી જમીનમાં નાખવામાં આવ્યા

# મેટ્રો રૂટ પર પડતા ભૂવાની સમસ્યા ઉકેલવા હવેથી જીપીઆર સરવે થશે

## જીપીઆર વડે સમગ્ર રૂટનું સ્કેનિંગ કરી, પોચી જગ્યાઓ શોધી કાઢવામાં આવી

। સુરત ।

મેટ્રો પ્રોજેક્ટનો ટ્રાયલ રન ચાલુ છે અને સંભવતઃ નજીકના દિવસોમાં ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે ટ્રેન પણ દોડવા લાગશે. આ દરમિયાન ચોકબજારથી મસ્કતિ સુધીના વિસ્તારમાં મેટ્રો રૂટની આસપાસ અવારનવાર ભૂવા પડવાની ઘટના રોકવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. થોડા સમય પહેલા જે રૂટ પર ભૂવો પડવાની ઘટનાઓ બની હતી. તેવા ચોકબજારથી કાપોદ્રા સુધીના છ કિમી સુધીના વિસ્તારને જીપીઆર વડે સ્કેન કરવામાં આવ્યું હતું અને જે પોઈન્ટ પર જમીન પોચી અને નબળી અથવા ભવિષ્યમાં ખાડો પડી શકે તેવી સંભાવના જણાઈ ત્યાં ગ્રાઉટિંગ કરી દેવાયું હતું. કોરિડોર-૧ પર ચોકબજારથી કાપોદ્રા સુધીના વિસ્તારમાં જે રૂટ પરથી મેટ્રો પસાર થાય છે તેની આસપાસના વિસ્તારોમાં અવારનવાર ભૂવો પડતા લોકો પરેશાન થઈ ગયા છે અને ભૂવો પડવા માટે મેટ્રોને જ જવાબદાર ઠેરવી રહ્યા છે. કોરિડોર-૧ સરથાણાથી ડ્રીમ સિટી અને કોરિડોર-૨ ભેંસાણથી સારોલી વચ્ચે બન્ને રૂટ પર કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. થોડા દિવસો પહેલા જ કોરિડોર-૧ પર ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે મેટ્રો ટ્રેનનો ટ્રાયલ કરવામાં આવ્યો હતો અને સંભવતઃ ટૂંકમાં જ અહીં મેટ્રો દોડાવાશે ત્યારે મેટ્રોની કામગીરીમાં કોઈ પણ કચાશ નહી રહી જાય અને લોકોની ફરિયાદોને ધ્યાને રાખી કોરિડોર-૧ પર ચોકબજારથી કાપોદ્રાની વચ્ચે૬ કિમી સુધી જીપીઆર સરવે કરવામાં આવ્યો હતો. સર્વે દરમિયાન મશીન વડે જમીનને સ્કેન કરવામાં આવી હતી અને જે જગ્યાઓ પર જમીન પોચી મળી આવી હતી તેવા પોઈન્ટને શોધી ત્યાં ખાસ પ્રકારના કેમિકલ અને સિમેન્ટને મિક્સ કરી ગ્રાઉટિંગ કરી દેવાયું હતું. મેટ્રો રુટ પર સમયાંતરે ભૂવો પડવાની સમસ્યા સર્જાય છે તે માટેનું કારણ એવું છે કે જમીનની નીચેના ભાગે કેટલોક વિસ્તાર પોચો પડી જાય છે. તેમાં પાણી આવતા જમીન બેસી જવાના બનાવો બનતા હોય છે.

> **જીપીઆર સરવે કેમ કરવામાં આવે છે**
>
> જમીનની અંદર ખાલી જગ્યાઓ જૂની પાઇપલાઇન, ડ્રેનેજ, કેબલને શોધવા જીપીઆર( ગ્રાઉન્ડ પેનિટ્રેટિંગ રડાર) સર્વે કરવામાં આવે છે. તે ઉપરાંત જે જગ્યાઓ પર ભવિષ્યમાં ભૂવો પડી શકે તેવી જગ્યાઓ પણ આ સર્વેની મદદથી શોધી શકાય છે.

---

### ડિંડોલી બ્રિજ પર કચરો ભરેલો ટેમ્પો પલટી ગયો

। સુરત ।

ડિંડોલી ઓવરબ્રિજ પર કચરા ભરેલો ટેમ્પો પલટી ખાઈ જતા રોડ પર કચરાનો ઢગલો થઈ ગયો હતો. બુધવારે સાંજે પીક અવર્સ દરમિયાન બનેલી ઘટનાને લીધે બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકો અટવાયા હતા.

એક બાજુ પાલિકા દ્વારા શહેરના સ્વચ્છ રાખવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે બીજી બાજુ પાલિકાનો જ કચરો એકત્રિત કરતો ટેમ્પો સાંજે ડિંડોલી બ્રિજ પર પલટી ખાઈ ગયો હતો. ટેમ્પોનો કચરો રોડ પર જ વેરવિખેર થઈ જતા ત્યાંથી પસાર થતા વાહનચાલકો અટવાઈ ગયા હતા. સમગ્ર રોડ પર ગંદકી અને વાસ ફેલાઈ ગઈ હતી. ત્યાંથી પસાર થતા લોકોએ ઉચ્ચ અધિકારીઓને ઘટનાની જાણ કરી હતી. થોડા સમય બાદ બીજો ટેમ્પો બોલાવીને સ્થાનિક લોકોની મદદથી ટેમ્પોને ઊભો પ્રયાસ કરાયો હતો. કેટલાક લોકોનું કહેવું હતું કે ટેમ્પો ઓવર લોડ હોવાની લીધે ઘટના બની હતી. જોકે, આ માટે સમયાંતરે ફરિયાદ કરવામાં આવતી હોવા છતાં તેનું નિરાકરણ લાવવામાં આવતું નથી.

---

પરિવારને વોટ્સએપથી યુવતીના ફોટા મોકલ્યા બાદ પ્રેમીનો ફોન બંધ

# પ્રેમીએ સ્મીમેરમાં તરછોડી દીધેલી રાજસ્થાની યુવતી અંતે મોતને ભેટી

## રાજસ્થાનથી આવેલી પોલીસે પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરી

। સુરત ।

રાજસ્થાનના ગુડામાલાણી ગામથી ૪૫ વર્ષીય આધેડ પ્રેમી સાથે ભાગીને સુરત આવેલી ૧૯ વર્ષીય યુવતીનું સ્મીમેર હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. શાકભાજીના વ્યવસાય સાથે જોડાયેલી આ યુવતીને પ્રેમજાળમાં ફસાવી અમદાવાદ બાદ સુરત લાવવામાં આવી હોવાનો આક્ષેપ સંબંધીઓએ કર્યો હતો. સુરતમાં અચાનક તબિયત બગડતાં તેણીને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જોકે, યુવતીની સારવાર શરૂ થતાં જ યુવક યુવતીના પરિવારને વોટ્સએપ પર તેણીના ફોટા મોકલી મોબાઈલ સ્વિચ ઓફ કરીને નાસી છૂટ્યો હતો. આ ચકચારી ઘટનાને પગલે મૃતકના પરિવારજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

સ્મીમેરમાં આવી પહોંચેલા યુવતીના પરિવારજએ આક્ષેપ કર્યો હતો કે, દિલીપ નામનો આ ૪૫ વર્ષીય શખ્સ યુવતીનું અપહરણ કરીને પહેલા અમદાવાદ અને ત્યારબાદ સુરતમાં તેના મિત્રના ઘરે લાવ્યો હતો. દરમિયાન રવિવારે યુવતી અચાનક બીમાર પડતાં દિલીપ તેને ખભે ઊંચકીને સ્મીમેર હોસ્પિટલ પહોંચ્યો હતો. તેણીને દાખલ કર્યા બાદ દિલીપે તેણીના પરિવારજનોને વોટ્સએપ પર હોસ્પિટલના ફોટા સાથે 'તમારી દીકરીની તબિયત ખરાબ છે' તેવો મેસેજ મોકલ્યો હતો અને ગણતરીની બે મિનિટમાં જ હોસ્પિટલમાંથી ફરાર થઈ ગયો હતો. મેસેજ મળતાં જ પરિવારના સભ્યોએ સુરતમાં વસતા સમાજના અગ્રણીઓને જાણ કરી હતી. ત્યારબાદ તેઓ તાત્કાલિક હોસ્પિટલ દોડી ગયા હતા, પરંતુ સારવાર કારગત ન નીવડતાં યુવતીએ દમ તોડી દીધો હતો. બનાવની ગંભીરતા જોતાં વરાછા પોલીસને આ મામલે જાણ કરાઈ હતી. બીજી તરફ મામલે રાજસ્થાનમાં ફરિયાદ નોંધાઈ હોય રાજસ્થાન પોલીસની એક ટીમ પણ સુરત આવી પહોંચી હતી અને પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાર્યવાહી કરી હતી. પરિવારે આરોપીની ત્વરિત ધરપકડ અને કડક સજાની માંગ કરી છે. સ્મીમેરના ફોરેન્સિક મેડિસીન વિભાગ ડો. સંદીપ રલોટીએ જણાવ્યું હતું કે, મૃતક યુવતીની વીકનેશ, એનેમીયા અને લીવરની સારવાર ચાલી રહી હતી. પોસ્ટમોર્ટમ બાદ જરૂરી સેમ્પલ લઈ તપાસ માટે લેબમાં મોકલી અપાયા છે. યુવતી સાથે શારીરિક સંબંધ બંધાયો છે કે નહી? તેના પણ સેમ્પલ લઈ તપાસ માટે મોકલાયા છે.

---

ન્યૂઝ ફોક્સ

### કાંતિલાલ એન્ડ બ્રધર્સ જ્વેલર્સ દ્વારા અમદાવાદમાં ભવ્ય શો રૂમની શરૂઆત...





સુરતના પ્રતિષ્ઠિત કાંતિલાલ એન્ડ બ્રધર્સ જ્વેલર્સ દ્વારા અમદાવાદમાં શાનદાર શો રૂમની શરૂઆત ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે કરવામાં આવી.

નવો શૉ-રૂમ માત્ર જ્વેલરી ખરીદવાનું સ્થળ નહીં, પરંતુ જ્વેલરીના વિવિધ રંગો, ડિઝાઈન, કારીગરી અને પરંપરાને નજીકથી અનુભવવાનો એક વિશેષ સ્ટુડિયો કોન્સેપ્ટ બની રહે તે રીતે તેને તૈયાર કરવામાં આવ્યો છે. અહીં બ્રાઈડલ જ્વેલરી, ડાયમંડ, પોલ્કી, રિયલ જેમ્સ, કલર સ્ટોન, કાંવિંગ પ્રોડક્ટ્સ તેમજ પરંપરાગત ભારતીય જ્વેલરીની ડિઝાઈન ઉપલબ્ધ રહેશે. સ્ટુડીયો બેઝ્ડ કન્સેપ્ટ સાથે અત્યાધુનિક શો રૂમ પહેલા દિવસથી જ ગ્રાહકોના આકર્ષણનું કેન્દ્ર બની રહેલ છે.

---

# ICMAI : ફાઈનલ-ઈન્ટરની પરીક્ષા ૧૦ ડિસેમ્બરથી શરૂ

સુરત : ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) દ્વારા ડિસેમ્બર-૨૦૨૬માં યોજાનારી સીએમએ પરીક્ષાઓનો કાર્યક્રમ જાહેર કરાયો છે. સીએમએ ઈન્ટર અને ફાઈનલની પરીક્ષાઓ ૧૦થી ૧૭ ડિસેમ્બર દરમિયાન યોજાશે. જ્યારે ફાઉન્ડેશનની પરીક્ષાઓ ૧૩ ડિસેમ્બરે બે શિફ્ટમાં યોજાશે. ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અંતર્ગત સીએમએ ફાઉન્ડેશનની પરીક્ષાઓ ૧૩ ડિસેમ્બરે રવિવારે બે શિફ્ટમાં યોજાશે. ફાઈનલની પરીક્ષા ૧૦થી ૧૭ ડિસેમ્બર દરમિયાન બપોરે ૧૦થી ૧ વાગ્યા દરમિયાન યોજાશે. જ્યારે ઈન્ટરમીડિયેટની પરીક્ષા ૧૦થી ૧૭ ડિસેમ્બર દરમિયાન યોજાશે. ફાઈનલ અને ઈન્ટરની પરીક્ષાના પરિણામ ૫ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ જાહેર કરવામાં આવશે. જ્યારે ફાઉન્ડેશનની પરીક્ષાના પરિણામ ૭ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ જાહેર કરવામાં આવશે.

સંદેશ
ગેરંટેડ ગિફ્ટ વિતરણ




સુરુચિ
બ્રાન્ડેડ મસાલા પાવડર
સંદેશના માનવંતા વાચકોને જણાવવાનું કે જેમની શ્યોર ગિફ્ટ લેવાની બાકી રહી ગયેલ હોય તેમને ૩૧ ઓગસ્ટ સુધી સંદેશ પ્રેસ પરથી આપવામાં આવશે.

RAJ IMPERIAL INOX
Booking Movie Tickets @ Raj Imperial Inox
Ph.: 02612577777
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
હીટ સંવાદો, એક્શન, મ્યુઝીકલ
**ટોક્સિક**
યશ, કિયારા અડવાણી, નયનતારા
રેગ્યુલર : ૭.૩૦, ૮.૧૦, ૧૧.૨૦, ૧૨.૦૦, ૩.૧૫, ૩.૪૫, ૭.૦૫, ૭.૩૫,
રાત્રે : ૧૦.૫૫, ૧૧.૨૫
ATMOS : ૯.૦૦, ૯.૪૫, ૧૦.૩૦, ૧૨.૫૫, ૧.૪૫, ૨.૩૦, ૫.૦૦, ૫.૪૫, ૬.૩૦,
રાત્રે : ૯.૦૦, ૯.૪૫, ૧૦.૩૦
**હનુમાન વંશ**
૨.૫૫, ૬.૦૦, રાત્રે : ૯.૧૦
**સ્પાઈડર મેન**
3D (હિન્દી) સવારે : ૯.૦૦
**આવારાપન-2** ૧૨.૦૦

આવતીકાલથી
વિશ્વભરમાં ફક્ત સિનેમાગૃહોમાં
એડવાન્સ બુકિંગ શરુ




SCAN THIS QR CODE TO BOOK YOUR TICKETS NOW

WALK-IN INTERVIEW
સંદેશ
27th August 2026 to 29th August 2026 : 10:00 AM - 5:00 PM
**ડોર-ટુ-ડોર એક્ઝિક્યુટિવ** (યુવક-યુવતી)
- સુરત શહેરમાં ડોર-ટુ-ડોર માર્કેટિંગ કરી શકે તેવાં ઉત્સાહી યુવક-યુવતીઓની જરૂર છે
- ઓછામાં ઓછો ૧૦મા ધોરણ સુધીનો અભ્યાસ જરૂરી
- ગુજરાતી ભાષાનું જ્ઞાન જરૂરી

બાયોડેટા અને પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે રૂબરૂ સંપર્ક કરવો



કાર્યક્ષેત્ર સુરત શહેર રહેશે
સત્યેશ ભવન, ડાકોરિયા મિલ કંપાઉન્ડ, શેલ પેટ્રોલ પંપ પાછળ, ખટોદરા જી.આઈ.ડી.સી, ખટોદરા, સુરત
ફોન નં. : 95860 91117/90163 49040

## તંત્રીની કલમે

### દેશની મિસાઈલ તાકાત વધશે

# ખાનગી અવકાશ શક્તિ અને વૈજ્ઞાનિક ક્ષમતામાં વધારો

ભારતની અવકાશ યાત્રા હવે સરકારી સંસ્થાઓ અને વૈજ્ઞાનિક પ્રયોગશાળાઓ સુધી મર્યાદિત નથી રહી. આ યાત્રા હવે નવીનતા, ઉદ્યોગસાહસિકતા, યુવા પ્રતિભા, ખાનગી મૂડી અને વૈશ્વિક મહત્વાકાંક્ષાના સંગમમાં પરિવર્તિત થઈ રહી છે, જે ભારતને અવકાશ મહાસત્તા બનવા માટે એક નવી પ્રેરણા પૂરી પાડે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ, અવકાશ ક્ષેત્રને ખાનગી ભાગીદારી માટે ખોલવાનો નિર્ણય આ પરિવર્તનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. એક સમયે લગભગ સંપૂર્ણપણે સરકારી નિયંત્રણ અને સંસ્થાકીય મર્યાદાઓમાં જોવા મળતા, સેંકડો ઉભરતા સાહસો હવે તેમના સપના, ટેકનોલોજી અને હિંમત સાથે નવી શક્યતાઓ શોધી રહ્યા છે. ભારતીય ખાનગી અવકાશ ઉદ્યોગસાહસિકો સાથે વડા પ્રધાનનો વાર્તાલાપ અને પ્રેરણા માત્ર એક ઘટના નથી, પરંતુ ભારતના ભાવિ દિશાની ઘોષણા છે. ભારતને વૈશ્વિક અવકાશ પ્રતિભા, રોકાણ અને ઉદ્યોગસાહસિકતાનું કેન્દ્ર બનાવવાના તેમના વિઝનની આત્મવિશ્વાસપૂર્ણ અભિવ્યક્તિ પણ ભારતની બદલાતી વૈશ્વિક ભૂમિકાનો સંકેત આપે છે. અવકાશ સિદ્ધિઓનો ભારતનો ઇતિહાસ પોતે જ નોંધપાત્ર છે. મર્યાદિત સંસાધનો હોવા છતાં, ભારતીય અવકાશ સંશોધન સંગઠન દ્વારા દર્શાવવામાં આવેલ વૈજ્ઞાનિક શિસ્ત, આત્મનિર્ભરતા અને નિશ્ચયએ વિશ્વને આશ્ચર્યચકિત કર્યું છે. આર્યભટ્ટથી શરૂ થયેલી યાત્રા મંગળયાન સુધી પહોંચી, ચંદ્રયાન ચંદ્રના રહસ્યોને સમજવાની ભારતની ક્ષમતા દર્શાવે છે, અને ચંદ્રયાન-૩ એ ચંદ્રના દક્ષિણ ધ્રુવીય પ્રદેશ પર સફળતાપૂર્વક ઉતરાણ કરનાર ભારતને પ્રથમ દેશ બનાવીને ઇતિહાસ રચ્યો. આ સિદ્ધિ ફક્ત એક વૈજ્ઞાનિક સફળતા નહોતી; તે ભારતીય ચાતુર્ય, તકનીકી આત્મવિશ્વાસ અને અશક્યને પ્રાપ્ત કરવાની રાષ્ટ્રીય ક્ષમતાનો પુરાવો હતો. મંગળયાન, તેના ઓછા ખર્ચે આંતરગ્રહીય મિશન સાથે, વિશ્વ સમક્ષ ભારતની વૈજ્ઞાનિક કુશળતા દર્શાવે છે. સ્કાયરૂટ એરોસ્પેસે ખાનગી ક્ષેત્રના રોકેટ પ્રક્ષેપણ તરફ એક ઐતિહાસિક પગલું ભર્યું છે, જ્યારે અગ્નિકુલ કોસ્મોસે, સ્વદેશી ટેકનોલોજી અને આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ દ્વારા, દર્શાવ્યું છે કે ભારતીય ખાનગી સાહસો અવકાશપ્રક્ષેપણના પડકારજનક ક્ષેત્રમાં છાપ છોડી શકે છે. આ પ્રયાસો એ માનસિકતાને બદલી રહ્યા છે કે અવકાશ એક સમયે વૈજ્ઞાનિક સ્થાપનાનું ક્ષેત્ર માનવામાં આવતું હતું. તે હવે યુવા ઉદ્યોગસાહસિકો માટે રોજગાર, સંશોધન, રોકાણ અને વૈશ્વિક વેપાર માટે એક નવું ક્ષેત્ર બની રહ્યું છે. આ પરિવર્તનનું સૌથી મહત્વપૂર્ણ પાસું એ છે કે અવકાશ હવે ફક્ત આકાશમાં સિદ્ધિઓનો વિષય નથી, પરંતુ પૃથ્વી પર જીવન સુધારવાનું એક સાધન પણ છે.

### કોઈ પણ પદાર્થ ઘન / પ્રવાહી કે વાયુ હોય, એના અણુઓ એકબીજા ને આકર્ષે છે, એકબીજાને પોતાની તરફ ખેંચે છે

# "ગણપતિ દૂધ પીએ છે"નો ચમત્કાર !!



બાયોગ્રાફી

પ્રવાહીનું ટીપું ગોળ જ કેમ હોય? ચોરસ કેમ નહિ?

- ડો. તરલિકા ત્રિવેદી

**गणपती बाप्पा मोरया, पुढच्या वर्षी लवकर या**

૨૧ સપ્ટેમ્બર, ૧૯૯૫,

"ગણપતિ દૂધ પીએ છે" નો ચમત્કાર! !

લોકોના ટોળે ટોળા ભેગા થયેલા, ઠેર ઠેર કેટલાય શહેરોમાં. ચમત્કાર થયો હતો, ગણપતિ સૂંઢથી દૂધ પીતા હતા! ગણેશજીને દૂધ પીવડાવવા લાઈનમાં Ph. D. ફીઝીક્સ થયેલા પ્રોફેસરોથી માંડીને અભણ ગરીબ લારીવાળા ય હતા.ભારતમાં તો ખરું જ પણ દેશવિદેશમાં જ્યાં પણ હિંદુ મંદિરો હતા ત્યાં આ સમાચાર પ્રસરી ગયા. લોકોમાં એક ધાર્મિક ઉત્સાહ આવી ગયેલો. દૂધનું વેચાણ ૪૦થી ૫૦ % વધી ગયેલું, મંદિરની બહાર દર્શનાર્થીઓની લાઈનો લાગેલી. પણ આ દૂધનો ચમત્કાર બહુ ચાલ્યો નહિ, કારણ એની પાછળનું વિજ્ઞાન લોકો સમજ્યા. એ સમયની ભારતની Ministry of Science & Technology ના વૈજ્ઞાનિકોએ પ્રયોગો બતાવી આ ઘટના પાછળનું કેશાકર્ષણ-કેપિલરી એક્શન સમજાવેલું. .

દૂધનું પૃષ્ઠતાણ દૂધને ઉપર કેશાકર્ષણથી એક હદ સુધી ઉપર ચડાવે પછી ગુરુત્વાકર્ષણને લીધે દૂધ મૂર્તિમાં નીચે ઉતરી જાય. પછી તો વૈજ્ઞાનિકોએ આ ઘટના માટે "કેપીલરી એક્શન" ને જવાબદાર ઠેરવ્યું.

આ કેપેલરી એક્શન જ જમીનમાંથી પાણી વનસ્પતિના મૂળમાં અને ધીમે ધીમે ફળ સુધી પહોંચાડે છે. આના વગર વનસ્પતિ જગત જ ન રહે.

તો આ કેપિલરી એકશન છે શું, એ આમ જીવનમાં હાલતા ને ચાલતા ઉપયોગમાં આવે પણ આપણને સમજતા વાર લાગે, તો ચાલો, એ આજે સમજીએ. Capillary action એટલે- 'ગુરુત્વાકર્ષણની વિરુદ્ધ જઈ નાની નાની વાળ -કેશ જેવી- નળીઓમાં પ્રવાહી ઉપર ચડે તે ઘટના. કેશાકર્ષણ !'

આ કેપિલરી એકશન 'કોહેસન' પર આધાર રાખે છે.

પણ એ સમજતા પહેલાં આપણે પ્રવાહીના અમુક ગુણધર્મ સમજવા પડશે.

પ્રવાહીનું ટીપું ગોળ જ કેમ હોય? ચોરસ કેમ નહિ?

જેને વિજ્ઞાનના "ચમત્કાર" માં રસ હોય એને માટે સમજવું જરુરી.

કોઈ પણ પદાર્થ ઘન / પ્રવાહી કે વાયુ હોય, એના અણુઓ એકબીજા ને આકર્ષે છે, એકબીજાને પોતાની તરફ ખેંચે છે. આમાં પ્રમાણ ઓછું વધતું હોય, વાયુમાં આ આકર્ષણ સૌથી ઓછું, અને ઘનમાં સૌથી વધારે. આ ફોર્સ કે જેમાં એક જ જાતના અણુઓ એકબીજાથી ખેંચાય તેને કોહેસિવ ફોર્સ કહે. આજે અહીં પ્રવાહી પર વધારે વાત કરીએ.

જેમકે, પાણીના અણુઓ હોય , તો પાણીના અણુઓ એકબીજાની તરફ આકર્ષાય.



આકૃતિ-૧માં જુઓ કે પાણીના વાસણની અંદર રહેલું અણું ચારે બાજુથી બીજા અણુંઓથી સમતોલ રુપે ખેંચાયેલું/ આકર્ષાયેલું રહે છે. 'બેલેન્સમા' જ રહે છે. પણ પ્રવાહીની સાવ સપાટી પરના અણુની વાત કરીએ તો -સપાટી પરના અણુઓને તો અંદર રહેલા અણુ જ ખેંચે, નીચેની તરફ ખેંચે પણ સપાટીની ઉપર/બહાર તો કોઈ પાણીને અણુ નથી. માટે સપાટી પરના અણુઓ અંદરની બાજુએ ખેંચાયેલા રહે. એના પર સંતુલિત આકર્ષણ નથી, અંદરની બાજુ રહેલાં અણુઓનું જ એના પર ખેંચાણ છે. આમ, કોઈ પણ પ્રવાહીની સપાટી પર એક પ્રકારનું તાણ હોય, જાણે રબ્બર નું પાતળું પડ ખેંચાયેલું રહે તેમ સપાટી જાણે ટેન્શન માં હોય, એને પ્રવાહીનું સર્ફેસ ટેન્શન કહે છે, પૃષ્ઠ પરનું તાણ- પૃષ્ઠતાણ કહે છે.

હવે પ્રવાહીનું એકાદ એકલું અટૂલું ટીપું પડ્યું હોય એની વાત કરીએ.

પ્રવાહી પોતાની સપાટીને જાણે કેન્દ્રમાં થી અંદર ખેંચવા પ્રયત્ન કરે, કોકડું વળી જાય, પોતાની જાતમાં જ સંકોરાઈ જવાનો એનો પ્રયત્ન હોય. આમાં એ ઓછામાં ઓછી જગ્યા રોકવાનો પ્રયત્ન કરે. તો બધા અલગ અલગ આકારોમાં ગોળાકારની સપાટી (સર્ફેસ એરિયા)ઓછામાં ઓછી હોય, ગોળાકારનું ક્ષેત્રફળ સૌથી ઓછું હોય છે. એટલે પ્રવાહીનું ટીપું શક્ય હોય ત્યાં સુધી ગોળાકાર ટીપા રુપે રહે.

વરસાદનું ટીપું બને ત્યારે સંપૂર્ણ ગોળાકાર હોય, આકાશમાંથી પડે ત્યારે ગોળ હોય પણ જેમ જેમ નીચે પડવા માંડે એટલે એને હવાના ઝાપટા લાગે, વળી ગુરુત્વાકર્ષણ પણ લાગે એટલે એ પરફેક્ટ ગોળ ન રહે. એક mmથી નાના ટીપા સંપૂર્ણ ગોળાકાર હોય, મોટા ટીપા બન જેવા , ડમ્બેલ્સ જેવા લંબગોળ આકારના હોય, હવામાં હોય ત્યાં સુધી, પાછા જમીન પર પડે એટલે બને તેટલાં ગોળ puddle- ખાબોચિયું બનાવવા કોશિશ કરે!

જેમ પ્રવાહીના અણુઓ વચ્ચે એકબીજા માટે આકર્ષણ વધારે- 'કોહેસિવ ફોર્સ' વધારે તેમ પ્રવાહીનું સરફેસ ટેન્શન વધારે. કારણ પ્રવાહીની સપાટી, અંદર રહેલાં અણુઓથી વધારે ખેંચાણ અનુભવે. આના લીધે પ્રવાહીના ટીપાં મોટા બની શકે. પાણીનું સરફેસ ટેન્શન ૭૨ ડાઈન/ સેમી એટલે પાણીની સપાટી સર્ફેસ ટેન્શનને લીધે ઇલાસ્ટિક જેવી થઈ હોય, એને તોડવા, કે એમાં એક સેમીનો ફેરફાર કરવા ૭૨ ડાઈન બળ વાપરવું પડે. જ્યારે આલ્કોહોલનું સર્ફેસ ટેન્શન ઓછું ૨૨.૩ , પણ પારાનું અધધ ૪૬૫ ડાઈન! એટલે જ પારો એકદમ ગોળ મોટું ટીપું બનાવે.

પાણીના આ સર્ફેસ ટેન્શન ને લીધે તેની સપાટી થોડું વજન ઝીલી શકે, મચ્છર જેવા જીવડાં એની પર ચાલી શકે. આમ પાણી પર ચાલતા સંતોની દંતકથા આ વૈજ્ઞાનિક રીતે શક્ય ઘટનાની ભયંકર અતિશયોક્તિ exaggeration કહી શકાય!

નાનપણમાં કોણે નદી કિનારે કે તળાવમાં શાંત જળ પર એક સરસ પથ્થર શોધીને એને પાણી પર ફેંકી, પાણીની સપાટી પર કુદાવવાની મઝા નહિ લીધી હોય? અહીં તમારી પથ્થરને એક ચોક્કસ એન્ગલ પર ફેંકવાની કલા અને પાણી એક સપાટી તરીકે વર્તે છે, એ ખેંચેલી સપાટી છે , એ બંને વાત જવાબદાર છે!

ફરી આકૃતિ -૧ જુઓ, નીચે પાણીની અંદર રહેલા અણુઓ પર બધી બાજુ થી એકસરખું આકર્ષણ અનુભવે, જ્યારે સપાટી પરના અણુઓ નીચે ખેંચાયેલા છે એટલે સપાટી રબ્બરની જેમ નીચે ખેંચાયેલી રહે છે, તાણ અનુભવે. ઘનમાં પણ આ ગુણધર્મ છે, તેથી જ અધિશોષણ, અવશોષણ વગેરે થાય. સપાટી પર અસંતૃપ્તતા હોય જ.ઘન પદાર્થ પણ વાયુને અને પ્રવાહીને શોષે એ એની સપાટી પરની અસંતૃપ્તતાને લીધે.

ઘન પદાર્થોનું ક્રિસ્ટલ સ્ટ્રક્ચર મજબૂત હોવાથી આમ કોંકડું ન વળે.

આટલી વાત / પૃષ્ઠતાણની આટલી બધી પૃષ્ઠભૂમિકા કરી તો હવે સમજીએ -આ કેપિલરી એકશન છે શું?

આપણને ખારી જમીન પર સમુદ્રકાંઠે ઊગતા, ૩૦-૪૦ કે વધારે ફૂટ ઊંચે લાગતા , મીઠા પાણી વાળા નારિયેળની નવાઈ નથી લાગતી, એમાં ચમત્કાર નથી લાગતો. પણ કુદરત તો રાત દિવસ આવા કેટલાય ચમત્કારો કરે છે! આ નાળિયરમાં જે પાણી છે તે ગળાઈ મધુર થઈ , નાળિયરીની મેમ્બ્રેન ટીસ્યૂમાંથી પસાર થઈ કેશાકર્ષણથી ઉપર ચડેલું છે.નાળિયેરીના વૃક્ષની મૂળિયાની વ્યવસ્થા જબ્બર હોય છે, જે જમીનના પાણીને ઉપર ખેંચે છે, અને પછી કેશાકર્ષણથી ઉપર ને ઉપર નાળિયર ફળ સુધી પહોંચી જાય , માઉન્ટેનિયરની જેમ ચડતું ચડતું! વળી પાણી મીઠું હોય એનું કારણ પણ મૂળિયા છે. એ મૂળ પાણીમાંથી ક્ષારને રહેવા દે અને મીઠું પાણી તથા પોષક તત્વો જ શોષે.

" કેશાકર્ષણ / કેપીલરી એક્શન " શબ્દ તો શાળામાં ભણતા ત્યારથી સાંભળ્યો છે.

ચિત્ર ૨ જુઓ: નાની વાળ જેવી નળીમાં પ્રવાહી આપમેળે ઉપર જાય એને કેપિલરી એક્શન કહેવાય.







પ્રવાહી ના અણુઓ વચ્ચેના એકમેકના આકર્ષણ -પ્રવાહી- પ્રવાહી વચ્ચેના આકર્ષણને 'કોહેસિવ ફોર્સ' કહેવાય છે, એ આપણે આગળ જોયું, પણ જો અલગ જાતના બે અણુઓ સંપર્કમાં હોય જેમકે કાચની નળીમાં ભરેલું પાણી જેમાં પાણીના અણુઓ કાચના અણુઓના સંપર્કમાં છે. તો પાણી અને કાચ વચ્ચે પણ આકર્ષણ થાય એ જે આકર્ષણ થાય તેને 'એડહેસિવ ફોર્સ' કહેવાય. આમ, બે અલગ પ્રકારના અણુઓ વચ્ચેના આકર્ષણને 'એડહેસિવ ફોર્સ' કહીએ છીએ,

જ્યારે 'કોહેસિવ ફોર્સ' કરતાં 'એડહેસિવ ફોર્સ' વધી જાય, ત્યારે-

કેશ (વાળ ) જેવી સાંકડી નળીમાંની કાચની દિવાલ વચ્ચે પ્રવાહી નળીમાં સડસડાટ ઊપર ચડે. (ચિત્ર ૨a અને ૨b.)

કાચને બદલે કપડું કે રુ ની વાટ હોય, ને પ્રવાહી ઘી / તેલ હોય તો દીવાની વાટમાં એ ચડે અને દીવો બળે.

બધી વનસ્પતિના કોષો પણ હો જેમાં મૂળમાંથી પાણી પાન સુધી આ રીતે કેશાકર્ષણથી જ ચડે.

ચિત્ર -૩ !




તો છેલ્લે - એમના શરીરના પ્રમાણમાં પાતળી કેશનળી જેવી સૂંઢથી ગણેશજી ચપોચપ દૂધ પીએ કે નહિ? તમે જ નક્કી કરો!

drttrivedi@gmail.com

## મેનેજમેન્ટ ટિપ્સ

# એક્ઝિક્યુશન રિસ્ક અને સમય મર્યાદાના સંચાલન પર પાઠ

બેટી જાયી તબ જાનિયે, જબ પેર પરોસે ભાત. ખેતી જાયી તબ જાનિયે, જબ ખરિહાન આવે હાથ." (દીકરીના લગ્ન ત્યારે જ સંપન્ન થયેલા માનો, જ્યારે મહેમાનોની થાળીમાં ભોજન પીરસાઈ જાય. ખેતીનો પાક ત્યારે જ સફળ માનો, જ્યારે લણણી થઈને અનાજ સુરક્ષિત રીતે ખળામાં આવી જાય.)

મેનેજમેન્ટ પાઠ : "ડેફિનેશન ઓફ ડન" (કાર્ય પૂર્ણ થવાની ચોક્કસ વ્યાખ્યા). પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં, કોઈ કાર્ય માત્ર એટલા માટે પૂરું નથી થઈ જતું કે તેનું "૯૦% કોડિંગ થઈ ગયું છે" કે "ડ્રાફ્ટ લગભગ તૈયાર છે". ઘણા પ્રોજેક્ટ્સ છેલ્લા તબક્કે સિસ્ટમ લોન્ચિંગની ખામીઓ, કાનૂની અવરોધો અથવા અંતિમ સમયની અસમંજસતાને કારણે નિષ્ફળ જાય છે. એક મહાન મેનેજર ક્યારેય સમય પહેલાં જીતની ઉજવણી નથી કરતો. સાચી સફળતા ત્યારે જ ગણાય જ્યારે અંતિમ પ્રોડક્ટ સફળતાપૂર્વક માર્કેટમાં આવી જાય અને યુઝર (ગ્રાહક) માટે મૂલ્યવાન સાબિત થાય.

સંકલન - ઉન્મેશ દીક્ષિત

## ટુડે ઈન હિસ્ટ્રી

# ઋષિકેશ મુખર્જીની પુણ્યતિથિ

ઋષિકેશ મુખર્જી એક ભારતીય ફિલ્મ નિર્માતા હતા. તેઓ ભારતીય સિનેમામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે જાણીતા છે. ઋષિકેશ મુખર્જીનો જન્મ ૩૦ સપ્ટેમ્બર, ૧૯૨૨ના રોજ કોલકાતામાં થયો હતો અને ૨૭ ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું હતું. તેમણે વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો, કલકત્તા યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્રમાં ડિગ્રી મેળવી હતી અને થોડા સમય માટે શિક્ષક તરીકે પણ કામ કર્યું હતું. આનંદ અને મિલી જેવી ફિલ્મોથી ભારતીય સિનેમાને નવી ઊંચાઈઓ પર પહોંચાડનારા ઋષિકેશ મુખર્જીએ ૧૯૫૩માં દો બીઘા જમીનમાં સહાયક દિગ્દર્શક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમની છેલ્લી ફિલ્મ ઝૂટ બોલે કૌવા કાટે ૧૯૯૮માં રિલીઝ થઈ હતી. ઋષિકેશ મુખર્જી પરિણીત હતા અને તેમને ત્રણ પુત્રીઓ અને બે પુત્રો હતા. તેમની પત્નીનું ૩૦ વર્ષ પહેલા અવસાન થયું હતું. તેઓ પ્રાણી પ્રેમી હતા અને તેમના બાંદ્રાના ઘરમાં ઘણા કૂતરા અને એક બિલાડી હતી. મુખર્જીની ફિલ્મોની સૌથી મોટી લાક્ષણિકતા તેમનો સામાજિક સંદર્ભ છે.હૃષિકેશ મુખર્જીને યાદ કરતાં, પ્રખ્યાત ગાયિકા લતા મંગેશકર કહે છે, મને તેઓ એક દિગ્દર્શક અને મારા મોટા ભાઈ તરીકે યાદ છે. લતા માને છે, ગુરુ દત્ત, શાંતારામ અને બિમલ દા પછી, હૃષિકેશ દાની ફિલ્મોમાં ભારતનું પ્રતિબિંબ પડતું હતું.

## બહુ કરી ભાઈ...! Yom




### સંચાલન : કર્મચારીઓ સ્વાભાવિક રીતે મિત્રતા અને અનૌપચારિક સંબંધો વિકસાવે છે

# જ્યારે ટીમની અંદર જ એક બીજી ટીમ બને છે !



મેનેજમેન્ટની વાતો

માહિતી, તકો, માન્યતા અને જવાબદારીઓ સ્પષ્ટ અને પારદર્શક સિદ્ધાંતો પર વહેંચવી જોઈએ

નયન આર. કોઠારી

એક મેનેજર એવું માનતો હશે કે એક જ વિભાગમાં બેઠેલા દસ લોકો ભેગાથઈને એક ટીમ બનાવે છે. પરંતુ ક્યારેક, સંગઠનાત્મક ચાર્ટ પાછળ, તેમાં બે કે ત્રણ નાની ટીમો કાર્યરત હોય છે. લોકો સાથે બેસે છે, એક જ મીટિંગમાં હાજરી આપે છે અને એક જ મેનેજરને રિપોર્ટ કરે છે, છતાં માનસિક રીતે તેઓ અલગ અલગ જૂથોના હોય છે. આ 'ટીમ અંદર એક ટીમ' ઘટના છે, અને જો તેને ગંભીરતાથી ન લઈને બેરોકટોક વિકસવા દેવામાં આવે તો તે સંગઠનાત્મક કામગીરીને ગંભીર અસર કરી શકે છે.

ટીમમાં એક બીજી ટીમ જરૂરી નથી કે તે હંમેશા અનિચ્છનીય હોય. કર્મચારીઓ સ્વાભાવિક રીતે મિત્રતા અને અનૌપચારિક સંબંધો વિકસાવે છે. સમસ્યા ત્યારે શરૂ થાય છે જ્યારે નાના જૂથ કે ટીમ પ્રત્યેની વફાદારી મોટી ટીમ પ્રત્યેની પ્રતિબદ્ધતા કરતાં વધુ મજબૂત બને છે.

તે કેવી રીતે વિકસે છે? : આવા જૂથો ઘણા કારણોસર ઉભરી શકે છે - લાંબા સમયથી ચાલતી મિત્રતા, સામાન્ય હિતો, સમાન પૃષ્ઠભૂમિ, પ્રમોશન માટેની સ્પર્ધા, વરિષ્ઠતા અથવા ફક્ત એટલા માટે કે કેટલાક કર્મચારીઓ વર્ષોથી સાથે કામ કરે છે કે કોઈ વાર એવું પણ બને કે સાથે કોઈ વ્યસન કરે છે.

દસ લોકોના માર્કેટિંગ વિભાગનો વિચાર કરો. છ કર્મચારીઓ ઘણા વર્ષોથી સાથે કામ કરી રહ્યા છે. તેઓ ગ્રાહકોની અનૌપચારિક ચર્ચા કરે છે, એકબીજા સાથે માહિતી શેર કરે છે અને ઘણીવાર સત્તાવાર મીટિંગ પહેલાં નિર્ણયો લે છે. બાકીના ચાર ધીમે ધીમે બાકાત અનુભવે છે. તેઓ નવા વિચારો કે મંતવ્યો આપવાનું બંધ કરે છે કારણ કે તેઓ માને છે કે પેલા "આંતરિક વર્તુળ"ને કોઈપણ રીતે શ્રેય મળશે. મિત્રતા તરીકે જે શરૂ થયું તે હવે સહયોગ માટે અવરોધ બની ગયું છે.

ચેતવણી ચિહ્નોને ઓળખો : મેનેજરોએ માહિતીની પસંદગીયુક્ત વહેંચણી, કર્મચારીઓ હંમેશા સમાન સાથીદારો સાથે કામ કરે છે, મીટિંગ પહેલાં અનૌપચારિક નિર્ણયો લે છે, 'આપણે વિરુદ્ધ તેઓ' વાતચીત, જૂથની બહારના લોકોને મદદ કરવામાં અનિચ્છા અને બીજા પેટાજૂથ પર વારંવાર દોષારોપણ જેવા સંકેતો પર ધ્યાન આપવું જોઈએ. જ્યારે એકજ ઘટનાના વિવિધ સંસ્કરણો મળે તે સૂચવે છે કે ટીમ હવે એક સામાન્ય દ્રષ્ટિકોણથી કાર્ય નથી કરી રહી.

મેનેજરે શું કરવું જોઈએ? : પહેલું પગલું 'નિદાન છે, મુકાબલો નથી.' મેનેજરે સમજવું જોઈએ કે જૂથ શા માટે રચાયું છે. શું વિશ્વાસનો અભાવ છે? પક્ષપાત અનુભવાયો છે? સ્પર્ધા? અસમાન તકો? અથવા તે ફક્ત એક જૂની મિત્રતા છે જે અજાણતાં ખાસ બની ગઈ છે?

બીજું પગલું એ 'સામાન્ય હેતુ' સ્થાપિત કરવાનું છે. કર્મચારીઓએ સમજવું જોઈએ કે તેઓ એકબીજા સામે સ્પર્ધા કરી રહ્યા નથી; તેઓ એક સામાન્ય સંગઠનાત્મક ઉદ્દેશ્ય તરફ કામ કરી રહ્યા છે. પ્રોડક્શન મેનેજર ઓપરેટરો માટે વ્યક્તિગત લક્ષ્યો નક્કી કરી શકે છે પરંતુ ફાઇનલ પ્રોડક્ટનો અસ્વીકાર દર ઘટાડવા માટે ટીમ માટે એક સામાન્ય લક્ષ્ય આપશે. પરિણામે દરેકને બીજા બધાને મદદ કરવામાં રસ જાગશે કારણ કે ટીમનું પ્રદર્શન તે બધાને અસર કરશે.

જૂથો તોડો : મેનેજરોએ ઇરાદાપૂર્વક વિવિધ જૂથોના કર્મચારીઓ માટે સાથે કામ કરવાની તકો ઊભી કરવી જોઈએ. જો A, B અને C હંમેશા સાથે કામ કરે છે, તો આગામી પ્રોજેક્ટ પર A ને D અને E સાથે રાખો.

પ્રોજેક્ટ ટીમ રચનામાં સરળ ફેરફાર નવા સંબંધો બનાવી શકે છે અને કર્મચારીઓને અગાઉ અવગણવામાં આવેલા સાથીદારોમાં ક્ષમતાઓ શોધવામાં મદદ કરે છે.

ક્રોસ-ટ્રેનિંગ, માર્ગદર્શન, કાર્યવર્તન અને સંયુક્ત સમસ્યા-નિરાકરણ રમતો પણ એક ચોક્કસ પેટાજૂથ પર નિર્ભરતા ઘટાડી શકે છે.

પક્ષપાત ટાળો : વ્યવસ્થાપક પક્ષપાત વધુ ઝડપથી આંતરિક વર્તુળને મજબૂત બનાવે છે. માહિતી, તકો, માન્યતા અને જવાબદારીઓ સ્પષ્ટ અને પારદર્શક સિદ્ધાંતો પર વહેંચવી જોઈએ.

એક મેનેજર જે હંમેશા સમાન ત્રણ કર્મચારીઓને મહત્વપૂર્ણ સોંપણીઓ આપે છે તે અજાણતાં આંતરિક વર્તુળ બનાવી શકે છે. અન્ય લોકો આખરે પ્રયાસ કરવાનું બંધ કરી દેશે.

સામૂહિક જવાબદારી બનાવો : વ્યક્તિગત KPI મહત્વપૂર્ણ છે, પરંતુ વ્યક્તિગત પ્રદર્શન પર વધુ પડતો ભાર સહયોગને બદલે સ્પર્ધાને પ્રોત્સાહન આપી શકે છે. ટીમ-સ્તરના માપદંડો - ગ્રાહક સંતોષ, પ્રોજેક્ટ પૂર્ણતા, ગુણવત્તા સુધારણા અથવા એકંદર વેચાણ - સહિયારી જવાબદારી બનાવી શકે છે. સરળ સંદેશો આપો:' તમારી સફળતા તમારા સાથીદારોની સફળતા સાથે જોડાયેલી છે.'

એક ટીમ બનાવો : ઉદ્દેશ મિત્રતાનો તોડવાનો નથી અથવા કર્મચારીઓને અનૌપચારિક જૂથો બનાવતા અટકાવવાનો નથી. ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વ્યક્તિગત સંબંધો સંગઠનાત્મક વિભાગો ન બને.

એક મજબૂત મેનેજર એવું વાતાવરણ બનાવે છે જ્યાં કર્મચારીઓ દુશ્મન બન્યા વિના અસંમત થઈ શકે, હરીફ બન્યા વિના સ્પર્ધા કરી શકે અને અન્યને બાકાત રાખ્યા વિના મિત્રતા જાળવી શકે. આખરે, મેનેજરનું કામ કર્મચારીઓને 'મારા જૂથ અને મારા લોકો' માંથી 'આપણી ટીમ અને અમારા ઉદ્દેશ્ય' તરફ લઈ જવાનું છે. જ્યારે લોકો આખી ટીમની સફળતાને પોતાની સફળતા તરીકે જોવાનું શરૂ કરે છે, ત્યારે ટીમની અંદરની ટીમ અદૃશ્ય થઈ જાય છે અને એક મજબૂત, સંયુક્ત ટીમ ઉભરી આવે છે.

nayan.r.kothari@gmail.com

## બુધિયો ચાલ્યો નિશાળે

- મંગલ દેસાઈ

# ટેલિફોનનો એક ટાઈમ હતો - ૨

અત્યારે તો મોબાઈલનું ઓશીકું બનાવીને સુઈ જવાનો ટાઈમ ચાલે છે..!અને એટલે જ બેડરૂમનું 'ઓશીકું' નજીક સુતેલાને વાગે છે..!!જ્યારે એક ટાઈમ હતો..આખા વિસ્તારમાં કે ફ્લેટમાં માંડ એક જ ટેલિફોન હતો!અને તેમ છતાં દૂરના સ્વજનોને જોડેલા રાખતો!

એ જમાનામાં ટેલીફોનને ડબલુ કહેવાતું!આ 'ડબલુ' શબ્દ ત્યાંથી નીકળ્યો હતો જેની પાસે આ શ્યામ-રંગી મોંઘેરું 'દૂર દ્વિમાર્ગી ધ્વનિ સંચાર યંત્ર' નો'તું!આખા વિસ્તાર પોળ કે ચાલીમાં એકાદું ડબલુ જ હોય!આ ડબલુ લેનારે શબ્દોની ભારે કિંમત ચૂકવવી પડતી!

જે લઈ શકે એને ત્યાં જ આ શબ્દ સ્માર્ટ સિંહાસન મેળવી શકતા!બાકીના જે ન લઈ શકતા પોતાની શક્તિ નથી એવું કહેવાને બદલે એને ડબલુ કહી દેતા!

આ એ જમાનો હતો..જ્યારે ડબલુ નોંધાવવું પડતું!સાત આઠ વર્ષે લાગવગ હોય એને ત્યાં જ ડબલુ લાગતું!!આ એ જમાનો હતો જ્યારે 'ડબલુ' શબ્દ પાચનયંત્ર માટે જ વપરાતો હતો...!!પાચનતંત્ર વાળું 'ડબલુ' કોમન પીપલ માટે તદ્દન કોમન હતું!ખુરશીના ખેલ આઝાદી પછી શરૂ થઈ ચૂક્યા હતા એટલે લાકડું ચોંટાડવામાં લોકબોલી બની ગયેલું ગુંદરનું ડબલુ આવી ચૂક્યું હતું!એમાં તાર ભરાવી હાલક ડોલક કરતા પાચનતંત્રનો 'કોલ' પબ્લિક પુરી કરતી!પાચનતંત્રનો 'કોલ' ગુંદર-કોલનું ડબલુ પૂરું કરતું!એ જોઈને લોક બોલીના શબ્દ સર્જકો ને ટેલિફોન જોતા જ નવો શબ્દ સ્ફુરી ગયો!'ડ..બ..લુ....'!! બંનેમાં નવું નવું આવેલું પ્લાસ્ટિક મટીરીયલ હતું અને બંને યંત્રમાં વાત તો 'કોલ'ની જ હતી ને!અને પછી ધ્વનિ સંચારયંત્રને અધુરપના શબ્દ સર્જકોએ આપેલું પાચનયંત્રનું નામ કરણ 'ડબલુ' લોકબોલી બની ગયું!બધાને ખબર જ હતી..આ ખબરયંત્ર તો પાચનયંત્રના ડબલુ કરતા પણ કિંમતી ઘરેણું છે!જે 'હાથમાં' ન પકડી શકાય એટલું મોંઘું હોય એને હાથમાં પકડી શકાય એનું નામ આપી..સંતોષ માનતા લોકો હતા..એ જમાનામાં.. મોટાભાઈ!

ટેલિફોન કિંમતી ઘરેણું જ હતું!આમ તો આપણે કિંમતી ઘરેણાં લૂંટાઈ જવાના ડરે લોકરમાં રાખીયે..પણ ટેલિફોનને લોક કરીને ઘરના દીવાનખંડમાં જ દેખાય એ રીતે મુકવામાં આવતો!દસ આંકડાનું ચકરડું ખૂબ મોંઘુ અને કિંમતી હતું!ઘરના જ વાતોડિયાઓ થી બચવા એને તાળું મરાતું!ચાવી ઘરના વડીલ પાસે રહેતી!એને ખુલ્લું મૂકી રાખો તો ફોન તો ના લૂંટાય પણ ફોન રાખનારો લૂંટાઈ જાય!શબ્દોની કિંમત હતી..મોટાભાઈ!એક ટંગ-કોલ વીસ થી પચાસ રૂપિયાનો મિનિમમ થતો!

અત્યારે આપણે એકબીજા પર આંગણીઓ કરીયે છીયે!એ ટાઈમ હતો જ્યારે આંગણી ફરતી અને એકબીજા જોડે સ્નેહ સમાચારની વાતો થતી!હવે ચકરડાં વાળા ફોન નથી એટલે આંગણીઓ નવરી પડી છે!કદાચ..એટલે જ આંગણીને બીઝી રાખવા એકબીજા પર આંગણી કરવાનો ક્રેઝ ચાલે છે!

પેલી કહેવત છે ને કે એક આંગણી સામેવાળા પર ઉઠે તો આપણી જ બાકીની આંગણીઓ આપણા પર ઉઠે!ચકરડાવાળા ટેલિફોન માટે આ કહેવત ખોટી પુરવાર થતી!એક આંગણી ફરતી અને સામેવાળા સ્વજનનો હાથ આપણા તરફ ઉઠતો!આંગણીથી ફોન થતો..અને હાથથી ફોન ઉઠતો!અને મદદની કે હૂંફની જરૂર હોય તો બીજો હાથ એ માટે તૈયાર રહેતો!

રીંગની વેલ્યુ હતી!!

અત્યારે રિંગ મારો તો મિસકોલ થઈ જાય!અને એ ટાઈમ હતો..રિંગ વાગતી અને આખું ઘર એલર્ટ થઈ જતું!કિચનમાંથી મમ્મી દોડતી અને રૂમમાંથી વહુ!બાથરૂમમાં ગયેલા ડેડી અંદરથી જ બુમો મારતા!'અરે..રિંગ ઉઠાવો!'

રિંગ વાગતા ટેલીફોનને ઘરના સભ્યો બોક્સિંગની રિંગ હોય એમ ઘેરી વળતા!એક જ રીંગમાં ફોન ઉઠાવવામાં બીક લાગતી!કપાઈ જશે તો??!એટલે..સાત આઠ રીંગ વાગ્યા પછી જ ફોન ઉઠતો! સામેવાળા સ્વજન પણ સમજુ હતા!ચાર પાંચ રિંગ મારી ફોન કાપી નાંખતા!કારણ??ઘરના સ્વજનોને ફોન સુધી પોહચવાનો સમય તો આપવો પડે ને!!બીજી રિંગ આવે ત્યાં સુધી ઘરમાં સોંપો પડી જતો!એકબીજાની સામે મુક બનીને સવાલ પૂછતાં.. 'કોનો ફોન હશે?!'

બાપુજી બાથરૂમની નિરાંતની પળોમાંથી ભીના હાથે અને અડધા પલળેલા છાપે..સો મીટરની દોડ પુરી કરીને ફોન પાસે પોહચતાં!વેલણ પકડેલી વાઈફને વઢી નાંખતા!

'તું દર વખતે ધીમી દોડે છે!!'

'અને તમે ફોન આવે ત્યારે બાથરૂમમાં જ ભરાયેલા હોવ છો!'

વહુ..ખુશ થઈને મુક સવાલનો જવાબ બોલતી!

'રિંગ પરથી તો મારી મમ્મીનો જ લાગે છે!રાજકોટથી ટ્રંક કોલ હોય ત્યારે આવી જ રિંગ વાગતી હોય છે!'

કોલર ટ્યુન નોહતા!તેમ છતાં..રિંગ પરથી ઝઝમેન્ટ લેવાતું!લગભગ સાચું પણ પડતું!કારણ બીજું પણ હતું!દરેક દૂરના સ્વજનોનો ખુશી વ્યક્ત કરવાના સંદેશાઓ આપવાનો એક ટાઈમ ફિક્સ હતો!મુંબઈ વાળા માસી બપોરે જ ફોન કરે..અને રાજકોટવાળા વેવણ.. વેલણ પકડ્યું હોય ત્યારે..સવારે જ ફોન લગાવે!

'સવારે..મારી મમ્મી જ ફોન કરતી હોય છે!એનો જ હશે!'

'એ ખરું!સારું તું ફોન પાસે ઉભી રહે..રોટલી બળી ગઈ હશે!ઉતારી લઉં!'

એ વખતે ફોનની રાહમાં રોટલી બળી જવાની કોઈને ફિકર નોહતી!એ ટાઈમે સંદેશા વ્યવહારમાં ભોજન વ્યવહાર થોડોક ટાઈમ અટકી જતો!અત્યારે ભોજન વ્યવહાર ખોરવાઈ ગયો છે!!ત્યારે રોટલીઓ બળી જતી..અત્યારે રોટલીઓ પડી રહી છે.. મોટીબુન!

'ટ્રીન..ટ્રીન..ટ્રીન!'

'ઉપાડ..!'

બીજી રીંગમાં ફોન જલ્દી ઉપાડી લેવામાં આવતો!આવું કરવાનું કારણ તો દુરસંચાર એન્જીનયર્સ પાસે પણ ન હતો!સામેથી કોમન સવાલ પુછાતો!

'હેલો..ઓવ..કોણ બોલે?!'

રોંગ નંબરનો ડર દરેકને સતાવતો!એટલે આ સવાલ પૂછી જ લેવાતો!દિલ ધડકતું..અને બીલ વધી ન જાય એટલા જ શબ્દોની ઝડપથી આપલે થતી!

'મમ્મી..શીલુ બોલું..!!'

અવાજ પરથી સ્વજન ઓળખાઈ જતો!

એક જ ફોનના રિસીવરમાં આખું ઘર વારાફરતી વાત કરતું!!અને અત્યારે..પોતપોતાના રૂમમાંથી વારાફરતી પોતાની ફુરસદે બધા વાત કરે છે!મોબાઈલને વાયર નથી..તો પણ છૂટતો નથી!અને ત્યારે ટેલીફોનને ગુંચડા વાળો વાયર હતો..અને એ ગુંચડું..આખા ઘરના બધા પ્રશ્નોના ગુંચડા એક જ ટ્રંક કોલમાં ઉકેલી નાંખતું!

આ તો એની વાત જેના ઘરે ફોન હતો!પણ જેના ઘરે ફોન ન હોય એની વેદના જુદી જ હતી!

ફોનવાળા પાડોશી જોડે સબંધ સારો રાખવો પડતો!પણ એક વાત એ ટાઈમે જોરદાર હતી! ટેલિફોન ગ્રાહક પાડોશી જોડે બોલવાના સબંધ ન હોય..તો પણ એ ફોન આવે ત્યારે બોલાવતો!!

ટેલીફોનમાં નહીં બોલનારના પણ બોલવાના સંબંધ જડવાયેલા રહે એવી ખેલદિલી ત્યારે હતી..!!

બુધીયો કહે છે..એક ટાઈમ હતો..રાત્રે ઘંટડી વાગતી તો ખતરાની ઘંટી લાગતી!'નક્કી કોઈ ગયું..!'રીંગની આડે દુશ્મની નડતી નહીં!અને અત્યારે..રિંગને બ્લોક કરવાનો રિવાજ ચાલે છે.. મોટાભાઈ!

mangal.desai2112@gmail.com

માથા પર હેરનેટ અને હાથમાં ડિસ્પોઝેબલ ગ્લવ્ઝ ફરજિયાત

# સુરત-ઉધના સ્ટેશને કેટરિંગ સ્ટાફ માટે નવો ડ્રેસ કોડ : હવે લાલ-કાળો યુનિફોર્મ

## બ્લેક કોલર, લાલ રંગની પોલો ટી-શર્ટ, બ્લેક ફૂલ પેન્ટ સાથે બ્લેક હાફ એપ્રન

। સુરત ।

સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોને હવે કેટરિંગ સ્ટોલ અને કેન્ટીનના કર્મચારીઓ એકસરખા પ્રોફેશનલ લુકમાં જોવા મળશે. પશ્ચિમ રેલવે દ્વારા લાઈસન્સ પ્રાપ્ત કેટરિંગ સ્ટોલ તથા યુનિટમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે નવી ડ્રેસકોડ વ્યવસ્થા લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી આ નવી યુનિફોર્મ પહેરવી ફરજિયાત રહેશે.

રેલવેના નિર્દેશ મુજબ કર્મચારીઓએ લાલ રંગની પોલો ટી-શર્ટ પહેરવાની રહેશે. ટી-શર્ટમાં કાળો કોલર અને કાળા બટન ઉપરાંત સ્લીવ તથા ચેસ્ટ પોકેટ પર પણ કાળી બોર્ડર રહેશે. તેની સાથે કાળી ફૂલ પેન્ટ, કાળો હાફ એપ્રન અને કાળા શૂઝ અથવા સેન્ડલ પહેરવાના રહેશે. સ્ટેશન પર અલગ-અલગ કેટરિંગ સ્ટોલના કર્મચારીઓ એકસરખા ડ્રેસમાં જોવા મળે તેવો મુખ્ય હેતુ આ વ્યવસ્થાનો છે. રેલવેએ કર્મચારીઓની ડ્રેસકોડ સાથે ખાદ્યસામગ્રીની સ્વચ્છતા અંગે પણ નિયમો કડક કર્યા છે. ડ્યૂટી દરમિયાન ડિસ્પોઝેબલ હેન્ડ ગ્લવ્સ અને હેરનેટ પહેરવું ફરજિયાત રહેશે. કર્મચારીઓના કપડાં સ્વચ્છ, વ્યવસ્થિત અને ઈસ્ત્રી કરેલા હોવા જરૂરી રહેશે. મુસાફરોને પીરસવામાં આવતા ખોરાકની ગુણવત્તા સાથે તેની તૈયારી અને સર્વિંગ દરમિયાન સ્વચ્છતા જળવાય તે માટે રેલવે દ્વારા આ બાબત પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનિય છે કે છેલ્લા ઘણા સમયથી ફુડ વિભાગ સબંધિત વિવિધ ફરિયાદો તંત્રને મળી છે. જેને કારણે કેટરિંગ સ્ટોલમાં લોકોને સ્વચ્છ ખાદ્યસામગ્રી મળી રહે તે હેતુથી પશ્ચિમ રેલવે દ્વારા નવો ડ્રેસકોડ લાગુ કરાયો છે.

### અધિકારીઓના નિરીક્ષણમાં હાઇજીન પણ ચકાસાશે

સુરત અને ઉધના સ્ટેશન પર કેટરિંગ યુનિટના નિરીક્ષણ દરમિયાન હવે માત્ર ખાદ્યસામગ્રી કે સ્ટોલની સ્થિતિ જ નહીં, પરંતુ કર્મચારીઓની યુનિફોર્મ અને વ્યક્તિગત સ્વચ્છતાની પણ ચકાસણી કરવામાં આવશે. સીએમઆઈ, સ્ટેશન સુપરિન્ટેન્ડન્ટ અને કમર્શિયલ ઇન્સ્પેક્ટર દ્વારા કરાયેલા નિરીક્ષણનો અહેવાલ ડિવિઝન કચેરીને મોકલવામાં આવશે. નવી વ્યવસ્થાનો ભંગ કરનારા લાઇસન્સધારકો અને કર્મચારીઓ સામે નિયમ મુજબ દંડાત્મક કાર્યવાહી થઇ શકે છે. ખાસ કરીને સુરત અને ઉધના જેવા સતત મુસાફરોની અવરજવર ધરાવતા સ્ટેશનો પર કેટરિંગ સ્ટાફ માટે આ નિયમનો અમલ મહત્ત્વનો રહેશે.

# રહેણાક વિસ્તારમાં મિલોના ધુમાડાથી વ્યાપક પરેશાની, પૂર્વ મેયરની ફરિયાદ

। સુરત ।

સુરત મહાનગરના કતારગામના રહેણાક વિસ્તારોની આસપાસ ધમધમતી ડાઈંગ-પ્રિન્ટિંગ મિલોને લઈને હવે પ્રદૂષણનો મુદ્દો ગરમાયો છે. પૂર્વ મેયર અને વોર્ડ નં. ૬ના મ્યુનિસિપલ કોર્પોરેટર દક્ષેશ માવાણીએ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન વિભાગના રાજ્યકક્ષાના મંત્રીને લેખિત રજૂઆત કરી વિસ્તારમાં ચાલતી ડાઈંગ મિલો તથા ઔદ્યોગિક એકમોની તાત્કાલિક તપાસ કરવાની માગ કરી છે.

પૂર્વ મેયરની રજૂઆત મુજબ, કતારગામમાં વિવિધ ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા ધુમાડા અને દુર્ગંધ ઉપરાંત હવામાં કાળી ધૂળના પ્રદૂષણથી આસપાસના રહેવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સરદારનગર, શ્રીનિકેતન, સોહમ રેસિડેન્સી, શાંતિનિકેતન, અલકાપુરી, સહયોગ, અરીહંત પાર્ક, ગૌતમ પાર્ક અને દિવ્યજ્યોત એપાર્ટમેન્ટ સહિતની સોસાયટીઓ નજીક ઔદ્યોગિક પ્રવૃત્તિના કારણે પર્યાવરણ અને જાહેર આરોગ્ય સામે જોખમ ઊભું થવાની ચિંતા વ્યક્ત કરાઈ છે.

રજૂઆતમાં સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરાવી હવા અને પાણીના નમૂના લઈ વૈજ્ઞાનિક ચકાસણી કરવાની માગ કરાઈ છે. પર્યાવરણના નિયમોનું ઉલ્લંઘન કરતા એકમો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવા પણ જણાવાયું છે. સાથે જ રહેણાક વિસ્તારમાં ડાઈંગ મિલો ચલાવવાની મંજૂરી અને નિયમોની પણ તપાસ કરી, જો જરૂરી જણાય તો આવી મિલોને રહેણાક વિસ્તારની બહાર ખસેડવા માટે યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરાઈ છે.

# રસ્તાઓ અને ફૂટપાથ પર લારીગલ્લા તેમજ પાથરણા વાળાઓનો અડિંગો

## હાઈકોર્ટના નિર્દેશ અંગે કાનૂની અભિપ્રાય મેળવી દબાણો દૂર કરવા કોર્પોરેટરની માંગ

। સુરત ।

શહેરના તમામ રસ્તાઓ પર પીક-અવર્સ દરમિયાન ટ્રાફિકથી શહેરીજનો પરેશાન છે. પાલિકા અને પોલીસ તંત્ર દ્વારા તેનો ઉકેલ લાવવા માટે સતત પ્રયાસો જારી છે પરંતુ કેટલાક વિસ્તારોમાં ફૂટપાથ પર જાહેર માર્ગ પર લારી-ગલ્લા અને પાથરણાવાળાઓના લીધે સવાર-સાંજ વાહનચાલકો માટે ત્યાંથી પસાર થવું મુશ્કેલ થઇ પડે છે. ઝીરો દબાણ રૂટ પર પણ આ જ પરિસ્થિતિ છે. આ અંગે કોર્પોરેટર વ્રજેશ ઉનડકટે સામાન્ય સભામાં રજૂઆત કરી હતી અને દબાણ કરનારાઓ સામે કાર્યવાહી કરવાની રજૂઆત કરી હતી.

કોર્પોરેટર વ્રજેશ ઉનડકટે તેમની રજૂઆતમાં જણાવ્યું હતું કે બે વર્ષ પહેલા મનપા કમિશનર દ્વારા ઝીરો દબાણ રૂટ પર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને દબાણ કરનારાઓને દૂર કરવામાં આવ્યા હતા. તે સમયે ૧૧૬ લારી-ગલ્લા પાથરણાવાળાઓ હાઈકોર્ટમાં પિટિશન કરી હતી. ત્યારે કોર્ટે મનપામાં સ્ટ્રીટ વેન્ડર પૉલિસી અમલ નહીં થાય ત્યાર સુધી લારી-ગલ્લા, પાથરણા દૂર નહીં કરવા નિર્દેશ આપ્યો હતો. ત્યારબાદ આ નિર્દેશનો ખોટું અર્થઘટન કરતા ઝુંબેશ નહિવત કરી નાખવામાં આવી છે તેથી કેટલાક લોકો લારી-ગલ્લા અને પાથરણાવાળાઓ પાસે ખુલ્લેઆમ ઉઘરાણું કરી રહ્યા છે. વધુમાં ઉનડકટે જણાવ્યું હતું કે મૂળ પિટિશનમાં ૧૧૬ લોકો હતા, પરંતુ પાછળથી ૪૯૪ સુધી પિટિશન કરનારાઓ વધી ગયા છે. અસલમ નામના વ્યક્તિ દ્વારા લોકોને સ્ટ્રીટ વેન્ડર પોલિસી હેઠળ જગ્યા અપાવવાના નામે પિટિશનરોને જોડવામાં આવી રહ્યા છે. ગરીબ લારી-ગલ્લા અને પાથરણાવાળાઓ પાસે રૂપિયા લઇ લાલચ આપવામાં આવી રહી છે. અને પિટિશન કરનારાઓને આઇકાર્ડ પણ આપવામાં આવ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે કોર્ટનો આદેશ ફક્ત ૧૧૬ પિટિશન કરનારાઓ માટે હતું, પરંતુ હવે તેમા વધારો થયો છે અને શહેરભરમાં દબાણ વધી ગયા છે. તેથી હાઈકોર્ટના નિર્દેશ અંગે લીગલ ઓપિનિયન મેળવી ટ્રાફિકમાં અડચણરૂપ દબાણો દૂર કરવાની રજૂઆત કરી હતી.

# સિક્યુરિટી એજન્સીઓને નિયમોનું કડક પાલન કરવા પોલીસની તાકીદ

સુરત : શહેરમાં ખાનગી સિક્યુરિટી એજન્સી દ્વારા નિયમોનું કડક પાલન થાય તે માટે સુરત એસઓજી દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬૦ સિક્યુરિટી એજન્સીના ૮૫૦ સંચાલકો અને ગાર્ડ હાજર રહ્યા હતા.

તાજેતરમાં અમદાવાદમાં સિક્યુરિટી ગાર્ડ દ્વારા દુષ્કર્મની ઘટના સામે આવ્યા બાદ સિક્યુરિટી એજન્સીના સંચાલકો અને ગાર્ડને નિયમોનું કડકાઈથી પાલન કરવા માટે તાકીદ કરવામાં આવી છે. પોલીસ કમિશનર વાબાંગ જામીરે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગાર્ડને યોગ્ય ચકાસણી કરવા અને સંચાલકોને તમામ ગાર્ડને તાલીમ આપવા સૂચના આપવામાં આવી હતી.બેઠકમાં એજન્સીના સંચાલકોને લાઈસન્સ, સ્ટાફ વેરિફિકેશન, તાલીમ અને ગાર્ડના તમામ રેકોર્ડ જાળવી પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા સૂચના અપાઈ હતી. તમામ સ્ટાફના ચારિત્ર્ય ચકાસણી અને પોલીસ વેરિફિકેશન કરાવવા જણાવ્યું હતું. તેમજ અશક્ત, વૃદ્ધ અને ગુનાહિત ભૂતકાળ ધરાવતા વ્યક્તિઓને સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ પર ન રાખવા સૂચના આપી હતી.

## આજનું પંચાંગ

- ભૂપેન્દ્ર ધોળકિયા

| સૂર્યોદયાદિ | સૂર્યોદય | નવકારશી | સૂર્યાસ્ત |
|---|---|---|---|
| સુરત : | ૬-૨૨ | ૭-૧૦ | ૧૮-૫૮ |

| દિવસનાં ચોઘડિયાં | રાત્રિનાં ચોઘડિયાં |
|---|---|
| ૧. શુભ, ૨. રોગ, ૩. ઉદ્વેગ, ૪. ચલ, ૫. લાભ, ૬. અમૃત, ૭. કાળ, ૮. શુભ. | ૧. અમૃત, ૨. ચલ, ૩. રોગ, ૪. કાળ, ૫. લાભ, ૬. ઉદ્વેગ, ૭. શુભ, ૮. અમૃત. |

વ્રતની પૂનમ. પંચક ૧૩-૩૫થી

વિક્રમ સંવત : ૨૦૮૨ શ્રાવણ સુદ ચૌદશ-ગુરુવાર તા.૨૭-૦૮-૨૦૨૬. વીર (જૈન) સંવત : ૨૫૫૨ શાલિવાહન શક : ૧૯૪૮ યુગાબ્દ (કલિ) : ૫૧૨૮ ભારતીય દિનાંક : ૫ ભાદ્રપદ. પારસી માસ : ફરવરદીન રોજ : ૧૩ તીર મુસ્લિમ માસ : રબિ ઉલ અવ્વલ. રોજ : ૧૩ દૈનિક તિથિ : સુદ ચૌદશ ક.૦૯-૦૯ સુધી. ચંદ્ર નક્ષત્ર : ધનિષ્ઠા ક. ૨૬-૧૬ સુધી. પછી : શતતારા. ચંદ્ર રાશિ: મકર ક.૧૩-૩૫ સુધી. પછી : કુંભ. જન્મ નામાક્ષર : મકર (ખ.જ.), કુંભ (ગ.શ.સ.)

કરણ : વણિજ/વિષ્ટિ/બવ. યોગ : શોભન ક. ૦૭-૫૪ સુધી. પછી : અતિગંડ. વિશેષ પર્વ : વ્રતની પૂનમ. બૃહસ્પતિ પૂજન. પંચક ક.૧૩-૩૫થી શરૂ. નારિયેળી પૂનમ. બલભદ્ર પૂજા (ઓરિસ્સા). * સૂર્ય બુધની બહિર્યુતિ. * ચંદ્ર રાહુની યુતિ. * ચંદ્ર શુક્રનો ત્રિકોણયોગ. * ભારતના એક મહિલા સંત મા આનંદમયીનો દેહ વિલય. * કૃષિ જ્યોતિષ : સુદ ચૌદશ તિથિ સવારે ૦૯-૦૯ સમયે સમાપ્ત થતી હોવાથી દિવસે પૂનમનો પ્રભાવ જણાય. સમુદ્ર તથા જળાશયના દર્શન કરવા. સાંજે ચંદ્ર અવારનવાર વાદળ પાછળ ઢંકાયેલો જણાય. રાહુકાલ : દિવસે ક. ૧૩-૩૦થી ૧૫-૦૦.

## આજની રાશિ

- મહેશ રાવલ

| રાશિ | ફળ |
|---|---|
| મેષ અ.લ.ઈ. | મનની મુરાદ મનમાં રહેતી લાગે, ધાર્યા કામમાં વિલંબ જણાય, ગૃહજીવનના પ્રશ્ન હલ થાય. |
| વૃષભ બ.વ.ઉ. | સામાજિક સંબંધો ઉપયોગી બને, વિઘ્નને પાર કરી શકશો, સ્વજનથી મિલન, આરોગ્ય જળવાય. |
| મિથુન ક.છ.ઘ. | લાગણીઓ અને આવેશ પર કાબુ રાખજો, અંગત સમસ્યા હલ કરી શકશો, સ્નેહીથી મિલન. |
| કર્ક ડ.હ. | આદર્યા અધૂરા ન રહે તે માટે તકેદારી અને દૃઢતા જરૂરી કૌટુંબિક બાબતોથી પરેશાની અનુભવાય. |
| સિંહ મ.ટ. | કાર્ય સફળતા અને મૂંઝવણના નિરાકરણ માટે ઈશ્વર પરની શ્રદ્ધા ઉપરાંત પ્રચંડ પુરુષાર્થ જરૂરી સમજજો. |
| કન્યા પ.ઠ.ણ. | મૂંઝવણભર્યા સંજોગો કે પ્રસંગોને આવતા જ અટકાવી લેજો, પ્રવાસ સફળ નીવડે. સ્નેહીથી મુલાકાત. |
| તુલા ર.ત. | સામાજિક આર્થિક કે કોઈ અન્ય પ્રશ્નો હશે તો તેનો ઉકેલ મળવાનો માર્ગ ખૂલે. |
| વૃશ્ચિક ન.ય. | નાણાકીય સમસ્યાનો અનુભવ લેવડ-દેવડથી સાવધ રહેવું, અન્ય રીતે સાનુકૂળતા અને પ્રગતિકારક. |
| ધન ભ.ફ.ઢ.ધ. | તબિયતની ચિંતા દૂર થાય, ખર્ચ વ્યયનો પ્રસંગ, અગત્યના કામમાં પ્રગતિ. |
| મકર ખ.જ. | વિલંબ વિઘ્ન બાદ સફળતાની તક, આશા જણાય, તબિયત સાચવી શકશો, મિલન-મુલાકાત. |
| કુંભ ગ.શ.સ. | ધીમે ધીમે પરિસ્થિતિ સુલઝાય અને સાનુકૂળ બનતી જણાય, સામાજિક કાર્યથી આનંદ. |
| મીન દ.ચ.ઝ.થ. | આપના કાર્યને સફળ બનાવવા વધુ પ્રયત્નો અને ધીરજ જરૂરી માનજો, વ્યય અટકાવજો. |

## વર્ડ વિઝડમ

અહીં આપેલા શબ્દો, જોડકણાં દ્વારા ઉપરોક્ત ખાના ભરીને તમારું શબ્દ ભંડોળ વધારો. તમારી વિચારશૈલી વધારો.

[illegible]

* આડી ચાવી
(૧) સંતાન (૪)
(૪) હિરાની..... તો ઝવેરી જ કરી શકે (૩)
(૭) અણસમજુ, મૂર્ખ (૩)
(૯) દુનિયા, વિશ્વ (૩)
(૧૧) મહારાષ્ટ્રમાં નામને લગાડાતો સન્માનસૂચક શબ્દ (૨)
(૧૩) એક રાશિ (૩)
(૧૫) અભિપ્રાય (૨)
(૧૬) સારાંશ, તાત્પર્ય (૨)
(૧૭) સમાવું તે (૪)
(૧૯) ઠીંગણું (૩)
(૨૧) દરેક વ્યક્તિને આ તો આપવું જ જોઈએ (૨)
(૨૨) નજર સામે રાખેલું (૨)
(૨૪) પરંતુ (૨)
(૨૫) હવામાનમાં પલટો આવ્યો, આડું-અવળું થયું (૪)
(૨૭) તારવી કાઢેલું તે (૩)
(૨૯) આયુષ્ય (૪)
(૩૦) ગાયનું બચ્ચું (૪)
(૩૧) નામની આગળ માનાર્થે લખાય (૧)

* ઊભી ચાવી
(૧) શશીકપૂર, શબાના આઝમી, અસરાનીની ફિલ્મ (૩)
(૨) મોટી લડાઈ (૨)
(૩) રોફ, રૂઆબ (૩)
(૫) ધૂળનો કણ (૨)
(૬) પક્ષી, ગ્રહ (૨)
(૮) ગણિતનો હિસાબ મંડાવતો આંકડો (૩)
(૧૦) આંખે અંધારા આવી, ચક્કર આવવાં તે (૩)
(૧૨) હાલનું (૪)
(૧૪) ચામડીનો એક રોગ (૩)
(૧૬) ઈશારો, સંકેત (૨)
(૧૭) સરખાપણું (૪)
(૧૮) આશ્રય, રક્ષણ (૩)
(૨૦) જાણીતા ગઝલ ગાયક : ...... ઉધાસ (૪)
(૨૩) શ્રી..... (૨)
(૨૪) ધનુષની દોરી (૩)
(૨૫) એક સંખ્યા (૨)
(૨૬) પશુ-પક્ષીમાં સ્ત્રી જાત (૨)
(૨૮) યોગ્ય, ઘટિત (૨)
(૨૯) હઠીલું (૨)

## સુડોકુ 6316

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૪ | ૮ | | | | ૧ |
| | | | | ૫ | ૬ | ૯ | | ૮ |
| ૬ | | ૮ | | | ૧ | ૭ | | ૪ |
| ૨ | | ૫ | | ૧ | | | | |
| | ૬ | ૩ | | | | ૨ | ૭ | |
| | | | | ૬ | | ૧ | | ૩ |
| ૯ | | ૭ | ૧ | | | ૬ | | ૩ |
| ૫ | | ૧ | ૬ | ૯ | | | | |
| ૮ | | | | ૭ | ૪ | | | ૯ |

## સુડોકુ 6315નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૯ | ૧ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૪ |
| ૬ | ૭ | ૨ | ૧ | ૪ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૪ | ૫ | ૮ | ૯ | ૩ | ૨ | ૧ | ૭ | ૬ |
| ૨ | ૩ | ૭ | ૬ | ૮ | ૧ | ૪ | ૯ | ૫ |
| ૧ | ૬ | ૫ | ૭ | ૯ | ૪ | ૨ | ૮ | ૩ |
| ૮ | ૪ | ૯ | ૫ | ૨ | ૩ | ૭ | ૬ | ૧ |
| ૫ | ૮ | ૩ | ૨ | ૧ | ૭ | ૬ | ૪ | ૯ |
| ૭ | ૧ | ૪ | ૩ | ૬ | ૯ | ૮ | ૫ | ૨ |
| ૯ | ૨ | ૬ | ૪ | ૫ | ૮ | ૩ | ૧ | ૭ |

આપેલા ચોરસ સમૂહમાં એવી રીતે ખૂટતા અંક ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને ૩X૩ના બોક્સમાં ૧થી ૯ સુધીના આંકડા આવે. ચોરસ સમૂહમાં આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહીં. તમારે એ સિવાયના ખૂટતા અંકો મેળવવાના છે. તો કરો મગજમારી...!

# કતારગામમાં પોલીસવાનમાં બેસેલી સાસુને માર મારી કપડાં ફાડી નાંખ્યા

। સુરત ।

કતારગામ, રૂક્ષ્મણીનગરમાં પુત્રવધૂએ તેના ભાઈ સંબંધીઓ સાથે મળી પોલીસ વાનમાં બેસેલી અને પોલીસ પ્રોટેક્શનમાં રહેલી સાસુને માર મારી કપડાં ફાડી નાંખી હંગામો કરવાના પ્રકરણમાં ગુનો નોંધાયો હતો. મંજુબેન મયૂરભાઈ કાકલોતર (ઉ.વ. ૬૦)ના ઘરે તેમની પુત્રવધૂ સવારથી આવી હંગામો કરતી હોઈ પોલીસ બોલાવી હતી. પી.સી.આર. વાનમાં તે બેઠી હતી તે વખતે પુત્રવધૂ કિરણબેન નિકુંજ કાકલોતર (ઉ.વ. ૩૪) તેના ભાઈ દિવ્યેશ મનસુખ કળસરીયા, દિવ્યેશ, માતા શારદાબેન, ભાભી રૂદ્રીશાબેન જીજ્ઞેશ સહિતના ટોળા સાથે ધસી આવી મંજુબેનને માર મારી કપડાં પણ ફાડી નાંખ્યા હતા. કિરણના કાકા રમેશ નાનજી કળસરીયા મંજુબેનના જમાઈને ફોન કરી ૧૦ લાખની માંગણી કરતાં હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવતાં પોલીસે ખંડણીની કલમ અંતર્ગત ગુનો નોંધ્યો હતો.

## સંદેશ વિશેષ

### જૈન સંઘ પદ્મદર્શનસૂરિજી મહારાજની અમૃતવાણી



શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે, તાવ માપવા માટે થર્મોમીટર છે, સુગર માપવા માટે ગ્લુકોમીટર છે અને બ્લડ પ્રેશર માપવા માટે પણ મશીન હોય છે, આત્માની અંદર થતાં ખળભળાટ માપવા માટે ધર્મક્રિયાઓ છે. ધર્મક્રિયાઓ એ ક્રિયાત્મક ધર્મ છે. ગુણવિકાસ એ મોક્ષમાર્ગનું પ્રથમ પગથિયું છે. અત્યારે રુટિન ધર્મ વધી રહ્યો છે પણ રિયાલીટીનો ધર્મ ઘટી રહ્યો છે. સમાજમાં નામ થાય એ માટે માણસ પૈસા ખૂબ વાપરી રહ્યો છે.

### વી.ટી.ચોક્સી બી.એડ. કોલેજની વિદ્યાર્થિનીને ગોલ્ડ મેડલ



વી.ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશનની વિદ્યાર્થીની રીયા ભરતભાઇ પટેલે નર્મદ યુનિવર્સિટીની બી.એડ. પરીક્ષામાં સર્વોચ્ચ CGPA પ્રાપ્ત કરેલ છે. તે બદલ તેમને આચાર્ય ચંદ્રવદન શાહ ગોલ્ડ મેડલ અને આચાર્ય ડૉ. ડી. વી. દેસાઈ પ્રાઇઝ એનાયત કરાયો હતો.

### 'ભારત ટેક્સી' સારથીઓ માટે ફુલ બોડી હેલ્થ ચેકઅપ કેમ્પ

સહકારી સિદ્ધાંત આધારિત ભારત ટેક્સી દ્વારા સ્વરસંગ્યા ચેરિટેબલ ટ્રસ્ટ અને શૈલ્બી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલના સહયોગથી સુરતમાં સારથી(ડ્રાઈવર) માટે નિ:શુલ્ક ફુલ બોડી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ૭ દિવસીય કેમ્પ ૨૭ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન દરરોજ સવારે ૯:૦૦થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી શૈલ્બી હોસ્પિટલમાં યોજાશે.


જાહેરખબરના દર (સુરત આવૃત્તિ)
લગ્નવિષયક (ઓલ ગુજરાત) Rs. 30/- પ્રતિ શબ્દ (ફક્ત રવિવારે) ૫% GST અલગથી લાગશે
ક્લાસીફાઇડ ડિસ્પ્લે Rs. 150/- પ્રતિ સ્કે.સેમી. 3 Paid 1 Free 7 Paid 3 Free 13 Paid 7 Free
પ્રોપર્ટી ડિસ્પ્લે એડ Size 3 X 3 Sq.Cm Rs. 650/- Size 3 X 4 Sq.Cm Rs. 850/-
અન્ય Rs. 20/- પ્રતિ શબ્દ
જ્યોતિષ વિષયક Rs. 25/- પ્રતિ શબ્દ

સંદેશ ક્લાસિફાઇડ
નોકરી વિષયક । ધંધાકીય । શૈક્ષણિક । ઔષધ ઉપચાર । પ્રોપર્ટી । અન્ય


મેરેજ બ્યુરો

કોઈપણ સમાજના યુવક-યુવતીઓ, જીવનસાથી માટે. ૯૭૩૭૩૪૬૦૮૯
0040613970


પ્રોપર્ટી

વેચવાનું છે.
અડાજણ-પાલ-રાંદેર
વેચવાની છે. હોસ્પિટલ લાયક જગ્યા. અડાજણ પ્રાઈમ લોકેશનમાં 1355 સ્કવેર ફૂટ, સુપર બિલ્ટઅપ એરિયા. સંપર્ક- 9998223062
0040613554

બંગલા ટાઈપ ઘર વેચવાનું છે
૭ ભક્તિ વેદાંત પાર્ક, અડાજણ, સુરત
225 વાર (179.87 સ્કે.ચો.મીટર)
બાંધકામ
444.44 વાર (4000 ચો.ફુટ)
93773 30404
93773 02250

પાલનપુર-જહાંગીરાબાદ
રોહાઉસ વેચવાનું છે 89 વાર 46, ગોપીનાથ રોહાઉસ પાલનપુર જકાતનાકા રોડ નૂતન રોહાઉસ પાસે. 9662091778
0040613922


જ્યોતિષ

શિવ મહાકાલ
છેલ્લો ઉપાય ધારેલું મિલન, સગાઇ લગ્નમાં વિલંબ, વન સાઈડ લવ
લવ પ્રોબ્લમ સ્પે. સંતાન કહ્યામાં નથી
ગુપ્તધનના બેતાજ બાદશાહ
વશીકરણ, શત્રુનાશ, મુઠચોટ
પતિ - પત્ની, સંતાનત્રાસ, કોઈનું કરેલું સ્ત્રી-પુરુષ તમામ સમાધાન
ખેતી, જમીન વાડી, મકાન, ફેક્ટરીમાં સંપત્તિનો આભાસ થાય તો અવશ્ય મળો.
પલ્લવ ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ.
9328476594

એસ્ટ્રો શિવાય
૩ પેઢીથી સ્થાયી •૧૫ વર્ષના અનુભવી
ગુપ્તધનનાં કામમાં નિરાશ થયેલા ખાસ સંપર્ક કરો. લવ પ્રોબ્લમ સ્પે.
શત્રુ વિજય છૂટાછેડા આકર્ષણ
બ્લેક મેજિક રિમોવલ માત્ર ૧ દિવસમાં થશે.
જાહેરાત નહિ સચોટ સમાધાન આપીએ આપનો એક કોલ જીવનની તમામ મુંજવણ નું નિકાલ !
ખોવાયેલો પ્રેમ પાછો મેળવો ! પ્રેમ લગ્નમાં સફળતા મેળવો ! બ્રેકઅપ અને તૂટેલા સંબંધોનું સમાધાન.
www.astroshivay.com
8401593961

સંદેશ ક્લાસીફાઇડ રોજેરોજ પ્રસિદ્ધ કરવામાં આવે છે.


નોકરી ખાલી છે

ટેલી કોલર
ટેલી કોલીંગ ફિમેલ અનુભવી સ્ટાફ જોઈએ છે. 9898002117
0040613899

જોઈએ છે અનુભવી Female ટેલિકોલર Salary 15000/- નાનપુરા 9374272555
0040613172

વિવિધ
જોઈએ છે. સ્ટાફ, ફક્ત વેસુ વિસ્તારમાં, ક્લાઉડ કિચન માટે, વેજીટેબલ ચોપિંગ, પેકેજિંગ, સાફ સફાઈ, વાસણ કામ, 8 કલાક માટે, પગાર- 15000/-, Mobile- 9898393072
0040613900

જોઈએ છે શોપના જનરલ કામ માટે લેડીઝની જરૂર છે 9054901812
0040613882

તાપી ફુડ માટે ડ્રાઇવર જોઈએ છે. તાપી માટે સેલ્સમેન ઓર્ડર લેવા માટે જોઈએ છે. રૂબરૂ કોન્ટેક્ટ કરવો. ૯૯૭૯૨૬૩૧૬૬
0040613896

પરચુરણ કામ માટે માણસની જરૂર છે સમય સવારે 6થી 9 મો- ૯૫૭૪૭૭૬૩૧૪
0040613947

સુરતમાં ૨૪ કલાક બંગલામાં રહીને કામ કરે તેવા ફક્ત માણસની જરૂર છે. Mo:- 6359166644
0040613904

ગેસ્ટ હાઉસમાં સાફ સફાઈ માટે માણસ, રહેવાની, જમવાની સગવડ, 9714044355
0040613884

એકાઉન્ટ્સ
જોઇએ કોમ્પ્યુટર પર બેઝીક એકાઉન્ટ માટે મેલ/ ફીમેલ, ફુલ/ પાર્ટ ટાઇમ, શિવમ એજન્સી (કંકોત્રી) બાલાજી રોડ, સુરત,
0040613888


ધંધાદારી

પુરૂષાર્થ
GST Registration & Return
Income Tax Return
TDS Return
9974810262

કબૂતર, મચ્છર જાળી ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઇક. 9737166947, 8758533196
0040613574

દુકાન ભાડે આપવાની છે. અલથાણ ભિમરાડ રોડ, ગ્રાઉન્ડ ફ્લોર,
૪૨ લાખમાં 3 BHK ફ્લેટ વેચવાનો છે કેનાલ રોડ, પાલનપુર.
સફેદ રણ (ટેન્ટમાં), ભૂજ, આશાપુરા, કોટેશ્વર, મોગલધામ, અંજાર, માંડવી
ઘરબેઠા તાત્કાલિક L E D રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઇલ, રીમોટ.
હિંચકાના કડા ૭૫૦ જોડીના, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ
પાણીની ટાંકીની સફાઇ વૈજ્ઞાનિક પધ્ધતિથી સંપુર્ણ બેક્ટરીયા નાબુદી.
PEST CONTROL 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ
લગ્ન વિષયક, ૬૪ વર્ષ USA સીટીઝન ગુજરાતી હેન્ડસમએકલા રહેતા યુવક, હાઈટ 5'9" B. Com, LLB, Government, Job સારી ઈન્કમ, પોતાનું હાઉસ, ડિવોર્સી, નિસંતાન માટે યુવતી આવકાર્ય, જ્ઞાતીબાધ નથી.

હવે સંદેશ માં ટચુકડી આપવી તદ્દન સરળ:
• નીચે આપેલ નંબર ઉપર તમારું મેટર whatsapp કરો.
• whatsapp ઉપર estimate મેળવો.
• નીચે આપેલ QR Code scan કરીને પેમેન્ટ કરો.
• ઘર બેઠા તમારી ટચુકડી કોઇ પણ એડીશન માં છપાવો.

WHATSAPP HERE TO SEND YOUR CONTENT
99099 85623
: સમય :
સોમ થી શનિ 10:30 થી સાંજે 6
રવિવારે ૧૨:૩૦ થી સાંજે ૫:૦૦

SCAN HERE TO PAY

સંદેશ
નામ ટચુકડી કામ કરી આપે મોટું

જનરેટર નવા જુના ભાડે રીપેરીંગ તેમજ લે- વેચ માટે 9825131299.
0040613921

ગુજરાતનું સૌપ્રથમ વડીલો માટેનું કેર હોમ- સ્વર્ગ ઘરડા, પથારીવશ, રોગગ્રસ્ત, લક્વાગ્રસ્ત વડિલો માટેની સાચવણી માટેનું શ્રેષ્ઠ કેન્દ્ર, નંદનવન સામે, વેસુ કેનાલ રોડ, વેસુ. 8511660070- 8511660160
0040612912


વ્યવસાયલક્ષી

ટ્રાવેલ એન્ડ ટુર
Date 28/ 08, દ્વારકા, સોમનાથ, AC બસ, AC રૂમ. (10 સીટ ખાલી છે.)- 9099733775
0040613901

ઉજ્જૈન, ઓમકારેશ્વર, 2- દિવસ. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ, શિરડી, શનિદેવ, પંઢરપુર 7 દિવસ. 3, 6, 18 સપ્ટેમ્બર. જયેશ ભટ્ટ. 9909888622.
0040613925

ક્ષેત્રપાળ ટુર્સ (કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી 06- 09, 13- 11) (ભુતાન 07 રાત્રી 08 દિવસ. 09- 09, જતાં- આવતા ફ્લાઈટ) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 27- 09) (અયોધ્યા, વારાણસી, ગયા, બૌધગયા, બાબા બૈજનાથ 27- 09) (નેપાળ, પોખરા, મુક્તિનાથ, કાઠમંડુ પશુપતિનાથ 15- 11) (સ્પેશિયલ કેરાલા 07- 11, 14- 11) વધારે માહિતી માટે કોલ કરો. 9825105053.
0040613905

શ્રાવણમાં (૧- દિવસ) 29- ઓગસ્ટ કાવી કંબોઈ, પાંચ મહાદેવ, (૨- દિવસ) 29- ઓગસ્ટ અને 5- સપ્ટેમ્બર મહારાષ્ટ્રના ત્રણ જ્યોતિર્લિંગ, (૩- દિવસ) 9- સપ્ટેમ્બર મમલેશ્વર, ઓમકારેશ્વર, ઉજ્જૈન, શિહોર, 7801997738
0040613978

હિમાલયા હોલીડે દિવાળીના પ્રવાસો કાશ્મીર દિવસ- ૭ Rs- 18,999/-, દાર્જીલીંગ, ગેંગટોક, પેલીંગ, દિવસ- ૭ Rs- 20,999/-, (પેકેજ માટે મળો) Mo- 9427803273, 9825142005 (બુકીંગની છેલ્લી તારીખ:- 16/ 09/ 2026)
0040612703

રિપેરીંગ સર્વિસ
ઘરબેઠા તાત્કાલિક L E D રીપેરીંગ. વિનોદ- રેડિયો, લાલદરવાજા. 9328436184
0040613910

પેસ્ટ કંટ્રોલ
President Pest Control 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાઈસન્સ. 9825819250
0040613600

Sainath Pest Control, Gumasta Licence, ઉધઈ, માંકડ, વાંદા, Riteshbhai- 9825859642
0040612407

અગત્યનું સૂચન
વિજ્ઞાપનદાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતા પહેલા, વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. અમો વિજ્ઞાપનદાતાની ઉંમર, આવક, દરજ્જો કે અન્ય કોઇપણ વિગત, સાચી અથવા ખોટી હોવા અંગે બાંહેધરી લેતા નથી. - જા.ખ. મેનેજર

સણોસરાના રામધરી ગામનો પરિવાર કામ માટે ભાવનગર આવ્યો હતો અને કાળને તેડું આવ્યું

# ભાવનગરમાં બેકાબૂ બસની અડફેટે માતા-પુત્રીનાં મોત

## એસટી ડેપોની બહાર ભરુચા કલબની દીવાલ તોડીને બસ અંદર ઘૂસી જતા લોકો ટોળે વળ્યા : ઇજાગ્રસ્ત મહિલાની હાલત ગંભીર

ભાવનગર : ભાવનગર એસ.ટી. બસ સ્ટોપની બહાર નિકળતા જ બેકાબુ થયેલી બસ ડેપોની સામે આવેલા ભરૂચા કલબની દિવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી, જેના લીધે રાહદારીઓને અડફેટે લીધા હતા. દિવાલ થોડીને અંદર ઘુસેલી બસની અડફેટે માતા પુત્રીના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે સારવારમાં મહિલાની સ્થિતિ ગંભીર છે. સણોસરાના રામધરી ગામનો પરિવાર ભાવનગર આવ્યો હતો અને તેને કાળનુ તેડુ આવતા પરિવારજનોમાં આભ ફાટયુ હતુ.

ભાવનગર એસ.ટી. ડેપોની બહાર સવારમાં જ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ડેપોની બહાર નિકળતા જ બસ નં. જીજે ૧૮ ઝેડ ૫૦૮૦ના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેથી બસ ડેપોની સામે આવેલા ભરૂચા કલબની દિવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી, અને અંદર ઘુસી ગઈ હતી. બેકાબુ બસે ફુટપાથ ઉપર ઉભેલા પરિવારને અડફેટે લીધો હતો, જેના લીધે ઘટના સ્થળે જ સણોસરાના રામધરી ગામના લલીતાબેન ગુલાબભાઈપરમાર (ઉ.૨૮) અને તેની દિકરી સોનિયા (ઉ.૭)નુ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. વધુમાં ઉમરાળા તાલુકાના ઠોડા ગામના મધુબેન લાલજીભાઈ વાઘેલાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાના પગલે સવારમાં ડેપોની બહાર ટ્રાફિકજામ થઈ ગયો હતો, લોકોના ટોળા એકઠા થયા હતા. પોલીસ તાબડતોબ દોડી આવી હતી, અને ટ્રાફિક હળવો કર્યો હતો. બનાવના પગલે પોલીસે બસના ડ્રાઈવરને ડીટેઈન કર્યો હતો, તો એસ.ટી. તંત્ર દ્વારા અકસ્માત મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ આ બસ સિહોર ટાણા વરલ રૂટની હતી. જેણે ડેપોની બહાર નિકળતાની સાથે જ જીવલેણ અકસ્માત નોતર્યો હતો. સમગ્ર ઘટના સંદર્ભે ઈજાગ્રસ્ત ઉમરાળા તાલુકાના ઠોડા ગામના લાલજી ગગજીભાઈ વાઘેલાએ બસના ચાલક સામે નિલમબાગ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, હું તથા મારી પત્ની મધુબેન તથા મારો દીકરો મોહિત ઉર્ફે રાહુલ તથા મારો ભાઈ આવચંદભાઈ તથા ભાભી ગીતાબેન એમ પાંચેય જણા અમારા ગામ થી નીકળી રંઘોળા આવેલ ત્યાંથી ઈકો ગાડીમાં બેસી ભાવનગર આવવા નીકળ્યા હતા. રસ્તામાં રામપરી ગામથી મારા સાળાની વહુ લતાબેન તથા તેમની દીકરી સાનુ ઉર્ફે સોના તથા જેઠની દીકરી રવિના ત્રણેય અમારી ઈકોમાં બેસેલ હતા. અમો બધા ભાવનગર તળાવમાં વાસણ ખરીદવા માટે આવતા હતા. સવારના સવા નવેક વાગ્યાના આજુબાજુમાં ઈકો ગાડી વાળાએ અમો બધાને ભાવનગર એસ.ટી.બસ સ્ટેન્ડના દરવાજા સામે ઉતારેલ હતા. જેથી અમારી સાથે રહેલા બૈરાઓને પાણી પીવું હોય હું તથા મારો ભાઈ બંને દુકાને ગયા હતા. મારી પત્ની, ભાભી, મારો છોકરો તથા સાળી તથા તેની છોકરી તથા જેઠની છોકરી બધા એસટી બસ સ્ટેન્ડના દરવાજા સામે આવેલ ગ્રાઉન્ડની દિવાલ પાસે ફૂટપાથ ઉપર બેઠા હતા. હું પાણીની બોટલ લઈ ગ્રાઉન્ડની દિવાલ પાસે ફૂટપાથ ઉપર આવ્યો હતો, તે વખતે એસ.ટી.બસ સ્ટેન્ડમાંથી બસના ડ્રાઈવરે પૂરઝડપે અને બેફિકરાઈથી માણસોની જિંદગી જોખમાય તે રીતે ચલાવી એસ.ટી.બસ સ્ટેન્ડના દરવાજાથી સીધી ચલાવીને ભરૂચા કલબની ગ્રાઉન્ડની દીવાલે ફૂટપાથ ઉપર બેસેલા હતા, તેમની સાથે ભટકાવીને ગ્રાઉન્ડની દિવાલ સાથે ભટકાતા દિવાલ તૂટી ગઈ હતી. મધુબેનને માથાના ભાગે તથા મોઢાના ભાગે લોહી નીકળતું હોય તેને તેના બહેન, ભાણેજ દિકરી સહિતને તાત્કાલીક ૧૦૮ મારફત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. માતા પુત્રીના મોત નિપજ્યા હોવાનુ તબીબે જાહેર કરતા બંનેના મૃતદેહને પી.એમ. રૂમમાં મુકવવામાં આવ્યા હતા. ફરિયાદીના પત્ની મધુબેનને માથાના ભાગે તથા ડાબા કાન ઉપર તથા મોઢાના ભાગે હોઠ ઉપર ટાંકા લઈ ડાબી સાઈડ પડખામાં પાસળીમાં ફેક્ચર હોવાનું જણાવી વધુ સારવાર માટે જૂના બિલ્ડિંગમાં એફ. એસ,૯ વોર્ડમાં દાખલ કર્યા હતા, તેની સારવાર શરૂ છે. એ ડીવીઝન પોલીસે એસટી બસ નંબર GJ-૧૮-Z-૫૦૮૦ ના ચાલક ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**સાત વર્ષની દીકરી તૂટેલી દીવાલના પોપડા નીચે દબાઈ ગઈ**

મધુબેન બસની નીચે આવી જતા તેમને હાથ પકડી બહાર કાઢી હતી. તેના બહેન લતાબેન ગુલાબભાઈ માથાસુળીયા જે બસની આગળ તૂટલ દિવાલ ઉપર પડેલ હોય તેને બહાર કાઢેલ જેઓ બેભાન થઈ ગયેલ હતા. તે વખતે મારા સાળાની દીકરી સાનુ ઉર્ફે સોના જોવામાં આવતી ન હોય જેથી તે હાજર માણસોએ સાથે શોધતા ગ્રાઉન્ડની અંદર દીવાલના તૂટેલ પોપડા નીચે દબાઈ ગયેલ હતી. જેથી તેને બહાર કાઢેલ હતી અને તે પણ બેભાન હાલતમાં હતી અને તેનું માથું તથા મોઢું લોહી લુહાણ હાલતમાં હતુ.

# નીર વિનાની નદીઓ ને સુકાણા જળાશય શ્રાવણમાં છવાયો વૈશાખનો અહેસાસ



જૂનાગઢ : સામાન્ય રીતે જુલાઈ માસમાં બારે મેઘ ખાંગા થાય અને પવિત્ર શ્રાવણ માસમાં શ્રાવણી સરવરિયા વરસતા હોય છે. જૂનાગઢ એક એવો પ્રદેશ છે જ્યાં ચોમાસાના ચારમાંથી ત્રણ મહિના જળાશયો છલકાયેલા રહે છે અને ડેમ ઓવરફ્લો થતા હોય છે. પરંતુ આ વર્ષે કુદરતે જાણે અચરજ સર્જ્યું છે. હાલ ઓગસ્ટ માસ ચાલી રહ્યો છે, છતાં શહેર અને ગિરનાર પંથકમાં વરસાદની ભારે ખેંચ છે. જ્યાં ખળખળ વહેતી નદીઓની જળધારાઓ અવિરત જોવા મળતી હતી, ત્યાં આજે સાવ સુકાભઠ્ઠ અને વેરાન રણ જેવા દ્રશ્યો નજરે પડી રહ્યા છે. પાણી વિના નદીઓના પટ અને જળાશયો સુકાઈ ગયા છે.

SMCના આઈજી ગગનદીપ ગંભીરએ તૈયાર કરેલા નિવેદનો સાથેનો રિપોર્ટ ગૃહમંત્રીને સોંપાશે

# લઠ્ઠાકાંડ મામલે કેમિકલ્સ સપ્લાયર ભચાઉનો શખ્સ પકડાયો : આઠ દિવસના રિમાન્ડ મંજૂર

## લઠ્ઠાકાંડમાં સામેલ પોલીસ કર્મચારીઓની અપ્રમાણસર મિલકતો મામલે તપાસની સંભાવના

। ભાવનગર ।

ભાવનગરમાં થયેલા લઠ્ઠાકાંડમાં કુલ ૧૩ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. જ્યારે ૨૭ આરોપીઓ પકડાયા છે. આજે વધુ એક કચ્છના ભચાઉના કેમીકલ્સ સપ્લાયરને પકડીને અદાલતમાં રજુ કરાયો હતો, જેના આઠ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે. તો બીજી બાજુ એસએમસીના આઈજી ગગનદીપ ગંભીર દ્વારા પોલીસ અધિકારી, કર્મચારીઓ, આરોપીઓના નિવેદનો લેવાનો સીલસીલો જારી રહ્યો હતો. જે નિવેદનો સાથેનો અહેવાલ ગાંધીનગર ખાતે ગૃહમંત્રી હર્ષ સંઘવી સમક્ષ રજુ કરવામાં આવશે. આ અહેવાલ પર ગૃહવીભાગ દ્વારા તપાસ બાદ લઠ્ઠાકાંડમાં સામેલ પોલીસ કર્મચારીઓની અપ્રમાણસર મિલકતો મામલે તપાસની સંભાવના સાથે આકરા પગલા ભરાવાની શક્યતા સેવાઈ રહી છે. એસએમસીની તપાસના પગલે ભાવનગર પોલીસ બેડામાં સન્નાટો છવાયેલો છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કચ્છના ભચાઉ ખાતેથી ઈશ્વરભા દેવરાજભા ગઢવીને પકડી દેવાયા છે, તેને આજે ભાવનગરની કોર્ટમાં રજુ કરાયો હતો, જે સમગ્ર કાંડમાં કેમિકલ્સ સપ્લાય હોવાનુ ખુલ્યુ છે. તેના આઠ દિવસના કોર્ટે રિમાન્ડ મંજુર કર્યા છે, આ રિમાન્ડ દરમીયાન કેમિકલ્સનુ મૂળ ઉપરાંત કેટલો જથ્થો કોને વેચ્યો તે સઘળી વીગતો બહાર આવશે. લઠ્ઠાકાંડમાં આજે પણ એસએમસીના વડા ગગનદીપ ગંભીર દ્વારા ચાલી રહેલી તપાસમાં ભાવનગરની પોલીસ અને બુટલેગરો વચ્ચેના સંબધોની ઝીણવટભરી તપાસ થઈ રહી છે.

વરતેજ પોલીસ મથકમાં નકલી દારૂની ફેકટરી ચાલતી હતી, તો આ ફેક્ટરી પાછળ ક્યા પોલીસ અધિકારી કે કોઈ રાજકીય નેતાની છત્રછાયા હતી કે નહીં તે અંગેની તપાસ ચાલી રહી છે. મુખ્ય સુત્રધાર ગૌતમ સોલંકી લીસ્ટેડ બુટલેગર હતો, થોડા સમય અગાઉ સિહોર પથંકમાં તેની સામે ગુનો નોંધાયેલો હતો, તો તે કેસમાં તેની સામે પગલા ભરાયા હતા કે મેળાપિપણા કરાયા હતા તેની પણ પુછતાછ કરાઈ હતી.

ડુપ્લીકેટ દારૂ બનાવનાર નરેન્દ્ર યાદવ ઉર્ફે ડોકટરનો મૃતદેહ પીએમ કર્યા વગર જ મધ્ય પ્રદેશ રવાના કરી દેવાયો હતો, જેમાં કોના ઈસારે અથવા તો આદેશથી આરોપીના મૃતદેહને બારેબાર રવાના કરી દેવાયો હતો, તે અંગેની પણ નિવેદનોમાં પુછતાછ કરાઈ હતી. એસ. પી. નિતિશ પાંડે, એએસપી ઘનશ્યામ ગૌતમ, પીઆઈ, પીએસઆઈ સહીત અન્ય પોલીસ અધિકારીઓના નીવેદનો લેવાયા છે. આજે ત્રીજા દિવસે પણ નિવેદનો લેવાની મેરેથોન ચાલુ રહી હતી.

સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ લઠ્ઠાકાંડ જ્યા બન્યો છે તે વિસ્તાર એટલે કે, વરતેજ પોલીસ મથક આસપાસના સીસીટીવી ફુટેજ મંગાવાયા છે, એસએમસીને મળેલી માહીતી મુજબ અમુક પોલીસ મથકના સીસીટીવી ફુટેજ ડીલીટ કરી નખાયા હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે, જેથી સીસીટીવી કેમેરાનો કોન્ટ્રાક્ટ રાખનાર વ્યકિતને બોલાવીને ફુટેજ રિકવર કરવામાં આવી રહ્યા છે, જેના લીધે અમુક અધિકારીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે.

એસએમસી ગુજરાત અને મધ્ય પ્રદેશમાંથી અત્યાર સુધીમા કુલ ૨૮ આરોપીઓને પકડી પાડ્યા છે, પરંતુ સૌથી વધુ મહત્વની બાબત એ છે કે, ડુપ્લીકેટ દારૂ બનાવવા વપરાતુ મિથોનોલ ક્યાથી આવ્યુ ? કોણે કોને વેચ્યુ ? કેટલુ વેચ્યુ ? તેની પર ફોક્સ કરવામાં આવી રહ્યુ છે.

ભાવનગર લઠ્ઠાકાંડમાં ભચાઉનો ઈશ્વરભા કેમિકલ સપ્લાયર

### ઈશ્વરભા પાસેથી પૂર્વ કચ્છ પોલીસે ૨૦૦ લિટર કેમિકલ કબજે કર્યું હતું

। ગાંધીધામ ।

ભાવનગર લઠ્ઠાકાંડના પગલે રાજ્યભરમાં ઘેરા પડઘા પડ્યા છે. આ ચકચારી ઘટનાને પગલે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે તવાઈ વર્તાવી છે. આ દરમ્યાન મોતના મિશ્રણની કડી ભચાઉ સુધી લંબાતાં એક ઈસમની અટક કરી લેવાઈ હતી, આ શખસ પાસેથી સ્થાનિક પોલીસને અગાઉ ૨૦૦ લિટર કેમિકલ હાથ લાગ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર લઠ્ઠાકાંડ મામલે મટીરિયલ સપ્લાયર તરીકે ભચાઉના ઈશ્વરભા દેવરાજભા ગઢવીનું નામ ખૂલ્યા બાદ એસએમસીની ટીમે તેની ધરપકડ કરી હતી. આરોપીને કોર્ટમાં રજૂ કરાતાં તેને ૮ દિવસના રિમાન્ડ પર મોકલી દેવાયો હતો. આ પ્રકરણમાં અત્યાર સુધીમાં ૨૮ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે. આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ભાવનગર લઠ્ઠાકાંડની ઘટનાને પગલે પૂર્વ કચ્છ પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ દરમ્યાન ભચાઉના ભવાનીપુરા વિસ્તારમાંથી ઈશ્વરભાના કબજામાંથી ૨૦૦ લિટર શંકાસ્પદ કેમિકલ ઝડપી પાડ્યું હતું અને ક્યા પ્રકારનું કેમિકલ છે ? તે જાણવા માટે નમુના મેળવીને એફએસએલમાં મોકલવામાં આવ્યા હોવાનો દાવો પોલીસ દ્વારા કરવામાં આવ્યો હતો. જેનો હજુ સુધી કોઈ રિપોર્ટ જાહેર કરાયો નથી. આ ઉપરાંત આરોપી ઈશ્વરભા વિરુદ્ધ અગાઉ સામખિયાળી પોલીસ સ્ટેશનમાં પણ મારામારીનો ગુનો દાખલ થયો હતો. આ દરમિયાનમાં લઠ્ઠાકાંડમાં મટીરિયલ સપ્લાયર તરીકે તેનું નામ ખૂલતાં ચકચાર મચી ગઈ છે.

**આરોપી સામે પાંચેક વર્ષ પહેલાં સામખિયાળીમાં મારામારીનો ગુનો નોંધાયો હતો**

ઓટાળા ગામના ખેડૂતે ૪૧૫૦ કિલો ઘઉં વેચ્યા, પણ પૈસા ના મળ્યા

# ટંકારામાં ટેકાના ભાવે ઘઉં ખરીદીમાં મોટું કૌભાંડ : ખેડૂતનો માલ ચાંઉ કરી લેવાયો

મોરબી : ટેકાના ભાવે થતી ખરીદીમાં કૌભાંડો થોભવાનું નામ લઈ રહ્યા નથી. ટંકારા તાલુકામાં પણ બિલ બનાવ્યા વગર ખેડૂતનો ઘઉંનો જથ્થો ચાઉ કરી લેવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. જો કે આ મામલે ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ થતા તેઓએ તપાસનો ધમધમાટ ચલાવીને ખેડૂત સાથે ખોટું થયાનું ખુલતા ઓપરેટરને બરતરફ કરી દીધો હતો. ઉપરાંત મેનેજરની બદલી પણ કરી નાખી છે.

ઓટાળા ગામના ખેડૂત ધર્મેન્દ્રભાઈ નાનજીભાઈ ઘોડાસરાએ ગત ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ ટંકારા ખરીદ કેન્દ્ર ખાતે ૪૧૫૦ કિલો (૮૩ ગુણી) ઘઉં જમા કરાવ્યા હતા. ગ્રેડિંગ સ્ટાફ દ્વારા માલ પાસ કરી રિપોર્ટ આપવામાં આવ્યો હતો, પરંતુ ગોડાઉન પર હાજર સ્ટાફ દ્વારા ખેડૂતને પાકું કમ્પ્યુટર બિલ (MSP રસીદ) ન આપીને માલ ચાઉં કરી જવાનો કારસો રચાયો હતો. બિલ ન મળતા ખેડૂતના ખાતામાં પૈસા જમા થયા ન હતા.

આ અંગે ખેડૂતે ન્યાય માટે સ્વાગત પોર્ટલ અને મોરબી જિલ્લા પુરવઠા અધિકારીને પુરાવા સાથે લેખિત રજૂઆત કરતા સમગ્ર કૌભાંડ સામે આવ્યું હતું અને તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ખેડૂતની રજૂઆત બાદ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા રચાયેલી તપાસ કમિટીએ ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ ચકાસતા ખેડૂતે માલ જમા કરાવ્યો હોવાની અને ગોડાઉન સ્ટાફ દ્વારા ઈરાદાપૂર્વક રસીદ ન બનાવી હોવાની પુષ્ટિ થઈ હતી. આ ગંભીર બેદરકારી મામલે નાગરિક પુરવઠા નિગમ ત્વરિત એક્શન મોડમાં આવ્યું છે. નાયબ જિલ્લા મેનેજરે ટંકારા ગોડાઉનમાં આઉટસોર્સિંગથી ફરજ બજાવતા ઓપરેટર મનીષ આર. ગેડિયાને ગંભીર ફરજભંગ અને બેદરકારી દાખવવા બદલ તાત્કાલિક અસરથી બરતરફ કર્યો છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડની વડી કચેરી દ્વારા ગાંધીનગર ખાતે રિપોર્ટ કરી કસૂરવારો સામે ફોજદારી અને રિકવરીના પગલાં લેવાની પણ કડક ચીમકી આપવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા મેનેજર અને પુરવઠા અધિકારી દ્વારા બે ગોડાઉન મેનેજરોની તાત્કાલિક આંતરિક બદલી કરી દેવામાં આવી છે. જેમાં ટંકારાના ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર ઉલ્પા જે. ભાડેશિઆની માળિયા ખાતે અને માળિયાના ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર મહેશ આર. રાઠવાની ટંકારા ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર તરીકે બદલી કરવામાં આવી છે.

રાણપુર તાલુકાના બરાનિયા ગામની

# શાળાના આચાર્યે વિદ્યાર્થિનીની છેડતી કરતા પોક્સો હેઠળ ગુનો નોંધાયો

। રાણપુર ।

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના બરાનિયા ગામે આવેલી ઉચ્ચ માધ્યમિક શાળાના આચાર્ય હર્ષદભાઈ પ્રવીણભાઈ ઝાલા વિરુદ્ધ શાળામાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીની સાથે અડપલા અને છેડતી કર્યાના આક્ષેપોને લઈને રાણપુર પોલીસ સ્ટેશનમાં પોક્સો કાયદા હેઠળ ગુનો નોંધાયો હોવાની માહિતી સામે આવી છે.

**ગામના રહીશો દ્વારા મોટી સંખ્યામાં રાણપુર પોલીસ મથકે દોડી ગયા**

મળતી માહિતી મુજબ, શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સાથે અયોગ્ય વર્તન કરવામાં આવ્યું હોવાના આક્ષેપો બાદ સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. આ મામલે બરાનિયા ગામના રહીશો દ્વારા મોટી સંખ્યામાં રાણપુર પોલીસ સ્ટેશન ખાતે હાજર રહી આચાર્ય વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, આચાર્ય દ્વારા અગાઉ પણ વિદ્યાર્થીઓને માર મારવા તેમજ વિદ્યાર્થીનીઓ સાથે અયોગ્ય વર્તન કરવાના આક્ષેપો અંગે ચર્ચાઓ અને ફરિયાદો સામે આવી હોવાનું જણાવાઈ રહ્યું છે. જોકે, આ અગાઉના આક્ષેપોની સત્યતા અંગે સત્તાવાર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે. હાલ સમગ્ર મામલે રાણપુર પોલીસે પોક્સો સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પાણીના અભાવે ભારે હૈયે પાક ઉપર વાહન ફેરવ્યું

# લાલપરડા ગામે પાણીના અભાવે મગફળીના પાક પર ટ્રેક્ટર ફેરવ્યું

। ખંભાળિયા ।

ખંભાળીયા તાલુકાના લાલપરડા ગામે રહેતા ડુવા મશરીભાઈ આહીર નામના ખેડૂતે બે અઢી માસ પહેલા ખેતરમાં મગફળી વાવી હતી જે પછી વરસાદ જ ના થતા તથા તેમના બોરનું પાણી ખલાસ થઈ જતા મગફળીના પાકને પાણી મળે તેવું ના હોય ગઈકાલે મગફળીના લીલાછમ ઉભા પાકમાં ટ્રેક્ટર ફેરવીને પાકને કાઢી નાખ્યો હતો.

**પશુઓ માટે ઘાસચારો તો થયો : ખેડૂતે વેદના વ્યક્ત કરી**

પાણીના અભાવે ટ્રેક્ટર ફેરવી કાઢવા પડ્યો હોય ભારે વેદના સાથે આ કાર્ય કરેલ ખેડૂત મશરીભાઈએ વેદના વ્યક્ત કરીને હવે બાકીના ખેડૂતોને નર્મદાનું પાણી પહોંચાડવા તથા ઘાસચારાની વ્યવસ્થા સરકાર કરે તેવી માંગણી કરી હતી. મગફળીના પાક માટે જરૂરી સમયે પાણી ના મળતા અને જે ઘાસચારો ઢોરને થયો એમ માની કચવાતા હૈયે આખેડૂતે પોતાની મહેનત પણ જાતે જ પાણી ફેરવી દીધું હોય તેમ જાતે જ ટ્રેક્ટર ચલાવીને લીલાછમ પાક પાણીના અભાવે કરમાય જાય તે પહેલાં કાઢી લીધો કે ઢોરને ઘાસ થશે!! ખંભાળીયામાં ૧૦૦-૧૦૦ ઈંચ વરસાદ પડતો તેના બદલે હાલ ત્રણ ઈંચ જવરસાદ મોસમનો થયો છે.

રૈયાણી અને રાદડીયા જૂથની ટક્કર ટાળવા બેઠકો બીનહરીફ કરવા મથામણ

# રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણીમાં બન્ને જૂથોને મનાવવા કવાયત, ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ

## ૧૩ બેઠકમાં ૩૩ દાવેદારો, ભાજપ મહામંત્રીની બન્ને જૂથ સાથે બેઠકો

રાજકોટ : રાજકોટ-લોધિકા સહકારી ખરીદ વેંચાણ સંઘની ચુંટણીમાં ભાજપના જ બે જુથનો ટાળવા કવાયત હાથ ધરવામાં આવી છે. ભાજપના પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી અને ધારાસભ્ય જયેશ રાદડીયા જુથને સમાન પ્રતિનિધિત્વ મળે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ માટે પ્રદેશ મહામંત્રી તાબડતોબ રાજકોટ દોડી આવી બન્ને જુથો સાથે બેઠક કરી હતી. દરમિયાન આવતીકાલે સંઘની ચુંટણીમાં ફોર્મ ભરવાનો અંતિમદિવસ હોય ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થશે. રાજકોટ લોધિકા સંઘમાં કુલ ૧૫ ડિરેક્ટરોની ચુંટણી માટે કુલ ૩૫ ફોર્મ ભરવામાં આવ્યા હતા. તેમાં ફોર્મ ભરવાના આખરી દિવસે બે બેઠકો બીનહરીફ થઈ છે. જ્યારે બાકીની ૧૩ બેઠકોમાં ૩૩ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે. જો કે, સંઘની ચુંટણીમાં બન્ને જુથ ભાજપના જ હોય બન્ને વચ્ચે સમાધાનના પ્રયત્ન કરી બેઠકો બીનહરીફ કરવાનો વ્યુહ અપનાવવામાં આવ્યો છે. સૌ પ્રથમ પ્રદેશ ભાજપ દ્વારા મેન્ડેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ છેલ્લા દિવસ સુધી કોઈનો મેન્ડેટ નહીં આવતા અને તમામને ઉમેદવારીની છુટ આપતા એકસાથે ૩૫ ઉમેદવારોએ દાવેદારી કરી છે. હવે ફોર્મ પાછા ખેંચવામાં પણ હાઈકમાન્ડમાંથી આદેશ આવશે તેવી હવા ઉભી કરવામાં આવી હતી. દરમિયાન આવતીકાલે ફોર્મ પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોય ઉમેદવારોને ફોર્મ પાછા ખેંચવા બન્ને જુથોને મનાવવાના પ્રયત્ન કરવામાં આવ્યા છે. પરંતુ અમુક બેઠકમાં સમાધાન નહી થતા બળવો થવાની પ્રબળ શક્યતા છે.

**ત્રણ મતદાર ભૂગર્ભમાં ઉતરી ગયાની ચર્ચા**

સંઘની ચુંટણીમાં ફોર્મ પરત ખેંચવા માટે બન્ને બળીયા જુથ ઉમેદવારોને દબાણ કરતા હોવાની ચર્ચા વચ્ચે ત્રણ મતદાર ભૂર્ગભમાં ઉતરી ગયા હોવાના અહેવાલ મળી રહ્યા છે.

# ઘોઘાના દરિયામાં ગેરકાયદે માછીમારી કરતા ૩ની અટક

। ભાવનગર ।

ઘોઘાના દરિયામાં ગેરકાયદે માછીમારી કરવા આવેલા બોટ સાથેના ત્રણ શખસોને ભાવનગર પોર્ટ પોલીસે ઝડપી લઈને તેની સામે મતસ્ય ઉદ્યોગ સુધારા વટ હુકમ અન્વયે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પીપાવાવ પોર્ટથી ઘોઘા જેટી ખાતે ફરજ બજાવતા ભાવનગર પોર્ટ પોલીસને મેસેજ મળ્યો હતો કે, પીરમબેટ પર જય સંતોષી નામની બોટ ફસાયેલી છે. જેને મદદની જરૂર છે.

જેને બાંધીને ઘોઘા જેટી ખાતે લાવવામાં આવી હતી. જેમાં ડીઝલ ખુટી પડતા બોટ બંધ પડી હતી. જે બોટમા સવાર ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ધંતુરિયા ગામના અનિલ ગબીયેલભાઈ વસાવા, પીપરોડ ગામના મનસુખ નાગજીભાઈ વસાવા અને તરીઆ ગામના વીપુલ હસમુખભાઈ વસાવાની પુછતાછ કરવામાં આવી હતી. જેઓની પાસે ફીશરીઝ વિભાગ પાસેથી ટોકન નહીં હોવાનુ જણાવ્યુ હતુ, મતલબ કે મંજુરી વગર જ માછીમારી કરવા નિકળ્યા હતા. પોલીસે પંચરોજકામ કરીને ત્રણેયની સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# પોરબંદરમાં ડીઝલ પંપ પાસ કરાવવાના બહાને ઠગાઈ

। પોરબંદર ।

પોરબંદરના વાઘેશ્વરી પ્લોટમાં રહેતા અને એકતા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લીમીટેડના પ્રમુખ જીતેન્દ્ર માધવજીભાઈ બરીદુન (ઉ.વ. ૪૯) સુભાષનગરના ફીશરીઝ ટર્મિનલમાં પોતાની ઓફીસ ધરાવે છે. વર્ષ ૨૦૨૦માં તેમની મુલાકાત અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા નિર્મળ જયસુખ પટેલ સાથે થઈ હતી. નિર્મળે પોતે મંડળીઓના ડીઝલ પંપ અને લીઝ મંજૂર કરાવવાનું કામ કરતો હોવાની ઓળખ આપી હતી.

જીતેન્દ્રભાઈના મોટાભાઈ હેમંતભાઈએ બંદર પર જી.એમ.બી.ની લીઝવાળી જગ્યામાં ડીઝલ પંપ નાખવા અંગે વાત કરતા, નિર્મળે ગાંધીનગરથી મંજૂરી અપાવવાની ખાતરી આપી રૂ. ૬૪ લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. આરોપીની વાતોમાં આવી જઈને ભોગ બનનાર પરિવારે ગત તા. ૨૭-૧૨-૨૦૨૧ થી અલગ-અલગ સમયે આંગડિયા મારફતે અને રૂબરૂ મળીને કટકે-કટકે કુલ રૂ. ૬૪ લાખ નિર્મળને ચૂકવી આપ્યા હતા.

# જેતપુરમાં ટ્યૂશને જતા ધોરણ ૧૦ના વિદ્યાર્થીનું હૃદયરોગના હુમલાથી મોત

। જેતપુર ।

જેતપુર શહેરમાં એક અત્યંત દુ:ખદ અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. ટ્યુશનથી ઘરે પરત ફરી રહેલા ૧૫ વર્ષીય વિદ્યાર્થીનું અચાનક હૃદયરોગનો હુમલો આવવાના કારણે કરૂણ મોત નિપજ્યું છે. ત્રણ ભાઈઓ વચ્ચે એકના એક પુત્રના અકાળે મોતથી પરીવારમાં શોક છવાયો છે. ધોરણ ૧૦માં અભ્યાસ કરતો ૧૫ વર્ષીય પૂર્વ દિવ્યેશભાઈ મહાલીયા નામનો કિશોર પોતાનું ટ્યુશન પતાવીને મિત્ર સાથે મોપેડ પર ઘરે જઈ રહ્યો હતો. આ દરમિયાન રસ્તામાં અચાનક તેના મોપેડમાં પેટ્રોલ ખાલી થઈ ગયું હતું. પેટ્રોલ પૂરું થઈ જતાં સાથી મિત્ર અને પૂર્વ મોપેડને પગપાળા દોરાવીને લઈ જઈ રહ્યો હતાં. આ શારીરિક શ્રમ દરમિયાન અચાનક જ તેને છાતીમાં ઉપડેલા દુ:ખાવા સાથે હૃદયરોગનો તીવ્ર હુમલો આવ્યો હતો અને તે રસ્તા પર ઢળી પડ્યો હતો. પર્વને રસ્તા પર ઢળી પડતો જોઈ તેની સાથેના અન્ય સાથી વિદ્યાર્થીઓ તુરંત જ તેની મદદે દોડી આવ્યા હતા. સાથી મિત્રોએ તેને સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલે લઈ ગયા હતા પરંતુ ત્યાં સવારનો સમય હોય હજુ તબીબ આવ્યા ન હોવાથી ત્યાંથી સરકારી હોસ્પીટલ લઈ ગયા હતા.હોસ્પીટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. મૃતક પૂર્વનું હૃદય જન્મજાત કે અગાઉની બીમારીના કારણે માત્ર ૩૦ ટકા જ કામ કરતું હતું. જેના કારણે તબીબોએ તેને કોઈપણ પ્રકારનો શારીરિક શ્રમ કે ભારે મહેનતવાળું કામ ન કરવાની ખાસ સલાહ આપી હોવાનું પરીવરજનો પાસેથી જાણવા મળેલ હતું. પરંતુ મોપેડ બંધ પડી જતાં તેને નાછૂટકે ધક્કો મારવો પડ્યો હતો, જે શારીરિક શ્રમ તેના માટે જીવલેણ સાબિત થયો હતો. અને તેને કારણે હૃદયરોગનો હુમલો આવતા પૂર્વનું મોત થયું હતું.



૨૦૨૧થી ભારતીય સ્પિનરો દ્વારા નાંખવામાં આવી રહેલા નો-બોલ વિશે અમે કામ કરી રહ્યાં છીએ. આ ચોક્કસથી ચિંતાનો વિષય છે. જેના પર હવે કડક રીતે કામ કરાશે
-સાઈરાજ બહુતુલે, સ્પિન બોલિંગ કોચ, ભારત

# ફોલોઓન રમી રહેલા શ્રીલંકાએ 6 વિકેટ ગુમાવીને માત્ર 16 રનની લીડ મેળવી

## ચોથા દિવસના અંતે શ્રીલંકાનો સ્કોર ૨૨૯/૬, માનવ સુથારે બે મહત્ત્વની વિકેટ ઝડપી

| કોલંબો |

ભારત અને શ્રીલંકા વચ્ચે રમાઈ રહેલી શ્રેણીની બીજી અને અંતિમ ટેસ્ટ મેચનો ચોથો દિવસ પણ વરસાદ અને ખરાબ પ્રકાશના કારણે પ્રભાવિત થતાં મેચને નિર્ધારિત સમય કરતા વહેલી સમાપ્ત કરવી પડી હતી. ભારતના ૫૦૯ રનના પડકાર સામે ત્રીજા દિવસે ૮ વિકેટ ગુમાવીને ૨૬૫ રનથી આગળ વધારતા શ્રીલંકાની પ્રથમ ઈનિંગ ૨૮૦ રનમાં સમેટાઈ હતી. શ્રીલંકાને ભારતે ફોલોઓન આપ્યા બાદ ચોથા દિવસે મેદાનમાં ઉતરેલી યજમાન ટીમે દિવસના અંતે ૬ વિકેટ ગુમાવીને ૨૨૯ રન બનાવ્યા છે. હાલમાં સોનલ દિનુશા ૭ અને કેશરા નુવાનથા ૩ રન બનાવીને અણનમ છે. શ્રીલંકા પાસે હાલ ભારત પર માત્ર ૧૬ રનની સરસાઈ છે અને તેમની માત્ર ચાર વિકેટ બાકી છે. પાંચમા અને અંતિમ દિવસે ભારતીય બોલરો બાકીની વિકેટો વહેલી તકે ઝડપીને નજીવો ટાર્ગેટ મેળવી મેચ જીતવા પ્રયાસ કરશે. ચોથા દિવસે ભારતીય બોલરોએ ચુસ્ત બોલિંગ કરી હતી. માનવ સુથારે શાનદાર બોલિંગ કરતા ૯૨ રનની મોટી ઈનિંગ્સ રમનાર પસિંદુ સોરિયાબંડારા અને શ્રીલંકન કેપ્ટન ધનંજય ડી સિલ્વા (૨૩) ની મહત્વપૂર્ણ વિકેટો ઝડપી હતી. આ ઉપરાંત કમિન્દુ મેન્ડિસ (૫૫) ને પ્રસિદ્ધ ક્રિષ્નાએ, કમિલ મિશારા (૩૨) ને રવિન્દ્ર જાડેજાએ, નિરોશન ડિકવેલા (૬) ને સારાંશ જૈને અને લાહિરુ ઉદારા (૩) ને મોહમ્મદ સિરાજે પેવેલિયન ભેગા કર્યા હતા.



### ચોથા દિવસે વરસાદ અને ખરાબ પ્રકાશે ભારતની બાજી બગાડી નાંખી



ચોથા દિવસની રમતમાં વારંવાર વરસાદનું વિઘ્ન નડ્યું હતું. દિવસના અંતિમ ભાગમાં વાદળછાયા વાતાવરણ બાદ જોરદાર વરસાદ શરૂ થતાં અમ્પાયરોએ રમત અટકાવી દીધી હતી. મેદાનને ફરીથી તૈયાર કરવું શક્ય ન જણાતા આખરે દિવસની રમત નિર્ધારિત સમય પહેલા જ સમાપ્ત જાહેર કરવામાં આવી હતી. વરસાદે ભલે રમત અટકાવી હોય, પરંતુ ભારત મેચ પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવી ચૂક્યું છે.

### સારાંશ મોટી ઉંમરે પ્રથમ ટેસ્ટ વિકેટ લેનાર પાંચમો ભારતીય



શ્રીલંકા સામે કોલંબોમાં ડેબ્યૂ કરનાર ઓફ-સ્પિનર સારાંશ જૈને ૩૩ વર્ષ ૧૪૫ દિવસની ઉંમરે પોતાની પ્રથમ વિકેટ ઝડપી છે. આ સાથે જ ૯૪ વર્ષના ભારતીય ટેસ્ટ ઈતિહાસમાં સૌથી મોટી ઉંમરે પ્રથમ વિકેટ લેનાર ટોપ-૫ બોલરોમાં તેણે સ્થાન મેળવ્યું છે. આ ખાસ રેકોર્ડ ધરાવતા અન્ય ભારતીય ખેલાડીઓમાં રુસ્તમજી જમશેદજી (૪૧ વર્ષ ૨૭ દિવસ, વિ. ઇંગ્લેન્ડ, મુંબઈ ૧૯૩૩), આમિર ઇલાહી (વિ. ઓસ્ટ્રેલિયા, સિડની ૧૯૪૭), કેકી તારાપોર (૩૭ વર્ષ ૩૨૯ દિવસ, વિ. વેસ્ટ ઇન્ડિઝ, દિલ્હી ૧૯૪૮) અને શૂટ બેનર્જી (૩૭ વર્ષ ૧૨૪ દિવસ, વિ. વેસ્ટ ઇન્ડિઝ, મુંબઈ ૧૯૪૯) નો સમાવેશ થાય છે.

### જાડેજાએ ૨૦૨૧થી અત્યાર સુધી સૌથી વધુ નો-બોલ ફેંક્યાં



શ્રીલંકા સામેની બીજી ટેસ્ટમાં ભારતીય સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાના નામે એક શરમજનક રેકોર્ડ નોંધાયો છે. વર્ષ ૨૦૨૧થી ટેસ્ટ ક્રિકેટમાં સ્પિનર તરીકે સૌથી વધુ 'નો-બોલ' ફેંકવાનો અણગમતો રેકોર્ડ જાડેજાના નામે થયો છે. સામાન્ય રીતે સ્પિનરો ઓવરસ્ટેપિંગ ઓછું કરતા હોય છે, પરંતુ જાડેજાએ ૨૦૨૧થી અત્યાર સુધીમાં વિશ્વમાં સૌથી વધુ ૮૮ નો-બોલ ફેંક્યા છે.

### સ્કોર બોર્ડ

| શ્રીલંકા બીજી ઈનિંગ (ફોલોઓન) | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| ઉડારા કો. સારાંશ જૈન, બો. સિરાજ | ૩ | ૧૫ | ૦ | ૦ |
| મિશારા lb બો. જાડેજા | ૩૨ | ૩૯ | ૩ | ૧ |
| પસિન્દુ સ્ટ. પંત, બો. સુથાર | ૯૨ | ૧૭૩ | ૧૦ | ૧ |
| મેન્ડિસ કો. શુભમન, બો. ક્રિષ્ણા | ૫૫ | ૯૨ | ૨ | ૩ |
| ડી સીલ્વા કો. પડિક્કલ, બો. સુથાર | ૨૩ | ૪૪ | ૧ | ૧ |
| દીનુશા અણનમ | ૭ | ૩૭ | ૦ | ૦ |
| ડીકવેલા lb સારાંશ જૈન | ૬ | ૧૨ | ૧ | ૦ |
| નુવંતા અણનમ | ૩ | ૨૯ | ૦ | ૦ |

એકસ્ટ્રા: ૮ રન ( ૭૨.૪ ઓવર ૬ વિકેટ) કુલ રન: ૨૨૯, વિકેટ: ૧-૫, ૨-૬૩, ૩-૧૭૮, ૪-૨૦૯, ૫-૨૧૨, ૬-૨૧૮, બોલિંગ: ક્રિષ્ણા: ૧૦-૧-૩૧-૧, સિરાઝ: ૯-૪-૧૧-૧, સુથાર: ૧૮-૨-૮૧-૨, સારાંશ: ૧૭.૪-૩-૫૫-૧, જાડેજા: ૧૮-૨-૪૮-૧

### પહેલી ઈનિંગના શતકવીર સોનલ દિનુશાની વિકેટ મહત્ત્વની રહેશે



ટેસ્ટ સિરીઝમાં શાનદાર ફોર્મમાં ચાલી રહેલી સોનલ દિનુશાએ પહેલી ઈનિંગમાં સિરીઝની બીજી સદી ફટકારી હતી. શ્રીલંકાનો સ્કોર ચોથા દિવસે ૬ વિકેટના નુકશાન પર ૨૨૯ છે ત્યારે સોનલ દિનુશા ૭ રનના સ્કોર પર બેટિંગ કરી રહ્યો છે. પાંચમાં દિવસે ભારત માટે સોનલ દિનુશાની વિકેટ ખૂબ મહત્ત્વની રહેશે. પહેલા સેશનમાં જો ભારત સોનલ દિનુશાની વિકેટ ઝડપવામાં સફળ રહેશે તો જલ્દીથી શ્રીલંકાને બીજી ઈનિંગમાં ઓલઆઉટ કરીને નજીવો ટાર્ગેટ ચેઝ કરી શકે છે.

# BCCIની વાર્ષિક સામાન્ય સભામાં IPL ચેરમેન પદ માટે ચૂંટણી થશે

### ૧૮ સપ્ટેમ્બરે મુંબઈમાં આયોજિત થનાર BCCIની AGMમાં IPL ગવર્નિંગ કાઉન્સિલના બે પદો માટે ચૂંટણી યોજાશે

| મુંબઈ |

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની વાર્ષિક સામાન્ય સભા (AGM) આગામી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મુંબઈ ખાતે યોજાવા જઈ રહી છે. AGM દરમિયાન IPL ગવર્નિંગ કાઉન્સિલના બે ચૂંટાયેલા પદો માટે પણ ચૂંટણી યોજાશે. જેમાં ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેનના પદનો પણ સમાવેશ થાય છે. હાલમાં અરુણ ધૂમલ IPL ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન છે. BCCIના ચૂંટણી અધિકારી એ.કે. જ્યોતિએ મંગળવારે ચૂંટણી સંબંધિત નોટિસ જારી કરી હતી. નોટિસમાં BCCIના પૂર્ણ સભ્યો પાસેથી તેમના પ્રતિનિધિઓના નામ મતદાર યાદીમાં સામેલ કરવા માટે અરજીઓ મંગાવવામાં આવી છે. BCCI સચિવ દેવજીત સૈકિયાએ મંગળવારે આ અંગેની પુષ્ટિ કરી હતી. બોર્ડે તેની તમામ ૩૮ રાજ્ય એકમોને પણ AGM અંગેની જાણકારી આપી દીધી છે.

**ICA પ્રતિનિધિની પણ નિયુક્તિ થશે:** AGMના એજન્ડામાં ઈન્ડિયન ક્રિકેટર્સ એસોસિએશન (ICA)ના પ્રતિનિધિને IPL ગવર્નિંગ કાઉન્સિલમાં સામેલ કરવાનો પ્રસ્તાવ પણ છે. આ ઉપરાંત BCCIના લોકપાલ (ઓમ્બડ્સમેન) અને એથિક્સ ઓફિસરની નિમણૂક પણ બેઠકના એજન્ડામાં સામેલ છે. ચૂંટણી માટે પ્રતિનિધિ નામાંકિત કરવાની અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ નક્કી કરવામાં આવી છે. માન્ય રીતે નામાંકિત ઉમેદવારોની યાદી ૧૧ સપ્ટેમ્બરે બહાર પાડવામાં આવશે. બંને પદો પર ચૂંટણી બિનહરીફ થવાની સંભાવના દર્શાવવામાં આવી રહી છે.

### BCCIની AGMમાં ક્યા મુદ્દાઓ ચર્ચાનો વિષય રહેશે

» આંદામાન અને નિકોબારને એસોસિએટ સભ્યપદ આપવાનો પ્રસ્તાવ. » IPL ગવર્નિંગ કાઉન્સિલના બે પદો પર ચૂંટણી. » IPL ચેરમેન પદ પર ચૂંટણી. » ICA પ્રતિનિધિનો IPL ગવર્નિંગ કાઉન્સિલમાં સમાવેશ. » BCCI ઓમ્બડ્સમેન અને એથિક્સ ઓફિસરની નિયુક્તિ



### આંદામાન-નિકોબારને એસોસિએટ સભ્યપદ મળી શકે છે

AGMના એજન્ડામાં આંદામાન અને નિકોબાર ટાપુઓના ક્રિકેટ એસોસિએશનને AGMની એસોસિએટ સભ્યપદ આપવાનો પ્રસ્તાવ પણ રજૂ કરવામાં આવશે. જૂનમાં મળેલી BCCIની એપેક્સ કાઉન્સિલની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. એસોસિએટ સભ્યને BCCIમાં મતદાનનો અધિકાર હોતો નથી. AGMમાં આ પ્રસ્તાવ પર અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે.

## એશિયન ગેમ્સ

### ભારતની ક્રિકેટ ટીમ ક્વાર્ટર ફાઈનલ રમશે

| મુંબઈ |

એશિયન ગેમ્સના મેન્સ ક્રિકેટમાં કુલ ૧૦ ટીમો ભાગ લઈ રહી છે. શાનદાર ICC રેન્કિંગના કારણે ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકાને સીધો ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ અપાયો છે. શ્રેયસ ઐય્યરની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયા ૨૮ સપ્ટેમ્બરે ગ્રુપ A ની રનર-અપ ટીમ (અફઘાનિસ્તાન, જાપાન અથવા નેપાળમાંથી કોઈ એક) સામે પોતાનો ક્વાર્ટર ફાઈનલ મુકાબલો રમશે. જો ભારતીય ટીમ ક્વાર્ટર ફાઈનલ જીતશે તો ૧ ઓક્ટોબરે સેમિફાઈનલ અને ૩ ઓક્ટોબરે ગોલ્ડ મેડલ માટે ફાઈનલ મુકાબલો ખેલશે. આ જ દિવસે બ્રોન્ઝ મેડલ મેચ પણ રમાશે. બીજી તરફ, ભારતીય મહિલા ટીમ ૧૮ સપ્ટેમ્બરથી પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. ભારતની મહિલા અને મેન્સ ટીમ એશિયન ગેમ્સમાં નવા સમિકરણ સાથે મેદાને ઉતરી શકે છે.

# SAIએ એશિયન ગેમ્સમાં સપોર્ટ સ્ટાફ મુદ્દે 18 રમત સંઘ પાસેથી ખુલાસો માંગ્યો

## ખેલાડીઓની છટણી બાદ હવે સપોર્ટ સ્ટાફનો મુદ્દો વિવાદનું કારણ બન્યો

| નવી દિલ્હી |

એશિયન ગેમ્સ માટે ખેલાડીઓની છટણી બાદ હવે સપોર્ટ સ્ટાફ મુદ્દે સાઈ (SAI) અને રાષ્ટ્રીય રમત મહાસંઘો વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. સાઈએ ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થતી એશિયન ગેમ્સમાં ભાગ લેનાર ૪૯૨ સભ્યોની ભારતીય ટુકડી સાથે જવાના સપોર્ટ સ્ટાફ માટે જવાબ-તલબી શરૂ કરી છે. રમત સંઘોના જવાબના આધારે જ સપોર્ટ સ્ટાફની અંતિમ યાદી નક્કી થશે. હવે સપોર્ટ સ્ટાફને લઈને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI - સાઈ) અને રાષ્ટ્રીય રમત મહાસંઘો વચ્ચે વિવાદ શરૂ થયો છે. સાઈએ ૩૫માંથી ૧૮ રમત સંઘો પાસે કોચ, ડોક્ટર, મસાજર અને અન્ય સપોર્ટ સ્ટાફની યાદી અંગે ખુલાસો માંગ્યો છે, જેમાં કુસ્તી ટીમ સાથે વિદેશી કોચ ન મોકલવાના નિર્ણય પર પણ આકરા સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

### કુસ્તી ટીમમાં વિદેશી કોચને ના મોકલાતા વિવાદ સર્જાયો

સાઈએ મહિલા હોકી ટીમ, શૂટિંગ, કબડ્ડી, સ્ક્વોશ, રોઇંગ અને કુસ્તી ટીમ સાથે મસાજરની નિમણૂક ન કરવા પર જવાબ માંગ્યો છે. સૌથી મોટો મુદ્દો કુસ્તીનો છે. તાજેતરમાં કુસ્તી ટીમ સાથે ત્રણ વિદેશી કોચની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ તેમને કોચ તરીકે એશિયાડમાં મોકલવામાં આવી રહ્યા નથી. સાઈ આ ત્રણેય વિદેશી કોચને એશિયાડમાં 'વધારાના ટીમ ઓફિશિયલ' તરીકે મોકલવા માંગે છે.કુસ્તી મહાસંઘે તાજેતરમાં જ તોતિંગ પગાર પર મેન્સ ફ્રીસ્ટાઈલમાં શાકો બાર્ટોનિયેટ્ઝ, ગ્રીકો-રોમન માટે રશિયન કોચ ગોગી કોગુઆશ્વિલી અને મહિલા પહેલવાનો માટે જાપાનીઝ કોચ કોસેઇ અકાઇશીને કરારબદ્ધ કર્યા હતા.

### વેટલિફ્ટિંગ અને ઘોડેસવારી સંઘો પણ રડારમાં

સાઈએ ઘોડેસવારી સંઘ પાસે પણ ખુલાસો માંગ્યો છે. IOA દ્વારા ૮ સભ્યોની ઘોડેસવારી ટીમ સાથે ૨૦ ગ્રૂમની યાદી અપાઈ છે.સાઈએ પૂછ્યું છે કે એશિયાડમાં જનારા ઘોડેસવાર જય સૂદ, અર્જન નાગરા અને આહાન કુમારના ઘોડા માટેના ગ્રૂમના નામ કેમ નથી મોકલાયા. એશિયાડમાં ૧૦ ઘોડેસવારો સાથે ૧૧ ગ્રૂમ મોકલવામાં આવ્યા હતા.

### ઓસ્ટ્રેલિયા ૧૨૬ પોઈન્ટ સાથે ટેસ્ટ રેન્કિંગમાં પહેલા સ્થાને, ચોથા સ્થાને રહેલા ભારતનો બીજી ટેસ્ટ પર મદાર

# ICC ટેસ્ટ રેન્કિંગમાં બુમરાહને પછાડી સ્ટાર્ક નંબર-૧ બન્યો

| દુબઈ |

આઈસીસી દ્વારા જાહેર કરવામાં આવેલા ટેસ્ટ રેન્કિંગમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે ભારતના જસપ્રીત બુમરાહને પાછળ છોડીને કારકિર્દીમાં પ્રથમ વખત નંબર-૧ ટેસ્ટ બોલરનો તાજ પહેર્યો છે. બેટિંગમાં રિષભ પંતે ટોપ-૧૦માં વાપસી કરી છે.

ઓસ્ટ્રેલિયાના ૩૬ વર્ષીય ડાબોડી ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે તેના ૧૫ વર્ષના લાંબા ટેસ્ટ કરિયરમાં પહેલીવાર ICC બોલિંગ રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. બાંગ્લાદેશ સામે મેકે ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં ૧૦ વિકેટના શાનદાર પ્રદર્શનનો તેને સીધો ફાયદો મળ્યો છે. સ્ટાર્કે જસપ્રીત બુમરાહ અને ન્યૂઝીલેન્ડના મેટ હેનરીને પાછળ રાખી દીધા છે. બીજી તરફ, બેટિંગ રેન્કિંગમાં ભારત માટે સારા સમાચાર છે. ગૉલ ખાતે શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટમાં આક્રમક અડધી સદી ફટકારનાર રિષભ પંતે છ સ્થાનની મોટી છલાંગ લગાવી છે. તે હવે માર્નસ લાબુશેન સાથે સંયુક્ત રીતે સાતમાં ક્રમે આવી ગયો છે.

# ઈંગ્લેન્ડ બાદ ઈટાલીએ ફિફા પ્રમુખનું સમર્થન પાછું ખેંચ્યું




ફિફા (FIFA) પ્રમુખ જિયાની ઈન્ફેન્ટિનો સામે ઈટાલીના ફૂટબોલ ફેડરેશને નારાજગી વ્યક્ત કરીને સત્તાવાર રીતે પોતાનું સમર્થન પાછું ખેંચી લેતા ફરી મામલો ગરમાયો છે. આ સાથે જ ઈન્ફેન્ટિનો સામે મોરચો માંડનારા દેશોની યાદી વધુ લાંબી થઈ છે.

ઈટાલીના ફૂટબોલ ફેડરેશને (FIGC) બુધવારે સત્તાવાર નિવેદન બહાર પાડીને સ્પષ્ટ કર્યુ હતું કે, ગવર્નન્સ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓના વિકાસને લગતી ફિફા પ્રમુખની તાજેતરની નીતિઓના કારણે તેઓ માર્ચમાં યોજાનારી ચૂંટણીમાં ઈન્ફેન્ટિનોને સમર્થન આપશે નહીં. નોંધનીય છે કે, વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં પ્રાઈવેટ ઈક્વિટી રોકાણકારોને હિસ્સેદારી વેચવાની વિવાદાસ્પદ યોજનાને લઈને ઈન્ફેન્ટિનો ભારે દબાણ હેઠળ છે. ત્રણ કોન્ટિનેન્ટલ કોન્ફેડરેશને તેમના પર છેતરપિંડીનો આરોપ મૂક્યો છે, જ્યારે યુરોપિયન ફૂટબોલ બોડી UEFA દ્વારા ફિફા સ્પર્ધાઓના બહિષ્કારની ચેતવણી પણ આપવામાં આવી ચૂકી છે.

જમીન વિષયક
જાહેર નોટિસ
વેચાણ નોટિસ
જાહેર નોટિસનો જાહેર જવાબ
ટાઈટલ ક્લિયરન્સ અંગેની નોટિસ
પાવર રદ કરવા અંગેની નોટિસ
કોર્ટ નોટિસ
જાહેરાતનો ભાવ
સુરત આવૃત્તિ રૂ. 85/- પ્રતિ ચોરસ સે.મી.
સંદેશ લિમિટેડ
'સત્યેશ ભવન' ડાકોરિયા કમ્પાઉન્ડ, સેલ પેટ્રોલ પંપની બાજુમાં, બમરોલી રોડ, ખટોદરા જી.આઈ.ડી.સી., ખટોદરા, સુરત.
ફો.નં. 4089033, 4089034, 97142 94702

## ટાઈટલ ક્લીયર અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકત મોહંમદ બીલાલ અલાઉદ્દીન મલીકનાની માલીકીની ચાલી આવેલી છે અને તેઓએ હમો કનેથી ટાઈટલ ક્લીયરન્સની માંગણી કરેલ છે અને તેઓ સદરહુ મીલકત હમારા અસીલ બેંકમાં મોર્ગેજમાં મુકી નાણાંકીય સવલતો મેળવવાનું નક્કી કર્યુ છે પરંતુ સદરહુ મીલકતના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલા દસ્તાવેજો તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે જેથી સદરહુ મીલકત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત કે તર તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખીત પુરાવા સહિત જાણ કરવી. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહી તો હમો સદરહુ મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને હમારા અસીલ સદરહુ મિલકત ઈકવિટેબલ ગીરોમાં લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ મીલકત ઉપર હમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ખોવાઈ ગયેલ દસ્તાવેજની વિગત

[illegible] (જૂનો દસ્તાવેજ નં. ૪૮૦૧ તા. ૨૨.૦૫.૧૯૮૬) ની રજીસ્ટ્રેશનની અસલ પાવતી. (પ્લોટ નં.૧૫ માટે) (૪) અસલ વેચાણ દસ્તાવેજ નં. ૧૭૩૪૦ તા. ૩૧.૦૫.૧૯૯૯ (જૂનો દસ્તાવેજ નં. ૪૮૦૨ તા. ૨૨.૦૫.૧૯૮૬) ની રજીસ્ટ્રેશનની અસલ પાવતી. (પ્લોટ નં.૧૬ માટે)

મીલકતની વિગત

સુરત ડિસ્ટ્રીકટ, સીટી સબ ડિસ્ટ્રીકટ, શહેર સુરત(ઉધના)સીટી તાલુકાના મોજે ઉધનાના સર્વે ન. ૧૯૦ પૈકીથી નોંધાયેલી બિનખેતીની જમીન ઉપર આવેલ સોલાપુરવાલા કમ્પાઉન્ડ માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૧૩, પ્લોટ નં.૧૪, પ્લોટ નં.૧૫ તથા પ્લોટ નં. ૧૬ દરેક પ્લોટના સુમારે ક્ષેત્રફળ ૧૬ X ૭૦ ચો. ફૂટ યાને ૧૦૩.૩૬ ચો.મી.વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ ગ્રાઉન્ડ વત્તા બે માળના બાંધકામવાળી જમીન અમલાઈમારત સહીતની સંપુર્ણ મિલકત, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, હીત-હિસ્સા સહીતની કુલ્લે દરોબસ્તવાળી મિલકત.

૨૦૩, વેસ્ટર્ન કોરીડોર, બી.એ.પી.એસ. હોસ્પિટલ પાસે, અડાજણ, સુરત. મો.૯૦૧૬૯૫૯૪૭૮
**દર્શીલ જયેશકુમાર શાહ**
એડવોકેટ

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ સબ- ડીસ્ટ્રીક્ટ શહેર સુરતના મોજે ગામ કરંજના રે.સર્વે નં. ૪૬ પૈકી, ટી.પી. નં. ૩ ની જમીન ઉપર બાંધવામાં આવેલ "ભરતનગર સોસાયટી" માં આવેલ પ્લોટ નં. ૩૩૩ ના ભોયતળીયે આવેલ દુકાન નં. ૫ (વેરાબીલ મુજબ દુકાન નં. ૧ તથા ૨) જેનો સુરત મહાનગર પાલીકા દફતરે ટેનામેન્ટ નં. ૨૧બી-૦૭-૪૪૦૯-૦-૦૦૧ તથા ૨૧બી-૦૭-૪૪૦૯-૦-૦૦૨ વાળી દુકાન મિલકત ડોકટર પ્રેમજીભાઈ માવજીભાઈની માલીકીની અને કબજા-ભોગવટાની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. માટે, સદર મિલકત બાબતે કોઈપણ સરકારી-અર્ધ સરકારી, વ્યકિત કે સંસ્થાનો વાંધો, હકક, હિસ્સો, લાગભાગ, દર દાવો, તર-તકરાર, હિત સંબધ કે ઇઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઇ બેંક કે સંસ્થાના કોઇપણ જાતના લાગભાગ, હકક હિત, સંબંધ યા ખોરાકી પોષાકીનો હકક, અધિકાર, ચાર્જ, બોજો કે લોન હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૫ માં પુરાવા સહિત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર જમીનમાં કોઇ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ જાતનો હક્ક હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલ છે એમ માની હમારા અસીલ સદરહું મિલકતના પાકા લખાણો તેમજ કબજા સહિતનો વેચાણ કરાર કરાવી લેશે. ત્યાર પછી કોઈપણ વ્યકિત કે સંસ્થાની કોઇપણ જાતની તર તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસઃ- ૨૧૮-૨૨૦, મોમાઈ ચેમ્બર્સ, અવંતિ સોસાયટી, લાભેશ્વર ચોક, એલ.એચ. રોડ, સુરત-૩૯૫૦૦૬. મો.૯૮૭૯૫-૧૬૮૨૧
અસીલની સુચના અને ફરમાશથી
**વિપુલ જે. જોધાણી**
એડવોકેટ એન્ડ નોટરી

## જાહેર ચેતવણી

જત અમો સોલંકી સુરેશકુમાર ગોવિંદભાઈ રહેઃ- બી-૫૬,સેજલ નગર સોસાયટી,એલ.ડી.હાઈસ્કુલની પાછળ, સચીન,સુરત,મો.નં. : ૯૯૭૯૪૫૭૬૧૨નાઓ જાહેરજનતાને જાણ કરીએ છીએ કે.. અમારો પુત્ર નામે સોલંકી રાહુલ સુરેશકુમાર, ઉ.આ.વ :- ૨૮, જે હાલ અમારા કહવામાં નથી અને અમારા પુત્રએ સ્વેચ્છાએ અમારા ઘરનો ત્યાગ કરી ચાલી ગયેલ છે અને હમોએ અમારી તમામ માલ મિલકત માંથી સોલંકી રાહુલ સુરેશકુમારને બેદખલ કરી લીધેલ છે. અમારો પુત્ર જો કોઈપણ વ્યકિત સાથે નાણાંકીય વ્યવહાર કે અન્ય વ્યવહાર કરેલ-કરાવેલ હોય કે કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે, તે અંગેની કોઈપણ પ્રકારની જવાબદારી અમારી રહેશે નહી, તેમ છતાં કોઈ વ્યક્તિએ નાણાંકીય વ્યવહાર કરી અમારી પાસે ઉઘરાણી કરવા આવશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને અમારા પુત્રને અમારી સાથે કાંઈ લાગતુ વળગતુ ન હોઈ, જેથી અમોના નામથી જો કોઈપણ વ્યક્તિ સોલંકી રાહુલ સુરેશકુમાર સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે, તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે- તે વ્યક્તિની રહેશે અને જો કોઈપણ વ્યકિત બેંક કે સંસ્થા અમારા પુત્ર સાથે કોઈપણ પ્રકારના વ્યવહારો કરશે તો અમોને બંધનકર્તા છે નહી અને રહેશે નહી, જેથી જાહેર જનતાને આ જાહેર ચેતવણીથી જાહેર કરીએ છીએ.

ઓફિસ : ૧૪, બીજો માળ, સ્વરાજકોમ્પલેક્ષ, રેલવે સ્ટેશન નજીક, તલંગપુર રોડ, સચીન-સુરત. મો.નં. ૭૫૭૭૫૦ ૭૬૧૪૪
**વિશાલસિંહ આઈ. ચૌહાણ**
એડવોકેટ

## ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

નીચે શીડયુલ – બી માં જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકતની આથી ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ આપીને જણાવવાનું કે સદરહુ મિલકતના માલિક સુચનાથી સદરહુ મિલકતનો ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવાનું હોવાથી સદરહુ મિલકતને લાગતા શીડયુલ – એ માં જણાવેલ દસ્તાવેજ ઈત્યાદી મળી આવતા નથી માટે ઉપરોક્ત જણાવેલ માલિક સદરહુ મિલકત કોઈને પણ ગીરો યા લીયનમાં આપે તો તેની સામે કોઈને પણ કોઈપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત હોય કે દરદાવો, ચાર્જ બોજા કે લીયનના હક્કો નોંધાયેલા હોય તો દિવસ – ૭ માં અમારા નીચે જણાવેલ સરનામે આવી પુરાવા સહિત નોંધાવી જવા જો ઉપરોક્ત મુદતમાં કોઈના કોઈપણ જાતના વાંધા આવશે નહી તો તેમણે પોતાના તમામ હકક હિસ્સો જતો કર્યો છે તેમ માની સદરહુ મિલકતનો ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવશે અને પાછળથી કોઈના પણ કોઈપણ જાતના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં જેની આથી તમામે નોંધ લેવી.

શિડયુલ-એ ખોવાઈ ગયેલ દસ્તાવેજની વિગત

(૧) અનુક્રમ નંબરઃ ૩૮૯૪ તા. ૦૩/૦૫/૧૯૮૪ ના રોજ નોંધાયેલ અસલ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટ્રેશન પાવતી
(૨) અનુક્રમ નંબરઃ ૨૮૪ તા. ૦૫/૦૧/૧૯૯૬ ના રોજ નોંધાયેલ અસલ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન પાવતી
(૩) અનુક્રમ નંબરઃ ૮૧૪૧ તા. ૦૬/૦૬/૨૦૧૧ ના રોજ નોંધાયેલ અસલ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન પાવતી

શિડયુલ - બી મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, સબ – ડીસ્ટ્રીકટ, ચોર્યાસીના સુરત સીટીના નાનપુરા અઠવાગેટથી મજુરા દરવાજાના રસ્તા ઉપર આવેલી પુતળાવાળી અગર મહંમદ મંઝીલના નામે ઓળખાતી સીટી સર્વે વોર્ડ નં.૧, નોંધ નં. ૧૩૯૩, ૧૩૯૪ તથા ૧૩૯૫ જેનો ટી.પી.સ્કીમ નં.૨, ફાયનલ પ્લોટ નં.૪૨ વાળી જમીન તેમા પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૨૮ જેનો નોંધ નં. ૧૩૯૫/૨ જેનું ક્ષેત્રફળ ૩૩૭.૦૮ ચો. મી.વાળી બાંધકામ સહીતની મિલકત તથા ફાળે પડતા રોડ સી.ઓ.પી.ની.જગ્યા સહિતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હકકો સહિત દરોબસ્ત મિલકત

ઓફિસઃ- ૨૦૨, માવણી પોઈન્ટ, ચોકસીવાડી નજીક, અડાજણ, સુરત મો. ૯૬૮૭૪૨૮૬૧૯
**અભિષેક ડી.કોસંબીયા**
એડવોકેટ

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત સબ-ડિસ્ટ્રીકટ તાલુકા ચોર્યાસીનાં મોજે ગામ કરાડવાનાં રે.સ.નં.૧ વત્તા તથા ૧૩૦ તથા ૧૩૧ કે જેનો બ્લોક નં. ૧૩૧ છે અને બિનખેતીની જમીન છે અને જેનું ક્ષેત્રફળ આશરે ૨૧૮૪૩.૪૫ ચો.મી. છે અને જે "સાંઈ પ્રેરણા" ના નામથી ઓળખાય છે. તેની ઉપર પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૫૬ વાળી ખુલ્લી જમીન જેનું ક્ષેત્રફળ ૧૩૬.૧૮ ચો.મી. યાને ૧૬૨.૮૭ ચો. વાર છે, તે ખુલ્લો પ્લોટ તથા તેને લાગતાં વળગતાં અંદર તથા બહારનાં તમામ હકકો સહિતની દરોબસ્ત મિલકતનાં (૧) આશા ગુલાબરાવ પવાર તથા (૨) ગુલાબરાવ સુખદેવ પવાર નાઓ માલિક, મુખત્યાર, કબજેદાર હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા માંગે છે, પરંતુ સદર મિલકતનો આ અગાઉનો વિનાયકકુમાર કૌશિકલાલ તાણીચાના નામનો અસલ વેચાણ દસ્તાવેજ નં.૧૪૯૯૬/૨૦૦૯ તથા તેની અસલ નોંધણી ફીની રસીદ તેમનાથી ક્યાંક ગુમ યાને કે ગેરવલ્લે થયેલ હોવાનું તેઓ જણાવે છે. જેથી સદર મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, લાગ-ભાગ વિગેરે હોય તો તેમણે દિન-૮ માં હમોને લેખિત પુરાવા સાથે હમારા સરનામે જણાવશો અન્યથા મુદત વિત્યે સદર મિલકતમાં કોઈનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વિગેરે નથી અને હોય તો છોડી દિધેલ છે, તેમ માની મારા અસીલ રજીસ્ટર્ડ લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઇપણ જાતની તર-તકરાર ધ્યાને લેવામાં આવશે નહી.

ઓફિસ : UG, B/6, પહેલા માળે, માધવ ક્રેસ્ટ, ડી માર્ટ પાસે, ડિંડોલી, સુરત મોબા નં. ૯૫૧૨૯ ૧૧૭૩૩
**મનોજ બી. પાટીલ**
એડવોકેટ અને નોટરી

## ટાઈટલ ક્લીયર અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકત મનીષાબેન મયુરકુમાર ભક્તાનાની માલીકીની ચાલી આવેલી છે અને તેઓએ હમો કનેથી ટાઈટલ ક્લીયરન્સની માંગણી કરેલ છે અને તેઓ સદરહુ મીલક્ત હમારા અસીલ બેંકમાં મોર્ગેજમાં મુકી નાણાંકીય સવલતો મેળવવાનું નક્કી કર્યુ છે પરંતુ સદરહુ મીલકતના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલા દસ્તાવેજો તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે જેથી સદરહુ મીલકત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત કે તર તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખીત પુરાવા સહિત જાણ કરવી. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહી તો હમો સદરહુ મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને હમારા અસીલ સદરહુ મિલકત ઇકવિટેબલ ગીરોમાં લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહી અને સદરહુ મીલક્ત ઉપર હમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ખોવાઈ ગયેલ દસ્તાવેજની વિગત

૧. અસલ વેચાણ દસ્તાવેજ નં. ૧૪૦૭૧ તા. ૩૦.૦૬.૨૦૧૭ તથા તેની રજીસ્ટ્રેશનની અસલ પાવતી.

મીલકતની વિગત : સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ તથા તાલુકો કામરેજનાં મોજે ગામ નવાગામની સીમમાં આવેલ બ્લોક નં. ૧૨૦/અ, રે.સર્વે નંબર- ૧૨૪ વાળી એન.એ. થયેલ જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૫-૧૬-૦૯ ચો.મી. છે. જેને ટી.પી.સ્કીમ નં.૪૦ (નવાગામ) લાગુ પડતા એફ.પી. નં. ૭૩/૧ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ ૨-૮૬-૪૮ ચો.મી. છે. તે જમીનમાં રહેઠાણનાં હેતુ માટે બનાવવામાં આવેલ "શાંતીવિલા બંગ્લોઝ" નામની સોસાયટીમાં આવેલ બંગલા પૈકી બંગલા નંબર : ૩૧ (જેને કે.જે.પી. મુજબ બ્લોક નં. ૧૨૦/અ/૪/૩૧ આપવામાં આવેલ છે.) થી નોંધાયેલ મિલક્ત કે જેનું ક્ષેત્રફળ ૧૦૦.૮૦ ચો.મી થાય છે. જેના પર ૮૭.૪૦ ચો.મી. નું બાંધકામ કરવામાં આવેલ છે તથા સોસાયટીમાં આવેલ રસ્તા અને ખુલ્લી જમીનમાં અવિભાજ્ય હિસ્સાની ૬૨.૦૯ ચો.મી. વાળી જમીન અને તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ પ્રકારના હકકો સહિત કુલ્લે દરોબસ્ત.

૨૦૩, વેસ્ટર્ન કોરીડોર, બી.એ.પી.એસ. હોસ્પિટલ પાસે, અડાજણ, સુરત. મો.૯૦૧૬૯૫૯૪૭૮
**દર્શીલ જયેશકુમાર શાહ**
એડવોકેટ

## ટાઈટલ ક્લીયર અંગેની જાહેર નોટીસ

જીલ્લો સુરત, સબ-ડીસ્ટ્રીક્ટ / તાલુકો, સીટી શહેર કતારગામનાં મોજે કતારગામ માં આવેલી, રેવન્યુ સર્વે ૩૧૭/૧ તથા ૩૧૭/૪, જેનો ટી.પી.સ્કીમ નંબરઃ ૩ (કતારગામ), એફ.પી. નંબર ૧૮/એ, ૧૮/બી, ૧૮/સી વાળી જમીનમાં આવેલ ધિ શ્રદ્ધા કો.ઓ. હા. સોસાયટી લી. વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર ૩૫ બી (કે જે સીટી સર્વે વોર્ડ કતારગામ ના સીટી સર્વે નોંધ નંબર ૨૫૭૧, જેનુ સીટી સર્વે મુજબ ક્ષે.૨૧૧.૬૭ ચો.મી છે) તે જમીન ઉપર બાંધકામ વાળી મીલકત, તથા વેરા બીલ મુજબ સુમારે ક્ષેત્રફળ ૪૮.૬૮ ચો.મી. તથા જેનો સુરત મહાનગર પાલીકા ના દફતરે ન્યુ ટેનામેન્ટ નં.૦૧૫-બી-૦૫-૦૩૫૧-૦-૦૦૧ થી નોંધાયેલ છે તે બાંધકામ સહીતની મિલકત, તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્ક, અધિકાર સહીતની મિલકત દરોબસ્ત નાં માલીક, મુખત્યાર કબજેદાર તરીકે હંસાબેન રમેશચંદ્ર પટેલ ચાલી આવેલ છે, જે મિલકત તેઓને મર્હુમ રમેશચંદ્ર બેચરદાસ પટેલ નાંઓ નાં વીલ થી સ્થાપીત થયેલ છે, તેમજ મર્હુમ રમેશચંદ્ર બેચરદાસ પટેલ નાંઓનાં કુલ્લે ત્રણ વારસદારો યાને હંસાબેન રમેશચંદ્ર પટેલ તથા કૃપાંક રમેશચંદ્ર પટેલ અને અનીતાબેન તે રમેશચંદ્ર પટેલ પુત્રી તથા પ્રણયકુમાર પટેલ ની પત્ની હાલ જીવીત છે, તેમજ મજકુર મીલકત કિર્તી બેન વસંતભાઈ પાઠક તથા મહેશભાઈ ભાનુશંકર પાઠક ખરીદી કર્યા બાદ અમારા અસીલ એવા બેંક તરફે ગીરો રાખીને ધિરાણ મેળવનાર છે, પરંતુ મિલકતનાં અગાઉ દસ્તાવેજો પૈકી ઉપરોક્ત સોસાયટીનો અસલ અલોટમેન્ટ લેટર ખોવાયેલ છે, ગુમ થયેલ છે, ગેરવલ્લે થયેલ છે, તથા અમારા અસીલે સદરહું મિલકતનાં ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની અમો પાસેથી માંગણી કરી છે. સદર મિલકત કે તેના કોઈ ભાગ અંગે યા તેના દસ્તાવેજો સંદર્ભે કોઇપણ વ્યક્તિ, બેંક, નાણાકીય સંસ્થા તથા અન્ય કોઇ સંસ્થાનો હકકોઈ પ્રકારનો હક્ક, હિત, અધિકાર, લાગભાગ, દરદાવો, સંબંધ, બોજો અથવા ચાર્જ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ માં અમોને પુરાવાઓ સહિત લેખિતમાં જાણ કરવી, તથા તેમ કરવામાં કસુર કર્યેથી તેમજ મુદત વિત્યેથી સદરહું મિલકત ઉપર કોઈ વ્યક્તિ, બેંક યા નાણાકીય સંસ્થાનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, અધિકાર, લાગભાગ, દરદાવો, સંબંધ, બોજો, ચાર્જ નથી એમ માની તથા ઉપરોક્ત સોસાયટીનો અસલ અલોટમેન્ટ લેટર ખરેખર ખોવાયેલ છે. એમ માનીને અમો સદરહું મિલકત અંગે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યાર બાદ અમારા અસીલ બેંક સદરહૂં મિલકતના મોર્ગેજની કાર્યવાહી પૂર્ણ કરશે તથા અમારા અસીલ મોર્ગેજી બેંકનો સદરહું મિલકત ઉપર પ્રથમ ચાર્જ યાને બોજો રહેશે, ત્યારબાદ કોઈની કોઇપણ પ્રકારની તર-તકરાર કે દાવાદુવી ચાલી શકશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

૨૦૯, મેઘરત્ન કોમ્પ્લેક્ષ, અથુગર મોહોલ્લો, ટીમલીયાવાડ, નાનપુરા સુરત, ફોન નંબરઃ ૯૩૭૪૭ ૨૭૯૯૯/૯૯૭૯૦૨૭૯૯૯
**ધર્મેશ બિ. પોણીયાવાલા**
એડવોકેટ

## મિલકતના ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **સુરત** ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો:- **ઓલપાડ**ના મોજે **ગામઃ-કુડસદ(સાલ્યાબાદ)**ના **બ્લોક નં.૮૦૯ પૈકી ૨** થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં આયોજીત **"અમૃત ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ" "પાર્ટ-૨"**ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં : ૧૯ (જેને દુરસ્તી મુજબ બ્લોક નં.૮૦૯/બ/૧/૧૯ છે)** વાળી મિલકતની હાલની માલિકી **મિલનકુમાર પ્રવિણભાઈ સોજીત્રા**ની ચાલી આવેલ છે. સદરહુ મિલકતના માલિક પાસેથી **અગાઉના અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૭૫૪૪ તા.૦૭-૧૦-૨૦૧૧ની ફક્ત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી અમો કનેથી સદરહુ મિલકતનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઇને કોઇપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઇ કોલ-કરાર, દરદાવો, હકક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઇપણ પ્રકારનું હકક-હીત-હિસ્સો કે તર-તકરાર અથવા કોઇ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઇના કોઇપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહી તો સદરહુ જમીન-મિલકતનું અમો એડવોકેટસ ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને સદરહુ જમીન-મિલકત અમારા અસીલ બેંક ઇકવીટેબલ મોર્ગેજ(ગીરોમાં)લેશે અને પાછળથી કોઇના કોઇપણ જાતના વાંધા ચાલશે નહી અને સદરહુ મિલકત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૨૬-૦૮-૨૦૨૬
ઓફીસ નંબરઃ ૪૦૧૩, સેન્ટ્રલ બાઝાર, વરાછા પોલિસ સ્ટેશનની સામે, વરાછ, સુરત મો. : ૯૮૨૪૭-૨૧૦૦૨
**સુજીત બી.રામોલીયા**
એડવોકેટ એન્ડ નોટરી

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ તાલુકો અબ્રામાના મોજે ગામ ઉમરાના રે.સ./બ્લોક નં. ૧૧૫ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૧૩-૪૭ જેનો આકાર રૂા. ૨૭.૬૨ પૈસા છે અને જેનો ખાતા નં. ૩૯૦૬ છે. સદર જમીનના માલિકો (૧) કૌશલ્યાબેન તે મહેશચંદ્ર દુલ્લભભાઈની વિધવા, (૨) અંકુરભાઈ મહેશચંદ્ર પટેલ તથા (૩) રોશનીબેન મહેશચંદ્ર પટેલનાઓ ચાલી આવેલા. સદર જમીન માલિકોએ ઉપરોકત જમીન પોતાની માલિકી, કબજા ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજના ખેતીની જમીન અંગેનું સોદાખત યાને સાટાખત દસ્તાવેજ વેચાણ આપવાનું નકકી કરેલ પરંતુ ઉપરોકત જમીન માલિકોએ ઉપરોકત સાટાખતની શરતોનું યોગ્ય રીતે પાલન નહીં કરતા અને તેનો ભંગ કરતા તેમજ જમીન બીજી કોઈ વ્યકિતને વેચાણ કરવાની તજવીજ કરતા હોવાથી અમારા અસીલે જમીન માલિકો વિરૂધ્ધ **મહે. સુરતના ચોથા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે. દિ. મુ. નં. ૧૭૧/૨૦૨૬** થી સાટાખતની શરતોના વિશેષ અમલનો દાવો નોંધાવેલ છે. જે હાલ ન્યાયીક પ્રકીયા હેઠળ છે. જેથી હવે પછી કોઈપણ ત્રાહીત ઈસમો, સંસ્થા કે અન્ય કોઈ વ્યકિતઓએ ઉપરોકત જમીન માલિકો સાથે સદર જમીન બાબતે કોઈપણ વ્યવહાર કરવો કરાવવો નહીં અને જો તેમ કરશે તો તકરાર સિવાય કંઈ પ્રાપ્ત થશે નહીં. ઉલટાનું દાવાદુવીના પ્રકરણોમાં જોડાવાનું રહેશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

સુરત
તારીખ : ૨૭-૦૮-૨૦૨૬
**નંદલાલ ડી. સાવલીયા**
(એડવોકેટ & નોટરી)
વાદી શ્રી લાખાભાઈ ઘાનાભાઈ કનારાની સૂચનાથી
ઓફિસઃ ૩૦, ત્રીજો માળ, લિયોનાર્ડ સ્કવેર, એસબીઆઈ બેંકની ઉપર, યોગી ચોક, પુણાગામ, સુરત-૩૯૫ ૦૧૦. મો. : ૯૯૨૫૭ ૦૬૪૬૪

## શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બાબેન-બારડોલી

પો. સરદારબાગ-૩૯૪૬૦૧, તા. બારડોલી, જી. સુરત

**ભંગાર વેચાણ તથા લેબર કોન્ટ્રાકટ આપવા અંગે**

૧. કોન્ટ્રાકટ આપવાનાં છે.
અમારે સને: ૨૦૨૬-૨૭ ની શેરડી પિલાણ સીઝન પૂરતા જુદાજુદા કામો કોન્ટ્રાકટથી આપવાનાં છે. જે અંગે ખાંડ કારખાનાનાં અનુભવી તેમજ લેબર લાયસન્સ, જી.એસ.ટી. રજીસ્ટ્રેશન, ઈન્કમટેક્ષ ક્લીયરન્સ, પી.એ.નંબર અને પી.એફ.રજીસ્ટ્રેશન ધરાવનારને ટેન્ડર ફોર્મ રૂા. ૧૦૦/-ફી ભરી પરચેઝ ઓફિસમાંથી આપવામાં આવશે. ટેન્ડર સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટ રૂા. ૨૦,૦૦૦/- સંસ્થાનાં નામે ચેક/આરટીજીએસ થી ભરવાના રહેશે.

૨. ભંગાર વેચાણ
અમારે અલગ-અલગ પ્રકારનો ભંગાર "જૈસે થે પરિસ્થિતિ" માં વેચાણ કરવાનો છે, જે અંગેની ટેન્ડર કોપી માન્ય ટ્રેડ લાયસન્સ, જી.એસ.ટી. નંબર તથા ઈન્કમટેક્ષ ક્લીયરન્સ વગેરેની નકલ રજૂ કરી ટેન્ડર ફી રૂા. ૫૦૦/- ભરી પરચેઝ ઓફિસમાંથી મેળવવાની રહેશે. ટેન્ડર સાથે ડીપોઝીટ રૂા. ૨,૦૦,૦૦૦/-સંસ્થાનાં નામે રાષ્ટ્રીયકૃત બેંકનાં ડીમાન્ડ ડ્રાફટથી ભરવાનાં રહેશે. ભંગારનું નિરીક્ષણ સંસ્થાનાં કામકાજનાં દિવસો દરમ્યાન સવારેઃ ૧૧.૦૦ થી સાંજે : ૪.૦૦ વાગ્યા સુધીમાં કરી શકાશે.

ઉપરોક્ત કામોનાં ટેન્ડર તારીખઃ ૧૦.૦૯.૨૦૨૬ ને સાંજે ૪.૦૦ વાગ્યા સુધી સીલબંધ કવરમાં સ્વીકારવામાં આવશે. ટેન્ડર આપવા/સ્વીકારવા તથા મંજૂર/નામંજૂર કરવાનો હકક સંસ્થાનો અબાધિત રહેશે.

નોંધઃ અન્ય ખરીદીનાં ટેન્ડરો સંસ્થાની વેબસાઈટ www.bardolisugar.com ઉપર ખરીદી કરવાનાં સમયે મૂકવામાં આવે છે. ટેન્ડરોની નકલ સંસ્થાની ઓફિસેથી મેળવી ટેન્ડરો સીલબંધ કવરમાં સ્વીકારવામાં આવશે.

બારડોલી
તા. ૨૭-૦૮-૨૦૨૬
હેમ પ્રકાશ સિંહ
મેનેજીંગ ડાયરેક્ટર

## હેલ્થ અપડેટ

### તમારી આંખના લક્ષણ પણ સ્વાઈન ફ્લૂના સંકેત આપે છે

સ્વાઈન ફ્લૂના કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સ્વાઈન ફ્લૂ ચેપી રોગ છે. આ રોગના લક્ષણો દેખાય કે સારવાર શરુ કરી દેવામાં ન આવે તો તેમાં દર્દીનો જીવ પણ જઈ શકે છે. સ્વાઈન ફ્લૂના શરુઆતી લક્ષણો આંખોમાં પણ દેખાય છે. અત્યારે સ્વાઈન ફ્લૂ ફેલાયેલો છે ત્યારે આંખમાં આવા લક્ષણો દેખાય તો તુરંત ડોક્ટરનો સંપર્ક કરવો.

**આંખ પર અસર કરી શકે છે સ્વાઈન ફ્લૂ**

ડોક્ટરોના જણાવ્યા અનુસાર સ્વાઈન ફ્લૂના કારણે આંખ પર પણ અસર થઈ શકે છે. આ સમયે કોઈપણ વ્યક્તિને તાવ, શરદી સહિત આંખમાં કોઈ સમસ્યા જણાય તો તે સ્વાઈન ફ્લૂ થયાનો સંકેત હોય શકે છે. આંખમાં થતા કેવા ફરેફારોને ઈગ્નોર કરવા નહીં ચાલો તમને જણાવીએ.

**સ્વાઈન ફ્લૂના આંખમાં દેખાતા લક્ષણો**

- આંખ લાલ થઈ જવી
- આંખમાંથી પાણી નીકળવું.
- આંખમાં દુખાવો થવો.
- વાયરલ કંજંક્ટિવાઈટિસ થવું

મહત્વનું છે કે ડોક્ટરોનું જણાવવું છે કે દરેક વખતે આંખની તકલીફો સ્વાઈન ફ્લૂના કારણે જ હોય તે જરૂરી નથી પરંતુ દિલ્હીમાં સ્વાઈન ફ્લૂના ઘણા પેશન્ટમાં આ પ્રકારની આંખની તકલીફો પણ જોવા મળી છે.

સ્વાઈન ફ્લૂના અન્ય લક્ષણો : સ્વાઈન ફ્લૂ જેને H૧N૧ કે ઈન્ફ્લૂએંઝા પણ કહેવામાં આવે છે તે બીમારી શ્વસન તંત્ર પર અટેક કરે છે. સ્વાઈન ફ્લૂમાં શરુઆતમાં નાક, ગળા અને ફેફસા પર અસર થાય છે. જેના કારણે સ્વાઈન ફ્લૂની શરુઆતમાં દર્દીને તાવ આવે છે, ઠંડી લાગે છે, ગળામાં તકલીફ થાય છે, નાક બંધ થઈ જાય અથવા પાણી આવે, શરીરમાં દુખાવો અને નબળાઈ લાગે છે.

## આજની જોક



વહુ સાસું સાથે વાત નહોતી કરી
સાસુ: વહુ બેટા હું જીવતી છું ત્યાં સુધી મારી સાથે વાત કરો, મર્યા બાદ હું વાત કરીશ તો ભુવાને ત્યાં ધક્કા ખાવા પડશે

---

ચંગુ: ભાઇ પેલી છોકરીએ મને હેન્ડસમ હંક કહ્યો છે
મંગુ: ભાઇ એ તને હેન્ડસમ કહી ગેરમાર્ગે દોરતી રહેશે પરંતુ તુ અરીસો જોતો રહેજે. ક્યારેય ખોટા ભ્રમમાં નહીં ફસાય

---

બેન્કની બહાર ભારે ભીડ હતી
એક શખ્સ વારંવાર આગળ જવા પ્રયાસ કરતો હતો અને લોકો તેને ધક્કો મારીને પાછો કાઢતા હતા
૫-૬ ધક્કા ખાધા બાદ તે શખ્સે બરાડીને કહ્યું: લાગ્યા રહો લાઇનમાં હું આજે બેન્ક જ નહીં ખોલું





## કેરોમાં હેરિટેજ રિવાઇવલ વિકમાં ઇજિપ્તની લોક કલાનું પ્રદર્શન



કેરો : ઇજિપ્તની રાજધાની કેરોમાં હાલ બીજા હેરિટેજ રિવાઇવલ સપ્તાહનું આયોજન થઇ રહ્યું છે. ગત ૨૨ ઓગસ્ટથી શરૂ થયેલા આ હેરિટેજ સપ્તાહ દરમિયાન ઇજિપ્તની લોકકલાનું પ્રદર્શન કરતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે અહીં ઇજિપ્તના પરંપરાગત લોકનૃત્ય તાનૂરાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નર્તકોએ શાનદાર નૃત્યનું પ્રદર્શન કરીને પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. ઇજિપ્તના પ્રાચીન વાદ્યો અને સંગીતના તાલે સ્ટેજ પર તાનૂરા નૃત્ય કરી રહેલા ડાન્સર્સના પગની એક-એક થાપ પર પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા. આ વર્ષે હેરિટેજ રિવાઇવલ સપ્તાહના બીજા એડિશનની ઉજવણી કરવામાં આવી રહી છે.



## સલમાન ખાને શોએબ અખ્તરને ફિલ્મોમાં ભૂમિકા માટે ઓફર આપી હતી

### હું બોલીવુડમાં જાત તો મારું નામ પણ અભિનેત્રીઓ સાથે જોડાવા લાગત: શોએબ

। ઇસ્લામાબાદ ।

પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર શોએબ અખ્તરે જણાવ્યું કે તેમને એકવાર સલમાન ખાને બોલિવૂડ ફિલ્મની ઓફર આપી હતી. શોએબે જણાવ્યું કે તે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જવાનુંવિચારી રહ્યો હતો. ત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે સારા સંબંધો હતા, પરંતુ તેઓ ક્રિકેટર અને સિનેમા બંને કરિયરને મેનેજ નહોતા કરી શકતા, તેથી તેમણે પછી તેને છોડી દીધું. શોએબે એ પણ જણાવ્યું કે સલમાન ખાને પણ તેમને ફિલ્મની ઓફર આપી હતી. શોએબે એક





શોમાં જણાવ્યું કે તેમને ફિલ્મ ગેંગસ્ટર માટે એપ્રોચ કરવામાં આવ્યો હતો. જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે તેમને ઈમરાન હાશ્મીના રોલ માટે ઓફર નહોતી આપવામાં આવી. તેમને કોઈ બીજા પાત્ર માટે એપ્રોચ કરાયો હતો.શોએબે એ પણ જણાવ્યું કે સલમાન ખાને પણ તેમને ફિલ્મની ઓફર આપી હતી. પરંતુ તેમણે આ ઓફરને નકારી દીધી હતી કારણ કે તેઓ પોતાના સમયને પ્રોફેશનલ ક્રિકેટ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વિભાજિત કરવા માંગતા ન હતા. તેમણે એમ પણ કહ્યું કે નહીં તો લોકો ત્યારે તેમનું નામ અભિનેત્રીઓ સાથે પણ જોડત.

શોએબે કહ્યું, 'હું બે દુનિયામાં રહી શકતો ન હતો. હું ૬ કે ૭ મહિના સુધી ક્રિકેટ રમત અને પછી ૬-૭ મહિના શૂટિંગ કરત. લોકો મને પછી ત્યાં મહિલાઓ સાથે ટેગ કરતા. તો, જોકે મેં આ વિશે વિચાર્યું હતું, ૩-૪ ડાયરેક્ટરોએ મને કહ્યું કે વિલનનો રોલ કરવા માટે તમારે વધારે કંઈ કરવાની જરૂર નથી.'

## મેં પહેરેલો તિરંગો ગાઉન નેશનલ ફ્લેગની અદ્દલ નકલ નથી : ઉર્વશી રૌતેલા

### ઉવર્શીએ જવાબ આપ્યો, હું દેશને મારી ઓળખના ભાગ તરીકે મારી સાથે રાખું છું

। મુંબઇ ।

તાજેતરમાં જ મિસ યુનિવર્સ ઈન્ડિયા પેજન્ટમાં તિરંગાથી પ્રેરિત આઉટફિટ પહેરીને આવવાને કારણે બોલીવુડ અભિનેત્રી ઉર્વશી રૌતેલા વિવાદમાં આવી હતી. ઉર્વશીએ કેસરી, સફેદ અને લીલા રંગનો ગાઉન પહેર્યો હતો જે ભારતીય ધ્વજથી પ્રેરિત છે. એટલું જ નહીં, તેની વચ્ચે અશોક ચક્ર પણ હતું. હવે આ આઉટફિટ વિશે ઉર્વશીએ કહ્યું, હું મારા દેશને માત્ર એક રાષ્ટ્રીયતા તરીકે નહીં પરંતુ મારી ઓળખના એક ભાગ તરીકે મારી સાથે રાખું છું. હું



કંઈક એવું પહેરવા માંગતી હતી જે માત્ર એ જ ન જણાવે કે હું ક્યાંથી આવી છું પરંતુ એ પણ વ્યક્ત કરે કે ભારત મારા માટે શું મહત્વ ધરાવે છે. આ જ વિચાર સાથે આ ખાસ ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી.ઉર્વશીએ વધુમાં કહ્યું કે આ ગાઉનને બનાવવામાં ૩ મહિના લાગ્યા હતા. એક ડ્રેસમાં ૩ રંગો ઉમેરવા સરળ નહોતા. આ રાષ્ટ્રીય ભાવનાને કલાત્મક અભિવ્યક્તિ માં બદલવા વિશે હતું. ઉલ્લેખનીય છે કે ઉર્વશીના આ આઉટફિટને ઘણા લોકોએ પસંદ કર્યો હતો ત્યાં જ કેટલાકે તેનો વિરોધ પણ કર્યો હતો, એ વાત દર્શાવીને કે તિરંગાના રંગનો અડધો ભાગ અભિનેત્રીના લોઅર બોડીમાં આવી રહ્યો હતો અને ડ્રેસનો પાછળનો ભાગ નીચે જમીનને અડી રહ્યો હતો. આ અંગે ઉર્વશીએ કહ્યું, એક તિરંગા અને ગાઉનમાં ઘણા દેખીતા તફાવતો છે. સૌથી મહત્વની વાત એ છે કે આ ગાઉન રાષ્ટ્રધ્વજની આબેહૂબ નકલ નથી. તે તિરંગાથી પ્રેરિત તત્વોનો ઉપયોગ કરીને તૈયાર કરાયેલ એક કોચર છે.'

## વહીદા ન્યૂઝીલેન્ડમાં યોજાનારા ભારતીય ફિલ્મ મહોત્સવમાં ભાગ લેશે

### વહીદાની તીસરી કસમ ફિલ્મથી મહોત્સવનો પ્રારંભ કરવામાં આવશે

। મુંબઇ ।

ટૂંક સમયમાં ન્યુઝીલેન્ડમાં ભારતીય ફિલ્મ મહોત્સવનું આયોજન થવા જઈ રહ્યું છે. આ ખાસ મહોત્સવમાં ભારતીય સિનેમાની જાણીતી અભિનેત્રી વહીદા રહેમાન પણ સામેલ થશે. વહીદાએ પોતાને આમંત્રણ મળવા બદલ ખુશી વ્યક્ત કરી છે. આ ભારતીય ફિલ્મ મહોત્સવમાં વહીદાની પ્રતિષ્ઠિત ફિલ્મ તીસરી કસમ પણ દર્શાવવામાં આવશે. આ અંગે એક વાતચીત દરમિયાન વહીદાએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે



સિનેમામાં હંમેશાથી લોકો અને સંસ્કૃતિઓને નજીક લાવવાની શક્તિ રહી છે.મને ખુશી છે કે TIFNZ ન્યુઝીલેન્ડમાં ભારતીય સિનેમાની સમૃદ્ધિ અને વિવિધતાની ઉજવણી કરી રહ્યું છે. ફિલ્મ તીસરી કસમ મારા દિલની ખૂબ જ નજીક છે.મને વિશેષ રૂપે ખુશી છે કે આ ફિલ્મ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે. જેનાથી દર્શકોની નવી પેઢીને તેની કાલજયી વાર્તા અને કવિતાને જાણવાની તક મળશે.ભારતીય ફિલ્મ મહોત્સવનું આયોજન ન્યુઝીલેન્ડમાં કરવામાં આવશે. ભારતીય ફિલ્મ મહોત્સવમાં ૩૦ ફિલ્મોનું સ્ક્રીનિંગ, ઉદ્યોગ જગતની ચર્ચાઓ, સ્ક્રીનિંગ પછીના પ્રશ્નોત્તરી સત્રો, નેટવર્કિંગ કાર્યક્રમો અને એક પુરસ્કાર સમારોહ યોજાશે. પ્રથમ સંસ્કરણમાં ૧૦ ફીચર ફિલ્મો, ૧૬ શોર્ટ ફિલ્મો અને ૪ વિશેષ સ્ક્રીનિંગ બતાવવામાં આવશે. રિપોર્ટ્સ અનુસાર ગુજરાતી, બંગાળી, મલયાલમ, તેલુગુ, તમિલ, કન્નડ, ફ્રેન્ચ, જાપાનીઝ, હિન્દી, અંગ્રેજી, નેપાળી, કાશ્મીરી, પંજાબી અને કુમાઉની સહિતની ભાષાઓ અને એક મૂક ફિલ્મ સાથે, આ મહોત્સવ ભારતની ભાષાઓ અને વાર્તા કહેવાની કળાની ઉજવણી કરશે.

## સોમી અલી ૨૦ વર્ષથી હિંસાથી પીડિત મહિલાઓ માટે કામ કરી રહ્યાં છે

### અસુરક્ષા સામે ઝઝૂમતી મહિલાઓને સમયસર મદદ મળે તે જરૂરી : અલી

। મુંબઇ ।

છેલ્લા ૨૦ વર્ષથી મહિલાઓ સાથે કામ કરી રહેલાં સોમીએ હિંસા અને અસુરક્ષામાંથી પસાર થતી મહિલાઓને નજીકથી જોઈ છે. તેમનું માનવું છે કે સાચી સમાનતા માત્ર વાતોમાં નહીં, પરંતુ સિસ્ટમ અને વિચારસરણીમાં બદલાવથી આવશે.સોમીના અનુસાર આપણે વધારે વાત કરી રહ્યા છીએ અને તે જરૂરી પણ છે.



પહેલા ચૂપ રહેવું સામાન્ય બાબત હતી અને મૌન અત્યાચાર કરનારાઓને બચાવતું હતું. પરંતુ વાત કરવી અને બદલાવ આવવો એ એક સમાન વસ્તુ નથી. સાચો બદલાવ અદાલતો, પોલીસની પ્રતિક્રિયા, પરિવારોની વિચારસરણી અને એ વાતમાં જોવા મળશે કે શું કોઈ મહિલા પોતાનું આખું જીવન ગુમાવ્યા વિના કોઈ સંબંધમાંથી બહાર નીકળી શકે છે ખરી. સોમીના મતે, તકલીફમાં ફસાયેલી મહિલાને સમયસર મદદ મળવી સૌથી જરૂરી છે. તે કહે છે, 'જ્યારે કોઈ મહિલા ખતરામાં હોય છે, ત્યારે સિસ્ટમ બહુ ધીમી ચાલે છે. સુરક્ષા આદેશ મળવામાં સમય લાગે છે. આશ્રયસ્થાનોમાં જગ્યા હોતી નથી. કાનૂની પ્રક્રિયા ચાલતી રહે છે, જ્યારે મહિલા હજુ પણ ડરની વચ્ચે જીવી રહી હોય છે.'

### અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દીકરા બેરોન ટ્રમ્પની હત્યા માટે ઈરાને ૧૦ મિલિયન ડોલર એટલે કે અંદાજે ૯૬ કરોડનું ઈનામ જાહેર કર્યું છે

# સાયકોલોજિકલ વોરફેર : હત્યા કરો, ઈનામ મેળવો

અમેરિકા અને ઈરાન વચ્ચે અત્યારે યુદ્ધ અટકેલું છે, જોકે, સાયકોલોજિકલ વોરફેર બરાબરનું જામ્યું છે. એક-બીજાને ટેન્શનમાં રાખવાની એકેય તક બેમાંથી કોઈ જતી કરતા નથી. યુદ્ધ હોય કે બીજું કંઈ પણ હોય, સામાન્ય સંજોગોમાં જે તે દેશના નેતાઓના પરિવારજનોને તેમાં વચ્ચે લાવવામાં આવતા નથી. અમેરિકા અને ઈરાનના યુદ્ધમાં મન ફાવે એમ થઈ રહ્યું છે. ઈરાને હમણાં અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી નાના દીકરા બેરોનની હત્યા માટે ૧૦ મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યું. રૂપિયામાં ગણતરી કરીએ તો આ રકમ ૯૬ કરોડ જેટલી થાય છે. ડોનાલ્ડ ટ્રમ્પે ત્રણ લગ્ન કર્યા છે. ત્રણેય પત્નીઓ થકી તેમને બે દીકરી અને ત્રણ દીકરા મળીને કુલ પાંચ સંતાનો છે. ટ્રમ્પના વર્તમાન પત્ની મેલાનિયાથી બેરોન નામનો એક દીકરો છે. ટ્રમ્પનો આ સૌથી નાનો દીકરો વીસ વર્ષનો છે. બેરોન ન્યૂયોર્ક યુનિવર્સિટીની સ્ટર્ન સ્કૂલ ઓફ બિઝનેસમાં સ્ટડી કરે છે. રાજકારણ, લાઈમલાઈટ અને મીડિયાથી દૂર રહેતા બેરોનનું નામ હવે ઈરાનની ધમકીના કારણે ચર્ચામાં છે. આ કંઈ એવી પહેલી ઘટના નથી કે, કોઈની હત્યા કે જીવતા પકડવા માટે ઈનામ જાહેર કરવામાં આવ્યું હોય, બંનેએ ઈનામો જાહેર કર્યા હોય એવા નામોનું લાંબુ લિસ્ટ છે.

> **અમેરિકાએ પણ ઈરાનના સર્વોચ્ચ ધાર્મિક નેતા મોજબતા ખામેનેઈના માથા સાટે ૧૦ મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યું છે. બંને તરફથી જાતજાતના ઈનામોની જાહેરાતો થતી રહે છે. ઈરાન ડોનાલ્ડ ટ્રમ્પને છંછેડવાની એકેય તક છોડતું નથી**

બેરોનની હત્યા બદલ ઈનામની જાહેરાત વિશે કેટલાંક લોકો એવું કહે છે કે, આ સંઘર્ષમાં બેરોનને ઢસડવાની જરૂર નહોતી. તેના સંદર્ભમાં ઈરાન સમર્થક લોકો કહે છે કે, અમેરિકાએ ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ ધાર્મિક નેતા આયાતોલા ખામેનેઈને હુમલાના પહેલા જ દિવસે મારી નાખ્યા હતા. આયાતોલા ખામેનેઈના પરિવારજનો એ ભૂલવાના નથી. આયાતોલા બાદ સર્વોચ્ચ નેતા બનેલા તેમના પુત્ર મોજતબા ખામેનેઈ માટે પણ અમેરિકાએ ૧૦ મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યું છે. અમેરિકા અને ઈઝરાયેલ બંનેના જાસૂસી તંત્રો મોજતબાનું લોકેશન મેળવવા આકાશ પાતળ એક કરી રહ્યા છે. મોજતબાનો કોઈ પત્તો મળતો નથી. અમેરિકા માથા સાટે ઈનામો જાહેર કરતું રહે છે એટલે ઈરાન પણ એવું જ કરે છે. ઈરાને તો પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ માટે પણ ૧૦ મિલિયનથી લઈ ૫૦ મિલિયન સુધી આપવાની વાતો કરી છે. આ ઉપરાંત અમેરિકાની સેનાના સૈનિકોની હત્યા કે જીવતા પકડી લાવો તો પચીસથી માંડીને પચાસ લાખ સુધીનું ઈનામ ઈરાને જાહેર કર્યું છે.

અમેરિકા જે ઈનામો જાહેર કરે છે તેને રિવોર્ડ્સ ફોર જસ્ટિસ જેવું રૂપકડું



નામ આપે છે. અમેરિકાએ મોજતબા ખામેનેઈ ઉપરાંત ઈરાનની સેનાના વરિષ્ઠ કમાન્ડર અહમદ વાહિદી, ઈરાનના મંત્રી એસ્કાન્દર મોમેની, ગુપ્તચર મંત્રી ઈસ્માઈલ ખાતિબ, ડ્રોન કમાન્ડર સઈદ અઘાજાની, ઈલેક્ટ્રોનિક કમાન્ડના વડા હમીદરેઝા લશ્ગરિયન માટે પણ દસ મિલિયન ડોલરના ઈનામો જાહેર કરેલા છે. બંને પક્ષો દર થોડા દિવસે કોઈને કોઈ નામે ઈનામો જાહેર કરતા રહે છે. કેટલાંક કિસ્સાઓમાં એવું પણ જોવા મળ્યું છે કે, અમેરિકાએ જેના માટે ઈનામ જાહેર કર્યું હોય એ જ વ્યક્તિ અમેરિકન પ્રતિનિધિઓ સાથે શાંતિ મંત્રણાઓમાં સામેલ હોય. ઈનામો જાહેર કરવાની રીત બીજું કંઈ નહીં પણ સાયકોલોજીકલ વોરફેર છે. એક-બીજા પર માનસિક પ્રેશર લાવવાની આ એક ટેક્ટિક છે.

**એક્સ્ટ્રા કોમેન્ટ**
**• કૃષ્ણકાંત ઉનડકટ**

**શું છે સાયકોલોજિકલ વોરફેર?**

સાયકોલોજિકલ વોરફેર એટલે કે મનોવૈજ્ઞાનિક યુદ્ધ એ કોઈ નવી વાત નથી. પ્રાચીન સમયથી તેનો ઉપયોગ થઈ રહ્યો છે. તેની પાછળનો મુખ્ય ઈરાદો દુશ્મન પર માનસિક દબાણ પેદા કરવાનો છે. કોઈ હથિયારો કે શારીરિક બળનો ઉપયોગ કરવાના બદલે ભ્રમ પેદા કરીને, ડરાવી અને ધમકાવીને, અફવાઓ ફેલાવીને કે છેતરપિંડી કરીને દુશ્મનને ટેન્શનમાં રાખવા માટે ઘણું બધું કરવામાં આવે છે. ચીનના જાણીતા સૈન્ય વ્યૂહરચનાકાર સન ત્ઝુએ પોતાના પુસ્તક ધ આર્ટ ઓફ વોરમાં લખ્યું છે કે, લડ્યા વિના દુશ્મનને હરાવવો એ યુદ્ધની સર્વોચ્ચ કળા છે. સાયકોલોજિકલ વોરફેરનો મૂળ મંત્ર જ આ છે. અલબત્ત, આધુનિક સમયમાં ખરેખર આવી બધી વાતોથી કેટલો ભય પેદા થાય છે એ સૌથી મોટો સવાલ છે. સાયકોલોજિકલ વોરફેર માટે અત્યારના આધુનિક સમયમાં ફેક ન્યૂઝનો પણ મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે.

માત્ર બે દેશો વચ્ચેના યુદ્ધની ઘટનામાં જ નહીં, કોર્પોરેટ વોરથી માંડીને વ્યક્તિગત દુશ્મનીમાં પણ સાયકોલોજિકલ વોરફેરનો મોટા પાયે ઉપયોગ થાય છે. જુદી જુદી કંપનીઓ એક-બીજા પર હાવિ થવા માટે જાતજાતની વાતો ફેલાવતા હોય છે. લોકો પણ પોતાના દુશ્મનને ડરાવવા માટે કોઈના મારફતે કે સોશિયલ મીડિયામાં આડું અવળું લખીને ડરાવતા રહે છે. જ્યારે બે દેશો વચ્ચે સાયકોલોજિકલ વોરફેરના પ્રયાસો થાય છે ત્યારે સામાન્ય લોકોને પણ તેની માનસિક અસરો થતી હોય છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના સાયકોલોજિકલ વોરફેર વિશે સીપરી એટલે કે સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે કરેલા એક સરવેમાં એવી વાત બહાર આવી છે કે, અમેરિકા અને ઈરાન જે મનોવૈજ્ઞાનિક રમતો રમી રહ્યા છે તેનાથી મધ્ય પૂર્વના દેશોના લોકોમાં ડિપ્રેશન અને એંગ્ઝાઈટીના લક્ષણો જોવા મળ્યા છે. ભવિષ્યની અસુરક્ષામાં પચીસ ટકાનો વધારો નોંધાયા છે. જે રીતની વાતો ચાલે છે એ લોકોમાં ડર પેદા કરે છે. અલબત્ત, સાયકોલોજિકલ વોરફેર પાછળનો ઈરાદો જ લોકો અને નેતાઓને મેન્ટલી ડિસ્ટર્બ કરવાનો હોય છે.

krishnkant.unadkat@sandesh.com

### ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂના પુત્રની હત્યાનો પ્રયાસ



ડોનાલ્ડ ટ્રમ્પના દીકરાની હત્યા માટે ઈરાને ઈનામની જાહેરાત કરી એ દરમિયાનમાં જ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂએ એવું કહ્યું છે કે, ઈરાને મારા દીકરાને પણ મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. બેન્જામીન નેતન્યાહૂ અને તેમના પત્ની સારા નેતન્યાહૂને બે દીકરા છે. મોટો દીકરો યાયર ૩૫ વર્ષનો અને નાનો દીકરો અનવર ૩૧ વર્ષનો છે. ઈઝરાયેલની ચેનલ ૧૪ ટેલિવિઝનને આપેલા એક ઈન્ટરવ્યૂમાં નેતન્યાહૂએ એ ચોખવટ નહોતી કરી કે, તેના બેમાંથી ક્યા દીકરાને મારવાનો પ્રયાસ થયો હતો. એ સિવાય કઈ રીતે બંનેને નિશાન બનાવાયા હતા તે વિશે પણ તેમણે મૌન સેવ્યું હતું. અલબત્ત, તેમણે એમ ચોક્કસ કહ્યું કે, અમને ઈરાનના કાવતરાની જાણ હતી એટલે અમે પહેલેથી જ પૂરતી વ્યવસ્થાઓ કરી હતી. પરિવાર અને સંતાનોની સુરક્ષાએ કોઈ લકઝરી કે દેખાડો નથી પણ જરૂરી વાત છે. ઈઝરાયેલમાં ચૂંટણી આવી રહી છે ત્યારે બેન્જામીનનેતન્યાહૂ સામે સુરક્ષા પાછળ મોટો ખર્ચ કરતા હોવાના આક્ષેપો થયા છે. આ આક્ષેપોને નકારવા અને ચૂંટણીમાં લોકોની સહાનુભૂતિ જીતવા માટે નેતન્યાહૂ આવી વાતો કરતા હોવાના આક્ષેપો પણ તેમના વિરોધીઓ દ્વારા કરવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રીફ

## રાહુલના કહેવા પર હિમંતા પર ખોટો આરોપ લગાવી ખેડા રાજ્યસભા ગયા

**નવી દિલ્હી ।** કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ અને કોંગ્રેસના સાંસદ પવન ખેડા વચ્ચે સોશિયલ મીડિયા પર જોરદાર દલીલબાજી થઈ હતી.aa રિજિજુએ આરોપ લગાવ્યો કે આસામ વિધાનસભા ચૂંટણી દરમિયાન પવન ખેડાએ રાહુલ ગાંધીના કહેવા પર મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા અને તેમની પત્ની રિંકી ભૂયાન શર્મા પર ખોટા આરોપો લગાવ્યા હતા. તેમણે દાવો કર્યો કે ખેડાને પાછળથી ઈનામ તરીકે રાજ્યસભામાં મોકલવામાં આવ્યા હતા. ખેડાએ પણ રિજિજુના નિવેદનનો જવાબ આપ્યો, ફક્ત કિરેન રિજિજુના ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી. કિરેન રિજિજુએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યું, કોંગ્રેસના બે વરિષ્ઠ નેતાઓએ મને કહ્યું કે રાહુલ ગાંધીએ આસામ ચૂંટણીની છેલ્લી ઘડીએ પવન ખેડાને હિમંત બિસ્વા શર્મા અને તેમની પત્ની રિંકીજી સામે ખોટા આરોપો લગાવવા કહ્યું હતું.

## ૮૬ વર્ષ જૂની દિલ્હી રેસ ક્લબ ખાલી થશે, હાઈકોર્ટે રાહત ન આપી

**નવી દિલ્હી ।** દિલ્હીની એક કોર્ટે મંગળવારે દિલ્હી રેસ ક્લબને જારી કરાયેલા ખાલી કરાવવાના આદેશ પર સ્ટે મૂકવાનો ઈનકાર કર્યો હતો. આ આદેશ એસ્ટેટ ઓફિસર દ્વારા જારી કરવામાં આવ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે ક્લબને પોતાનો કેસ રજૂ કરવા માટે પૂરતી તક આપવામાં આવી હતી, પરંતુ તે તેનો ઉપયોગ કરવામાં નિષ્ફળ ગઈ. કોર્ટે નોંધ્યું હતું કે એસ્ટેટ ઓફિસરે ક્લબને કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની નકલ જ નહીં પરંતુ તેને જવાબ દાખલ કરવા માટે પૂરતો સમય પણ આપ્યો હતો. આમ છતાં, ક્લબ જવાબ દાખલ કરવામાં નિષ્ફળ ગઈ. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટના ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ પીતાંબર દત્તે તેમના આદેશમાં જણાવ્યું હતું કે રેકોર્ડ સ્પષ્ટપણે દર્શાવે છે કે એસ્ટેટ ઓફિસરે ક્લબને પોતાનો જવાબ અને પુરાવા રજૂ કરવાની પૂરતી તક આપી હતી.

## કેરળમાં ઓણમના પાવન પર્વ પ્રસંગે મંદિરોમાં ભાવિક ભક્તોની ભીડ ઊમટી



**એર્નાકુલમ ।** કેરળમાં ઓણમના પાવન પર્વ પ્રસંગે દેવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ઓણમના પર્વના અનુસંધાનમાં મંદિરોમાં વિશેષ પૂજન અર્ચન કરવામાં આવ્યુ હતું અને સાથે જ ભાવિકો દ્વારા ગરીબોને દાન અપાયું હતું. મંદિરોમાં વિશેષ રીતે શણગારાયેલા હાથીઓએ પણ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

## બંગાળ ચૂંટણીમાં SCએ પૂછ્યું, શું નવી ચૂંટણીનો આદેશ આપી શકીએ?

**નવી દિલ્હી ।** પશ્ચિમ બંગાળ SIR કેસમાં સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવ્યો. કોર્ટે પૂછ્યું કે શું ન્યાયતંત્ર નવી ચૂંટણીઓનો આદેશ આપી શકે છે, ખાસ કરીને જ્યારે અનેક મતવિસ્તારોમાં દૂર કરાયેલા મતદારોની સંખ્યા વિજયના માર્જિન કરતા વધુ હોવાનો દાવો કરવામાં આવે છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચ TMC સભ્યનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કલ્યાણ બંદોપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરી રહી હતી. બંદોપાધ્યાયે ૩૧ વિધાનસભા મતવિસ્તારોની વિગતો પૂરી પાડી હતી જ્યાં SIR દરમિયાન દૂર કરાયેલા મતદારોની સંખ્યા કરતા BJP ઉમેદવારોનો વિજય માર્જિન ઓછો હતો.

## દિલ્હીમાં ૧,૭૭૦+ સ્વાઈન ફ્લૂના કેસ થતાં IMAએ ચેતવણી આપી

**નવી દિલ્હી ।** ઈન્ડિયન મેડિકલ એસોસિએશને બુધવારે ચોમાસા દરમિયાન ઈન્ફ્લુએન્ઝા A (H1N1), જેને સ્વાઈન ફ્લૂ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાં જાહેર આરોગ્ય સલાહ જારી કરી હતી. IMA એ લોકોને એન્ટિબાયોટિક્સ અનેએન્ટિવાયરલ દવાઓ જાતે નહીં લેવાની વિનંતી કરી હતી. જો ગંભીર લક્ષણો દેખાય તો તાત્કાલિક તબીબી સહાય લેવાની પણ સલાહ આપી હતી. IMA એ જણાવ્યું હતું કે ભારતમાં હાલમાં H1N1 કેસોમાં મોસમી વધારો થઈ રહ્યો છે. દિલ્હી જેવા મેટ્રોપોલિટન શહેરોમાં ૧,૭૭૦ થી વધુ લેબ-પુષ્ટિ થયેલા કેસ નોંધાયા છે. મહારાષ્ટ્ર, કર્ણાટક અને પશ્ચિમ બંગાળમાં પણ H1N1 ચેપના કેસ નોંધાયા છે. એડવાઈઝરીમાં જણાવાયું છે કે ICMRની પુષ્ટિ મળી છે કે હાલમાં દેશમાં ફરતો વાયરસ મોસમી ઈન્ફ્લુએન્ઝા A (H1N1) છે.

---

ભારતે ગત વર્ષે પહલગામ હુમલા બાદ ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું

# ઓપરેશન સિંદૂરમાં કિરાના હિલ્સ પર હુમલો નહોતો કર્યો : ભૂતપૂર્વ CDS અનિલ ચૌહાણ

### 'અમે સરગોધા તરફ ડ્રોન હુમલા કર્યા હતા, જેમાંથી કોઈ ડ્રોન ઉડાન ક્ષમતા ગુમાવી ટકરાયું હશે'

। નવી દિલ્હી ।

ભારતના પૂર્વ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ અનિલ ચૌહાણે સ્પષ્ટ કર્યું છે કે ગત વર્ષે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સૈન્યએ પરમાણુ મથક ધરાવતી પાકિસ્તાનની કિરાના હિલ્સ પર જાણીજોઈને કોઈ હુમલો નહોતો કર્યો. સરગોધા તરફ કેટલાક આત્મઘાતી ડ્રોનથી હુમલો કરાયો હતો, જેમાંથી એક ડ્રોન તેની ઉડાન ક્ષમતા ગુમાવ્યા પછી નીચે પહાડ સાથે ટકરાયું હોય તેવું બની શકે છે. 'ઓપરેશન સિંદૂર અને ત્યાર પછીની સ્થિતિ' વિષય પર દિલ્હીમાં યોજાયેલા એક સંવાદ દરમિયાન જનરલ ચૌહાણે એર માર્શલ એ. કે. ભારતીના નિવેદનનું સમર્થન પણ કર્યું હતું. ગત વર્ષે ૧૨ મેના રોજ વાયુસેનાના હવાઈ સંચાલન મહાનિદેશક (DGAO) તરીકે એર માર્શલ ભારતીએ પત્રકારોને કહ્યું હતું કે, 'ભલે ત્યાં કંઈ પણ થઈ રહ્યું હોય, અમે કિરાના હિલ્સ પર હુમલો નથી કર્યો.' સોશિયલ મીડિયા પર એવી અફવાઓ ફેલાઈ હતી કે ભારતે જવાબી કાર્યવાહી દરમિયાન કિરાના હિલ્સ પર હુમલો કર્યો હતો. એર માર્શલ ભારતી ગત ૩૧ જુલાઈના રોજ સેવાનિવૃત્ત થયા હતા.



ઉલ્લેખનીય છે કે ભારતે ગત વર્ષે ૨૨ એપ્રિલના રોજ થયેલા પહલગામ આતંકી હુમલાનો બદલો લેવા મે, ૨૦૨૫માં પાકિસ્તાન અને પીઓકેમાં આવેલા ૯ આતંકી ઠેકાણાઓ વિરુદ્ધ 'ઓપરેશન સિંદૂર' હાથ ધર્યું હતું, જેમાં ૧૦૦થી વધુ આતંકીઓ માર્યા ગયા હતા. જનરલ ચૌહાણે સમજાવ્યું કે એર માર્શલ ભારતીનું નિવેદન સાચું હતું કે અમે કિરાના હિલ્સને નિશાન બનાવી ન હતી. હું આ બાબતને થોડી સ્પષ્ટ કરું. અમે સરગોધામાં ઘણા ડ્રોન મોકલ્યા હતા અને કિરાના હિલ્સ સરગોધાથી લગભગ ૧૦ કિલોમીટર ઉત્તરમાં આવેલી છે. આ ડ્રોન સરગોધા અને તેની આસપાસના રડાર શોધી રહ્યા હતા. આવા હથિયારોની એક સમયમર્યાદા હોય છે, તે લગભગ બે કલાક સુધી હવામાં ઊડતા રહે છે અને કોઈ લક્ષ્ય ન મળે તો નીચે આવીને ક્યાંક અથડાઈ જાય છે. સંભવ છે કે તે ડ્રોન પહાડોમાં ક્યાંક અથડાયું હોય. પાકિસ્તાની મીડિયાએ જે તસવીરોમાં કિરાના હિલ્સમાંથી ધુમાડો નીકળતો બતાવ્યો હતો તેનું કારણ આ હોઈ શકે છે. જનરલ ચૌહાણે ખુલાસો કર્યો કે પહલગામ હુમલા બાદ ૨૯ એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક મળી હતી, જેમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલ અને સૈન્યની ત્રણેય પાંખના વડાઓ હાજર હતા. આ બેઠકમાં નક્કી થયું હતું કે પાકિસ્તાનને સીમા પારના આતંકવાદ માટે મોટો અને અકલ્પનીય પાઠ ભણાવવો જરૂરી છે.

## DRDO દ્વારા ૨૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ સ્વદેશી મિલિટ્રી કોમ્બેટ પેરાશૂટ સિસ્ટમનું સફળ પરીક્ષણ




। નવી દિલ્હી ।

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને (DRDO) વધુ એક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. DRDOએ ભારતમાં બનેલી મિલિટ્રી કોમ્બેટ પેરાશૂટ સિસ્ટમ (MCPS)નું લદાખના લેહ જિલ્લામાં ૨૨,૦૦૦ ફૂટની ઊંચાઈ પર હાડ ગાળતી ઠંડીમાં સફળ ટેસ્ટિંગ કર્યું છે. આ પેરાશૂટ સિસ્ટમ DRDOની લેબ એરિયલ ડિલીવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટે તૈયાર કરી છે. લદાખના ન્યોમા-મુધ ડ્રોપ ઝોનમાં MCPSનું ટેસ્ટિંગ કરાયું હતું, જે વિશ્વના સૌથી ઊંચા ડ્રોપ ઝોન્સ પૈકી એક છે. DRDOએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું કે ટેસ્ટ જમ્પર્સ-એરિયલ ડિલીવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટના વિંગ કમાન્ડર રાહુલ ઝા (ચીફ ટેસ્ટ જમ્પર) તેમજ માસ્ટર વોરંટ ઓફિસર્સ આર. જે. સિંહ અને વિવેક તિવારીએ માઈનસ ૧૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં દરિયાની સપાટીથી ૨૨,૦૦૦ ફૂટની ઊંચાઈએથી છલાંગ લગાવી હતી. તેમણે MCPS તથા અન્ય તમામ સબ-સિસ્ટમ્સનો ઉપયોગ કર્યો, જેમાં સ્વદેશી પેરા-કમ્પ્યૂટર, ઓક્સીજન સિસ્ટમ અને જમ્પસૂટનો સમાવેશ થાય છે.

---

વડાપ્રધાને કેબિનેટને કહેલું, એ ભાષામાં વાત કરો જે આજના યુવાનો સમજે છે

# ઈન્સ્ટા પર મોદી સરકારની સક્રિયતા વધી, મહિનામાં ૧,૦૦૦થી વધુ પોસ્ટ

### પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામ ઉપર ૩૧ પોસ્ટ શેર કરી, ૩૧ લાખ નવા ફોલોઅર્સ પણ બન્યા

। નવી દિલ્હી ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર પોતાની સક્રિયતા વધારી છે. એક મહિના પહેલાં જ તેમણે પોતાની કેબિનેટને પણ કહેલું કે એ ભાષામાં વાત કરો જે આજના નવયુવાનો સમજે છે. હવે એક મહિના પછી કેબિનેટની બેઠક થઈ અને જે રિપોર્ટ કાર્ડ રજૂ કરવામાં આવ્યું તેનાં પરિણામ સ્પષ્ટ દર્શાવે છે કે મોદી સરકારે પોતાની વાતચીતની રીત મહદંશે બદલી નાખી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે ઈન્સ્ટાગ્રામ પર સેલ્ફી-સ્ટાઈલ રીલ બનાવીને પોતાના ફોલોઅર્સની સંખ્યા અનેક ગણી વધારી લીધી છે. વર્તમાન સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયાના



એકમાત્ર એવા નેતા છે, જેમના ઈન્સ્ટાગ્રામ પર ૧૦.૬૫ કરોડ ફોલોઅર્સ છે. ૨૩ જુલાઈથી ૩૧ જુલાઈ વચ્ચે તેમણે પાંચ સેલ્ફી-સ્ટાઈલ ઈન્સ્ટાગ્રામ રીલ્સ પણ મૂકી હતી, જેના માધ્યમથી પીએમ મોદીએ કુલ ૧૨૦ કરોડ વ્યૂઝ મેળવ્યા છે. છેલ્લા એક મહિનાથી વડાપ્રધાને સતત કોશિશ કરી કે દરરોજ ઈન્સ્ટાગ્રામ પર તેમના તરફથી એક સોશિયલ મીડિયા પોસ્ટ મૂકવામાં આવે. આ રીતે તેમણે અત્યાર સુધીમાં ૩૧ પોસ્ટ શેર કરી દીધી છે અને તેમના ૩૧ લાખ નવા ફોલોઅર્સ પણ બન્યા છે.

વડાપ્રધાન મોદી ઉપરાંત તેમના મંત્રીઓએ પણ આ રણનીતિ પર અમલ કર્યો છે. ડેટા દર્શાવે છે કે ૨૯માંથી ૨૮ મંત્રીઓએ ઈન્સ્ટાગ્રામ પર પોતાની સક્રિયતા વધારી છે. જો રાજીવ રંજન સિંહને બાદ કરવામાં આવે તો બાકીના બધા મંત્રીઓએ આ દિશામાં ઝડપી પગલાં ભર્યા છે. જેમાં ૪૮ ટકા સુધીનો એક નિર્ણાયક જંપ જોવા મળે છે.

૧૩ જુલાઈથી ૨૬ જુલાઈની વચ્ચે મોદી કેબિનેટમાં કુલ ૭૯૭ પોસ્ટ મૂકવામાં આવી, જ્યારે ૧૧ ઓગસ્ટથી ૨૪ ઓગસ્ટ વચ્ચે આ આંકડો વધીને ૧,૧૭૯ સુધી પહોંચી ગયો હતો.

## રોબોટ્સની રોમાંચક રમતસ્પર્ધા

### ૮.૮૬ સેકન્ડમાં ૧૦૦ મી. દોડ પૂરી કરી



**બેઇઝિંગ ।** ચીનના બેઇઝિંગમાં આયોજિત વર્લ્ડ હ્યૂમનોઇડ રોબોટ ગેમ્સમાં ઇતિહાસ રચાયો છે. અહીં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં અલગ અલગ રોબોટ્સે માનવીય ક્ષમતાઓને પાછળ રાખી દીધી છે. આ સ્પર્ધાઓના વીડિયો ખૂબ વાઇરલ થઈ રહ્યા છે. વર્લ્ડ હ્યૂમનોઇડ રોબોટ ગેમ્સમાં રોબોટ્સે પોતાની ગતિ, શક્તિ અને સંતુલનનું શાનદાર પ્રદર્શન કરીને દુનિયાના લોકોને ચોંકાવી દીધા. અહીં યોજાયેલી સ્પર્ધામાં એક રોબોટે ૧૦૦ મીટરની દોડ ૮.૮૬ સેકન્ડમાં પૂરી કરીને નવો રેકોર્ડ બનાવ્યો, બીજાએ ઊભા ઊભા જ ૩.૪ મીટરનો કૂદકો મારીને રેકોર્ડ બનાવ્યો. ઉલ્લેખનીય છે કે ૮.૮૬ સેકન્ડનો રેકોર્ડ કરનાર રોબોટ તિયાંગોંગ વિશ્વના મહાન દોડવીર બોલ્ટ કરતાં વધારે ઝડપથી દોડ્યો પરંતુ ફિનિશ લાઇન પર તે પડી ગયો હતો.

---

## SCની નોટિસ બાદ ઓમ બિરલાએ TMCના વિદ્રોહી સાંસદો પાસે જવાબ માગ્યો

### ટીએમસીએ જૂનમાં અયોગ્યતા અરજીઓ દાખલ કરી હતી, સાત દિવસમાં જવાબ આપવાનો રહેશે

। નવી દિલ્હી ।

તૃણમૂલ કોંગ્રેસના ૨૦ બળવાખોર લોકસભા સાંસદો વિરુદ્ધ ચાલી રહેલી અયોગ્યતાની લડાઈમાં બુધવારે એક મોટો ઘટનાક્રમ બન્યો છે. લોકસભા સ્પીકર ઓમ બિરલા દ્વારા આ ૨૦ સાંસદોને નોટિસ આપવામાં આવી છે. સાંસદો પાસેથી ૭ દિવસમાં જવાબ માગવામાં આવ્યો છે. આ ઘટનાક્રમ ત્યારે જોવા મળ્યો છે, જ્યારે સુપ્રીમ કોર્ટે મંગળવારે ટીએમસી નેતા અને લોકસભા સાંસદ અભિષેક બેનર્જીની અરજી પર સુનાવણી કરી હતી. ત્યાર પછી સુપ્રીમ કોર્ટે આ બળવાખોર સાંસદોને નોટિસ આપી હતી. ટીએમસીનાં રાજ્યસભા સાંસદ સાગરિકા ઘોષે આ ઘટનાક્રમને પાર્ટી માટે એક મોટી સફળતા ગણાવ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, એક મોટી અને મહત્ત્વની વાત. આખરે લોકસભા સ્પીકરે એ ૨૦ બળવાખોર સાંસદોને નોટિસ મોકલી છે, જેમના પર અભિષેક બેનર્જીએ અયોગ્યતાની અરજી દાખલ કરી હતી. તેમણે સાત દિવસમાં તેનો જવાબ આપવો પડશે. ઉલ્લેખનીય છે કે, અયોગ્યતાની અરજી પર બે મહિના સુધી કોઈ કાર્યવાહી ન કર્યા પછી, મંગળવારે સુપ્રીમ કોર્ટની દખલ બાદ સ્પીકરે આખરે કાર્યવાહી કરવા માટે મજબૂર થવું પડ્યું.

હોસ્પિટલના ગાયનેક વિભાગમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગ્યાની આશંકા

## AC કોમ્પ્રેસરમાં બ્લાસ્ટ થતા પાક.ની હોસ્પિટલમાં આગ, ૧૫ નવજાતનાં મોત

### કોમ્પ્રેસરમાં બ્લાસ્ટ બાદ ઝડપથી આગ ફેલાઈ હતી અને ઝેરી ધુમાડો ફેલાયો હતો



। ઇસ્લામાબાદ ।

**હોસ્પિટલે મોતની પુષ્ટિ કરી :** PIMSના પ્રવક્તા ડૉ. અનીઝા જણાવ્યું હતું કે વોર્ડમાં ૧૬ બાળકો હતા. ઘટનાના કારણ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું જણાય છે. તેમણે કહ્યું, એક ડૉક્ટરે એક બાળકને બચાવ્યું છે. વહીવટીતંત્રએ જણાવ્યું કે આ ઘટનાની તપાસ માટે એડિશનલ ડેપ્યુટી કમિશનર જનરલની અધ્યક્ષતામાં એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે.જણાવી દઈએ કે ૧૯૮૫માં બનેલી PIMS ઇસ્લામાબાદની સૌથી મોટી અને બીજી સૌથી જૂની સરકારી હોસ્પિટલ છે.

પાકિસ્તાનના ઈસ્લામાબાદ સ્થિત એક સરકારી હોસ્પિટલના ગાયનેકોલોજી વિભાગમાં લાગેલી આગને કારણે ૧૫ નવજાત બાળકોના દર્દનાક મોત નિપજ્યા છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (PIMS)માં લાગેલા ACનું કોમ્પ્રેસર ફાટવાને કારણે સવારે લગભગ ૭ વાગ્યે આ દુર્ઘટના બની હતી. કોમ્પ્રેસરના બ્લાસ્ટ બાદ નર્સરીમાં ઝડપથી આગ ફેલાઈ ગઈ હતી અને ઝેરી ધુમાડો ભરાઈ ગયો હતો. હોસ્પિટલમાં હાજર માત્ર એક જ બાળકને બચાવી શકાયું. PIMS પ્રશાસનના અધિકારીઓના જણાવ્યા અનુસાર, દુર્ઘટના સમયે કુલ ૧૬ નવજાત શિશુઓ દાખલ હતા. રાહત ટીમો દ્વારા ચલાવવામાં આવેલા બચાવ અભિયાન છતાં માત્ર એક જ બાળકને સુરક્ષિત બહાર કાઢી શકાયું, જ્યારે બાકીના ૧૫ બાળકોએ જીવ ગુમાવ્યો. ફાયર બ્રિગેડ અને ઈમરજન્સી રેસ્ક્યુ ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

## યુપીમાં વૃદ્ધ માતા-પિતાની સારસંભાળ ન લેતા સંતાનો સંપત્તિમાંથી બેદખલ થશે

### રાજ્ય સરકારે વરિષ્ઠ નાગરિકોના સન્માનજનક જીવન, અધિકારોના રક્ષણ માટે કાયદામાં સુધારો કર્યો

। લખનઉ ।

ઉત્તર પ્રદેશમાં વૃદ્ધ માતા-પિતાની સારસંભાળ ન લેતા કે તેમના પર અત્યાચાર કરતા હોય તેવા સંતાનોને માતા-પિતા સરળતાથી સંપત્તિમાંથી બેદખલ કરી શકશે. રાજ્ય સરકારે વરિષ્ઠ નાગરિકોના સન્માનજનક જીવન અને તેમના અધિકારોના રક્ષણ માટે 'ઉત્તર પ્રદેશ માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ તથા કલ્યાણ નિયમાવલી-૨૦૧૪'માં સુધારા કરીને નિયમ-૨૨માં નિયમ ૨૨-ક, ૨૨-ખ અને ૨૨-ગ ઉમેરવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારની કેબિનેટે આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. નવી જોગવાઈઓ મુજબ જો કોઈ વરિષ્ઠ નાગરિકના સંતાન કે તેમના આશ્રિત અન્ય સંબંધી તેમનું ભરણપોષણ ન કરતા હોય કે તેમની સાથે ગેરવર્તન કરતા હોય તો પીડિત વૃદ્ધ તેમને સંપત્તિમાંથી બેદખલ કરી શકશે. આવા કેસોમાં ભરણપોષણ ઓથોરિટી સમક્ષ ફરિયાદ કરી શકાશે, જેમણે આવા તમામ કેસોનો રાજ્ય સરકારને માસિક અહેવાલ આપવાનો રહેશે. ફરિયાદોની સુનાવણી ૩૦ દિવસમાં કરાશે, જેથી વૃદ્ધોએ ન્યાય માટે લાંબો સમય રાહ ન જોવી પડે. વરિષ્ઠ નાગરિક પોતે અરજી કરવા અસમર્થ હોય તો કોઈ સંસ્થા પણ તેમના વતી અરજી કરી શકે છે.

---

બ્રાન્ડે વિવાદ બાદ તમામ પ્લેટફોર્મ પરથી હટાવવાનો નિર્ણય લીધો

## એડમાં પહેરેલા કપડાંના વિવાદ બાદ કૃતિ સેનનની જાહેરાત હટાવી દેવામાં આવી

### જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ કૃતિ સેનનને ભારે ટ્રોલ કરવામાં આવી હતી

। મુંબઇ ।

બોલિવૂડ એક્ટ્રેસ કૃતિ સેનનની વિવાદિત રક્ષાબંધનની જાહેરાત સોશિયલ મીડિયા પરથી હટાવી દેવામાં આવી છે. ખરેખર, જ્વેલરી બ્રાન્ડ GIVA દ્વારા આ જાહેરાત પોસ્ટ કરવામાં આવ્યા બાદથી જ એક્ટ્રેસ ટ્રોલ્સના નિશાના પર હતી. લોકો GIVA ના પ્રોડક્ટ પર ધ્યાન આપવાને બદલે, જાહેરાતમાં કૃતિના કપડાં પર વાંધો ઉઠાવી રહ્યા હતા. તો બીજી તરફ, એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌતે પણ આ જાહેરાતમાં કૃતિના આઉટફિટની ટીકા કરી હતી. બુધવારે ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવેલા એક નિવેદનમાં બ્રાન્ડે કહ્યું, અમે ભારતીય સંસ્કૃતિ, પરંપરાઓ અને તહેવારોનું ખૂબ સન્માન કરીએ છીએ. એક બ્રાન્ડ તરીકે, અમે હંમેશા આખા પરિવાર સાથે આ ખુશીની પળોની ઉજવણી કરવામાં માનીએ છીએ અને આ વખતે અમે અમારા પાલતુ પ્રાણીઓ સુધી પણ આ પ્રેમ અને ઉજવણી પહોંચાડવા માંગતા હતા. જો અમારી તાજેતરની જાહેરાતથી અજાણતા સમાજના કેટલાક વર્ગોની ભાવનાઓને ઠેસ પહોંચી હોય, તો અમારો એવો કોઈ જ ઈરાદો નહોતો. સન્માનના પ્રતીક રૂપે, અમે તે જાહેરાતને તમામ મીડિયા



પ્લેટફોર્મ પરથી હટાવી લીધી છે. આ તહેવારોની મોસમમાં આપ સૌને ખૂબ બધો પ્રેમ અને સકારાત્મકતા મળે.'

આ જાહેરાત ૨૦ જુલાઈએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવી હતી. ત્યારથી જ કોમેન્ટ સેક્શનમાં લોકો આ અંગે વાંધો ઉઠાવવા લાગ્યા હતા. ઘણા યુઝર્સે જાહેરાતમાં કૃતિના કપડાંને લઈને સવાલો ઉઠાવ્યા હતા. એક યુઝરે કોમેન્ટ કરી, બિકિની પહેરીને ભાઈને રાખી કોણ બાંધે છે? તો કેટલાક લોકોએ તેને હિન્દુ પરંપરાઓની મજાક ઉડાવતી જાહેરાત ગણાવી હતી. અન્ય એક યુઝરે લખ્યું, અલગ-અલગ પ્રકારના કપડાં પહેરવા બરાબર છે, પરંતુ હિન્દુ તહેવાર પર નહીં. હું આ જાહેરાત સાથે બિલકુલ સહમત નથી.

'ભેંસ ભાગોળે, છાશ છાગોળે અને ઘેર ધમાધમ' જેવો ઘાટ

## ટીવીકેએ વિજયને ૨૦૨૯ના પીએમ ઉમેદવાર તરીકે રજૂ કરતાં કોંગ્રેસ રોષે

### તિરુપુરની જાહેરસભામાં ટીવીકેના નેતાઓએ વિજયને દેશના ભાવિ પીએમ ગણાવ્યા

। ચેન્નઇ ।

તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજય અને તેમના પક્ષ તમિલગા વેટ્રી કળગમ (ટીવીકે)ની સરકારને ૧૦૦ દિવસ પૂરા થઈ ચૂક્યા છે. આ પ્રસંગે ટીવીકેના નેતાઓ દ્વારા વિજયને ૨૦૨૯ની લોકસભા ચૂંટણી માટે વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરાતાં રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના નેતાઓએ ટીવીકેના આ 'વિજય ફોર પીએમ' અભિયાન પર આકરો પ્રહાર કરતા કહ્યું કે ટીવીકેના નેતાઓ હજુ પણ રાજકીય પક્ષને બદલે ફેન ક્લબ મોડમાં જ કામ કરી રહ્યા છે. વિજય સરકારના ૧૦૦ દિવસની સિદ્ધિઓ ગણાવવા તિરુપુરમાં યોજાયેલી જાહેરસભામાં ટીવીકેના વરિષ્ઠ નેતાઓએ વિજયને દેશના ભાવિ નેતૃત્ત્વકર્તા ગણાવ્યા. ટીવીકે નેતા કે. એ. સેંગોટેયાએ કહ્યું કે ઉત્તર ભારતના લોકો પણ આપણા નેતા વિજય તરફ આશાભેર જોઈ રહ્યા છે. તેઓ આખા ભારત પર શાસન કરવા સક્ષમ છે. મેં એમ. જી. રામચંદ્રન અને જયલલિતા સાથે કામ કર્યું છે. તે બે દિગ્ગજો બાદ વિજયમાં જ એવી તાકાત છે કે તેઓ માત્ર તમિલનાડુ પર નહીં, ભવિષ્યના ભારત પર શાસન કરશે. તમિલનાડુના માનવ સંસાધન પ્રબંધન મંત્રી ડી. સરથકુમારે કહ્યું કે વિજય સવાર-સાંજ જોયા વિના કામ કરે છે. તેઓ ચોક્કસપણે આગામી પીએમ છે.

કોંગ્રેસે ટીવીકેના આ દાવા ફગાવતાં તેમને વાસ્તવિક હકીકતથી જોજનો દૂર અને બાલિશ ગણાવ્યા છે. કોંગ્રેસ સાંસદ પી. જોથીમણિએ કહ્યું કે કોંગ્રેસ કે ઈન્ડિયા ગઠબંધન રાહુલ ગાંધી સિવાય કોઈને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે નહીં સ્વીકારે.

ઘટના પછી મંદિરની સુરક્ષા વ્યવસ્થા બાબતે સવાલ ઊભા થયા

## મહાકાલ મંદિરમાં બબાલ : કાવડિયાઓનો બેરિકેડ તોડીને ગર્ભગૃહમાં ઘૂસવા પ્રયાસ

### કાવડિયાઓ સાથેની મારપીટમાં એક સુરક્ષાકર્મીને માથામાં ગંભીર ઈજા થઈ

। ઉજ્જૈન ।

વિશ્વપ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિરમાં બુધવારે બપોરે હોબાળો થઈ ગયો હતો. અહીં દર્શન કરવા આવેલા કેટલાક કાવડિયાઓએ નંદી હોલમાં પ્રવેશીને ગર્ભગૃહ તરફ જવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષાકર્મીએ તેમને રોકવાનો પ્રયત્ન કર્યો તો વિવાદ થઈ ગયો હતો. આરોપ છે કે કાંવડિયાઓએ સુરક્ષાકર્મીઓ સાથે અભદ્ર વ્યવહાર કરીને મારામારી કરી હતી. આ ઘટનામાં એક સુરક્ષાકર્મીને માથામાં ગંભીર ઈજા થઈ છે, જ્યારે કેટલાક અન્ય સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

કહેવાય છે કે કાંવડિયા મંદિરની નક્કી કરાયેલી દર્શન વ્યવસ્થા અનુસાર ભગવાન મહાકાલને જળાભિષેક કરવાના બદલે નંદી હોલમાં જવાની કોશિશ કરી રહ્યા હતા. સુરક્ષાકર્મીઓએ કેમને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ નંદી હોલ સુધી પહોંચી ગયા અને ગર્ભગૃહમાં પ્રવેશ કરવાની કોશિશ કરવા લાગ્યા. આ દરમિયાન સુરક્ષાકર્મીઓ અને કાંવડિયાઓ વચ્ચે વિવાદ વધી ગયો હતો. મહાકાલેશ્વર મંદિરના સૂત્રો અનુસાર કેટલાક ઉપદ્રવી અને અસામાજિક પ્રવૃત્તિના લોકોએ



મંદિરની સુરક્ષા અને વ્યવસ્થાઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો. આરોપ છે કે એ લોકોએ નંદી હોલમાં લગાડવામાં આવેલી બેરિકેડ તોડી નાખી અને તેના સહિત દાન પેટીઓને ફેંકી દીધી. ત્યાર બાદ તેમણે ગેરકાયદેસર ગર્ભગૃહમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો. કાંવડિયાને રોકવા દરમિયાન સુરક્ષા વ્યવસ્થામાં તહેનાત કર્મચારીઓ સાથે ઝપાઝપી અને મારામારી પણ થઈ હતી. એ દરમિયાન એક સુરક્ષાકર્મીના માથામાં ગંભીર ઈજા થઈ, જ્યારે અન્ય સુરક્ષાકર્મીઓને પણ ઈજા થઈ છે. ઘટના પછી મંદિરની સુરક્ષા વ્યવસ્થા બાબતે સવાલ ઊભા થઈ રહ્યા છે.

### સરથાણા ગોકુલમ આર્કેડની દુકાનમાં દરોડો પાડી નિકુંજ ગજેરાના ગોરખધંધાનો પર્દાફાશ

# સુરતથી તમિલનાડુ પેઇનકિલરની આડમાં નશાનું રેકેટ

**કાર્યવાહી** શિડ્યુલ્ડ એચ-વન કેટેગરીની દવા પ્રિસ્ક્રિપ્શન વિના સરથાણાથી સપ્લાય થતી હતી



। સુરત ।

ઓપરેશન અથવા અત્યંત ગંભીર પ્રકારના દુખાવા માટે તબીબો દ્વારા દર્દીને આપવામાં આવતી અને શિડ્યુલ્ડ H-વનમાં આવતી પેઇનકિલર દવાનો તમિલનાડુના વિદ્યાર્થીઓને નશા માટે ઓનલાઇન વેચવામાં આવતા હોવાનું રેકેટ બહાર આવ્યું હતું. તબીબી પ્રિસ્ક્રિપ્શન વિના વેચવામાં આવતી આ દવાને લઈ સુરત પોલીસને કરાયેલી જાણ બાદ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ સાથે મળી સરથાણાની એક દુકાનમાં કરાયેલી રેઈડમાં ૧.૭૨ લાખની કિંમતની શિડ્યુલ્ડ કેટેગરીમાં આવતી દવાઓ મળી આવી હતી.

ડી.સી.પી. આલોક કુમારે જણાવ્યું હતું કે, મંગળવારે રાત્રે આઠ વાગ્યે સરથાણા જકાતનાકા સ્થિત ગોકુલમ આર્કેડમાં આવેલી એક દુકાનમાં સરથાણા પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ વિભાગ સાથે મળીને રેઈડ કરવામાં આવી હતી. એમ.ફાર્મા થયેલા અને દવા ખરીદ વેચાણનું લાઈસન્સ ધરાવતાં નિકુંજ વિનુભાઈ ગજેરાની શોપમાંથી શિડ્યુલ્ડ એચ-વન કેટેગરીની દવાનું તબીબી પ્રિસ્ક્રિપ્શન વિના ઓનલાઈન વેચાણ કરવામાં આવતું હોવાની માહિતીને આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. અહીંથી પોલીસને શિડ્યુલ્ડ એચ-વન કેટેગરીમાં આવતી ટેપેન્ટાડોલ-૧૦૦ સહિત ૧૩ અલગ અલગ દવાઓ મળી આવી હતી. ૧.૭૨ લાખ રૂપિયાની કિંમતની દવા તથા ત્રણ લેપટોપ સહિત બે લાખ રૂપિયાની મતા કબજે કરી જાણવાજોગ ગુનો નોંધવામાં આવ્યો હતો અને દુકાન માલિકને પૂછપરછ માટે ડિટેઈન કરાયો હતો.

**તમિલનાડુ પોલીસે વિદ્યાર્થી બની ૧૦૦૦ ટેબ્લેટ મંગાવી**

આલોક કુમારે ઉમેર્યું હતું કે, આખું રેકેટ તમિલનાડુ પોલીસના ધ્યાને આવ્યું હતું. તમિલનાડુના ગણેશનગર પોલીસ સ્ટેશન વિસ્તારના એ.એસ.પી.એ નોંધ્યું હતું કે, તેઓ આ વિસ્તારના શાળાની આસપાસ ચેકિંગ કરતાં ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ નશો કરવા માટે ટેપેન્ટાડોલ નામની ટેબ્લેટ જ્યુસ અથવા કોલ્ડ્રિંક્સમાં નાંખી પીતા હતા. ઓપરેશન તથા અકસ્માતમાં ઘાયલ દર્દીને પેઇનકિલર તરીકે આપવામાં આવતી દવા હતી. આ દવા તબીબી પ્રિસ્ક્રિપ્શન વિના ખરીદી શકાતી ન હોવા છતાં તેઓ કેવી રીતે મેળવતા હતા તેને લઇ પૂછપરછ કરતાં તેઓ આ દવા ઓનલાઇન કોઇ પણ જાતના પ્રિસ્ક્રિપ્શન વિના ખરીદતા હતા અને તે પણ ઓનલાઇન. સુરતનો કેમિસ્ટ તેમને ઓનલાઇન સપ્લાય કરતો હોવાનું જણાવ્યું હતું. તમિલનાડુ પોલીસે ૧૦૦૦ ટેબ્લેટનો ઓર્ડર આપતાં અહીંથી ૧૦૦૦ ટેબ્લેટ મોકલવામાં આવી હતી.

**ત્રણ ગણો નફો લઇ વેચવામાં આવતી હતી**

નિકુંજ પાસે લાઇસન્સ હોઇ તે ફાર્મસી કંપનીઓ પાસેથી આ દવા જી.એસ.ટી. બિલ સાથે ખરીદતો. ગોકુલમ આર્કેડમાં તેણે ત્રણ યુવતીઓને નોકરી પર રાખી હતી. જેઓ ઇન્ડિયા માર્ટ પર જેનીફાઇ ઇન્ટરનેશનલના નામથી ઓનલાઇન ઓર્ડર લેતી હતી. આ વેબસાઇટ પર ગ્રાહકો દ્વારા બાર્ગેનિંગ પણ કરવામાં આવતું હોઇ દવા ઓછા વત્તા ભાવે વેચવામાં આવતી હતી. આ દવા પર જે પ્રિન્ટ કિંમત હતી તેના કરતાં બેથી ત્રણ ગણી કિંમત પર વેચી નફો રળવામાં આવતો હતો.

**એન.ડી.પી.એસ. એક્ટમાં કેટલીક દવા સામેલ કરવા સરકારની કવાયત**

અહીંથી ટેપેન્ટાડોલ, નુસન્તા, ટેસ્પોડોલ, ઇવેસેડ, હાઇફોર્સ, કેનફોર્સ, આર્ટવિજીલ, હાઇપીટાઇન, વોર્મેન્ટલ, ડેનબોલ, ઝોપીસાઇન સહિતની દવાઓ મળી આવી હતી. આમાની કેટલીક દવામાં પેઇનકિલર સાથે સિલ્ટાફિન નામનું કેમિકલ હોય છે જે સેક્સ લંબાવવા તરીકે પણ ઓળખાવવાની સાથે નશો કરવા પણ વપરાય છે. ડ્રગ માફિયાઓ તેનું બ્લેક માર્કેટિંગ કરતાં હોઇ સરકારે જ તેને એન.ડી.પી.એસ. એક્ટમાં લાવવાની પ્રોસિજર હાથ ધરી છે. જોકે હજુ તેની પર નિર્ણય લેવાનો બાકી હોવાનું આલોક કુમારે ઉમેર્યું હતું. બીજી તરફ નિકુંજ એક વર્ષથી ઓનલાઇન દવાનું વેચાણ કરતો હતો. તમિલનાડુના વિદ્યાર્થીઓ ઉપરાંત ક્યાં ક્યાંથી તેને ઓર્ડર આવતો હતો અને કઇ કઇ દવાઓ તેણે વેચી છે તેની પણ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું પોલીસે ઉમેર્યું હતું. કામગીરી ઇન્સ્પેક્ટર ડી.કે. પટેલ અને ટીમે કરી હતી.

## પોલીસના જાહેરનામાની ઐસીતૈસી



શહેરમાં પાંચ ફૂટ કરતા વધુ ઉંચાઇ ધરાવતી ગણેશજીની પ્રતિમા બનાવવી નહીં તેવું જાહેરનામું પોલીસ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. પરંતુ જાહેરનામું કાગળ પર જ અમલી હોય તેવું હાલ પ્રતિત થઇ રહ્યું છે. કારણ કે ગણેશોત્સવને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરના અલગ અલગ વિસ્તારમાં ૧૦ ફૂટથી લઇને ૨૫ ફૂટ ઉંચી પ્રતિમા બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે પ્રશ્ન એ પણ થાય છે કે કયા વિસ્તારમાં કયા લોકો પ્રતિમા બનાવે છે તેની જાણકારી પોલીસ તંત્રને હોવા છતાં તેઓ સામે કાર્યવાહી કરવાના બદલે ગણેશ આયોજકો સામે કાર્યવાહી કરવામાં આવતી હોય છે. - નિર્ભય કાપડિયા

### ખરીદીમાં નિયમો નેવે, સિંગલ બિડરને કોન્ટ્રાક્ટ આપ્યાનો આક્ષેપ

# ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામમાં ૮૨.૫૭ કરોડનું કૌભાંડ : CAG

**પત્નીની કંપનીને જ કરોડોના ઓર્ડર આપી પ્રોજેક્ટ ઓફિસરે આચરી ગેરરીતિ : વિપક્ષ**

। અમદાવાદ ।

ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ રૂ.૮૨.૫૭ કરોડની નાણાકીય ગેરરીતિ સામે આવતાં રાજયના રાજકારણ અને આરોગ્ય ક્ષેત્રે ભારે ખળભળાટ મચી ગયો છે. કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG)ના તાજેતરના અહેવાલને ટાંકીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, સ્ટેરાઇલ કન્ટેનર ખરીદીમાં નિયમો નેવે મૂકી સિંગલ બિડરને કોન્ટ્રાક્ટ આપ્યો હતો. પત્નીની કંપનીને જ કરોડોના ઓર્ડર આપી પ્રોજેક્ટ ઓફિસર કિરણ પરીખે ગંભીર ગેરરીતિ આચરી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે.

કોંગ્રેસ પ્રવક્તાએ વિગતો જાહેર કરતાં જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૬-૧૭થી ૨૦૨૫-૨૬ દરમિયાન પ્રોજેક્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા કિરણ પરીખે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરીને પત્ની બીના પરીખની માલિકી ધરાવતી 'બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસ' કંપનીને રૂ.૮૨.૫૭ કરોડના વિવિધ કામોના ઓર્ડર આપી દીધા હતા. GSTની વિગતો અને ઓફિશિયલ ઈમેઈલ આઈડી પરથી આ માલિકી અંગેના પુરાવા સ્પષ્ટ થયા છે, જે સીધો 'કોન્ફ્લિક્ટ ઓફ ઈન્ટરેસ્ટ'નો કેસ દર્શાવે છે. આશ્ચર્યજનક વાત એ છે કે, પ્રોજેક્ટ ઓફિસરના પિતા અને ભાઈઓ પણ આ જ પ્રોજેક્ટના ખરીદી અને અન્ય મહત્વના વિભાગોમાં તૈનાત હતા, જેનાથી ખરીદી પ્રક્રિયા પર એક જ પરિવારનું વર્ચસ્વ ઊભું થયું હતું.

CAG અહેવાલમાં દર્શાવેલા ઉદાહરણ મુજબ, સ્ટેરાઈલ કન્ટેનરની ખરીદી માટે રૂ.૨.૩૬ કરોડથી વધુનો કોન્ટ્રાક્ટ ટેન્ડરના મૂળ ૨૧ દિવસના ગાળાના બદલે માત્ર ૧૧ દિવસમાં જ સિંગલ બિડર તરીકે બાયો ટ્રસ્ટ કંપનીને સોંપી દેવાયો હતો. માર્કેટ સર્વેના નામે દર્શાવાયેલા AIIMS નાગપુરના સંદર્ભો માટે કોઈ જ સપોર્ટિંગ દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા નહોતા. ખરીદીના હિસાબો અને મહત્વના રેકોર્ડ ગાયબ હોવાનું પણ ઓડિટમાં સામે આવ્યું છે. દસ વર્ષ સુધી આટલું મોટું કૌભાંડ ચાલતું રહ્યું હોવા છતાં આરોગ્ય વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં અનેક સવાલો ઊભા થયા છે.

### આજે જોબચાર્જ મુદ્દે પ્રોસેસિંગ એસોસિયેશનની બેઠક

# પ્રોસેસિંગ મિલોના જોબચાર્જમાં ફરી વધરો થવાની શક્યતાને લીધે ચિંતા

**કોલસા અને કેમિકલના વધતા ભાવથી મિલ માલિકો પરેશાન**

। સુરત ।

ઈન્ડોનેશિયાથી આયાત થતા કોલસાના ભાવમાં ૪૫થી ૫૦ ટકા જેટલો તોતિંગ વધારો થતાં પ્રોસેસિંગ મિલોનો ખર્ચ વધી રહ્યો છે. કોલસા અને કેમિકલના ભાવ વધતાં પ્રોસેસિંગ મિલોએ વધારાનો બોજ સહન કરવો પડી શકે છે. હાલની પરિસ્થિતિમાં જે જોબચાર્જ મળી રહ્યો છે, તેમાં મિલોને પોસાઈ રહ્યું નહીં હોવાની ફરિયાદ વચ્ચે ગુરુવારે જોબચાર્જ મુદ્દે સાઉથ ગુજરાત ટેક્સ્ટાઈલ પ્રોસેસર્સ એસોસિયેશનની બેઠક મળનાર છે. વર્તમાન માહોલ જોતા દિવાળી પહેલા જોબચાર્જ ફરી વખત વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે.

સુરતમાં ૪૦૦થી ટેક્સટાઇલ પ્રોસેસિંગ મિલો આવી છે. મિલોમાં ઉત્પાદન ખર્ચ વધતાં બજારમાં તૈયાર કાપડના ભાવ પણ ઊંચા જવાની શક્યતા છે, કારણ કે કોલસાના ભાવમાં સામાન્ય રીતે ચોમાસા દરમિયાન ૧૦થી ૧૫ ટકાનો વધારો જોવા મળતો હોય છે. જોકે આ વર્ષે ભાવવધારો અસામાન્ય રહ્યો છે. એક-દોઢ મહિના પહેલાં જે કોલસો રૂ. ૬,૦૦૦માં મળતો હતો, તેનો ભાવ હવે રૂ. ૮,૫૦૦થી રૂ. ૧૦,૦૦૦ સુધી પહોંચી ગયો છે. ઊંચી ગુણવત્તાવાળો કોલસો તો રૂ. ૧૨,૦૦૦થી રૂ. ૧૩,૦૦૦ સુધી વેચાઈ રહ્યો છે. ઈન્ડોનેશિયાથી આયાત થતા કોલસાના ભાવમાં ૪૫થી ૫૦ ટકા જેટલો વધારો ઝીંકાયો છે. પરિણામે મિલ સંચાલકોને ઈંધણ ખર્ચનું બજેટ ફરીથી ગોઠવવું પડી રહ્યું છે. બીજી તરફ સુરતમાં એક પ્રોસેસિંગ મિલમાં દૈનિક સરેરાશ ૩૦થી ૫૦ ટન કોલસાનો વપરાશ થાય છે. વરસાદી માહોલમાં કોલસામાં ૫થી ૧૫ ટકા જેટલું ભેજ અને પાણીનું વજન વધી જતાં મિલ માલિકોને વજન તથા ગુણવત્તા બંને રીતે નુકસાન ભોગવવું પડે છે. આમ, પ્રોસેસિંગ મિલોને ડબલ ફટકો પડી રહ્યો છે.

સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિયેશનના પ્રમુખ જિતેન્દ્ર વખારીયાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ મુદ્દે પ્રોસેસિંગ એસોસિયેશન ગુરુવાર, તા.૨૭મીએ મહત્ત્વની બેઠક યોજશે. તેમાં ઓછામાં ઓછા જોબવર્ક વધારવા અંગે નિર્ણય લેવાશે. ઈન્ડસ્ટ્રીના હિતમાં આ બેઠક મળનાર છે.

### ૨૮ ઓગસ્ટે સિટી બસ-BRTS સેવા માટે જાહેરાત

# રક્ષાબંધને બહેનો માટે બસ સેવા ફ્રી, બાળકોને પણ ભાડામાં મુક્તિ

। સુરત ।

રક્ષાબંધનના પર્વે સુરત મહાનગરપાલિકાએ શહેરની બહેનો માટે વિશેષ રાહત જાહેર કરી છે. ૨૮ ઓગસ્ટ, શુક્રવારના રોજ રક્ષાબંધનની ઉજવણી દરમિયાન પાલિકા સંચાલિત સિટી બસ, BRTS સેવામાં મહિલાઓ તથા તેમની સાથેના ૧૫ વર્ષ સુધીના બાળકોને ભાડામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવશે. એટલે કે રાખડી બાંધવા ભાઈના ઘરે જતી બહેનોને આ દિવસે બસ ભાડું ચૂકવવું નહીં પડે.

**મહિલાઓ સાથે ૧૫ વર્ષ સુધીનાં બાળકોને મફત મુસાફરી**

ભાઈ-બહેનના સ્નેહના પર્વને ધ્યાનમાં રાખીને પાલિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મફત મુસાફરીની સુવિધા આપવામાં આવી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં બહેનો રક્ષાબંધન નિમિત્તે ભાઈના ઘરે અવરજવર કરતી હોવાથી આ નિર્ણયથી તેમને સીધી આર્થિક રાહત મળશે. સુરતની જાહેર પરિવહન વ્યવસ્થા હેઠળ BRTSના ૧૩ અને સિટી બસના ૪૫ રૂટ પર બસો દોડે છે. બંને સેવાઓનો રોજબરોજ બે લાખથી વધુ મુસાફરો ઉપયોગ કરે છે. ૧૦૮ કિલોમીટર લાંબા BRTS નેટવર્ક સાથે શહેરના વિવિધ વિસ્તારોને જોડતી બસ સેવાનો તહેવારના દિવસે મહિલાઓને વિશેષ લાભ મળશે. પાલિકાએ રક્ષાબંધનના દિવસે બહેનો અને તેમના પરિવારજનોને જાહેર પરિવહન સેવાનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરી છે. તહેવારની ઉજવણીમાં મુસાફરીના ખર્ચની ચિંતા દૂર થતાં બહેનો માટે ભાઈના ઘરે પહોંચવું વધુ સરળ બનશે. મહાનગર પાલિકા દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી રક્ષાબંધન નિમિત્તે બહેનોને ભેંટ આપવાના ભાગરૂપે બસમાં એક દિવસ માટે મફત મુસાફરી કરવા દેવાની જાહેરાત કરતું હોય છે. તેનો નિર્ણય ચાલુ વર્ષે પણ યથાવત રખાયો છે.

### ગુજકેટ આપી ના હોય એવા વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકશે

# સરકારી ડિગ્રી ઇજનેરીમાં ૯૪૮ બેઠકો ભરાઈ: ૧૯૦ખાલી, આજથી રજિસ્ટ્રેશન

**પાલનપુર, દાહોદ, ભુજ અને ગોધરામાં કોર બ્રાન્ચની બેઠકો ખાલી**

। અમદાવાદ ।

ડિગ્રી ઈજનેરીમાં ૨૫મી ઓગસ્ટના રોજ યોજાયેલા ઓફ્લાઈન રાઉન્ડ પછી પણ સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં ૧૯૦ જેટલી બેઠકો ખાલી પડી છે. આ ખાલી બેઠકોમાં પ્રવેશ માટે વધુ એક રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ૨૭મીથી ૩૧ ઓગસ્ટ સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા ચાલશે. એ પછી ત્રીજી સપ્ટેમ્બરના રોજ પ્રવેશ રાઉન્ડ યોજાશે. આ રાઉન્ડમાં રેન્ક વિનાના એટલે કે ગુજકેટ પણ આપી ના હોય એવા વિદ્યાર્થીઓને અરજી માટે લાયક ગણવામાં આવ્યા છે. ખાલી પડેલી મોટાભાગની બેઠકો પાલનપુર, ગોધરા, દાહોદ અને ભુજમાં જોવા મળી છે.

ડિગ્રી ઈજનેરીમાં સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાના અંતે ૬૦૦ જેટલી બેઠકો ખાલી પડી હતી. AICTEએ કાર્યક્રમની મુદત વધારતાં ACPC દ્વારા ઓફ્લાઈન રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો હતો. ઓફ્લાઈન રાઉન્ડમાં ભાગ લેવા માટે ૩,૮૭૨ વિદ્યાર્થીઓએ કન્સેન્ટ આપી હતી. આ વિદ્યાર્થીઓને સ્લોટ મુજબ ૨૫મી ઓગસ્ટના રોજ એસીપીસી ખાતે બોલાવવામાં આવ્યા હતા, જેમાં કુલ ૩,૨૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વિદ્યાર્થીઓને મેરિટના આધારે કુલ ૯૪૮ પ્રવેશ એલોટ કરવામાં આવ્યા હતા, જેમાં નવા ૫૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. એ સિવાય ૪૩૩ વિદ્યાર્થીઓને તેમની પસંદગીની કોલેજમાં પ્રવેશ ફેરફાર થયો હતો.

જોકે એ પછી હાલમાં ૧૯૦ જેટલી બેઠકો ખાલી પડી હોવાનું જાણવા મળ્યું છે, જેમાં મહત્વની કોર બ્રાન્ચ જેવી કે સિવિલ, કેમિકલ, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ બ્રાન્ચની વધુ બેઠકો પાલનપુર, ગોધરા, દાહોદ અને ભુજની કોલેજમાં ખાલી પડી છે. એ સિવાય એમ.એસ. યુનિવર્સિટીમાં ટેક્સટાઈલની બેઠકો ખાલી પડી હોવાનું જાણવા મળ્યું છે. આ ખાલી બેઠકોમાં પ્રવેશ માટે વધુ એક ઓફ્લાઈન રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ૨૭મીથી રજિસ્ટ્રેશન શરૂ થશે અને ૩ સપ્ટેમ્બરના રોજ પ્રવેશ ફાળવાશે.

## અમદાવાદ એરપોર્ટ પર ૫૦ લાખનું સોનું ઝડપાયું

અમદાવાદ : અમદાવાદ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા તા. ૨૬ ઓગસ્ટે પ્રોફાઈલિંગના આધારે ત્રણ અલગ-અલગ કેસમાં કુલ ૨૯૯.૪૯૦ ગ્રામ સોનાની જ્વેલરી જપ્ત કરાઈ હતી, જેની બજાર કિંમત રૂપિયા ૪૯,૨૩,૬૦૨ આંકવામાં આવી છે. પ્રથમ કેસમાં અબુધાબીથી અમદાવાદ આવી રહેલી એક મહિલા મુસાફર પાસેથી ૧૦૦.૦૬૦ ગ્રામ સોનાની બે ચેઈન મળી હતી. બીજા કેસમાં ૧૪૦.૦૩૦ ગ્રામ ૨૪ કેરેટની રૂપિયા ૨૩,૪૧,૭૩૯ની કિંમતની સોનું ઝડપાયું હતું. ત્રીજા કેસમાં ૫૯.૪૦૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાનો એક નેકલેસ, બે બુટ્ટી, એક વીંટી અને પેન્ડન્ટ સાથેની એક ચેઈન મળી આવી હતી.

### સપ્ટેમ્બરમાં ડેમ ભરાયાની આશા, ૮.૭૨૯ મિલિયન યુનિટ વીજનું જનરેશન

# નર્મદા ડેમમાં સતત ૨૦હજાર ક્યુસેક પાણીની આવક થતાં ૮૫ ટકા ભરાયો

। ગાંધીનગર ।

ગુજરાતના ૧૨ મહાનગરપાલિકાઓ ને, ૧૮૫ શહેરોને, ૧૦,૪૫૪ ગામોને પીવાનું તથા અંદાજે ૧૨ લાખ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી પૂરું પાડતાં સરદાર સરોવર નર્મદા ડેમ ૮૫ ટકાથી વધુ ભરાઈ ચૂક્યો છે. મધ્યપ્રદેશના કચમેન્ટ એરિયામાંથી ડેમમાંથી ૨૧ હજાર ક્યૂસેકથી વધુ જથ્થો આવી રહ્યો હોઈ મોટાભાગે દર વર્ષની માફક આ વખતે પણ સપ્ટેમ્બરના અંત સુધીમાં છલકાવાની નર્મદા નિગમને આશા બંધાઈ છે. ૧૩૮.૬૮ મીટરની ઊંચાઈ ધરાવતા ડેમમાં અત્યારે બુધવારે સાંજે ૧૩૪.૫૧ મીટર સુધી પાણી ભરાઈ ચૂક્યું છે.

ડેમમાં અત્યારે મધ્યપ્રદેશના ઓમકારેશ્વર ડેમ તથા કેચમેન્ટ વિસ્તારમાંથી ૨૦૭૫૪ ક્યૂસેક જથ્થો આવી રહ્યો છે અને ડેમ મેનેજમેન્ટ અંતર્ગત રિવર બેડ પાવર હાઉસમાં ૬૨૩૩ ક્યૂસેક જથ્થો તથા કેનાલ હેડ પાવર હાઉસમાં ૧૪૨૪૯ ક્યૂસેક મળીને કુલ ૨૦૪૮૨ ક્યૂસેક જથ્થો છોડાઈ રહ્યો છે. છેલ્લા ત્રણ કલાકમાં ડેમમાં સરેરાશ ૨૬,૮૨૨ ક્યૂસેક પાણી આવ્યું છે. કુલ ૮૦૬૩ મિલિયન ક્યૂબિક મીટર ગ્રોસ સ્ટોરેજ ધરાવતા આ ડેમમાં અત્યારે વાપરી શકાય તેવો જીવંત પાણીનો જથ્થો ૪૪૫૯.૧૦ એમસીએમ જેટલો હોવાનું જણાવાઈ રહ્યું છે. અત્યારે ડેમના રિવર બેડ પાવર હાઉસ દ્વારા ૫.૯૭૮ મિલિયન યુનિટ તથા કેનાલ હેડ પાવર હાઉસ દ્વારા ૨.૭૫૧ મિલિયન યુનિટ મળીને કુલ ૮.૭૨૯ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે.

**આહીર અવસાન**



સ્વ. ભીખીબેન કીકાભાઈ આહીર
સ્વ.તા. ૨૬-૦૮-૨૦૨૬

અતિ દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની ભીખીબેન કિકાભાઈ આહીરનું તા. ૨૬-૮-૨૦૨૬ને બુધવાર તિથી શ્રાવણ સુદ-૧૩ ના દિને દેવલોક પામ્યા છે.
સદ્દગતની ક્રિયાપાણી (તેરમું) તા. ૭-૯-૨૦૨૬ને સોમવારના દિને સવારે ૮:૩૦ કલાકે રાખેલ છે.
તથા બેસણું તા. ૧-૯-૨૦૨૬ને મંગળવાર ૩-૯-૨૦૨૬ને ગુરુવારના રોજ રાખેલ છે.
નોંધ : બારમા પછી લૌકિક રિવાજ બંધ છે.

◆ લિ. ◆
કિકાભાઈ ડાહ્યાભાઈ આહીર (પતી)
કમલેશભાઈ કિકાભાઈ આહીર (પુત્ર)
શૈલેષભાઈ કિકાભાઈ આહીર (પુત્ર)
જયંતિભાઈ કિકાભાઈ આહીર (પુત્ર)

નિવાસસ્થાન : મુ.પો. કલકવા, (જામણીયા), તા. ડોલવણ, જિ. તાપી

**PRAYER MEET**



With heartfelt grief, we mourn the passing of
**Dr. Badana Chandrasekhara Naidu**
Who passed away on Monday, 24/08/2026
The Prayer Meet will be held on Thursday, **27/08/2026**
from **5pm to 6.30pm**
**at 103, Adarsh Society, Athwalines, Surat. Mob:9824133238**

Badana Ravi (Son) - Manjusha Naidu
Badana Anand (Son) - Padmasri Naidu
B.Yamini (Daughter) - Late Dr.B.S.R Swamy
Badana Aryan (Grandson) - Mansi Naidu
Badana Shaurya Naidu (Grandson)

**અણધારી આફત** કૈલાસ-માનસરોવરના ભુજ, અમદાવાદ અને મુંબઈના યાત્રીઓએ સાંજે ફ્રેન્ડશિપ બ્રિજ પાર કર્યા બાદ બનાવ

# નેપાળ- ચીન બોર્ડર પર ભારે પૂર વચ્ચે કચ્છના ૪૩ યાત્રી સુરક્ષિત

। ભુજ ।

નેપાળના રસુવા જિલ્લામાં ચીનની સરહદે બુધવારે સવારે અચાનક આવેલા ભયાનક પૂરથી તિમુરે અને સ્યાબ્રુબેસી વિસ્તારમાં ભારે નુકસાન થયું છે. તિબેટમાં ડેમ તૂટવાના સંભવિત કારણથી ભોટેકોશી નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધતાં અનેક વસાહતો, બજારો અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટને નુકસાન પહોંચ્યું હોવા ઉપરાંત સલામતી જવાનો સહિત સેંકડો લોકો લાપતા હોવાના અહેવાલ મળી રહ્યા છે. જોકે, સૌથી મહત્ત્વની ને રાહતની વાત એ રહી કે, કૈલાસ-માનસરોવર યાત્રાએ ગયેલા તમામ ૪૩ કચ્છના યાત્રાળુઓ સુરક્ષિત છે.

ભુજના ટૂર ઓપરેટર શૈલેષ માહેશ્વરીએ જણાવ્યું હતું કે, તેમના નેતૃત્ત્વમાં ભુજ, અમદાવાદ અને મુંબઈ સહિતમાંથી કૈલાસ-માનસરોવરની યાત્રાએ ગયેલા સમૂહના તમામ યાત્રીઓએ મંગળવારે સાંજે જ નેપાળ-ચીન વચ્ચેનો ફ્રેન્ડશિપ બ્રિજ પાર કર્યો હતો. તેના આઠેક કલાક બાદ રસુવા જિલ્લાના તિમુરે અને સ્યાબ્રુબેસી વિસ્તારમાં અચાનક પૂર આવ્યું હતું. આ



દુર્ઘટનામાં ફ્રેન્ડશિપ બ્રિજ પણ તણાઈ ગયો હોવાનું જાણવા મળે છે. હાલ તમામ યાત્રાળુઓ સુરક્ષિત છે. ભોટેકોશી નદીમાં અચાનક આવેલા પૂરના કારણે તિમુરે અને સ્યાબ્રુબેસી વિસ્તારમાં મોટા પાયે નુકસાન થયું છે. પૂરનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી પણ અચાનક પાણીનો પ્રવાહ વધ્યો હતો અને સંભવિત ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ તથા તિબેટમાં કોઈ ડેમ તૂટ્યો હોવા સહિતના કારણોની તપાસ ચાલી રહી છે. એક હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પણ પાણી સાથે વહી ગયો હોવાના અહેવાલ છે, પ્રશાસને ત્રિશૂલી નદીના કિનારે રહેતા લોકોને તથા નદી નજીકના પ્રોજેક્ટોને સાવચેત રહેવા સૂચના આપી છે.

## સુરતનું વહીવટીતંત્ર પળેપળની માહિતી મેળવવા સાબદું

સુરત : નેપાળમાં પૂરના કારણે સર્જાયેલી કટોકટીને પગલે સુરત જિલ્લા વહીવટી તંત્ર તાબડતોબ સાબદું થઈ ગયું છે. સ્થાનિક કલેક્ટર કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધી સુરત શહેર કે જિલ્લામાંથી કોઈ વ્યક્તિ કે યાત્રાળુ પૂરગ્રસ્ત વિસ્તારમાં ગંભીર રીતે ફસાયા હોવાની સીધી કે સત્તાવાર ફરિયાદ તંત્રને મળી નથી. તેમ છતાં સાવચેતીના પગલારૂપે સ્થાનિક તંત્ર સતત રાજ્ય સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ સાથે સંકલન જાળવી રહ્યું છે અને ત્યાં ગયેલા ટૂર-ટ્રાવેલર્સ તથા ગ્રૂપ્સ અંગેની પળેપળની માહિતી મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. સરકાર દ્વારા વિદેશમાં ફસાયેલા ભારતીય અને ગુજરાતી નાગરિકોની ત્વરિત સહાય તેમજ તેમના પરિવારજનોને સાચી માહિતી મળી રહે તે માટે વિશેષ ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો જારી કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા હેલ્પલાઈન નંબર ૯૭૭૯૮૫૧૩૧૬૮૦૭ અને ૯૭૭૯૭૦૯૧૦૭૫૦૦ પર સંપર્ક સાધી શકાશે.

નેપાળ પ્રવાસે ગયેલા કોઈ પણ પ્રવાસી, પરિવારજન કે સગા-સંબંધી અંગે કોઈપણ પ્રકારની માહિતી મેળવવા અથવા તેમના ફસાયા હોવાની જાણકારી આપવા માટે આ હેલ્પલાઈન નંબર પર તાત્કાલિક સંપર્ક કરવા જણાવાયું છે. તંત્ર દ્વારા નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને કોઈપણ મુશ્કેલીના સંજોગોમાં સીધો સત્તાવાર હેલ્પલાઈન પર સંપર્ક સાધવા અપીલ કરવામાં આવી છે.